-: શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્ :-

# નિષ્કુળાનંદ કાવ્ય અમૃતધારા

પુરુષોત્તમપ્રકાશ - ચોસઠપદી - મનગંજન

## અમૃતધારા ભાગ ચોથો

પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી
કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજની આજ્ઞાથી

-: છપાવી પ્રસિધ્ધ કર્તા :-

મહંત પુરાણી સ્વામી શ્રીધર્મનંદનદાસજી
શ્રીસ્વામિનારાયણ મંદિર, ભુજ - કચ્છ.

-: સંશોધક :-

મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી.

| | | |
|---|---|---|
| સંવત્ ૨૦૬૫ | કીમત રૂા. ૫૦ | સને. ૨૦૦૯ |
| મહાસુદ ૫ | પ્રત. ૩૦૦૦ | તા. ૩૧,૧,૦૯ |
| વસંત પંચમી | | શનિવાર |



પ્રાપ્તિ સ્થાન
શ્રીનરનારાયણદેવ કોઠાર
શ્રીસ્વામિનારાયણ મંદિર,
ભુજ કચ્છ. પીન. ૩૭૦૦૦૧

-: સહયોગ :-

ગામ મીરજાપરના અ.નિ. દાદાશ્રી હરજીભાઇ જાદવા કેરાઇ ધ.પ. હીરબાઇ, અ.નિ. પિતાશ્રી મુરજીભાઇ હરજી કેરાઇ ધ.પ. મેગબાઇ, સુપુત્રી સામબાઇ નારણ વેકરીયા, સુપુત્ર હસમુખ નારણ વેકરીયા ધ.પ. પ્રેમીલાબેન, સુપુત્ર રૂપેશકુમાર નારણ વેકરીયા ધ.પ. સંગીતાબેન, સુપુત્ર દિપકકુમાર નારણ વેકરીયા ધ.પ. કોમલબેન, મયુરકુમાર નારણ વેકરીયા ધ.પ. મનીશાબેન, ફઇ રામબાઇ હરજી, પૌત્રી ઇશાનીબેન રૂપેશ વેકરીયા, તૃષ્ટિબેન દિપક વેકરીયા, તુલસીબેન દિપક વેકરીયા તરફથી નિષ્કુળાનંદ કાવ્ય અમૃતધારા પુસ્તિકા છપાવી પ્રસિદ્ધ કરવામાં મદદ કરેલ છે.

હસ્તે સાંખ્યયોગી સામબાઇ અરજણ, મીરજાપર (કચ્છ)

-: મુદ્રણ :-
શ્રીનરનારાયણદેવ પ્રિન્ટીંગ પ્રેસ
શ્રીસ્વામિનારાયણ મંદિર
ભુજ - કચ્છ.

## -: પ્રસ્તાવના :-

*શ્રી સ્વામિનારાયણ ભગવાનની આજ્ઞાથી સદ્‌ગુરુ વૈરાગ્યમૂર્તિ નિષ્કુળાનંદ સ્વામીએ નિષ્કુળાનંદ કાવ્ય શાસ્ત્રની રચના કરી, તેમાં*

**પુરુષોત્તમપ્રકાશ નામનો ગ્રંથ સર્વોપરી ગ્રંથ છે.**

*મોક્ષભાગી મુમુક્ષુ સરસ રીતે સમજી શકે તેવી સરળ ભાષામાં રજુ કરેલા આ ગ્રંથ વડે નિષ્કુળાનંદ સ્વામીએ આધ્યાત્મિક જ્ઞાન અને ઉપયોગી ધાર્મિક સાહિત્યનો લાભ સરળ કરી આપ્યો છે. જુદા જુદા વિષયો ઉપર સ્વામીએ ઘણા ગ્રંથો લખ્યા છે, જેનો સંગ્રહ નિષ્કુળાનંદ કાવ્ય તરીકે ઓળખાય છે.*

*આ શ્રેષ્ઠ ગ્રંથમાં સ્વામીએ ભગવાનને યથાર્થ સમજવા ઉપર ભાર મૂકયો છે. ભગવાનનો મહિમા સમજાય ત્યારે આ જગત પ્રત્યે વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. વૈરાગ્ય વિના ભક્તિ માર્ગમાં આગળ ચલાતું નથી. ભગવાનમાં પ્રેમ સહિત જોડાવું તેને કહેવાય ભક્તિ, ભગવાનની પ્રાપ્તિ ભક્તિ થકી જ થાય છે.*

*દૈવી જીવાત્માને ચાર પ્રકારની પુરુષાર્થની સિધ્ધિ અર્થે ભગવાનનું ભજન કરવાનું બળ મળે તેના અર્થે પવિત્ર ગ્રંથ પુરુષોત્તમપ્રકાશ નિષ્કુળાનંદ સ્વામીએ બનાવ્યો છે.*

**આ ગ્રંથ સંજીવની ઔષધ સમાન છે.**

*નિષ્કુળાનંદ સ્વામીએ આ ગ્રંથમાં સ્વામિનારાયણ ભગવાનનો ખૂબમહિમા ગાયો છે. આવા સાહિત્યનું જો હૃદયમાં ઊંડાણપૂર્વક વાંચીને શ્રવણ મનન નિદિધ્યાસ અને સાક્ષાત્કાર કર્યો હોય તો ડંકા વગાડતા અક્ષરધામમાં જવાય છે. આ સંપ્રદાયને આ હીરો એવો પ્રાપ્ત*



*થયો છે કે સત્સંગમાં સદાય પ્રકાશ કરતો રહેશે. એ મણિથી આપણે ભાગ્યશાળી છીએ, એમના રચેલાં શાસ્ત્રોની કથાઓ આપણને વાંચવા અને સાંભળવા મળે છે.*

**ભગવાનની મૂર્તિમાં જોડી દે એવો આ ગ્રંથ છે.**

*સત્સંગ જીવાત્માકો મોક્ષ દિલાનેકા એક સરલ માર્ગ હૈ, ભક્તજન ભાગ્યશાળી હૈં, નિષ્કુળાનંદ સ્વામીકા સમાગમ મિલતા હૈ, સ્વામી..... અનેક ગ્રંથ બનાયે હૈ, ઈસલીયે સ્વામી કો યાદ કરના ચાહિએ....*

*આઠે પહોર સર્વોપરી શ્રીહરિમાં લીન રહેનારા પરમહંસ નિષ્કુળાનંદ સ્વામી પુરુષોત્તમ પ્રકાશની શરૂઆતમાં મંગલાચરણ કરે છે. ભગવાનને યાદ કરવાથી આપણું મંગળ થાય છે. ભગવાનનું નામ મંગળ કરનારું છે, અને બ્રહ્મધામની પાંખ છે.*

*આ પુરુષોત્તમ પ્રકાશ ગ્રંથમાં પ્રગટ ભગવાનના મહિમાનો પ્રકાશ ભર્યો છે... ભક્તિમાં મુખ્ય સાધન માહાત્મ્ય જ્ઞાન છે. આ ગ્રંથમાં ૫૫ .... પ્રકાર છે, પ્રત્યેક પ્રકારમાં વીશ-વીશ ચરણો છે.*

॥ श्रीस्वामिनारायणो विजयतेतराम् ॥

# પુરુષોત્તમપ્રકાશ - અમૃતધારા

*(૧)*

**દોહા – ભક્તિ ધર્મ સુત શ્રીહરિ, સહજાનંદ સુખરૂપ ।**
**વિનય સહિત વંદન કરું, પાવન પરમ અનૂપ ।।૧।।**
**ચિંતવિ ચરણનખચંદ છટા, લખી ઉર અમિત પ્રતાપ ।**
**વંદુ વિઘ્ન વિનાશકર, હરણ વિપત અણમાપ ।।૨।।**
**સ્વામિનારાયણ સુખદ, પ્રગટ વિદિત જગસૂર ।**
**ત્રિવિધ તાપ અજ્ઞાન તમ, કળિમળ મત કર ચૂર ।।૩।।**

*નિષ્કુળાનંદ સ્વામી વિનય સહિત વંદન કરે છે. ભક્તિ ધર્મ સુત શ્રીહરિ સહજાનંદ સુખરૂપ, ચિંતવી ચરણ નખચંદ છટા. તમારા સ્વરૂપનું નખથી શિખા સુધી સ્મરણ કરું છું. પ્રભુ સ્મરણ કેવું છે ? સુખરૂપ છે. સર્વ કાર્યના આરંભમાં પ્રથમ પ્રભુનું સ્મરણ કરવું.. પ્રભુ સ્મરણ કરવાથી શું થાય છે ? હરણ વિપત અણમાપ-તમામ વિપત્તિઓ... આધિ વ્યાધિ ને ઉપાધિ દૂર થાય છે.*

### પ્રભુ સ્મરણનો મોટો મહિમા છે.

*આ કળિયુગમાં ચારે બાજુ તોફાની વાવાઝોડું ફૂંકાય છે, ફેન ફતૂર ને ફેશનના પવન લહેરાય છે, પંચવિષયના વિકારી વાયરા માનવીના મનને બહેકાવી રહ્યા છે, પરંતુ શાંતિથી હરિ સ્મરણ કરી આનંદમાં રહી ભજન ભાવમાં લીન રહેનારાને મોહ માયાનાં અંધારાં નષ્ટ પામે છે અને ત્રિવિધ તાપ દૂર થાય છે.*



*કોઈના ત્રિવિધ તાપ હર્યા ખરા ? હા અનેક ભક્તજનનાં દુઃખ હર્યાં છે. અખંડાનંદ સ્વામી જંગલમાં ચાલ્યા જાય છે. સામેથી ચાર વાઘ આવ્યા પંજો ઉંચો કરી થાપ ઉગામી... સ્વામી થરથરી ગયા... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ ભગવાનને યાદ કર્યા... ભગવાન મદદમાં આવી ગયા.. વાઘની બુદ્ધિ બદલાવી દીધી... મારવાને બદલે પગમાં આળોટવા લાગ્યા... ચાર પ્રદક્ષિણા કરી વાઘ જંગલમાં જતા રહ્યા... આ છે પ્રભુ સ્મરણનો પ્રતાપ...*

*ઝૂંડે ગજેન્દ્રનો પગ પકડ્યો ત્યારે, ગજેન્દ્રે પોકાર કર્યો પ્રભુ બચાવજો, પ્રભુ દોડતા આવ્યા અને ઝૂંડથી બચાવી લીધો.. પ્રભુ સ્મરણ કરતાં કરતાં મીરાંબાઈએ ઝેર પીધું તો પ્રભુએ અમૃત બનાવી દીધું... આ છે ભગવદ્ સ્મરણનો પ્રતાપ.*

The God’s name is The best thing in this word.

*એકવાર શ્રીજી મહારાજ સંતો ભક્તોના સંઘ સાથે સુરત જઈ રહ્યા છે, રસ્તામાં મહીસાગર નદી પાસેના કારેલી ગામે સરોવર પાસે રાત્રી રહ્યા... અડધી રાત્રે એકદમ કરૂણ સ્વર સંભળાયો... હે સ્વામિનારાયણ.. બચાવો... આવો અંતરનાદ સાંભળતાં શ્રીજી મહારાજ સફાળા બેઠા થઈ ગયા... જોયું તો વાંકીયા ગામના મોકાખાચરની આંગળીએ ઠાકરીયો વીંછી કરડ્યો છે. તેની વેદનામાં ભક્ત રડે છે.*

*શ્રીજીમહારાજનું હૃદય દ્રવી ગયું... તત્કાળ ઘી અને ખાંડ મંગાવ્યાં. સાબુ, અફીણનું તેલ મંગાવ્યું, પીડાથી અકળાતા મોકાખાચરના માથા ઉપર હસ્તકમળ ફેરવતાં કહ્યું, ‘‘ભક્તરાજ... ખાંડ અને ઘી પી જાઓ.. પ્રભુએ વીંછીના ડંખ ઉપર સાબુ, અફીણ અને તેલ ઘસીને ચોપડી દીધાં. શ્રીજી મહારાજે કહ્યું, ‘‘ચિંતા ન કરો.. સારું થઈ જશે. થોડા સમય બાદ દરબારની પીડા શાંત થઈ ગઈ.*

*શ્રીજીમહારાજનો આવો નિઃસ્વાર્થ પ્રેમ જોઈ મોકાખાચરના દિલમાં ભગવાનનું સ્વરૂપ વસી ગયું, શારીરિક પીડા તો શાંત થઈ પણ પ્રભુ સ્મરણ કરવાથી જન્મ મરણ લાખ ચોરાશીની જે પીડા... તે પીડા પણ ટળી ગઈ, આ છે પ્રભુ સ્મરણનો પ્રતાપ...*

### દયાળુ પ્રભુએ લાખો ભક્તજનનાં આંસુડાં લૂછ્યાં છે.

*સ્વામિનારાયણ મહામંત્ર જન્મ મરણરૂપી મહારોગનો નાશ કરનારી સંજીવની ઔષધી છે, અમૃત છે, અમૃત પીવે તે અમર થાય તેમ પ્રભુનું નામામૃત છે તે અમૃત છે. સર્વ ક્રિયામાં જપતા રહો...*

*નિષ્કુળાનંદ સ્વામી પ્રભુની પ્રાર્થના કરે છે.*

**આપો વાણી રસ ભરી, વિમળ મતિ અવિનાશ ।**
**ચરણ વંદી આદર કરું, પુરુષોત્તમપ્રકાશ ।।**

'' હે પ્રભુ ! મને એવી અમૃતરસ ભરી વાણી આપો કે પેટ ભરીને તમારો મહિમા મુક્ત કંઠે ગાઈ શકું.

**ચોપાઈ-રચુ ગ્રંથ પ્રગટ ગુણ જુક્તરે,કૃપા કરો હરિજન મુક્તરે**
**આ ગ્રંથ પ્રગટ પર જાણીરે, લેજ્યો પ્રગટ મહિમા ઉર આણીરે**

આ ગ્રંથ સર્વોપરી છે... પરાત્પર પુરુષોત્તમ નારાયણના અપાર મહિમાયુક્ત છે.. મહિમા વિનાની ભક્તિ લૂખી ને શુષ્ક છે. ભાવ ભીની ભક્તિ કરવી.

**આ શાસ્ત્રનો સ્વામિનારાયણ ભગવાન સાથે અખંડ સંબંધ છે.**

પુરુષોત્તમ પરમ દયાળ, તે જ ભક્તિ ધર્મના બાળ, એ છે દિવ્ય સદા સાકાર, એના મહિમાનો કોઈ પાર નથી, વેદ જેને નેતિ નેતિ કહીને પોકારે છે, લખુ દિશ માત્ર તે વિચારી, કૃપા કરજો સંત સુખકારી.. અક્ષારધામના મુક્ત બનવા માટે અક્ષરધામના અધિપતિની પૂરેપૂરી ઓળખાણ હોવી જોઈએ, ભગવાનનો અચળ મહિમા સમજ્યા તો ભક્તની ભક્તિ જ ઉત્તરોત્તર વધતી જાય છે. અને જગતની તૃષ્ણા શમી જાય છે. નિષ્કુળાનંદ સ્વામી દિવ્ય અક્ષરધામનું વર્ણન કરે છે.

**શ્રીગોલોક ધામ મોઝાર રે, અક્ષરધામ છે હરિનું સાર રે ।**
**કોટિ રવિ શશિ તડિત અનળ રે, તેમના તેજથી અતિ નિર્મળ રે ।**
**એ છે પરમ દિવ્ય અતિશ્વેત રે, સચ્ચિદાનંદ રૂપનિકેત રે ।**

ગોલોક મધ્યે અક્ષરધામ છે, એક સૂર્યના પ્રકાશથી સમગ્ર બ્રહ્માંડ પ્રકાશિત છે, તેવા કરોડો સૂર્ય હોય... તો કેવો પ્રકાશ થાય... તેવા પ્રકાશે યુકત અક્ષરધામ છે,. તે પ્રકાશ કેવો છે ? શીતળ, શાંત અને શ્વેત પ્રકાશ છે. સચ્ચિદાનંદરૂપ છે. જેને બ્રહ્મપુર અમૃતધામ, પરમપદ, બહ્મ અને ચિદાકાશ કહે છે, અનંત અને અપાર છે. ત્યાં સ્ત્રી, પુરુષ એવો કોઈ ભેદ નથી.આ જગતની અંદર અવસ્થા બદલાય, ગુણ બદલાય, જોગ બદલાય, સંજોગ બદલાય, વાતાવરણ બદલાય, સ્થિતિ પરિસ્થિતિ બદલાય પણ અક્ષરધામમાં કાંઈ પણ બદલાતું નથી. સદાય એકજ સ્થિતિ રહે છે.

યુગોના યુગ વીતિ જાય પણ અક્ષરધામમાં મુક્તોની સદાય દિવ્ય સુંદર સોળ



વરસની ઉંમર રહે છે. આ જગતની અંદર સમય જતાં આંખમાં તેજ ઘટી જાય. કાનમાં હડતાલ પડી જાય, કમર બેવડી વળી જાય, શારીરિક શક્તિ ઘટી જાય, ને દુઃખ વધતાં જાય. અક્ષરધામમાં આવું કોઈ પણ દુઃખ નથી, સદાય સુખ સુખ અને સુખજ છે.

વેર-ઝેર, ઈર્ષા અદેખાઈ, મોહ મમતા, કામ-ક્રોધ-લોભ.. માયા આ બધું મૃત્યુલોકમાં છે. પણ અક્ષરધામમાં આવા દુર્ગુણો કાંઈ નથી. કુસંપ, કલેશ અને રોગ નથી. અખંડ અલૌકિક શાશ્વત સુખ છે.. વાસનાથી મુકત થવાય તો અક્ષરધામમાં જવાય.

**અક્ષરધામમાં આનંદ આનંદ અને આનંદ જ છે.**

ભગવાન સ્વતંત્ર અને સર્વાધાર છે. જળ તેજને આધારે છે. તેજ વાયુને આધારે છે, વાયુ આકાશને આધારે છે, આકાશ ભગવાનને આધારે છે, ભગવાન કોઈને આધારે નથી.. સદા સ્વતંત્ર છે. સર્વ શક્તિના પ્રેરક છે. સદાય કિશોર મૂર્તિ છે.

**ભક્તવત્સલ મહાભયહારી રે**
**એવા ધર્મકુંવર સુખકારી રે**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, પ્રભુ તમે ભક્તવત્સલ છો... ભક્ત ઉપર હેત કરો છો.. કેવું હેત કરો છો .!! જેમ ગાય વાછરડા ઉપર હેત કરે છે તેવી રીતે વાત્સલ્ય હેત વરસાવો છો- ભકત પાસેથી કોઈ સ્વાર્થ નથી, કાંઈ જોઈતું નથી, ભગવાનને ભકતો બહુજ વહાલા છે.

મેવાડનાં મીરાંબાઈ પ્રભુ વિયોગમાં ખૂબ રડ્યાં ત્યારે પ્રભુએ 'મા'ની જેમ તેડીને પોતાના સ્વરૂપમાં સમાવી દીધાં, દેહ છતાં મીરાંબાઈ દ્વારિકાધીશમાં સમાઈ ગયાં. શ્રીજી મહારાજ ગુજરાત જવા તૈયા થયા ત્યારે લાડુબા અને જીવુબા રડે છે, શ્રીજી મહારાજે કહ્યું, '' તમે રડો નહિ, હું જલદી પાછો ગઢપુરમાં આવીશ, મને રાજી ખુશીથી રજા આપો... માતાના મનમાં બાળકની ચિંતા છે, તેમ ભગવાનને ભકતની ચિંતા છે.

આખા-પીપળાના એક પરમ એકાંતિક ભકત હતા, પૂજા પાઠ, દેવ-દર્શન નિયમિત કરે, શ્રીજી મહારાજ રામનવમીનો ઉત્સવ વડતાલ કરવાના છે, ત્યાં જવા તૈયાર થયા, ત્યારે તેમનાં માતુશ્રીએ કહ્યું, '' દીકરા.. ! ખેતરમાં લીલોછમ મોતી જેવો બાજરો પાકી ગયો છે, અને બાજુમાં ચોર ભરાડીનું ગામ છે, ખેતરની ચોકી કોણ

*કરશે.. માટે રોકાઈ જાય તો સારું. દીકરાએ કહ્યું, ''બાજરો આવતે વરસે પણ થશે.. પણ શ્રીજીમહારાજ અને સમૈયાનાં દર્શન નહિ થાય. આટલું કહેતાં વરતાલના માર્ગે ચાલતા થઈ ગયા, રસ્તામાં કીર્તન ગાતા ગાતા ચાલ્યા જાય છે..*

***પુરુષોત્તમ પ્રાણથી પ્યારા રે. . આવો અંતર્યામી.***
***તમને નિમખ ન મેલું ન્યારા રે. . આવો અંતર્યામી.***
***તમે જીવનદોરી છો મારી રે. . આવો અંતર્યામી.***
***હું તો અબળા દાસી તમારી રે. . આવો અંતર્યામી.***
***કહે મુક્તાનંદ રંગીલા રે. . આવો અંતર્યામી.***
***રાખું ઉર પર છેલ છબીલા રે. . આવો અંતર્યામી.***

*ચોરને ખબર પડી ગઈ કે ભકત વડતાલ ગયા છે, ખેતરમાં ચોકીવાળા કોઈ નથી.. તેથી રાત્રે મોટા મોટા ચોફાળ લઈને ચૌદ ચોર ખેતરમાં આવ્યા... બાજરાનાં કણસલાં લણીને બે - બે મણ જેટલાં ભેગાં કરી.. મોટી મોટી ચૌદ ભારી કરી.. જ્યાં ઉપાડવા જાય ત્યાં મદદમાં ભગવાન આવી ગયા.. સિપાઈના વેશમાં ભગવાન ઘોડી ઉપર બેઠા છે.. જોરદાર હાકોટો માર્યો. કોણ છે ? અમારા ખેતરમાં રેઢી વાડી દેખીને ચોરી કરવા આવ્યા છો. જોરદાર કોરડા ફટકાર્યા. કે, ચોર જાય ભાગ્યા. પાછું વાળીને જોયું નહિ...*

*સિપાઈ રક્ષણ કરવા આવી ગયા છે. ભાગો નહિતર માર્યા વગર મૂકશે નહિ. સવાર સુધી શ્રીજી મહારાજે ખેતર ફરતાં આંટા માર્યા. ભકતની 'મા'ને થયું, દીકરો વડતાલ ગયો છે, બાજરો કપાવીને ઘર ભેગો કરી દઉં. મજૂર લઈને વાડીએ આવ્યાં. તો બાજરાનાં ડૂંડાંના મોટા મોટા ચૌદ ભારા બાંધેલ પડ્યા છે, ડોશીમાને થયું. ભગવાને રક્ષા કરી લાગે છે. નહિંતર બાજરો હાથમાં આવત નહિ. ગાંસડા ગાડામાં નાખીને ઘરે લઈ આવ્યાં...*

*થોડા દિવસ પછી દીકરો વડતાલથી ઘરે આવ્યો. તેની આગળ સવિસ્તર વાત કહી સંભળાવી... પછી ચૌદ ચોફાળને ધોઈ.. ગોદડાં બનાવ્યાં... સંતો બ્રાહ્મણો અને ગરીબોને આપી દીધાં. ચોફાળનું દાન થવાથી ચોરની વૃત્તિ સારી થઈ ગઈ, ચોરી કરવાનું છોડીને સત્યના માર્ગે ચડી ગયા.. ભગવાન પોતાના ભક્તની રક્ષા કરે છે. સાથે ભકતના માલ મિલકતની પણ રક્ષા કરે છે.*



## કેવા ભકતની ભગવાન રક્ષા કરે છે ?

*(૧) જીવ પ્રાણી માત્ર ઉપર દયાભાવ રાખી ભલુ ઈચ્છે અને પાપથી ડરે તેની ભગવાન રક્ષા કરે છે.*

*(૨) ભગવાનની નાની મોટી આજ્ઞાનું પૂર્ણ રીતે પાલન કરે તેની ભગવાન રક્ષા કરે છે.*

*(૩) સ્વચ્છ પવિત્ર મન હોય, ખોટા ઘાટ ન થતા હોય અને ધર્મ સહિત ભક્તિ કરે તેની ભગવાન રક્ષા કરે છે. શ્રીજી મહારાજ વચનામૃતમાં કહે છે. ભગવાનનો ખરેખરો ભક્ત હોય તો હું તે ભક્તનો પણ ભક્ત છું. હું તે ભકતની ભક્તિ કરું છું. આપણે નિષ્કામ ભાવે ભગવાનની ભક્તિ કરશું તો ભગવાન આપણી રક્ષા કરશે.*

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિચરણકમળસેવક નિષ્કુળાનંદમુનિ વિરચિતે પુરુષોત્તમપ્રકાશમધ્યે પ્રથમઃ પ્રકારઃ ૧***

---

***દોહા – સુંદર મૂર્તિ શ્રીહરિ, લાવણ્યતાનું ધામ ।***
***દયાસુધા પૂરિત નયન, નટવર છબી ઘનશ્યામ ॥૧॥***
***શોભા કીરતિ ઉદારતા, અનંત ભુવનની આય ।***
***ઉમંગ ભરિ ઉદે થઈ, નવ નીરદ તનમાંય ॥૨॥***
***નવ રસ નવ મૂર્તિ ધરિ, આણિ અનુપમ હેત ।***
***સજલ જલદ શ્યામ તનુ, મન કર્મ કર્યું નિકેત ॥૩॥***

*ભગવાનનું સ્વરૂપ લાવણ્યતાનું ધામ છે, દયાના સાગર છે, અનંત ભુવનના નાથ છે, નવરસ, નવ પ્રકારની મૂર્તિઓ ધારી મન કર્મ વચને ભગવાનની સેવામાં રહે છે. શૃંગાર રસ શરીરમાં રહે છે. ભગવાનના નેણમાંથી કરૂણારસ વરસે છે.. રસ હાસ્યને અદ્‌ભૂત કાવે, હરે ચિત્ત હરિ હેતે બોલાવે.*

*નિષ્કુળાનંદ સ્વામી કહે છે, ''હે પ્રભુ ! તમે સર્વના ચિત્તને તમારા સ્વરૂપમાં ખેંચનારા છો. લોહ ચુંબક લોઢાને ખેંચે તેમ તમે લોઢા જેવા પાપી જીવાત્માને તમારા સ્વરૂપમાં ખેંચો છો.. હેતેથી બોલાવો છો...*

*કાશીના રાજાને ત્યાં એક વ્યક્તિ સૈનિક તરીકે નોકરી કરતો હતો, સમય જતાં તે રાજાનો અંગરક્ષક બન્યો, એટલે રાજમહેલમાં છૂટ છાટથી ફરી શકે, યુવાન રાજકુંવરીનું રૂપ જોઈને મોહાંધ બની ગયો. રાજકુંવરી ચિત્તમાં ચોટી ગઈ, જમવાનું*

ભાવતું નથી ને ઊંઘ આવતી નથી, હવે શું કરવું... સૈનિકની પત્નીનું નામ કરૂણાબેન હતું.. તેણીએ પૂછ્યું, '' પતિદેવ તમે સદાય ઉદાસ દેખાવ છો ? બરાબર જમતા નથી. તમને શેની ચિંતા છે ? દેવી! વાત કહેવા જેવી નથી.. કહીશ તો તને દુઃખ લાગશે.. કરૂણાબેને કહ્યું, '' જે વાત હોય તે મને કહો.. હું બનતી કોશિશે તમારું દુઃખ દૂર કરીશ.... ''

અતિ આગ્રહ કર્યો ત્યારે સૈનિકે કહ્યું, '' મારી ઈચ્છા શકય બનશે કે કેમ તે મને ખબર પડતી નથી. મને રાજકુંવરી સાથે પરણવાની ઈચ્છા થાય છે... કરૂણાબેને કહ્યું, '' પતિ દેવ તમે ચિંતા ન કરો.. હું તે બાબત બરાબર ગોઠવી દઈશ.'' કરૂણાબેન રાજ મહેલમાં ગયાં.. રાજમાતાનો જન્મદિવસ છે. રાજમાતા અતિ આનંદમાં સાહેલીયો સાથે બેઠાં છે.. કરૂણાબેન પગે લાગીને બેઠાં... રાજમાતાએ કહ્યું, '' આજ મારો જન્મદિવસ છે. આપ જે માગો તે હું આપીશ... બોલો શું જોઈએ... કરૂણાબેને કહ્યું, '' જો રાજી થયાં હો તો તમારી રાજકુંવરીનાં લગ્ન મારા પતિ સાથે કરો.''

આવું સાંભળી રાજમાતા સ્તબ્ધ થઈ ગયાં... શું જવાબ આપવો... પછી વિચારીને સૈનિકને કહ્યું, તમારે છ મહિના સુધી જગતપાવની ગંગાજીના કાંઠે એકાંતમાં બેસીને આંખ બંધ કરીને ભગવાનને હૃદયમાં ધારીને પ્રભુના નામના જપ કરવાના છે. અમે તમને જમવાનું આપીએ તે જમવાનું.. બાકી કોઈની સાથે વાત કરવાની નહિ.. સતત પ્રભુ સ્મરણ કરશો ત્યાર પછી મારી કુંવરી સાથે તમારું સગપણ કરીશ.

સૈનિક જપ કરવા બેસી ગયો, ગામના માણસોને ખબર પડી કે એક યોગી મહાત્માજી ગંગાજીના કિનારે તપશ્ચર્યા કરે છે, તેથી મંદિરની જેમ માણસની અવરજવર થવા લાગી. સૈનિક રાજી થાય કે છ મહિના પછી મને રાજકુંવરી સાથે પરણવા મળશે, રાજાનો હું જમાઈરાજ થઈશ, એટલે મને નોકરી કરવી નહિ પડે, રહેવા માટે મને રાજા મોટો બંગલો આપશે.

ભગવાનને જમાડીને પ્રસાદરૂપ ભોજન સૈનિકને માટે દરરોજ મોકલાવે છે. પવિત્ર પ્રસાદ જમવાથી અંતર પવિત્ર થયું.. તેથી આનંદથી પ્રભુ સ્મરણ કરે છે, ધીરે ધીરે મનના વિચારો શાંત થયા, રાજકુંવરીનો મોહ ઘટવા લાગ્યો, હરિભજનમાં એવી લગની લાગી કે જમવાનું પણ ભૂલી જાય છે. રાત્રે સૂતાં સૂતાં પણ પ્રભુ સ્મરણ ચાલુ છે.



## પ્રભુ નામ જપતા ગયા તો સૈનિકમાંથી સંત બની ગયા.

છ મહિના પૂરા થયા, રાજમાતા કુંવરીને લઈને આવ્યાં... સૈનિક હરિભજનમાં મસ્ત બની ગયા છે, આંખો ઊંચી કરી કોઈને જોતા નથી. યોગીરાજ... આંખ ખોલો... હું મારી કુંવરી લાવી છું.. તેની સાથે લગ્ન કરો.

યોગીરાજે કહ્યું, તમારી કુંવરીને હું શું કરું ! મને પરમાત્માના આનંદનો ખજાનો મળી ગયો છે. હવે મારે કાંઈ જોઈતું નથી, મારાં પ્રભુ સાથે લગ્ન થઈ ગયાં છે.

**મેં તો સગપણ કીધું રે કે શામળીયા સાથે;**
**મોહનનું મહેણું રે કે લીધું છે માથે.**

એમ કહી જંગલમાં ચાલતા થઈ ગયા, પ્રભુ ભક્તિ કરી જીવન સફળ કર્યું, આ છે પ્રભુના નામ જપનો પ્રતાપ, પ્રભુના નામનું અખંડ સ્મરણ કરવાથી સાધારણ નજીવાત્મા પણ ઉચ્ચ સ્થિતિને પામી જાય છે.

આપણને સ્વામિનારાયણ નામ જેવો મહામંત્ર મળ્યો છે એ જેવો બીજો કોઈ મંત્ર નથી, સ્વયં શ્રીમુખે જો કોઈ નામનું પ્રકાશન કર્યું હોય તો તે મંત્ર છે. સ્વામિનારાયણ.... શ્રુતિ સ્મૃતિનો સાર સ્વામિનારાયણ મહામંત્રમાં સમાઈ જાય છે.

જન્મ જન્માંતરનાં પુણ્ય ભેગાં થાય ત્યારે આવાં શાસ્ત્રો વાંચવાનો સાંભળવાનો લ્હાવો મળે છે. નિષ્કુળાનંદ સ્વામીના મુખેથી ગવાયેલી આ કથા છે.

**રસવિષે અસુર રહ્યા મોઈ રે, હરિનાં દિવ્ય ચરિત્રને જોઈ રે ।**
**એમ રસને અમિત અલંકાર રે, ધર્યા નિજ ઈચ્છાએ અપાર રે ॥૭॥**
**રસ અલંકાર તે વિનાય રે, હરિનું રમણીય રૂપ સદાય રે ।**

રસ વિષે અસુર રહ્યા મોઈ, હરિના દિવ્ય ચરિત્રને, જોઈ નિષ્કુળાનંદ સ્વામી કહે છે, પ્રભુ.. તમારું સ્વરૂપ એટલું બધું સુંદર અને મધુર છે કે, દૈવી જીવાત્માને તમારા સ્વરૂપમાં મોહ થાય એ સ્વાભાવિક છે, પણ આસુરી જીવાત્માને પણ તમને જોઈને મોહ થાય છે.

નીલકંઠવર્ણી વનવિચરણ કરતા કરતા જગન્નાથપુરીમાં આવ્યા.. ત્યાં અનેક અસુરો ધર્મના બહાને પાપ કરે, છળકપટ કરે... પ્રભુ એક બાવા પાસે આવ્યા... તે બાવાની ખૂબ સેવા કરે, પગ દાબે, ફળફૂલ લઈ આવે, દોડી દોડીને સેવા કરે.. કાલી કાલી ભાષા બોલે, પ્રભુની નાની કોમળ બાર તેર વરસની ઉંમર છે.. રમણીય રૂપને જોઈ બધા મોહિત થઈ ગયા.

*પછી પ્રભુ બીજા બાવા પાસે ગયા... ત્યાં પણ ખૂબ ભાવથી સેવા કરે.. ઓલ્યા બાવાને ખીજ ચડી, મારો અભાવ ભરાવી મારા સેવકને પડાવી લીધો, આઠ દિવસ તેની પાસે રહ્યા, પછી ત્રીજા બાવા પાસે ગયા ખૂબ સેવા કરે, આવી રીતે તાણ ખેંચ થઈ, અરસપરસ મોહ પમાડીને પછી એવા ઝઘડાવ્યા કે સામ સામે મારામારી થઈ, તેમાં દશ હજાર અસુરોનો નાશ થયો.. પ્રભુ ત્યાં દશ મહિના રહ્યા.. ભૂમિનો ભાર ઉતારી અવતારકાર્ય સિધ્ધ કર્યું..*

*ભગવાનના સ્વરૂપમાં ભલભલા મોહ પામી જાય છે, જગતમાં જે મોહ છે, તેને માયા, મમતા અને વાસના કહેવાય, મોહનો ક્ષય થાય ત્યારે મોક્ષ થાય છે. ભગવાનમાં મોહ હોય તેને ભક્તિ કહેવાય છે.*

The God is Almighty.

**ભગવાન સર્વ શક્તિમાન છે.**

*દિવ્ય અમાયિક અભિરામ, હરિનું રૂપ સદા છબીધામ, કરે ગ્રહણ જ્યારે કિરતાર, શોભા પામે રસને અલંકાર, પ્રભુ વસ્ત્ર અલંકારને ધારણ કરે ત્યારેજ શોભે છે એમ નથી. પ્રભુ અલૌકિક શોભાના ધામ છે. આત્મારામ ને પૂરણકામ છે. હરિના હસતા સ્વરૂપને જોઈ, રહ્યા સુર મુનિ મન મોઈ, કરણે કુંડળ મકરાકાર, મહાતેજ તણો અંબાર... વસ્યા... રવિ શશિ ગગન મોઝાર.. પ્રભુ શોભાના ધામ છે. શોભાના સાગર છે.*

*સર્વ સુખમય મૂર્તિ જાણિ, મહામુક્ત ધારે ઉર આણિ... અક્ષરધામના મુક્તાત્માઓ પ્રભુને હૃદયમાં ધારીને ધ્યાન કરે છે. આંખમાં રાખવા જેવા ભગવાન છે. જેની દિવ્ય દષ્ટિ થાય તેને આંખ બંધ કરે ત્યારેજ ભગવાન દેખાય એવું નથી, એ ઉઘાડી આંખે પણ ભગવાનનાં દર્શન કરે છે. કેટલાક જ્ઞાનીને આંખ બંધ કર્યા પછી પરમાત્મા દેખાય પણ આંખ ઉઘાડે ત્યારે જગત દેખાય. એનું જ્ઞાન કાચું છે, જ્ઞાન જેણે પચાવ્યું છે તેને માટે જગત છે જ નહિ.*

**શરીરની સ્વચ્છતા માટે સ્નાન કરો**
**મનની સ્વચ્છતા માટે ધ્યાન કરો.**

*સત્સંગછે તે માનસરોવર છે. વગર આમંત્રણે તમામ તીર્થો તમામ પવિત્ર સરોવર, આ સત્સંગમાં ઊભાં છે.*



***જોઈ રૂપછટા સુખદાઈ રે, રમા રાધા કરે સેવકાઈ રે ।***
***તજી ચંચળતા રમા પ્યારી રે, સેવે સ્થિર થઈ સુકુમારી રે ॥૧૫॥***

*નિષ્કુળાનંદ સ્વામી કહે છે, ''લક્ષ્મીજી ધનનાં અધિષ્ઠાતા દેવી છે. રાધાજી ભક્તિમાર્ગનાં અધિષ્ઠાતા દેવી છે, તજી ચંચળતા રમા પ્યારી સેવે સ્થિર થઈને સુકુમારી તેઓ પણ ચંચળતા તથા રૂપનું અભિમાન છોડી અખંડ ભગવાનની સેવામાં સ્થિર થઈને રહે છે. ભગવાનને કોઈ દિવસ એકલા રહેવું ગમતું નથી. ભગવાન કાયમ પોતાની સાથે ભક્તો અને મુકતોને રાખે છે. અક્ષરધામમાં ભગવાન કાયમ મુકતોની સાથે રહે છે. સ્વામી કહે છે.*

***શું હું વર્ણવું રસના એક રે, અલ્પ બુદ્ધિ વિચાર વિવેક રે ।***

*'' હે પ્રભુ !... અનંતકોટિ બ્રહ્માંડના રાજાધિરાજ એવા પૂર્ણ પુરુષોત્તમ સ્વામિનારાયણ ભગવાનની અલ્પબુધ્ધિ એવો હું શું મહિમા વર્ણવી શકું.. ! જેના મહિમાના પારને શેષ, શારદા, નારદ, શુક સનકાદિક નિત્ય ગાય છે... છતાં પણ પાર પામતા નથી.. પ્રભુ તમે કરૂણાના સાગર છો... તમારાં નેત્રોમાં કરૂણા ભરી છે, કોઈ પણ સ્વાર્થ ભર્યો નથી. આખું જગત ભગવાનને બ્રહ્મરૂપ ભાસે છે. બ્રહ્માકાર દષ્ટિ છે. ભગવાન કરૂણામય નેત્રથી જેને જુએ છે, તેની બુધ્ધિમાં જ્ઞાન ભક્તિ અને વૈરાગ્ય સ્ફૂરે છે.*

**પ્રભુની આંખમાં આંખ મેળવીને જપ કરશો તો**
**તમારા ચિત્તને પ્રભુ કરૂણારસથી ભરી દેશે.**

*મોટું સરોવર હોય અંદર પાણી ન હોય તો તેનાથી કોઈને ફાયદો થતો નથી, ફૂલ સરસ હોય, તાજુ હોય પણ અંદર સુગંધ ન હોય તો શું કામનાં... ! ખાલી દેખાવ પૂરતાં... સૂનું હૃદય પ્લાસ્ટિકનાં ફૂલ જેવું છે, કથા કીર્તન સાંભળતાં આનંદ ન આવે, પ્રભુ ભક્તિમાં હૃદય ગદ્‌ગદિત ન થાય, અંતરમાં ઉત્સાહ ન જાગે એવી પ્રેમ વિનાની ભક્તિ લૂખી છે. લૂખી ભક્તિથી કાંઈ વળશે નહિ.. માટે ભાવભીની ભક્તિ કરો. ભાવ છે ત્યાં ભગવાન વગર આમંત્રણે પધારે છે.*

*કારીયાણી અને ગઢપુર વચ્ચે રામપુર નામનું ગામ છે. તે ગામમાં એક કમળશી નામના એકાંતિક વણિક ભકત રહેતા હતા. નિત્ય સંતસમાગમ કરે, કથા વાર્તા સાંભળતા ખૂબ શ્રધ્ધાવાન હતા. તેમનાં પત્ની જીવીબાઈ ભાવિક અને ભોળા સ્વભાવનાં ભલાં ભકત હતાં. ભકતજનને ઘરે ભગવાન પધારે છે, મારે ઘરે ભગવાન કયારે*

પધારશે. શબરીબાઈની જેમ દરરોજ વાટ જુવે... ભક્તના મનોરથ પૂરવા પ્રભુ ઓચિંતા જીવીબાઈને ઘેર પધાર્યા... શ્રીજીમહારાજે ફળીયામાંથી સાદ કર્યો... જીવીબાઈ... જય સ્વામિનારાયણ.... શું કરો છો ? કમળશીભાઈ છે કે નહિ !!.... જીવીબાઈએ કહ્યું, ‘‘જય સ્વામિનારાયણ.. પધારો... પધારો... મીઠો આવકાર આપ્યો... તમારા ભક્ત ઘરમાં નથી બહાર ગયા છે.

શ્રીજીમહારાજે કહ્યું, ‘‘તમે રસોડામાં શું કરો છો ?... મહારાજ હું બાજરાના રોટલા બનાવું છું... શ્રીજીમહારાજે કહ્યું, ‘‘ ફૂલ્યા વગરના ઘાટ વગરના રોટલા જમવાની મજા ન આવે... લાવો અમે રોટલા કરતાં શીખવાડીયે. આમ કહી કથરોટમાં લોટ લઈ અંદર પાણી રેડી મજબુત હાથે શ્રીજીમહારાજે કઠણ લોટ બાંધ્યો, પછી થોડો થોડો પાણીવાળો હાથ કરી લોટના પીંડાને મસળી... જીવીબાઈને કહ્યું, ‘‘આમ સાત વખત પાણી લઈ થોડું થોડું પાણી સાત વખત લોટના પીંડામાં છંટકાવતું જવાય તો જ રોટલો મીઠો થાય ને જમવા જેવો બને....

પછી શ્રીજીમહારાજે લોટનો ગોળો બનાવી પાતળો રોટલો ધીમા ધીમા તાપે શેક્યો... રોટલો બરાબર વાળવા જેવો થયો પછી ઊંધો વાળ્યો, ધીમા ધીમા તાપે રોટલો બરાબર ચડાવ્યો.. તેથી રોટલો ફૂલીને દડા જેવો થયો. રોટલામાં એક પણ કાળો ડાઘ થયો નહિ... જીવીબાઈ આવી રીતે રોટલા થાય....

પછી શ્રીજીમહારાજ ગામના દરબારને ત્યાં પધાર્યા... થોડીવાર પછી કમળશીભાઈ ઘેર આવ્યા એટલે જીવીબાઈએ વાત કરી કે આપણા ઘરે શ્રીજીમહારાજ પધાર્યા હતા, અને રોટલા કેમ બનાવવા તે મને શીખવી ગયા છે, કમળશીભાઈ રાજી રાજી થઈ ગયા... આપણાં ધન્ય ભાગ્ય કે પ્રભુ સામે પગલે આપણા ઘરે પધાર્યા... તું તો વિશેષ ભાગ્યશાળી કે તને રોટલા બનાવતાં શીખવી ગયા... આવાં દર્શન જંગલના યોગીને પણ થતાં નથી...

**ચાલે સુંદર ગજગતી ચાલ રે, લાજે નિરખીને રાજ મરાલ રે ।**
**કર લટકાં જોઈને જન રે, પામે આનંદ સ્થિર થાય મન રે ।।૧૮।।**

પ્રભુની ચાલ કેવી છે ? ગજગતિ ચાલ છે.. હાથી કેવો બહાદુરીથી ચાલે તેમ પ્રભુ બહાદુરીથી ચાલે છે, તેને જોઈને માનસરોવરના હંસો લજ્જા પામી જાય છે. પૂર્ણાનંદ સ્વામી શ્રીજીમહારાજની ચટકતી ચાલ જોઈને સાધુ થયા હતા. બ્રહ્માનંદ સ્વામી કહે છે. ચતુરવરની ચાલમાં મારું મનડું લોભાણું...



**મનડું લોભાણું હેલી મનડું લોભાણું,**
**ચતુરવરની ચાલમાં મારું . . . . મનડું લોભાણું .**
**સંગે રંગે ચાખડી ચાલે ગજગતિ ચાલ,**
**છેલ છબીલા શ્યામને, જોતા થઇ નિહાલ. . . . . મનડું .**
**મોહનજીની મૂરતિ પલ એક ન મેલું,**
**બ્રહ્માનંદના સ્વામીએ કીધી રંગની રેલું. . . . . મનડું .**

લાડુદાનજીને મોટા મોટા રજવાડા તરફથી એક મોટી ફાઈલ થાય એટલા એવાર્ડ પ્રાપ્ત થયા હતા, દશદશ શેર ઘરેણાં પહેરતા. જેને માટે ખીમબાઈને સેજબાઈ જેવી દેવ કન્યાઓ.. પ્રતિજ્ઞા લઈ બેઠી હતી કે વરું તો લાડુદાનને વરું નહિ તો જીભ કચડીને મરું... આવી ટેક લઈને બેઠી હતી, એવા સમ્રાટ લાડુદાન ગઢવીએ જ્યારે ભગવાન સ્વામિનારાયણના સ્વરૂપનો મહિમા સમજાયો, ત્યારે આ લોકની પૂજા પ્રતિષ્ઠા તમામ વસ્તુઓ તણખલાની જેમ ઉડાડી દીધી અને મહિમાએ સહિત સમગ્ર જીવન પ્રભુના ચરણમાં સમર્પિત કરી દીધું...

**સદા પ્રસન્ન પ્રપન્ન પ્રતિપાળ રે, કરે ચરિત્ર દીનદયાળ રે ।।૧૯।।**
**વા’લો અક્ષરધામના ધામી રે, અસંખ્ય મુક્તતણા એક સ્વામી રે ।**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે... હે પ્રભુ ! તમે સદાય પ્રસન્ન રહો છો.. સંતો ભક્તોને બાથમાં ભીડીને મળો છો, છાતીમાં ચરણારવિંદ આપો છો. વધારે રાજી થાવ છો ત્યારે હે પ્રભુ, પ્રસાદીનો થાળ આપો છો.. પ્રભુ આનંદ સ્વરૂપ છે.. ભક્તજનોને આનંદ આપે છે.. ભગવાનમાં આનંદ વધતો જાય ત્યારે કથા કીર્તનમાં, રાસ રમવામાં આનંદ આવે, પૂજાપાઠ કરવામાં, સત્સંગ સમૈયામાં મઝા આવે.. તો અક્ષરધામના સુખનો અનુભવ અહીંયાં બેઠા બેઠા થાય છે.. પ્રભુ સદા સ્વતંત્ર, સર્વોપરી અને સુખના સદન છે.

**ઈતિ શ્રીસહજાનંદસ્વામિચરણકમળસેવક નિષ્કુળાનંદમુનિ વિરચિતે પુરુષોત્તમપ્રકાશમધ્યે દ્વિતીયઃ પ્રકારઃ ।। ૨ ।।**

---

**દોહા – શોભા સાગર સુખ સદન, રમા રમણ ઘનશ્યામ ।**
**કંદર્પ દર્પ વિમોચન, પરમપુરુષ અભિરામ ।।૧।।**
**રાજત મસ્તક દિવ્ય અતિ, કિરીટ મુગટ કમનીય ।**

## અતિ ચતુરાઈએ જુક્ત છે, શોભા સરસ બનીય ॥૨ ॥

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, ''હે પ્રભુ તમે અતિ ચતુરાઈ જુકત છો... અને વિનયવાન છો. પ્રભુ સિંહાસનમાં બેઠા હોય અને રાજા આવે અથવા કોઈ મહાન સંતો આવે તો તેને સભામાં આગળ બેસાડે, કોઈ પ્રેમી ભક્ત ભેટ લઈને આવે તો ઢોલીયાપરથી ઊભા થઈ સામે ચાલીને પ્રેમથી હસતા હસતા ભેટ સ્વીકારે.

મહામુકતરાજ દિવબંદરના પ્રેમબાઈને શ્રીજીમહારાજ બિરદાવતા કહે છે.. આટલાં વર્ષ થયાં ઘણાય ભકતો લાખો રૂપિયાના વસ્ત્રાલંકારો અમારા માટે લાવ્યા છે પણ આવી રીતે સામે જઈને અમે કોઈ દિવસ લીધા નથી.

સ્વામી પ્રભુની શોભાનું વર્ણન કરે છે... મસ્તક પર અતિ રમણીય મુગટ શોભે છે. અનેક પ્રકારના કૌસ્તુભમણિ, સ્ફટિકમણિ, ઈંદ્રનીલ, મરકતમણિ, પન્ના પિરોજા, પોખરાજ જેવા અનેક મણિથી યુક્ત મુગટ પહેરી મુક્તોની સાથે અક્ષરધામમાં બિરાજે છે.

**કર્યું કેસર તિલક ભાલ રે, વચ્ચે કુંકુમ ચંદ્રક લાલ રે ।**
**શોભે અધર અરુણ પ્રવાલ રે, મૃગમદની ટીબકડી છે ગાલ રે ॥૬**

શ્રીજીમહારાજના વિશાળ ભાલમાં કેશર ચંદન યુકત તિલક મધ્યે કુંકુમનો ચાંદલો શોભે છે, લાલ પરવાળા જેવો અધરોષ્ઠ શોભે છે. જમણા ગાલમાં ટીબકડી જોઈને ભલભલાનાં ચિત્ત ચોટી જાય છે. તેમાં હેતે કરીને જોડાઈ જાય છે ત્યારે અતિ સુખ આવે છે. લાખો કરોડો વર્ષ પર્યંત મટકું મારવાને સમર્થ થતાં નથી. અલૌકિક સુખમાં ગરકાવ થઈ જાય છે... પ્રભુનું સ્મરણ કરવાથી માયા સામે લડવાની શક્તિ આવશે.

ગઢપુરમાં અક્ષરઓરડીની ઓસરીમાં શ્રીજીમહારાજ વિરાજમાન હતા. પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશ દેશના હરિભકતની સભા ભરાઈને બેઠી હતી, શ્રીજીમહારાજે કહ્યું, ''ભગવાનનું અક્ષરધામ છે તેની આગળ બીજા દેવતાના લોક છે, તેને મોક્ષધર્મને વિષે નરકતુલ્ય કહ્યા છે... છાણના કીડા છાણમાં જ માલ માને છે, પરંતુ જગત સંબંધી વિષય સુખ તો કેવળ દુઃખરૂપ છે.

**રેતી પીલવાથી તેલ મળે નહિ**
**ભોગ ભોગવવાથી સુખ મળે નહિ**

ગામ રોજકાનો પુરુષોત્તમ ખાખદાસ કરીને બ્રાહ્મણ હતો, ચાલો ચાલ સત્સંગ



કરે, પણ ભગવાનમાં પરિપકવ નિષ્ઠા નહિ, યુવાનીના કૈફમાં છલકાતો ફરે કે હું કેવો શ્રીમંતનો દીકરો છું, મને કોઈની પરવા નથી. વધારે સુખ માણસને પાપ માર્ગે ખેંચી જાય છે. પછી તેને સત્ય અસત્યનું કાંઈ ભાન રહેતું નથી. જગત સંબંધી પંચવિષયનું સુખ તેને બહુ સારું લાગે છે. ઝગમગતું લાગે છે, પણ ધ્યાન રાખજ્યો... સત્યમય જીવન નીકળી જતાં બધો ચળકાટ જતો રહેશે.

ખાખદાસનું સગપણ કર્યું, પત્નીને દાગીના પહેરાવ્યા, લગ્નની તૈયારી થાય છે. ત્યાં ઓચિંતો યુવાન બીમાર થઈ ગયો.. હવે શું કરવું..? અંતરમાં તીખી વાસના રમે છે. ત્રણે અવસ્થામાં સ્ત્રીજ દેખાય છે. સ્ત્રી સંબંધી વાસના ભલભલાને ઉથલાવી નાખે છે. તેની મગજ શક્તિ કામ કરતી નથી, જલદી પરણી જાઉં તો મારી ઈચ્છા પૂરી થાય... સગા સંબંધી કુશળતા પૂછવા આવે ત્યારે ખાટલામાં સૂતાં સૂતાં ખાખદાસ બોલ્યા કરે મારા રૂપિયા ગયા અને ફેરા ફરવા ન મળ્યા... બકવાસ કર્યા કરે. ખૂબ દવા કરી પણ બીમારી ઘટવાને બદલે વધી ગઈ,.. કામી પુરુષની શક્તિ ક્ષીણ થઈ જાય છે... રાડો પાડે છે..હવે હું શું કરું ?..

ખાખદાસના મિત્ર શિવશંકર મળવા આવ્યા... પૂછ્યું મિત્ર કેમ છો ?... ખાખદાસે કહ્યું, ''પૈસા ગયાને ફેરા ફરવા ન મળ્યા.. '' મિત્રને થયું મરવાની તૈયારી છે, છતાં ભગવાનનું નામ લેતો નથી, ને જીવ જતો નથી, બકવાસ કર્યા કરે છે.. માયાએ ઘેરી લીધો છે. ઉપાય કરવો પડશે.. મિત્ર શિવશંકરે કહ્યું, ''ખાખદાસ હું તમારા સસરાના ગામમાંથી આવું છું, તમારાં જેની સાથે લગ્ન કરવાનાં હતાં તે સ્ત્રીનું મૃત્યુ થઈ ગયું છે... હેં.... શું કહે છે !!... મારી પત્ની મરી ગઈ... હા... હા... મરી ગઈ છે. અંતરમાં ધ્રુજારી ઉઠી... ઓ... હો... હો... મારી પત્ની મરી ગઈ... આટલું કહેતાં પ્રાણ નીકળી ગયા... સ્ત્રીમાં વાસના રહેવાથી ભૂત થયો...

**વાસના વધારતો ગયો, મરીને ભૂત થયો.**

સમજવા જેવી કથા છે, ''નિર્વાસિનિક થયા સિવાય અક્ષરધામની પ્રાપ્તિ થતી નથી. પોતામાં રહેલા દોષને નિર્મૂળ કરો.. શુધ્ધ થવું જોઈએ. નાનું સરખું એક કાણું મોટા વહાણને ડુબાડે છે, તેમ વાસના, મમતા અને મોહ માણસને ડુબાડે છે.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે... ભગવાનનું ધ્યાન સ્મરણ કરવાથી કારણ શરીરમાં રહેલી વાસના બળી જાય છે... પ્રભુનાં કમળની પાંખડી જેવાં અણીયાળાં નેત્રો છે તે ચિત્તને ચોરે છે.. નેણે વરસે અમૃત અવિનાશ, કરે પાન નિત્ય નિજદાસ,

નીરખી નેણાં તૃપ્ત ન થાય, તેમને કલ્પ પલક સમ જાય...

મૂર્તિને વિષે પ્રગટ પ્રત્યક્ષ ભાવ લાવી નીરખી નીરખીને દર્શન કરે છે તેનાં આંખનાં પાપ ધોવાઈ જાય છે. ભગવાને ચંદનના વાઘા પહેર્યા છે, તેનાં દર્શન કરી ભગવાનને હૃદયમાં ઉતારો...

**તેણે ચરચ્યાં છે સર્વે અંગ રે, નિરખિ લાજે કોટિ અનંગ રે ।**
**એવી શોભાને ધરતા શ્યામ રે, પુરુષોત્તમ પૂરણકામ રે ॥૧૦॥**

પ્રભુના હસ્તકમળમાં સોનાનાં કડાં, પોંચી, વીંટી ધારણ કરેલ છે. પ્રભુના અંગોઅંગની શોભા જોતાં કરોડો કામદેવ મૂર્છિત થઈ જાય છે. એવી શોભાએ યુક્ત શ્રી હરિ છે... પ્રભુએ અંગોઅંગમાં ફૂલના શણગાર ધારણ કર્યા છે... ધ્યાન કરો... ચંપા, ચમેલી, મોગરા-ગુલાબ, ગુલદાવદી, સેવતી જેવાં અનેક સુગંધી પુષ્પથી ગરકાવ છે.. જ્ઞાન કરતાં ધ્યાન શ્રેષ્ઠ છે. ધ્યાન કરવાથી માયામાંથી જલદી છૂટાય છે.

ઝાડને પાણીની જરૂર છે, શરીરને ખોરાકની જરૂર છે. જીવાત્માને ભગવાનના ધ્યાનની જરૂર છે. પાણી વિના ઝાડ સુકાઈ જાય, અન્ન વિના શરીર સૂકાઈ જાય તેમ જપ અને હરિધ્યાન વિના જીવાત્મા ભક્તિમાં મોળો પડી જાય છે.

પંચાળાના પહેલા વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છે, જેમ આ મશાલ બળે છે, તે મશાલને સમીપે જેવો પ્રકાશ છે, તેવો થોડેક છેટે નથી, તેથી ઘણે છેટે મૂળગો નથી, તેમ બીજે ઠેકાણે તો કિંચિત સુખ છે, સંપૂર્ણ સુખ તો ભગવાનની સમીપમાં છે.

**જેટલું ભગવાનથી છેટે થવાય છે**
**તેટલી સુખમાં ન્યૂનતા છે.**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે. એક વાત અવશ્ય સમજવી પડશે કે, જેને ભગવાન ભજવા હોય, જીવનું કલ્યાણ કરવું હોય તેને જીવનમાંથી આળસ અને ઊંઘને ઓછાં કરવાં જ જોઈએ.. ઊંઘ ને આળસ ભજનમાં વિઘ્નરૂપ છે, અનેક જન્મ સુધી જ્યારે મહેનત કરે ત્યારે આ કામ થાય એવું છે, એવું મહાન ભક્તિનું કામ લઈને આપણે બેઠા છીએ એમાં ગાફલાઈ રાખીએ તો કેમ મેળ થાય... !!..

**ગ્રહિ કર વર વેણુ મુરારી રે, ધરી અધર મધુર સ્વર કારી રે ॥૧૬**
**કરે મધુરે મધુરે સ્વર ગાન રે, સુણી શ્રવણ છુટ્યાં મુનિ ધ્યાન રે ।**

કર વેણુ ધરી મુરારી, અધર મધુર સ્વરકારી, પૂર્ણિમાનો પૂર્ણચંદ્ર આકાશમાં સોળે કળાએ ખીલી રહ્યો છે, યમુનાજી વહી રહ્યાં છે. ભગવાન કૃષ્ણચંદ્ર લલિત ત્રિભંગી



થયા, પગની આંટીવાળી વેણું અધરાર્પિત કરી, કોમળ આંગળીયું વડે વેણુના છિદ્રો પૂર્યાં, વૃંદાવનમાં વેણુ વગાડી.. ત્યાં તુરંત વેદો ઉચ્ચાર કરતા સ્થિર થઈ ગયા, બ્રહ્માને વિસ્મય થયો... જમુનાનાં નીર સ્થંભી ગયાં... ધેનુ તૃણ ભૂલી ગઈ અને કાન સરવા કરી વેણુનાદ સાંભળવા લાગી... છ રાગ ને બત્રીસ રાગણિઓ તાલ સાથે તાલ મીલાવી મધુર સ્વરે ગાવા લાગી..

ઋષિ મુનિઓની સમાધિ છૂટી ગઈ, મધુર સ્વરે કરે ગાન છૂટ્યાં મહા મુનિનાં ધ્યાન.. એમ વેણુમાં ગાય વિહારી, સુખ આપે છે શ્રી ગિરધારી. એમ ગોપ-ગોપીનાથ, શ્રી દામાદિ સખા છે સાથ....

**ઈતિ શ્રીસહજાનંદસ્વામિચરણકમળસેવક નિષ્કુળાનંદમુનિવિરચિતે**
**પુરુષોત્તમપ્રકાશમધ્યે તૃતીયઃ પ્રકારઃ ॥ 3 ॥**

---

**દોહા – ચક્ર સુદરશન આદિ જે, આયુધ મૂર્તિમાન ।**
**દિવ્ય દેહે સેવે સદા, પ્રભુપદ પરમ સુજાન ॥૧॥**
**નંદ સુનંદ શ્રીદામવર, શક્રભાનુ શશિભાન ।**
**એ આદિક અસંખ્ય ગણ, રૂપ ગુણ શીલવાન ॥૨॥**
**સેવત પ્રભુપદ પ્રીત કરી, પાર્ષદ પરમ પ્રવિર ।**

નિષ્કુળાનંદ સ્વામી ભગવાનનો મહિમા ગાય છે. શંખ, ચક્ર, ગદા અને પદ્મ, મૂર્તિમાન આયુધ ભગવાનના હાથમાં છે. પદ્મમાંથી પૃથ્વી પ્રગટ કરી, શંખમાંથી જળ પ્રગટ કર્યું, ચક્રમાંથી તેજ પ્રગટ કર્યું અને ગદામાંથી વાયુ પ્રગટ કર્યો છે. આવા પરમાત્માને નંદ સુનંદ શ્રી દામવર શક્રભાનુ, શશિભાન વિગેરે અસંખ્ય પાર્ષદો દિવ્ય દેહે પ્રભુ પદને નિત્ય સેવે છે... કોઈ પત્ર સોનાના અક્ષરથી લખાયેલો હોય છતાં પણ એડ્રેસ વિના કયાંય પહોંચતો નથી.

**ભગવદ્ મહિમા અક્ષરધામમાં જ્વાનું પાકું સરનામું છે.**

જેમ કોઈ ઝૂંપડાને બદલે પચાસ લાખનો બંગલો આપે તો ઝૂંપડાને છોડતાં વાર લાગે નહિ, સાઈકલને બદલે મર્સીડીઝ ગાડી આપે તો સાયકલ છોડતાં વાર લાગે નહિ, તેમ ભગવાનના અક્ષરધામના સુખમાં દષ્ટિ પહોંચે મહિમા સમજાય તો આપો આપ જગતસુખમાંથી વૃત્તિ પાછી વળી જાય. મહિમા સહિત ભક્તિ કરે, ત્યારે

ભગવાનમાં ગાઢ પ્રીતિ થાય છે.

રાજકોટમાં શેઠ શિવલાલ પરમ એકાંતિક ભક્ત હતા, ખરા ખંતથી ગાય, બ્રાહ્મણ, ગરીબ અને સંતોની સેવા કરતા, ગામમાં અગ્રેસર હોવાથી કથા વાર્તાનો લાભ બરાબર લઈ શકતા નહિ, ઘણી મોટી જવાબદારી હતી, મંદિરનો વહીવટ ચલાવામાં પણ કુશળ હતા, કથા, કીર્તન અને સંત સમાગમ વિના માણસમાં ઘણી ખોટ ખામી રહી જાય છે. સાચી સમજણ આવતી નથી.

તુલસીદાસજી કહે છે

**બહુત કાલ કરત સત્સંગા, તબ હોત સંશયકા ભંગા**

ઘણા લાંબા સમય સુધી મહાપુરુષનો સમાગમ કરે ત્યારે મુમુક્ષુ નિર્દોષ થઈ મોક્ષ મેળવવાને યોગ્ય બને છે... વ્યવહારમાં રચ્યા પચ્યા રહેવાથી મોક્ષ માર્ગની સફળતા મેળવવામાં મોટે ભાગે પાછળ રહી જાય છે.

શિવલાલભાઈ રાજકોટ મંદિરમાં દર્શન કરવા આવ્યા.. સ્વામી રૂગનાથચરણજીએ કહ્યું, ''ભક્તરાજ !.. શ્રીજીમહારાજે તમોને સારી બુદ્ધિ... માન મોટપ અને પુષ્કળ સુખ સંપત્તિ આપી છે. જીવનભર તમે ઘણાં મોટાં કાર્ય કરી... ભારે યશ, આબરૂ અને મોટાઈ મેળવી છે, તે ઠીક છે... એથી મોક્ષ મેળવી શકાશે નહિ... હવે ધીરે ધીરે પ્રવૃત્તિ છોડી દો અને સંત સમાગમ કરો.. સત્શાસ્ત્રોનું વાંચન અને મનન કરો, સવાર સાંજ મંદિરે આવી ભજન ભક્તિ અને કથાવાર્તાનો લાભ લ્યો.. ભલે સ્વામી ! તમે જેમ કહેશો તેમ કરીશ.

છ મહિના સુધી નિત્ય સંતસમાગમ કર્યો.. હૃદય ભક્તિથી રંગાઈ ગયું. સમય જતાં શિવલાલભાઈ બીમાર થયા, સ્વામી કુશળતા પૂછવા આવ્યા. ત્યારે શિવલાલભાઈ બે હાથ જોડી બોલ્યા, ''સ્વામી, મંદિરના વ્યવહાર કરતાં કોઈ સાધુ કે સત્સંગનો અપરાધ થયો હોય તો માફ કરજો. તમે મને સાચી સમજણ આપી છે, તમારો સમાગમ કર્યો છે, તેથી હું અલૌકિક સુખ શાંતિ અનુભવી રહ્યો છું.. મને હવે આ જગતની અંદર કોઈ મોહ મમતા નથી. મને અક્ષરધામમાં મોકલી દો તો મહા મોટું કામ થઈ જાય.. સ્વામીએ તુરંત શિવલાલભાઈના ભાલમાં કંકુનો ચાંદલો કરીને કહ્યું,

**આ અક્ષરધામનો ચાંદલો છે, અમે જઈએ મંદિરમાં, ને તમે જાઓ ધામમાં.**

શ્રીજીમહારાજ શિવલાલભાઈના પંચ ભૌતિક શરીરમાંથી આત્માને લઈ દિવ્ય



શરીરમાં પધરાવી સોનાના વિમાનમાં બેસારી અક્ષરધામમાં લઈ ગયા.. આ છે ભજન ભક્તિનો મહિમા. સત્સંગનો પ્રતાપ અતિ મોટો છે, કોઈ સાધને કરીને ઘાટની નિવૃત્તિ થતી નથી, તેની નિવૃત્તિ સત્સંગથી થાય છે.

**ચોપાઈ–અનંતકોટિ કલ્યાણકારી ગુણરે, તેણે યુક્ત છે મૂરતિ તરુણરે।**
**ધર્મ જ્ઞાન ને વૈરાગ્ય આદિ રે, નવ નિધિ સિદ્ધિ અણિમાદિ રે ॥૫**
**એ આદિક ઐશ્વર્ય અપાર રે, સેવે પ્રભુપદ કરી પ્યાર રે ।**

શ્રી હરિ અનંત કોટિ કલ્યાણકારી ગુણ યુકત છે. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય આદિ સદ્‌ગુણો અણિમાદિક અષ્ટસિધ્ધિ જેમને હાજરા હજુર છે, સેવા માટે તૈયાર છે, ચાર વેદ જેમના ગુણ ગાય છે. હરિનાં ચરિત્રનો કોઈ પાર નથી. વાસુદેવાદિ વ્યૂહ અનુપ, કેશવાદિક ચોવીસ રૂપ વિગેરે અનેક અવતારને ધારણ કરનારા છે.

**ભુવિપર એકાંતિક ધર્મ રે, તેને પ્રવર્તાવવો એ છે મર્મ રે ।**

ભગવાન આ ભૂમિ ઉપર શા માટે અવતરિત થાય છે ?... એકાંતિક ધર્મ પ્રવર્તાવવા માટે અવતાર ધારણ કરે છે.. વરસોથી ભક્તજનો પ્રભુના દર્શનની રાહ જોતા હોય એવા ભક્તના મનોરથ પૂરા કરવા અને પ્રેમ દેવા અને પ્રેમ આપવા માટે ભગવાન અવતરિત થાય છે. દુર્વાસા ઋષિના શાપને નિમિત્ત બનાવી ભગવાન નરનારાયણને માધ્યમ બનાવી સર્વાવતારી સ્વામિનારાયણ પોતે અનંત મુક્તો સહિત આ લોકમાં પધાર્યા.

અસુર ગુરુ નૃપ થકી ભારી, તેમની રક્ષા કરવા મુરારિ; શસ્ત્ર ધાર્યા વિના શ્રી હરિએ અનેક અસુરોનો નાશ કર્યો.

**ગ્રહિ કળીબળને વારમવાર રે, પામ્યો અધર્મ વૃદ્ધિ અપાર રે ।**
**તેનો કરવા અતિશે નાશ રે, કરવા સુખિયા સર્વે નિજદાસ રે ।૧૪**

કલિયુગનું બળ વધી ગયું, કયાંય પણ ધર્મનું અસ્તિત્વ રહ્યું નથી. બ્રાહ્મણો શૂદ્ર જેવા થઈ ગયા છે. સંધ્યાવંદન ગાયત્રી જપ, વૈશ્વદેવાદિક આહ્નિક કર્મ કરતા નથી. ક્ષત્રિયો નિસ્તેજ થઈ ગયા છે. વૈશ્યો વર્ણાશ્રમનો ત્યાગ કરી વર્ણસંકર થઈ ગયા છે, વારંવાર ધરતીકંપ થવા લાગ્યો.. અનાવૃષ્ટિ-અતિવૃષ્ટિ થવા લાગી છે. એક ઘડાથી બાર ઘડા ભરાય પણ બાર ઘડાથી એક ભડો ભરાતો નથી. કૂડ, કપટ, દંભ, અન્યાય, અનાચાર, ચોરી અને વ્યભિચારાદિક પાપનું જોર વધી ગયું છે.

નિજ દર્શ સ્પર્શાદિકે કરી, વળી રચી વચનરૂપ પતરી. ધર્મને મજબૂત બનાવવા

માટે શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્વયં પોતાના હાથે શિક્ષાપત્રી લખી... નિજ ધામ પમાડવા સારું, દેવા અખંડ સુખ ઉદારૂ... નિષ્કુળાનંદ સ્વામી કહે છે, પ્રભુ તમે અતિ દયાળુ છો. અખંડ સુખ આપવા માટે પધાર્યા છો. વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે. ત્રાંબાનો પૈસો કોઈક માણસના હાથમાં હોય તેને સાટે કોઈ સોનામહોર આપે તો ત્રાંબાના પૈસામાંથી હેત ઉતરી જાય. ભગવાન સંબંધી સુખમાં દષ્ટિ પહોંચે ત્યારે જગતના માયિક સુખ થકી વૈરાગ્ય પામી જાય છે અને ભગવાનમાં હેત થાય છે.

**પ્રભુમાં પ્રીતિ નથી તે પાગલપણાની નિશાની છે.**

ભલે આપણે બુધ્ધિશાળી કહેવડાવતા હોઈએ, બાકી શાસ્ત્રની દષ્ટિએ પાગલ છીએ, પાગલ જો ન હોત તો કેમ અત્યાર સુધી આપણે વિચાર ન કર્યો કે સુખ પદાર્થમાં છે કે પ્રભુ ચરણમાં... ! એટલે બુધ્ધિનો કેમ ઉપયોગ ન કર્યો ?... કેમ પ્રભુમાં પ્રીતિ થતી નથી. કેમ કથામાં પ્રીતિ થતી નથી, ગપ્પાં મારીયે ત્યારે ઊંઘ નથી આવતી ને ભજન ભક્તિમાં કેમ ઊંઘ આવે છે. સગાં સંબંધી દુર્ગુણોથી ભરેલા હોય તો પણ હેત થાય છે ને, સાચા બ્રહ્મનિષ્ઠ સંતોમાં કેમ આત્મીયતા થતી નથી, તે પાગલપણાની નિશાની છે.

**મોટો અર્થ વિચાર્યો છે એહ રે, કરવા અભય નારી નર તેહ રે ।૧૭**
**એમ પૂર્ણ પુરુષોત્તમ રાય રે, દિધો કોલ વૃંદાવનમાંય રે ।**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, ''હે પ્રભુ... તમે અનેક જીવાત્માને અભયદાન આપવા માટે પધાર્યા છો. વૃંદાવનમાં ઋષિમુનિઓની સાથે ધર્મદેવ અને ભક્તિ માતાએ વિષ્ણુયાગ જપાત્મક યજ્ઞ કર્યો, ત્યારે ભગવાને પ્રસન્ન થઈને કોલ આપ્યો.. હું તમારે ઘેર પ્રગટ થઈશ. તે વચનને સત્ય કરવા કૌશલદેશ, અયોધ્યા નજીક છપૈયા ગામમાં શ્રી નારાયણ ઋષિરૂપ થયા પ્રગટ પરમ અનુપ, થયા ભક્તિ ધર્મના બાળ શ્રીકૃષ્ણ ભક્ત પ્રતિપાળ...

**ઈતિ શ્રીસહજાનંદસ્વામિચરણકમળસેવક નિષ્કુળાનંદમુનિ વિરચિતે**
**પુરુષોત્તમપ્રકાશમધ્યે ચતુર્થઃ પ્રકારઃ ।। ૪ ।।**

---

**દોહા – ભક્તિ ધર્મને ભુવને, થયા પ્રગટ પૂરણ બ્રહ્મ ।**
**આપ ઈચ્છાએ આવિયા, જેને નેતિ કહે નિગમ ।।૧।।**
**સુંદર દેશ સરવારમાં, છપૈયા છબીનું ધામ ।**



**તિયાં પ્રભુજી પ્રગટ્યા, પુરુષોત્તમ પૂરણકામ ।।૨।।**

માતા બાલાવંતીજીની ભક્તિ એટલી બધી વધી કે ભગવાન એમને ઘેર દીકરો બનીને આવ્યા... ધર્મભક્તિએ સરજુ નદીના કિનારે દેવનાં બાર હજાર વર્ષ સુધી કઠિન તપશ્ચર્યા કરી, અખંડ હરિસ્મરણ કર્યું દેહાધ્યાસ છૂટી ગયો. ભગવાને પ્રસન્ન થઈને કહ્યું, '' આપની શી ઈચ્છા છે ? જે ઈચ્છા હોય તે માગી લ્યો.... પ્રભુ મને તમારા જેવો દીકરો જોઈએ છે.... મૈયા! મારા જેવો તો દુનિયામાં હું એકજ છું.. તથાસ્તુ... હું તમારે ત્યાં દીકરો થઈને આવીશ.

તમામ દેવતાઓ પ્રભુની પ્રાર્થના કરે છે... ''હે પ્રભુ પૃથ્વીનો ભાર ઉતારવા આપ પધારો.. ત્યારે ભગવાને કહ્યું, ''હે ઋષિમુનિઓ ! તમે ચિંતા ન કરો.. હું અનંત મુકતો સહિત ધર્મકુળમાં અવતાર ધારણ કરીશ અને તમામ સમસ્યાનો ઉકેલ લાવીશ ને ધર્મનું સ્થાપન કરીશ. તમે ભગવાનથી પહેલાં ભરતખંડ ઉપર પહોંચો... હજારોની સંખ્યામાં મુકતો આવી પરમાત્માના પધારવાની પ્રતિક્ષા કરે છે, પ્રભુ પ્રગટ થશે.. પ્રભુ પ્રગટ થશે.. ભાવમાં બધા ડૂબ્યા છે..

પરમાત્માએ બ્રહ્મતેજ મૈયા ભક્તિમાં મૂક્યું છે. છપૈયામાં શુકન થવા લાગ્યા.. નારાયણસરોવર આદિક જળાશયમાં અમૃત વહેવા લાગ્યાં છે, ગાયો નાચવા લાગી છે, ઋતુઓ દિવ્ય બની છે... યોગ, લગ્ન, ગ્રહ, વાર, ઘડી, નક્ષત્ર, ચોઘડીયું ચર અચર હર્ષ યુકત છે.

**વૃશ્ચિક લગ્ન ને કૌલવ કરણ રે, યોગ સુકર્મા દુઃખ હરણ રે;**

વસંતઋતુ, ઉતરાયણ અર્ક, શુકલપક્ષ, પુષ્ય નક્ષત્ર, વૃશ્ચિક લગ્ન, કૌલવ કરણ છે. સંવત ૧૮૩૭.. ચૈત્ર શુદ નવમીની રાત્રી સોમવારની ક્રાંતિકારી તિથી આવી છે. મંદ સુગંધ શીતળ પવન વહેવા લાગ્યો છે. દેવતાઓ હર્ષિત થયા છે. સંતોના મનમાં આનંદ સમાતો નથી.

મૈયા ભક્તિનું ડાબું અંગ ફરકે છે. સમસ્ત જગતના માલિકે ભક્તિદેવીના ઘરમાં પ્રવેશ કર્યો, પ્રકાશના પુંજ છવાયા રાત્રીએ દશને દશ ઘડી થઈ તેજમાંથી પુરુષોત્તમ નારાયણ બાલ ઘનશ્યામ પ્રગટ થયા. તે સમયે આકાશમાં દેવતાનાં વિમાનોની ઠઠ લાગી ગઈ.

**વ્યોમે વિબુધ વાજાં વજાવિ રે, કરે દર્શન વિમાન લાવિ રે ।।૬।।**
**સુરવનિતા ગાય વધાઈ રે, અતિ મોદ ભરી મનમાંઈ રે ।**

**મંદ સુગંધ શીતળ વાય રે, વાયુ સુંદર જન સુખદાય રે ।।૭।।**

ગંધર્વ ગાન કરવા લાગ્યા, અપ્સરાઓ નૃત્ય કરવા લાગી... અક્ષરધામના મુક્તોએ ધર્મ ભક્તિના ભુવનપર પુષ્પનો વરસાદ કર્યો...

બોલો ઘનશ્યામ મહારાજની જય

ભક્તિમાતાની ગોદમાં અનુપમ દિવ્ય બાળઘનશ્યામનાં દર્શન થયાં, લક્ષ્મીમામી તથા અમરમામીએ સાદ કર્યો.. ધર્મદેવ વધાઈ હો... આપણે ઘેર લાલો ભયો હૈ... આનંદમાં ડૂબેલા ધર્મદેવે કહ્યું, ''વાજિંત્રવાળાને બોલાવો.. સાથે મળીને જન્મોત્સવ કરીએ.

**ધર્મ ગ્રહે આનંદ ભયો જય બોલો ઘનશ્યામકી;**
**હાથી ઘોડા પાલખી જય બોલો ઘનશ્યામકી.**
**ધર્મદાદા દાન દીયો જય બોલો ઘનશ્યામકી;**
**અક્ષરધામના મુક્તો જય બોલો ઘનશ્યામકી.**
**નારદજીની વીણા . . . શિવજીનું ડમરું બોલે . . જય.**
**હનુમાનજીની ગદા બોલે, આંબા ડાળે કોયલ બોલે... જય.**

છપૈયાના ભક્તજનોને ખબર પડી તેથી ધર્મદેવને ઘેર દોડતા દોડતા આવ્યા છે. સંતો અને મહાત્માઓની કતાર લાગી ગઈ, આનંદનો પાર નથી. તેત્રીસ કરોડ દેવતાઓ ભાવ વિભોર બની ઉત્સવ કરે છે, ગંધર્વો નોબત વગાડતા ગાય છે... આપણે પણ ગાઈએ...

**પ્રગટ થયા પ્રભુ છપૈયા ગામરે, ભક્તિમાતા ધર્મતાતનું નામરે;**
**કૌશળ દેશમાં ધર્યો અવતાર રે, નોમ અજવાળી રૂડો ચૈતર માસ રે.**
**તેડાવો જોશીને પુછાવો નામરે, નામ ધર્યું રૂડું શ્રીઘનશ્યામ રે;**
**મખડું શોભે અતિ બાલુડે વેશ રે, સુંદર ભુરા માથે નાના કેશ રે.**
**હરખે ઝુલાવે માતા દૂધ સાકર પાયરે, માતાને મન જાણે વહેલા મોટા થાયરે;**
**રડતા રમાડતા પારણીયે પોઢાડે રે, રેશમી દોરી લઇને હીંચકાવે રે.**
**પોઢો પોઢો પ્રભુ જગના આધાર રે, પ્રેમાનંદ નિત્ય નવી લીલા ગાય રે.**

આઠે પહોર પરબ્રહ્મમાં લીન રહેનારા પરમહંસ નિષ્કુળાનંદ સ્વામી ભાવ વિભોર થઈ પ્રભુના પ્રાગટ્ય ઉત્સવની કથા લખે છે.

ધર્મદાદાએ ખૂબ દાન આપ્યાં છે.. છપૈયાની નારીઓનાં મન બાલ ઘનશ્યામમાં



ખેંચાઈ ગયાં... નીરખી નીરખીને દર્શન કરે છે.. ઘરે જતી નથી.

**જેજે જુવે છે નયણાં ભરિને રે, તેનાં મન ચિત્ત લેછે હરિને રે ।**
**મુખ મૃગાંકસમ સુખ દેણ રે, શોભે કર ચરણ ચારુ નેણ રે ।।૧૩।।**
**અંગોઅંગ શોભા છે અનૂપ રે, નખ શિખ છબી સુખરૂપ રે ।**

ભગવાનમાં હેત વધારવું હોય તો પરમાત્માના એક એક અંગનું ચિંતવન કરવું, એક એક અંગમાં દષ્ટિ સ્થિર કરવી એ જ સાચી ભક્તિ છે. છપૈયાનાં સ્ત્રી ભક્તજનોને ઘનશ્યામનાં દર્શન વિના ચેન પડતું નથી. વહેલી સવારે પ્રભાતમાં ભક્તિમાતાના ઘરે આવે... ત્યારે ભક્તિમાતા કહે છે.. બહેન ... મારા ઘનશ્યામ સૂતા છે... તમે આટલી વહેલી કેમ આવી.. ત્યારે છપૈયાની નારીઓ કહે છે, '' મૈયા.. અમને બાલ ઘનશ્યામ બહુ યાદ આવે છે, તેનાં દર્શન થાય ત્યારેજ હૃદયમાં ઠંડક વળે છે... થોડીવાર ઘનશ્યામને રમાડવા દો ને.... ઘનશ્યામ તો અમારા હૈડાના હાર છે.. ઘનશ્યામને ઝૂલાવા આપોને...

**ધર્મકુમાર મારા હૈડાના હાર ઝુલે પારણીયે ધર્મકુમાર**
**કંકુડારણું કહાન કુંવરનું મખડું,**
**જોઇને મોહી વ્રજડાની રે નાર. . . ઝુલે. .**

મૈયા ભક્તિદેવી બાલ ઘનશ્યામને ખોળામાં પધરાવી હૃદય સાથે ચાંપીને ચુંબન કરી રડી પડે, .. આજ મને સુખનો સાગર મળ્યા છે, હજારો જન્મોથી અમે વાટ જોતાં હતાં.. કે આપણને ભગવાન કયારે મળશે, તે ઈચ્છા આજે અમારી પૂરી થઈ, આજે અમારું હૃદય ટાઢું થયું.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, ''જુવે હેતે જે જન, હુલાસી - તેના અંતરમાં જાય વસિ, પછી વિસાર્યા પણ ન વિસરે, સૂતાં બેઠાં સદાય સાંભરે, સ્વરૂપા શક્તિ વગર ભક્તિ ફળતી નથી, સૂતા બેસતાં ખાતાં પીતાં અખંડ ભગવાન યાદ આવે છે, સ્વપ્નામાં બાલ ઘનશ્યામ દેખાય છે.

**સહુ ભક્તજનોને સુખ દેવા, આપે અક્ષરપતિ થયા એવા**

પ્રભુ સર્વ ભક્તજનને સુખ દેવા આવ્યા છે.. બાળ ઘનશ્યામ સ્નાન કરીને પાછા આવે છે. ત્યાં એક બાવો ધૂણી પાસે બેઠો હતો. અને ત્રણ ચાર સુરદાસ (અંધ) બેઠા હતા,બાવાજીને પ્રાર્થના કરતા કહે છે, બાવાજી અમને દેખતા કરોને... અમે તમારો જિંદગીભર આભાર માનીશું... બાવાએ કહ્યું, ''પૈસા આપો તો દેખતા કરું.

!... સુરદાસે કહ્યું, ''પેટ પૂરતું ખાવા નથી મળતું તો પૈસા ક્યાંથી હોય... દેખતા કરો તો સારું... બાવો ખીજાઈને બોલ્યો.. ''પૈસા આપવા નથી ને દેખતા થાવું છે.. એ નહિ બને ! અમે નવરા નથી.. થઈ જાવ રવાના ત્યારે સુરદાસજીએ આકાશ સામે નજર કરી કહ્યું, ''હે પ્રભુ ! નોંધારાના આધાર અમને એક તમારોજ ભરોસો છે.

બાળ ઘનશ્યામને દયા આવી.. આંધળાની આંખ્યું ઉપર ઘનશ્યામ મહારાજે પોતાની કોમળ આંગળી ફેરવી કે તુરંત વીજળીનો ચમકારો થયો.. તરત બધા દેખતા થઈ ગયા... અંધના આનંદનો પાર ન રહ્યો.. આવી સુંદર દુનિયાને જોઈને રાજી રાજી થઈ ગયા. પ્રભુના ચરણમાં મસ્તક નામવીને પ્રાર્થના કરી ''હે પ્રભુ તમે અમને નવું જીવન આપ્યું.''

ત્યારે બાળ ઘનશ્યામે કહ્યું, ''હવેથી આ આંખથી ભગવાનનાં અને સંતનાં દર્શન કરજો, કોઈ દિવસ વિલાસી અને ક્રૂર દષ્ટિથી જોશો નહિ. આંખ દ્વારા પાપ અંતરમાં પેસે છે. પૂર્વમાં તમે આંખથી ખૂબ પાપ કર્યાં છે. ક્રોધ કરી મા-બાપ ગરીબ અને નિરપરાધીને ખૂબ સંતાપ્યા છે. તેથી તમે અંધ થયા છો.. કર્યાં કર્મ ભોગવો છો.. હવે આંખને નિર્મળ રાખજો.. આવું આશ્ચર્ય જોઈને બાવો ભોંઠો પડી ગયો, તેથી ત્યાંથી નાસી ગયો... અનંત જન્મનાં પાપ સુરદાસજીનાં બાળી દીધાં, આ છે પ્રગટ પ્રભુનો પ્રતાપ..

**દિન દિન પ્રત્યે જો દયાળ રે, વધે નિત્ય ચંદ્ર જેમ બાળ રે.**

દિન પ્રતિ દિન.... બાલ ઘનશ્યામ ચંદ્રની જેમ વધતા જાય છે. મંદ હાસ્ય જુક્ત છે હંમેશ, બહુ શોભે છે બાલુડે વેશ

**રુવે નહિ રાજી રહે ઘણું રે, તેણે મન હરેછે સહુતણું રે ।**
**સુખમય મૂર્તિ મહારાજ રે, આવ્યા સૌને સુખ દેવા કાજ રે ॥૧૮॥**

બાલ ઘનશ્યામને રડતાં આવડતું જ નથી. દોડે પડે છતાં ક્યારેય રડતા નથી, શાંત સ્વભાવ છે, પોતે આનંદમાં રહે છે, ને બીજાને આનંદમાં રાખે છે. જેમ આવ્યા છે ધામથી ધારી, તેમ તારશે નરને નારી, અનેક જીવાત્માને ભવસાગરથી તારવા આવ્યા છે, ભગવાન આ પૃથ્વી ઉપર શા માટે પધારે છે ? .. પોતાના ભક્તજનોના મનોરથ પૂર્ણ કરવા પધારે છે. કોઈક ભક્તજનને ભગવાન મારા દીકરા થાય એવી ઈચ્છા છે, કોઈને ભગવાનને જમાડવાની ઈચ્છા છે. કોઈકને ભગવાનના મા-બાપ બનવાની ઈચ્છા છે, કોઈકને સખા બનવું છે. આ બધાના સંકલ્પ પૂર્ણ કરવા પ્રભુ આ



લોકમાં પધારે છે... સહુને કરવા છે સુખી, નથી રાખવા કોઈને દુઃખી... સહુ જીવની લેવી છે સંભાળ... એહ અર્થે આવ્યા છે દયાળ.

**ઈતિ શ્રીસહજાનંદસ્વામિચરણકમળસેવક નિષ્કુળાનંદમુનિવિરચિતે પુરુષોત્તમપ્રકાશમધ્યે પંચમઃ પ્રકારઃ ॥ ૫ ॥**

---

**દોહા–જનમિ જનક જનની ઘરે, રહ્યા દયા કરી કાંઈક દિન ।**
**રમ્યા જમ્યા રૂડિ રીત્યશું, ભક્તિ ધર્મને ભવન ॥૧॥**
**ત્યાં બાળચરિત્ર બહુ કર્યાં, પછી આઠમે વર્ષે આપ ।**
**પિતાથકી તે પામિયા, ઉપવીત અતિ નિષ્પાપ ॥૨॥**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, ધર્મભક્તિને ઘેર ઘનશ્યામ મહારાજે અનેક પ્રકારનાં બાળ ચરિત્રો કર્યાં છે. બાલ ઘનશ્યામનું એક ચરિત્ર સાંભળીએ.

એક વખત છપૈયામાં ઘનશ્યામ મહારાજે સવારના સ્નાન કરીને દૈનિક વિધિ કર્યો, તિલક, ચાંદલો, પૂજા, પાઠ, મંત્ર જાપ કરીને ચોતરા ઉપર વિરાજમાન છે, ત્યાં સૃષ્ટિના સર્જક બ્રહ્માજી આવ્યા, પગે લાગીને બે હાથ જોડીને કહ્યું, હે પ્રભુ, અનેક વર્ષોથી આ સૃષ્ટિનું ઉત્પાદનનું કામ કરું છું, હવે મને નિવૃત્તિથી તમારું ભજન કરવું છે... આ કાર્ય બીજાને સોંપી દો.. બ્રહ્માજીને એમ કે કાર્ય અટકી જશે.. ને મને આજીજી કરતા પ્રભુ કહેશે કે, આ કામ તમારેજ કરવાનું છે... બીજાથી આ કામ નહિ થઈ શકે.

બ્રહ્માજીને ગર્વ આવ્યો કે મારા થકીજ સૃષ્ટિનું ઉત્પાદન ચાલે છે, ભગવાને કહ્યું, ''હજુ તમારું શરીર સશક્ત છે, વૃધ્ધાવસ્થા દેખાતી નથી,... માટે તમારું કામ ચાલુ રાખો તો બહુ સારું... બ્રહ્માજીએ કહ્યું, ''ના.. હવે.. એ કાર્ય હું નહિ કરું, બીજાને સોંપી દો. બાલ ઘનશ્યામે કહ્યું, ''તમે થોડીવાર નારાયણ સરોવરના કિનારે બેસો કોઈ યોગ્ય વ્યક્તિને તે કાર્યમાં ગોઠવી દેશું... તમે ચિંતા ન કરો... બ્રહ્માજીને એમ કે ભગવાન હમણાંજ મને મનાવશે.. વાંસો થાબડીને કહેશે... તમારે જ કરવું પડશે.. ત્યાં આશ્ચર્ય થયું.

સામેથી ઊંટની લાઈન ચાલી આવે છે. ઊંટ ઉપર મોટી મોટી લાંબી પેટીઓ છે, બ્રહ્માએ આ દશ્ય જોયું.. ઓ.. હો... હો.. આ ઊંટ મારી સૃષ્ટિનો બનાવેલ નથી. કોઈ વિચિત્ર શ્વેત ઊંટ છે. બ્રહ્માજીએ ઊંટ ચલાવનારને પૂછ્યું .. ''આ પેટીમાં શું છે

? આ પેટીમાં અનેક બ્રહ્મા ભર્યા છે.. બતાવો તો જોઈએ.. પેટી ખોલી તો કોઈ ચાર મોઢાવાળા તેજસ્વી દિવ્ય પુરુષો છે.. કોઈ આઠ મુખવાળા બ્રહ્મા છે.. કોઈ સોળ મુખવાળા... ચોથી પેટી ખોલી તો ચાલીસ મુખવાળા બ્રહ્મા.. આવું અલૌકિક દશ્ય જોઈ બ્રહ્મા સ્તબ્ધ થઈ ગયા, મને એમ હતું કે આ દુનિયામાં હું એકજ બ્રહ્મા છું, મારા જેવો બીજો કોઈ નથી, પણ આ તો અનેક બ્રહ્માની લાઈન લાગી છે...

પેટીમાંથી નીકળેલા બ્રહ્મા ભગવાનની બે હાથ જોડી પ્રાર્થના કરે છે, '' હે પ્રભુ, કોઈ બ્રહ્મા થાકયા હોય.... તો એમની જગ્યાએ અમને ગોઠવી દો... આજ્ઞા ફરમાવો અમે સેવા કરવા માટે તૈયાર છીએ.. બ્રહ્માજીના પેટમાં ફાળ પડી.. હૃદયના ધબકારા વધી ગયા... મારી સત્તા ઝૂંટવાઈ જશે... તે બરાબર નહિ... દોડીને ઘનશ્યામ મહારાજના ચરણમાં માથું ઝુકાવ્યું.. રડતાં હૃદયે કહ્યું, ''પ્રભુ મને માફ કરો.. મારી ભૂલ થઈ છે. આવું બીજી વખત નહિ કરું. જે તમે મને કાર્ય સોંપ્યું છે તે હું કરીશ.

## પ્રભુનો મહિમા સમજાઈ ગયો
## તો બ્રહ્માનો ગર્વ ઉતરી ગયો.

ઘનશ્યામ મહારાજે કહ્યું, '' તમે નિરાંતે ભજન કરી.. અમે અમારું કાર્ય ગોઠવી લઈશું... બ્રહ્માજીએ કહ્યું, '' મહારાજ તમે જેમ કહેશો તેમ કરીશ... તમે મારા ઉપર રાજી રહો.. તમે બહુ સારું કર્યું, ''મારી ભૂલ સમજાવી. ભગવાને કહ્યું, ''મારા બ્રહ્માંડમાં અનેક કાર્યકર્તાઓ છે.. બ્રહ્માંડનું ઉત્પત્તિના કાર્યનું સંચાલન તમારા વગર અટકશે નહિ.. તમે ખોટું અભિમાન કરો છો.

માણસને થોડીક સત્તા કે અધિકાર મળે તો તરત અહંકાર આવી જાય છે, હું કેવો મોટો... મારું કાર્ય થાય.. મારો વટ પડે.. અભિમાનમાં ફુલાતો ફરે, જાણે મારા જેવું કોઈ નહિ, આપણી ,પાસે જે છે, તે બધું ભગવાનનું જ આપેલું છે, છતાં અભિમાન કરીએ છીએ, એક ગરીબ છોકરાને લગ્ન કરવાં હતાં, પાડોશી પાસેથી સોનાના દાગીના અને કિંમતી વસ્ત્રો લઈ આવ્યો.. પછી વટથી પરણવા ગયો. મનમાં ફૂલાય કે મારી પાસે કેટલા બધા દાગીના છે.. હું કેવો શ્રીમંત... રહેવા.. દે.. રહેવા.. દે... ખોટો વટ ન બતાવ... તારી પાસે જે વસ્તુ છે, તે તારી નથી.. પાડોશીની છે.. તેમ આપણે બધા નાહકના ફૂલાયા કરીએ છીએ... હું કેવો મોટો ?... પણ એ મોટાઈ તારી નથી.. એ દાગીના તારા નથી.. પાડોશીરૂપ પરમાત્માના છે, એની મરજી થશે ત્યારે લઈ લેશે.



## ખોટું અભિમાન સદ્‌ગુણોનું ભક્ષણ કરી જાય છે.

મારી ભૂલ થઈ છે. આ ત્રણ શબ્દો ઉચ્ચારવા બહુ મુશ્કેલ છે.. જલદી પોતાની ભૂલ કબૂલ થાય નહિ.. બ્રહ્માએ પોતાની ભૂલ કબૂલ કરી..

## પિતા થકી પામિયા ઉપવીત અતિ નિષ્પાપ.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, બાલ ઘનશ્યામ આઠ વરસના થયા ત્યારે પિતાએ ઉપવીત સંસ્કાર ધારણ કરાવ્યા.. જનોઈ આપી છે.. ત્યારબાદ ત્રણ વરસ અયોધ્યા રહ્યા... માતાપિતાની ખૂબ સેવા કરી, દિવ્ય ગતિ આપી. પછી... સંવત ૧૮૪૯ અષાઢ સુદ દશમના વહેલી સવારે વનમાં પ્રયાણ કર્યું. ચરણે પહેરી નહિ ચાખડીરે, અંગરખી નહિ અંગ રે શામળીયા. કૌપીન, મૃગચર્મ. પાણી ગાળવા માટે વસ્ત્રનો ટૂકડો, હાથમાં કમંડળ શાલીગ્રામની પૂજા અને ચાર સારનો ગુટકો. આટલી વસ્તુ લઈને એકલા વનની વાટે અગ્યાર વર્ષની કોમળ અવસ્થાએ ઉત્તર તરફ રવાના થઈ ગયા.

## સાત વરસ વન વેઠિયું, વળતો વાલમે કર્યો વિચાર;
## જે અર્થે આ અવતાર છે, તે કરું હવે નિરધાર.

નિષ્કુળાનંદ સ્વામીએ આ ગ્રંથમાં બાળલીલા અને વનલીલાનું સંક્ષિપ્તમાં વર્ણન કરેલ છે, ભગવાન સ્વામિનારાયણે સાત વરસ સુધી વનમાં વિચરણ કર્યું, ભગવાન ફરતા ફરતા પુલહાશ્રમમાં પધાર્યા, ભગવાનને આ પવિત્ર સ્થાન બહુ ગમ્યું. પવિત્ર સ્થાનમાં તપ કરવાથી ફળની સિધ્ધિ જલદી ફળે છે.. એક પગે ઊભા રહી તપ શરુ કર્યું. ગંડકી નદીમાં દરરોજ સ્નાન કરે, ગાયત્રી મંત્રનો જપ કરે અને સૂર્યનારાયણનું ધ્યાન ધરે, ત્યાંના યોગીઓ ભગવાન નીલકંઠ વર્ણીને જોઈને સ્તબ્ધ થઈ ગયા. જોતાજ રહી ગયા.. આ કોણ હશે ?... પ્રહ્લાદજી હશે કે ધ્રુવજી હશે, સનકાદિક હશે કે શુકદેવજી હશે...

ચાર - ચાર મહિના થયા પાણી પણ પીતા નથી..ચોકકસ જગતના નાથ લાગે છે.. સાક્ષાત સૂર્યનારાયણે દર્શન આપ્યાં... કહો મારા જેવું શું કામ છે !!... ભગવાને કહ્યું, હે... સૂર્યનારાયણદેવ... તમે અમારી અંતરશત્રુ થકી રક્ષા કરજો,... જેથી અમારું નૈષ્ઠિકવ્રત અખંડ રહે, અને જયારે અમે તમને યાદ કરીએ ત્યારે દર્શન દેવા પધારજો... સૂર્યનારાયણે હસીને કહ્યું, પ્રભુ ! તમારામાં એક પણ દોષ હોય નહિ, તમે અંતરશત્રુથી પર છો. અમારા જેવા દેવને અને જગતના જીવપ્રાણી માત્રને ઉપદેશ આપો છો... બાકી આપ તો નિર્લેપ ને નિર્વિકારી છો.. મહારાજ ભગવાન

તપની સમાપ્તિ કરીને ઉત્તર દિશા તરફ ચાલતા થયા. નિર્ભયપણે એકલા વનમાં ફરે છે.

**પછી જોગી ગોપાળને મળી રે, કરી એની ઈચ્છા પૂરી વળી રે;**
**મળ્યા પ્રભુજી પૂરણકામ રે, તજી તન ગયા અક્ષરધામ રે.**

ગોપાળયોગી ગીતાજી વાંચે છે, પ્રભુને જોયા - ચાર આંખ ભેગી થઈ ત્યાં વૃત્તિ મંડી ખેંચાવા, જેમ લોહ ચુંબક લોઢાને ખેંચે... ગોપાળયોગી ઓળખી ગયા કે આખી જીંદગી મેં જેનુ સ્મરણ કર્યું છે, તે આ પુરુષોત્તમ નારાયણ છે. મારો ઉધ્ધાર કરવા અહીં આવ્યા છે. ગોપાલયોગી પાસે નીલકંઠવર્ણી અષ્ટાંગયોગ શીખ્યા, પણ આખરે ગોપાલયોગીએ યોગની કળા નીલકંઠવર્ણીના ચરણોમાં સમાપ્ત કરી છે. પ્રભુએ કહ્યું, '' તમે તેજનાં દર્શન કરો છો. તેજની સાથે પરબ્રહ્મનો સાક્ષાત્કાર કરો અને સાકાર સ્વરૂપનું ધ્યાન કરો, ધ્યાન કરતાં કરતાં ગોપાળયોગીની વૃત્તિ ભગવાનમાં ચોંટી ગઈ. દેહની સ્મૃતિ ભૂલ્યા અને સમાધિમાં સાક્ષાત ભગવાનનાં દિવ્ય સ્વરૂપે દર્શન થયાં. આનંદ મગ્ન થઈ દેહમાંથી વૃત્તિ તોડી ભગવાનના અક્ષરધામમાં સિધાવ્યા. ભગવાને ગોપાલયોગીની ઉત્તરક્રિયા કરી.. ભગવાન ગોપાળયોગી પાસે બાર મહિમા રહ્યા, ત્યાંથી વિચરણ કરતા કરતા નવલખા પર્વત પર પધાર્યા.

**પછી નવલખે પર્વત પધાર્યા રે, બહુ જોગીને મુદ વધાર્યા રે ।**
**જોગી નવલાખ જોઈ જીવન રે, થયા નાથ નિરખિને મગન રે ।।૬**
**તેપણ તન તજી નિરધાર રે, અવધે ગયા અક્ષર મોઝાર રે ।**

ભગવાન નીલકંઠવર્ણી પર્વત ચડતા જાય છે, તે પર્વતપર નવલાખ યોગીઓ તપ કરતા હતા, પાંચ હજાર વરસ થયાં યોગ સાધે છે. પ્રભુનાં દર્શન માટે તલપે છે, ત્યાં આકાશવાણી થઈ, '' હે યોગીઓ.. આજે ભગવાન તમને દર્શન દેવા પધારે છે, બધા યોગીઓ સજાગ થઈ ગયા, આનંદનો સાગર લહેરાયો.. જેમ નદીઓ સાગરને મળવા ઉતાવળી થાય તેમ યોગીઓ પ્રભુને મળવા માટે દોડયા.. પ્રભુ નવલાખ સ્વરૂપે બની બધા યોગીઓને હૃદયે લગાડીને ભેટ્યા છે.

પ્રભુએ ઉપદેશ આપતાં કહ્યું, ''તમે હઠયોગ કરો છો, તેના કરતાં પ્રેમ યોગ કરો, પ્રભુમાં પ્રેમ કરો !! ગોપીઓએ યોગ સાધ્યો નહોતો છતાં, ભગવાનને મેળવી શકી છે, પ્રેમથી ભગવાન વશ થાય છે, પ્રભુના અંગોઅંગનું ધ્યાન કરીને પોતાની વૃત્તિ શ્રીહરિમાં જોડવાથી પરમાત્માનાં સાક્ષાત દર્શન થાય છે. વર્ણીરાજ નવલખા પર્વત ઉપર થોડા દિવસ રોકાઈ અનેક મોક્ષભાગી જીવાત્માને પોતાના સ્વરૂપનું જ્ઞાન



આપી ભવના બંધનથી મુક્ત કરી અક્ષરધામના અધિકારી કર્યા.

તીર્થ શહેર પુર નગ્ર ગામ, ફર્યા જે જે ધરણીપર ધામ, ત્યાં ત્યાં જેણે નિરખ્યા ઘનશ્યામ, તે તે પામિયા અક્ષરધામ, ગિરિ ગુફામાં જે ગેબ હતા, સમુદ્ર તટ સેવતા. તેનું કર્યું છે પરમ કલ્યાણ, પોતે મળી પ્રગટ પ્રમાણ, અનેક જીવાત્માનો ઉધ્ધાર કરતા કરતા ભગવાન સોરઠ દેશમાં પધાર્યા.

**સોરઠ દેશ સોયામણું ગામ રે, મન લોભે શોભે લોજ નામ રે.**

સંવત ૧૮૫૬ શ્રાવણ વદ છઠ (રાંધણછઠ) ને દિવસે સંગવકાળે ભગવાન નીલકંઠવર્ણી લોજની વાવ ઉપર આસન વાળીને બેઠા છે.

**લોજની વાર ઉપર અવતારી, આવી બેઠા બટુક બ્રહ્મચારી**
**નારી નગરની આવી જલ ભરવા, તેણે નીરખ્યા નવલ વિહારી**
**દુર્બળ દેહ દેખી દયા ઉપજી, નાથજી પ્રત્યે બોલી સહુ નારી**
**બટુક તમે કીયે દેશ વસો છો, કોણ પિતા કોણ માતા તમારી**

ગામની બહેનો પાણી ભરવા આવી, ભગવાનનું સ્વરૂપ જોઈને ભાન ભૂલી ગઈ.. ચારે બાજુ વિંટળાઈ પૂછે છે... બાલા યોગી !! તમે ઘરનો શા માટે ત્યાગ કર્યો. તપશ્ચર્યા કરવાથી કાયા સૂકાઈ ગઈ છે.. અમારે ઘરે ચાલો તો સરસ મજાનાં ભોજન જમાડીએ.. યોગીરાજ અમારે ઘરે ચાલશો... ખૂબ ખૂબ પૂછે છે.. પણ ભગવાન કાંઈ જવાબ દેતા નથી..

તે વખતે સુખાનંદ સ્વામી વાવમાં સ્નાન કરવા આવ્યા, બાલાયોગીને જોયાને મન સ્થિર થઈ ગયું.. આવા તેજસ્વી યોગી મેં કયાંય જોયા નથી. બે હાથ જોડી કહ્યું, '' યોગીરાજ કૃપા કરીને અમારા આશ્રમમાં પધારો.. અમારા ગુરુભાઈ મુક્તાનંદજી દર્શન કરવા જેવા સંત છે. આપ આશ્રમમાં ન પધારોતો મુક્તાનંદજીને આંહી બોલાવી લાવું.. બાલાયોગીએ કહ્યું, ''એવા સંતનાં દર્શન કરવા માટે અમે ચોકક્સ આવીશું..

નીલકંઠવર્ણી આશ્રમમાં પધાર્યા, મુક્તાનંદ સ્વામીને નમસ્કાર કરી આસન પર બેઠા. આશ્રમમાં શાંતિ શાંતિ છવાઈ ગઈ. નીરખી નીરખીને પ્રભુનાં દર્શન કરે છે, અલૌકિક યોગીરાજના સ્વરૂપમાં અંતર ચોંટી ગયુ.. નીલકંઠવર્ણીએ નવ મહિના સુધી લોજમાં રહી ખૂબ સેવા કરી.

નિષ્કુળાનંદ સ્વામી કથાને વળાંક આપે છે. શ્રીજી મહારાજ સંતોને કહે છે, '' હે સંતો એક જગ્યાએ બેસી રહેવાથી સત્સંગ વૃધ્ધિ નહિ પામે, માટે પાંચ-પાંચ

સંતોના મંડળ લઈને સત્સંગ કરાવવા જાઓ.. ત્યાં તમારું સન્માન નહિ થાય, અપમાન પણ થશે તિરસ્કાર પણ થશે તે બધું ધીરજ રાખી સહન કરજો. ધીરજવાળા જ સુકીર્તિ મેળવે છે, ધીરજ રાખવાથી મનમાં શાંતિ રહેશે.

**જ્યાં કોઈ ચાવી કામ કરતી નથી ત્યાં ધીરજ કામ કરે છે.**

સાધુનું જીવન સાધના માટે છે, સમાજના પૈસા ઉપર મોજમજા કરવા માટે નથી. સાધુ... સમાજને બોજારૂપ ન હોવો જોઈએ. તપ ત્યાગ સંયમ અને નિર્માનીભાવે સેવા કરવી એ સાધુનો શણગાર છે. શ્રીજી મહારાજ વારંવાર આવી યાદી આપીને ટકોર કરી સાધુને સાવધાન રાખે છે. મારા સાધુમાં કોઈ ખોટ ન રહી જાય, તમે મારા કહેવા ઓ છો.. મારે તમારામાં કાંઈ કસર રાખવી નથી. મારા વિશ્વાસે તમે તમારું જીવન મારા ચરણમાં સમર્પિત કર્યું છે.

**અહિંસાદિક નિયમ પળાવો રે, જન્મ મર્ણનાં ખાતાં વળાવો રે ।**
**વળિ અન્ન જળ દેશે જે તમને રે, તે સહુ પ્રાણી પામશે અમને રે ॥**
**દરશ સ્પરશ કરી પડશે પાય રે, તેની જરૂર કરીશ હું સા'ય રે ।**

શ્રીજીમહારાજ કહે છે, '' હે સંતો, અહિંસાદિક નિયમ પળાવજો. જન્મ મરણનાં ખાતાં વળાવજો તમને કોઈ અન્ન જળ દેશે, દર્શન કરશે, સ્પર્શન કરશે. પગે લાગશે તેને અમે સહાય કરશું અને અંતે અમારા અક્ષરધામમાં તેડી જાશું..

**ઈતિ શ્રીસહજાનંદસ્વામિચરણકમળસેવક નિષ્કુળાનંદમુનિવિરચિતે પુરુષોત્તમપ્રકાશમધ્યે ષષ્ઠઃ પ્રકારઃ ાા ૬ ાા**

---

**દોહા – વળતા મુનિ બોલિયા, શું શું ધરાવિએ વ્રતમાન ।**
**કયી પેર્યે ભજન કરાવિએ, કયી પેર્યે ધરાવિએ ધ્યાન ।।૧।।**
**કેવિ રીતે અમે વરતિએ, કેવો રાખીએ વળિ વેષ ।**
**કેવી રીતે વાત કરીએ, કેવો આપીએ ઉપદેશ ।।૨।।**

સંતો કહે છે, ''હે પ્રભુ ! મુમુક્ષુ જીવાત્માને કેવો ઉપદેશ આપીએ, કઈ રીતે ભજન કરાવીએ. કેવી રીતે ધ્યાન કરાવીએ, કેવો વેશ રાખીએ તે બાબત સરખી રીતે સમજાવો

શ્રીજીમહારાજ કહે છે, ''આ જગતમાંથી વૈરાગ્ય ઉત્પન્ન થાય એવો ઉપદેશ



આપજો.. આહાર વિહાર પવિત્રપણે રાખે તેવી રીતભાત શીખવજો. આ જીવે અનેકવાર સંસારનાં સુખ ભોગવ્યાં છે. અનેક વખતે ઈંદ્રરાજા થઈ આવ્યો છે, ચક્રવર્તી રાજા થઈને રાજપાટનાં સુખ ભોગવ્યાં છે. સુખ સાહેબી અને જહોજલાલી આ જીવે અનંતવાર ભોગવી લીધી છે. પ્રભુમાં પ્રેમ થાય અને જગતથી વૈરાગ્ય થાય તેવો ઉપદેશ દેજો...

**ભોગ વધે તો રોગ વધે છે.**

સર્વોપરી સ્વામિનારાયણ ભગવાનનું ભજન કરાવજો, ધ્યાનની બાબત સરખી રીતે શીખવજો, ધ્યાન કરવાથી પ્રભુનો સાક્ષાત્કાર થાય છે. ધ્યાન એટલે શું ? .. ધ્યાન એટલે એકાગ્રતા અને તન્મયતા.. ચિત્તનો હરિમાં નિરોધ કરવો તેને ધ્યાન કહેવાય... હે સંતો તમે સૌમ્ય વેશ રાખો, કંઠમાં તુલસીની માળા પહેરજો, શાંત સ્વભાવ રાખી દેશો દેશમાં વિચરણ કરો.

સંતો કહે છે, આ જગતમાં જીજ્ઞાસુ નરનારી અનેક છે, તેમાં કહેશું નરને કલ્યાણનું... નહિ કહીએ નારીને નિરધાર.. સ્ત્રીથી બોલશું નહિ.. દારા સ્પર્શથી દૂર રહેશું... ઈલેક્ટ્રિકના વાયરના બે છેડા ભેગા કરો તો ભડકો થાય જ... છેડા નોખા હોય તો જ લાઈટ વ્યવસ્થિત રહે, તેમ સ્ત્રી પુરુષનો યોગ ભેગો થાય તો ભડકો થયા વિના રહે નહિ...

શિષ્ટાચારની રીત છે. પરસ્ત્રીને માતા, બહેન અને દીકરી સમાન માનવાં જોઈએ, કયારેય પણ કુભાવ જાગવો જોઈએ નહિ.. પાપ આંખ કરે છે.

**બ્રહ્મા ભૂલ્યા તનયા તન જોઈ રે, તેણે ખરી લાજ વળી ખોઈ રે.**

આ સૃષ્ટિની ઉત્પતિ કરનાર બ્રહ્મા પોતાની યુવાન દીકરી સરસ્વતીજીને જોવાથી વિકારો પેદા થયા.. વિચાર કરો... સૃષ્ટિના સર્જનહારની આ દશા તો બીજાની શી વાત કરવી ? બ્રહ્માએ ખોટો ઘાટ શમાવવાની જ્ઞાનબળથી ઘણી કોશિશ કરી પણ ઘાટ શમ્યો નહિ.

**શિવ મોહિની જોઈ મન મોહ્યું રે, તેણે જોગ કળા બળ ખોયું રે.**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, શિવ મોહિની રૂપમાં મોહ પામ્યા. ભોળા શંભુ વૈકુંઠ આવ્યા, પ્રભુને પગે લાગીને બેઠા અને વાત કરી હે પ્રભુ ! તમે સમુદ્રમંથન વખતે જે મોહિની રૂપ લીધું હતું તે સ્વરૂપનાં મને દર્શન કરાવો. ભગવાને કહ્યું, મોહિની રૂપ જોવાનું રહેવા દો.... તમે જે ધ્યાન કરો છો તે બરાબર છે, મેં મોહિની

રૂપ ધ્યાન કરવા માટે નહોતું લીધું પણ અસુર આગળથી અમૃત લેવા માટે લીધું હતું... ખૂબ સમજાવ્યા છતાં માન્યા નહિ( તો લાજ ગઈ) આંખને કાબુમાં રાખો.

**ઈંદ્ર અહલ્યા રૂપ નિહાળી રે, થયો ભ્રષ્ટ હતો ભાગ્યશાળી રે.**

ઈંદ્ર રાજા ઋષિપત્નિ અહલ્યામાં મોહ પામ્યો... ગૌતમ ઋષિએ શાપ આપ્યો કે, જેમાંથી પરૂ પાચ નીકળે છે, એવા એક ભગમાં તું મોહ પામ્યો છે તો તારા શરીરે હજાર ભગ થશે, તરત આખા શરીરમાં કાણાં પડી ગયાં, તેમાંથી રૂધિરને પરૂપાચ વહ્યા કરે... પીડાનો પાર નહિ. આખું શરીર ગંધાય, આવી ભયંકર સજા ભોગવવી પડી, રોગ થવાથી દુઃખી દુઃખી થઈ ગયો...

મહાદેવ સ્ત્રીમાં મોહ પામ્યા, બ્રહ્મા સ્ત્રીમાં મોહ પામ્યા, પરાશર ઋષિ મત્સ્યગંધામાં મોહ પામ્યા, એકલશૃંગી વેશ્યામાં મોહ પામ્યા, સૌભરિ ઋષિ મત્સ્યને ભોગ ભોગવતા જોઈને સ્ત્રીમાં મોહ પામ્યા, નારદ અને પર્વતઋષિ અંબરીષ રાજાની પુત્રીમાં મોહ પામ્યા, યયાતિ રાજાએ સ્ત્રી ભોગ માટે દીકરા પાસેથી યુવાની માગી, આ બધા ભગવાનના ભકત હતા. ભજન કરતા હતા, પણ મનમાંથી વાસના ગઈ નહિ, તેથી ઊંધા રવાડે ચડી ગયા. આ કથા ભક્તોને વગોવવા માટે નથી, પણ ભકતોને સાવધાન થવા માટે છે.

**કામનો વેગ મહા ભયંકર વેગ છે.**

**ભલ ભલાને ઉથલાવી નાખ્યા છે.**

કામવાસનાએ ભલભલાને ધૂળ ફાકતા કરીને લાજ લીધી છે. કામી માણસ પ્રભુની મરજીમાં રહી શકતો નથી.

**ડાહ્યા શાણા ચતુર સુજાણરે, કવિ કોવિદ નારીના વેચાણરે ।**
**ભટ પંડિત પ્રવીણ પુરાણીરે, જેની સુધા સમાન છે વાણીરે ॥૧૪॥**
**હોય જશ જગતમાં જેનોરે, નારી ન મળી ત્યાં લગી તેનોરે ।**

નારીમાં આસક્ત ન થાય ત્યાં સુધી જગતમાં જશ રહે છે, બાકી શાણા ડાહ્યા ચતુર કે પંડિત પુરાણી હોય, અમૃત જેવી વાણી બોલતા હોય, કથા વાંચતા હોય અને જો.

**સ્ત્રીનો ગુલામ હોય તો, તેનું જીવન વૃથા છે.**

સંસારમાં રહેવું પણ ઉપરથી રહેવું... અંતરમાં સંસાર પ્રત્યે મોહ રાખવો નહિ... તેની સરસ કથા છે.. સાંભળો...



ગામ રોજકાના પરમ ભકત કાકાભાઈ હતા, ધોલેરાના પુંજાજી દરબારના યોગથી સત્સંગી થયા, કાકાભાઈની ઊંચી સમજણ હતી, ખૂબ શાંતિથી દરરોજ બે કલાક પૂજા પાઠ વિગેરે નિયમ કરતા. પોતે સત્સંગ કરે ને બીજાને કરાવે... હંમેશાં જગતનાં ગપ્પાં માર્યા કરશો તો સત્સંગરૂપી ગુલાબના બગીચાની સુગંધ આપણને શી રીતે મળશે. !!

શ્રીજી મહારાજ વારંવાર કાકાભાઈના પ્રેમના આગ્રહને વશ થઈ સંતો પાર્ષદો સાથે કાકાભાઈના ઘેર પધારતા, સમય જતાં કાકાભાઈ બીમાર થયા... વિચાર થયો કે હવે મારો દેહ રહે તેવું લાગતું નથી. મારા હાથે દાન પુણ્ય કરી લઉં... હાથે તે સાથે કાકાભાઈએ પોતાનાં પત્નીને કહ્યું, '' મારા શરીરનો કોઈ નિરધાર નથી, બીમારી વધતી જાય છે, ઓચિંતા શ્રીજીમહારાજ મને તેડવા પધારશે.. તારાથી ઘરેણાં પહેરાશે નહિ.. તારો રાજીપો હોય તો તમામ ઘરેણાં શ્રીજી મહારાજને અર્પણ કરી દઈએ... ત્યારે તેમનાં પત્નીએ સરસ જવાબ દીધો... આપણાં એવાં ભાગ્ય કયાંથી કે મારાં દાગીનાં પ્રભુને અર્થે વપરાય, ખુશીથી આપી દો... હું ખૂબજ રાજી છું.

તરત દાગીનાં ઉતારી દીધાં, બીજી પેટીમાં હતા તે બધા સોના ચાંદીના દાગીનાં અને રૂપાની તાંસળી, રોકડ રકમ વિગેરે સંપત્તિની એક પોટલી બાંધી.. ઘોડી ઉપર રાખીને. ભક્ત રઘુનાથને કહ્યું, તમે ગઢપુર, ઘોડી લઈ જાવ અને શ્રીજીમહારાજને અમારી ભેટ અર્પણ કરી અને અમારા જય સ્વામિનારાયણ કહેજો ને આ પત્ર શ્રીજીમહારાજને આપજો... રઘુનાથ ભક્ત ઘોડી સાથે ગઢપુર આવ્યા. શ્રીજીમહારાજ લીલુડા લીંબડા નીચે ઢોલીયા ઉપર બિરાજમાન છે. ચારે બાજુ સંતો અને ભક્તો બેઠા છે.

**દાસની ભેટ સ્વીકારજો ને વહેલા તેડવા આવજો.**

રઘુનાથ ભક્તે પગે લાગીને કહ્યું, '' કાકાભાઈએ જય સ્વામિનારાયણ કહ્યા છે, ને આ ભેટ મોકલાવી છે.. પત્ર શ્રીજીમહારાજને આપ્યો, શ્રીજી મહારાજે પત્ર વાંચ્યો તેમાં લખેલું કે દાસની ભેટ સ્વીકારજો ને અંતકાળે વહેલા તેડવા આવજો... શ્રીજીમહારાજ બોલ્યા... ધન્ય છે કાકાભાઈની સમજણને દેહ મૂકયા પહેલાં પોતાની કીમતી ઘોડી અને પત્નીના દાગીના કૃષ્ણાર્પણ કરી દીધા... આવી રીતે દાન કરવું સહેલું નથી.. કઠિન બાબત છે.. મુકતાનંદ સ્વામીએ કહ્યું, કાકાભાઈની સમજણ દાદા ખાચર અને ઝીણાભાઈના જેવી છે.

શ્રીજીમહારાજ તરત સંતો ભક્તોની સાથે રોજકા પધાર્યા... કાકાભાઈ જય

સ્વામિનારાયણ... કેમ છો ? મહારાજ આપની કૃપાથી આનંદ છે, અમે તમને તેડવા આવ્યા છીએ.. તૈયાર છો ને.. હા મહારાજ તૈયાર છું.. કાકાભાઈના આત્માને વિમાનમાં બેસાડીને અક્ષરધામમાં લઈ ગયા... અંતરની આંટી ઘૂંટીનો ઉકેલ કરતા... વચનામૃત ગ.પ્ર.૭૦માં નિત્યાનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યા કે અંતરની માંહીલી કોરે એક કહે છે જે વિષય ભોગવીએ, એક કહે છે વિષય ન ભોગવીએ. ના પાડે છે તે કોણ છે ને હા પાડે છે તે કોણ છે ? ના પાડે છે તે જીવ છે ને હા પાડે છે તે મન છે.

**દેખને કી ઈચ્છા હો તો મૈં કૈસા હૂં યે દેખિયે...**

આ કથા જીવનમાં ઉતારવા જેવી છે. આ જગતની અંદર બે બંધન બહુજ મોટાં અને મજબૂત છે એક જડ માયા અને બીજી ચૈતન્ય માયા.

**કાન્તા કનક સૂત્રેણ વેષ્ટિતં સકલં જગત્ ।**
**તાસુ તેષુ વિરક્તો દ્વિભુજઃ પરમેશ્વરઃ ॥**

કાન્તા એટલે સ્ત્રી અને કનક એટલે ધન... આ બે દોરડાથી આખું જગત બંધાયેલું છે. એ બેથી વિરક્ત હોય તે બે હાથવાળો પરમેશ્વર છે.. સંતો કહે છે, ''હે પ્રભુ.. અમને જડમાયા અને ચૈતન્ય માયાથી ઉગારી લેજો, બીજું કહેવું ઘટે તે સુખેથી કહેજો. તમે જેમ કહેશો તેમ અમે કરશું, પછી હસી બોલ્યા અવિનાશ, ધન્ય નિરમોહી મારા દાસ. તમને કોઈ બંધન નહિ કરે... આશીર્વાદ આપીએ છીએ.

**ઈતિ શ્રીસહજાનંદસ્વામિચરણકમળસેવક નિષ્કુળાનંદમુનિવિરચિતે પુરુષોત્તમપ્રકાશમધ્યે સપ્તમઃ પ્રકારઃ ॥૭॥**

---

**દોહા-શ્રીહરિ કહે સંત સાંભળો, એવો કરવો નથી ઉપાય**
**જેણે કરીને જકતનું બંધન તમને થાય**
**એવી રીતને રાખશું, જેહ રહ્યા ન રહેશે કોય**
**શાસ્ત્રમાં પણ શોધતાં, કિયાં હોય કે વળી નોય...**

શ્રીજીમહારાજ કહે છે, હે સંતો તમને આ દુનિયામાં કોઈ બંધન નડશે નહિ. તમે અક્ષરધામના મુકત છો. આ જગતના પામર જીવાત્માને ભવના બંધનથી છોડાવા આવ્યા છો. જેમ અમારો અલૌકિક અવતાર છે તેમ અમારી રીત પણ અલૌકિક છે.



**રહેજો પંચવ્રત પ્રમાણ રે, ધારી વિચારી સહુ સુજાણ રે**
**પંચવ્રત છે સહુને પાર્ય રે, નથી એથી બાજું કાંય બાર્ય રે**

શ્રીજી મહારાજ કહે છે, હે સંતો ! નિષ્કામી, નિર્લોભી નિઃસ્વાદી, નિઃસ્નેહી અને નિર્માની આ પંચ વર્તમાનનું પાલન કરજો.

**ધર્મ છે તે સાધુનો શણગાર છે.**

અષ્ટ પ્રકારે નારીનો ત્યાગ રાખવો. શ્રીજી મહારાજ ગ.મ.૩૯ વચનામૃતમાં કહે છે. અમને નિષ્કામ ભક્તના હાથની સેવા બહુ ગમે છે. એમની સાથે રહેવું ગમે છે. અમે ટકયા છીએ તે પણ નિષ્કામી વર્તમાનનાં દઢવ્રત દેખીને ટકયા છીએ... લોભ રહિત વર્તવું, પદાર્થ માટે ઝંખના કરવી નહિ. સંતોષ રાખવો, રસના ઈંદ્રિયને જીતવી.. સ્વાદ જીતવો અને વાદ પણ જીતવો, લૌકિક સ્વાદમાં જેનું મન ફસાય તે બરાબર ભક્તિ કરી શકે નહિ... જગતથી વિરક્ત રહેવું અને માન રહિત વર્તવું.. માન મોટાઈ રાખ્યા વગર નિર્માની થઈને ભજન કરવું અને કરાવવું...

**સહુ જાણજો જન એમ પંડયે રે, ધન ત્રિયા બે નથી બ્રહ્માંડે રે**
**એમ નકકી કરી નિરધાર રે, ફરો પરહિતે પૃથ્વી મોઝાર રે**

મનમાં નકકી કરી રાખો કે આ બ્રહ્માંડમાં સ્ત્રી છે જ નહિ... અષ્ટ પ્રકારે સ્ત્રી ધનનો ત્યાગ રાખજો. સ્ત્રી અને ધન આ બે તત્વ બ્રહ્માંડમાં છે જ નહિ, હૃદયમાંથી આ બે વસ્તુ કાઢી નાખીને પૃથ્વી ઉપર ફરજો. ટાઢ તડકાથી બચવા માટે એક ગોદડી, બે કૌપીન, બે ધોતિયાં, બે ખેસ રૂમાલ અને ટોપી રાખજો, પાણી ગાળવા માટે ગરણું અને કામળી આટલાં વસ્ત્રો રાખજો. અન્ન માગીને જમજો મધ્યાહ્ને, રસ રહિત સહિત જળપાને.. સર્વે ભોજન ભેળું કરી મેળવીને દિવસમાં એક વાર જમજો. કોઈ પણ જીવાત્મા મળે તેને પ્રગટ પ્રભુના ધ્યાન ભજનની રીતભાત શિખવાડજો.. એક દીવો બીજા દીવાને પ્રગટાવે છે... એક જયોત બીજી જયોતને પ્રજજ્વલિત કરે છે.. ત્યારે સંસારરૂપી ધાણીમાં પીલાતા જીવાત્માનો ઉધ્ધાર થાય છે.

Master of Life is The God.

ગામ સુલતાનપુરમાં મુસ્લીમ આલાભાઈ હતા, ઘાણી પીલવાનો ધંધો કરે, ન્યાય નીતિ અને ઈમાનદારીપૂર્વક તેલ પીલે, ગામના માણસો નિઃશંક થઈને તલ પીલાવા આવે... આલાભાઈએ બળદ જોડી ઘાણી ચાલુ કરી અચાનક અંતરમાંથી સત્વગુણનો પ્રકાશ રેલાયો... સદ્‌વિચારની સ્ફુર્તિ થઈ. આ જગતની અંદર સંસાર છે

તે પણ ઘાણી જેમજ છે. ખુદા તે ધાણીને ચલાવે છે, જેમ બળદ ઘાણીમાં ફર્યા કરે છે, તેમ ચાંદો સૂરજ નિત્ય ફર્યા કરે છે.. રાત જાયને દિવસમાં થાય, જેમ ઘાણીમાં તલ પીલાય છે, તેમ જીવ પ્રાણી માત્ર જન્મ મરણ અને આધિ - વ્યાધિ અને ઉપાધિમાં પીલાયા કરે છે.

## જન્મ મરણરૂપ સંસારની ચક્કીમાંથી કયારે છૂટકારો થશે.

સંસારની ધાણીમાં પીલાતા જીવાત્માનો કયારે ઉધ્ધાર થશે, બ્રહ્મજ્ઞાન પ્રગટ થયું... આવા સદવિચાર આવતાં અંતરમાં ઊંડા ઉતરી જાય... બ્રહ્મરૂપ થવાથી બળદ ઘાણીમાં ફરતા ઊભા રહી જાય.. આવી ઉત્તમ સ્થિતિ થઈ ગઈ.. સમય જતાં આલાભાઈ બીમાર થઈ ગયા, પેટમાં સખત દુઃખાવો થાય છે. હવે શું કરવું.. ઘણી દવા કરી પણ કાંઈ ફરક પડ્યો નહિ... આલાભાઈના મિત્રે કહ્યું, ''દેરડી ગામમાં રૂપસીભાઈ સારા વૈદ છે.. ચાલો ત્યાં જઈએ ગાડામાં બેસીને બન્ને મિત્રો દેરડી ગયા.

રૂપસીભાઈ સ્વામિનારાયણ ભગવાનના પરમ એકાંતિક ભક્ત હતા, લલાટમાં કુંકમનો ચાંદો ચળકી રહ્યો છે, દર્દીઓની તપાસ ચાલુ છે, આલાભાઈના શરીરની તપાસ કરી, દવાની પડીકી આપી કહ્યું, ''પાણી સાથે લેજો... ચિંતા કરવા જેવું નથી, ભગવાન સ્વામિનારાયણ સારું કરશે... સ્વામિનારાયણ નામ સાંભળતાં આલાભાઈએ પૂછ્યું, ''સ્વામિનારાયણ કોણ છે ? કયાં રહે છે ?...

રૂપસીભાઈએ કહ્યું, ''અમારા હિંદુધર્મમાં સ્વામિનારાયણ ભગવાન છે. તે ખુદા છે. લાખો માણસો એમની પૂજા કરે છે, દર્શન કરતાં સમાધિ થઈ જાય છે. સમાધિમાં પોતપોતાના ઈષ્ટદેવનાં દર્શન થાય છે. ભરાડીમાંથી ભક્ત બનાવે છે, ભગવાનના મહિમાની ખૂબ વાતો કરી તેથી આલાભાઈને અંતરમાં ઠંડક વળી.

અનેક મુસલમાન પણ સ્વામિનારાયણ ભગવાનને શરણે થયા છે. જૂનાગઢના નવાબ સાહેબ, માંગરોળના શેખ સાહેબ, કુંડલા ગામના મીંયાંજી, અમરેલીના અહમદ અને મકન, અમદાવાદના ડોસાભાઈ, ગોંડલના શેખમીયાં, કમઢિયાના કાયાભાઈ સિંધી, વિગેરે મુસલમાનો ભગવાન સ્વામિનારાયણના આશ્રિત થયા છે. આલાભાઈએ કહ્યું, ''મને સ્વામિનારાયણ ભગવાનનાં દર્શન જલદી થાય તેમ કરો.. રૂપસીભાઈએ રામનવમી ઉત્સવપર સમાચાર મૂકયા.. ગઢપુર આવજો.. આલાભાઈ રાજી થયા કે સંસારની ઘાણીમાંથી જલદી છૂટી જવાય તો જન્મ સફળ થાય..



ચારે બાજુથી નદીઓ જેમ મહાસાગરને મળવા દોડી જાય તેમ અનેક દેશાંતરના સંઘ ભગવાનનાં દર્શન કરવા ગઢપુર આવે છે, લટકાળો લહેરી શ્રીહરિ લક્ષ્મીવાડીમાં ઊંચા મંચપર વિરાજમાન છે. સંતો વાજિંત્ર સાથે કીર્તન ગાય છે.

**આજ રામનવમી જનનો હિલોલ, સત્સંગી સર્વે કરે છે કિલોલ;**
**ગાન તાન ઉછવ ઝાંઝ ઝકોળ.... સવારે ગોમતી ગયા ભગવાન**
**રટે ત્રણે લોક નારાયણ નામ ..... સવારે ગોમતી ગયા ભગવાન**

આલા ભક્તના અંતરમાં અપાર શાંતિ છવાઈ ગઈ, એક દષ્ટિએ શ્રીહરિને નીરખતાં... નીરખતાં... તત્કાળ સમાધિ થઈ ગઈ, ... લાખો ઓલિયા શ્રી સ્વામિનારાયણ ભગવાનની બંદગી કરે છે.. થોડીવાર પછી શ્રીજી મહારાજે ચપટી વગાડી કે, તરત જાગૃત થયા.. દોડીને શ્રીજી મહારાજના ચરણમાં દંડવત પ્રણામ કર્યા... હે પ્રભુ, હું આજથી તમારે ચરણે ને શરણે છું... શ્રીજી મહારાજે પોતાનો હસ્તકમળ આલાભકતના માથા ઉપર મૂકીને કહ્યું...

## કેમ ભક્તરાજ ! ઘાણીમાંથી છૂટવા આવ્યા છો... ને....

હા, મહારાજ અનેક જન્મો સુધી સંસારની ઘાણીમાં પીલાણો... હવે ઘાણીમાંથી ઉગારી લ્યો.. આંખનાં આંસુથી શ્રીજીના ચરણ પલાળી દીધા.... શ્રીજી મહારાજે ધર્મ નિયમની રીતભાત શીખવાડી વ્રતમાન ધરાવ્યા... શ્રીજી મહારાજ સુલતાનપુર પધારતા ત્યારે આલા ભક્તના ઘરે ઉતારો કરતા, આલાભક્તે ખૂબ સેવા કરી શ્રીજી મહારાજનો રાજીપો મેળવ્યો છે.. શ્રીજી મહારાજ સંતોને કહે છે..

**વળી અન્ન જળ તમને દેશે રે, આપી અંબર અક્ષરઘર લેશે રે ।**
**જેહ ધામના અમે રહેનાર રે, લઈ જાશું તે ધામ મોઝાર રે ।।**

તમને કોઈ ભાવથી જમાડશે, વસ્ત્ર ઓઢાડશે, તમારા મુખથી કથા સાંભળશે તે આત્મા અવિનાશી પદને પામશે.. પરમાત્માકી કથા સુનને સે ચિત્ત પવિત્ર હોતા હૈ... ઔર હૃદયમેં શાંતિ મિલતી હૈ.. શાંતિ હૈ... વહી તપકા બડા ફલ હૈ, બહુત ધન હો, બંગલા હો, કિન્તુ હૃદય કી શાંતિ ન મિલે, તો મંદિર જા કર, પ્રભુ કા શરણ લેના ચાહિયે... સમજ કર સત્સંગ કરના ચાહિયે...

**નથી જોવી જીવની કરણી રે, રીત આ વારની દોષ હરણી રે ।**
**જયારે ભરવું હોય મોટું વહાણ રે, વો'રે શાલ દાળ્ય લોહ પાષાણ રે**

ભગવાન અતિ દયાળુ છે, જીવની કરણી સામે જોતા નથી, અલ્પ સેવાને

મહદ્ સેવા માની લે છે, દુનિયામાં ભગવાન જેવો કોઈ ઉદાર નથી.. એક મુઠ્ઠી પૌંવાને બદલે સોનાના મહોલ બનાવી દીધા, સુદામાને એમ કે આ લોભિયો શું દેશે... આપેલું પીતાંબર પણ પાછું લીધું... એ શું.... દેશે. ભગવાન કહે છે., ''મિત્ર ! જા તો ખરો ઘરે... મેં સમૃધ્ધિનો ધોધ મૂકી દીધો છે. નવસો તાંતણાને બદલે નવસો નવાણું સાડીઓ આપી દીધી. આવા ઉદાર છે અવિનાશી...

મોટું વહાણ ભરવું હોય ત્યારે જેવો માલ મળે તેવો ભરે.. હીરા માણેક, મોતી, સોનુ, રૂપું, પિત્તળ... રૂપિયા.. વિગેરે વહાણમાં ભરે. છેલ્લી બાકી લોઢુંને પથ્થર ભરે.. પણ વહાણમાં માલ પૂરો કરે.. તેમ શ્રીજી મહારાજે લોઢા જેવા જીવાત્માનું કલ્યાણ કર્યું છે. જૂનાગઢનો નવાબ મુસલમાન હતો, મંદિરનો પક્ષ રાખવાથી શ્રીજી મહારાજ નવાબના આત્માને ધામમાં તેડી ગયા, દારૂ પીનારો નર્કમાં પડે, પણ અલ્પ ગુણને પ્રભુએ મહા ગણીને તેનો ઉધ્ધાર કર્યો..

**એવો આજ મોટો અવતાર બહુ જીવ કરવા ભવપાર**

વિશાળ સભાને સંબોધતાં શ્રીજી મહારાજે કહ્યું, ''વાતો પ્રગલ્ભ મન કરી કે'જો ઉપદેશ દેવામાં જરાય સંકોચ રાખજો નહિ... આ પૃથ્વી પર પ્રગટ પુરુષોત્તમ નારાયણ માનવ સ્વરૂપે બિરાજે છે, તેનો તમે આશરો કરશો તો મહા સુખીયા થશો. હિંમતભરી વાત કરજો. તમારા યોગમાં જે મુમુક્ષુ આવે તેના જીવનમાં કાંઈ ઉણપ રહી જાય નહિ... પોતાની ફરજમાં સવાયા સિધ્ધ થાય તેવું કરજો.

જેને પરમપદની યાત્રા કરવી હોય, અક્ષરધામનું અલૌકિક સુખ પામવું હોય તેને સદાય અચળ ટેક રાખીને સત્સંગ કરવો, ગમે તેવી વિકટ પરિસ્થિતિ ઊભી થાય છતાં પણ ભક્તિમાર્ગમાં મોળા પડવું નહિ, સુપેડીના ડાહ્યા ભક્તે અચળ ટેક રાખી, સંકટ સહન કર્યાં તો ભગવાન એની મદદે દોડી આવ્યા અને રક્ષણ કર્યું... નાના બાળભક્ત પ્રહલાદજીએ હિંમત રાખી હરિભજન ચાલુ રાખ્યું તો એનું કામ થઈ ગયું. ભગવાન સુખ સાગર અને ગરીબ નિવાજ છે... આવ્યા લેર્ય મેર્યમાં આ વાર-પરમ સનેહી પ્રાણ આધાર....

**ઈતિ શ્રીસહજાનંદસ્વામિચરણકમળસેવક નિષ્કુળાનંદમુનિવિરચિતે પુરુષોત્તમપ્રકાશમધ્યે અષ્ટમઃ પ્રકારઃ ।। ૮ ।।**

---



**દોહા – પછી મુક્તને આપી આગન્યા, તમે ફરો દેશ પ્રદેશ ।**
**જેમ કહ્યું તેમ વર્તજો, રાખજો સાધુનો વેષ ।।૧।।**
**પછી મુનિ પરવર્યા, જેમ હાલ્યાં હુડિયાં વા'ણ ।**
**ભારે વા'ણને ભરવા, સહુ સજ્જ થયા છે સુજાણ ।।૨।।**

સંતોને આજ્ઞા કરી કે જેમ કહ્યું છે તેમ વર્તજો અને દેશો દેશમાં ફરી અનંત જીવાત્માને કલ્યાણનો માર્ગ બતાવજો. સૌમ્ય વેશ ધારણ કરજો, જોઈને સહુની આંખ ઠરે એવા ભગવાં વસ્ત્રો ધારણ કરાવ્યાં.. આ જગતની અંદર ઘણા સાધુ બાવા ફરે છે, આખા શરીરે રાખ ચોપડે, કપાળમાં ભેંશ ભડકામણાં ટીલાં કરે, મોટી જટા હોય, હાથમાં ચીપિયાને લાકડી હોય... આવા બાવાને જોઈને કૂતરાં મંડે ભસવા, છોકરાં ડરીને ઘરમાં પેસી જાય, સ્વામિનારાયણ ભગવાનના સાધુનો સૌમ્ય વેશ હોય છે... છોકરાઓને વહાલથી બોલાવે અને સત્સંગ કરાવે... સ્વામિનારાયણ ભગવાનની લીલા અલૌકિક છે.

સંતો સત્સંગ પ્રચારાર્થે ખભે ઝોળી નાખી પ્રભુ પાસે આવ્યા, શ્રીજી મહારાજ દાદાના દરબારમાં બિરાજમાન છે, શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં છે. ચારે બાજુ સંતો અને ભક્તો બેઠા છે. એક નજરે શ્રીજી મહારાજને નીરખી રહ્યા છે. આંખ ભરાઈ આવી છે. વંદન કરતાં કહ્યું, ''તમારાં દર્શન વિના અમારા કેવી રીતે દિવસો પસાર થશે. તમારું મુખડું જોઈને અમે જીવીએ છીએ. એમ કહી ઊંચે સ્વરે રડવા લાગ્યા... ત્યારે શ્રીજી મહારાજે કહ્યું, ''હે સંતો... તમે હૃદયમાં ધીરજ રાખો, તમે જેવા મને વહાલા છો તેવું ત્રિલોકમાં કોઈ મને વહાલું નથી.

ભગવાનને છોડીને જતાં પગ ઉપડતા નથી... પ્રભુ કહે છે... તમે ચિંતા ન કરો, તમે મને જ્યારે સંભાળશો ત્યારે હું તમારા આત્મામાં પ્રગટ થઈ દર્શન આપીશ... શાંતિ રાખો... અનંત જીવાત્માના ઉધ્ધાર માટે શ્રીજી મહારાજે સદાવ્રત ખોલ્યાં.

**ઝાઝે હેતે જનને જમાડે રે, કરી વાત આનંદ પમાડે રે,**

સંતોએ અનાજને સાફ કરી પવિત્રપણે રસોઈ બનાવી, પ્રભુને થાળ ધરાવીને પછી પ્રસાદીનું અન્ન યાત્રાળુને જમાડે છે, પવિત્ર આહાર જમવાથી તેમનું અંતઃકરણ ઉજળું થાય, સત્સંગ ઓળખાય... આવી રીતે હજારોને સત્સંગ કરાવી ભવપાર કર્યા, કયા કયા ગામમાં સદાવ્રત બાંધ્યાં હતાં, તેનું સ્વામી વર્ણન કરે છે...

લોજ, માંગરોળ, અગતરાય, માણાવદર, મેઘપુર, ધોરાજી, સાંકળી, ભાડેર,

જામનગર, જામવાળી, ફરેણી, જેતપુર, સરધાર, કરીયાણા, ગઢડા ગામમાં સદાવ્રતો બાંધી અનેક ભૂખ્યા દુઃખ્યા માણસોને જમાડી સંતોષ પમાડ્યા છે. શ્રીજી મહારાજ માણકી ઘોડી ઉપર બેસીને એક ગામથી બીજે ગામ અને બીજે ગામથી ત્રીજે ગામ આમ સતત સૌને જાગ્રત રાખવા ફર્યા છે, મુમુક્ષુને સત્યનો રસ્તો બતાવવા ખૂબ પ્રયત્ન કરેલા છે. મુક્તિ માટે યજ્ઞ કાર્ય શરૂ કર્યું ... સ્વામિનારાયણ ભગવાને જ્ઞાનયજ્ઞનો પ્રવાહ ચાલુ રાખ્યો છે...

**જે જે જમ્યા એ જગનનું અન્ન રે, પામ્યા પરમ પ્રાપ્તિ પાવન રે ।**
**એમ વે'તી કીધી છે જો વાટ રે, બ્રહ્મમહોલ માંહિ જાવા માટ રે ।।**

જેતલપુરમાં શ્રીજી મહારાજે યજ્ઞ કર્યો... બ્રાહ્મણોને ખૂબ લાડવા જમાડ્યા. છૂટે હાથે દક્ષિણાઓ આપી, છતાં દ્વેષીલાઓને ઉપકાર મનાયો નહિ. રાત્રે લાડવાના ટોપલા ભરીભરીને દેવસરોવરમાં નાખી દીધા. હવે ખબર પડશે. બ્રાહ્મણોની પંક્તિ થશે. અને લાડુ નહિ હોય તો બ્રાહ્મણો દેકારો કરશે. લાડુ નથી. લાડુ નથી. તો સ્વામિનારાયણની લાજ જશે, ને બ્રાહ્મણો ભૂખ્યા ઊઠી જશે.. જોયા જેવું થશે. ઈર્ષાળુ રાજી થાય છે....

વહેલી સવારે સંતો દેવસરોવરમાં સ્નાન કરવા ગયા તો લાડવા ઉપર પગ પડ્યા... પાણીમાં હાથ લંબાવીને જોયું તો લાડવા પાણીમાં... ચોક્કસ આ ઈર્ષાળુનું કામ લાગે છે.. સંતોએ શ્રીજી મહારાજને વાત કરી કોઠામાં લાડુ ખલાસ થઈ ગયા છે... તળાવમાં નાખી દીધા છે.. હવે શું કરશું.... બપોરે પંક્તિમાં શું પીરસશું.... શ્રીજી મહારાજે કહ્યું, ''તમે ચિંતા ન કરો.. આપણી ભૂલ થઈ છે. આપણા યજ્ઞમાં સંતો ભક્તોને બ્રાહ્મણો જમ્યા, અતિથિને યાત્રાળુ જમ્યા, વટેમાર્ગેને ગરીબ રાંક જમ્યા.. પશુઓને પણ જમાડ્યા ... પણ તળાવના માછલાને યજ્ઞનો પ્રસાદ અપાયો નહોતો... હજારો માછલાં પ્રસાદ જમ્યા છે તેથી તેમનું કલ્યાણ થશે... બહુ સારૂં થયું.

**જ્ઞાન યજ્ઞો દ્વારા અનેકનો ઉધ્ધાર થયો છે ને થાય છે.**

શ્રીજી મહારાજ વચનામૃતમાં કહે છે જ્ઞાન યજ્ઞ હંમેશા કરતા રહેજો.. યોગ યજ્ઞ વિના કોઈનું કલ્યાણ થતું નથી, યોગ યજ્ઞ એટલે શું ?... ભગવાનનો યોગ, સંતોનો યોગ, શાસ્ત્રોનો યોગ કરવો.. આપણે વચનામૃત વાંચીએ શ્રવણ કરીએ તો આપણે સ્વામિનારાયણ ભગવાનનો યોગ કરીએ છીએ. સત્સંગીજીવનનું વાંચન શ્રવણ કરીએ તો આપણે શતાનંદ સ્વામીનો યોગ કરીએ છીએ, નિષ્કુળાનંદ કાવ્ય વાંચીએ,



શ્રવણ કરીએ તો આપણે વૈરાગ્યમૂર્તિ નિષ્કુળાનંદ સ્વામીનો યોગ કરીએ છીએ. સમાગમ કરીએ છીએ.

**કેના જોયા નહિ ગુન્હા વાંકરે, એવો આજ વાળ્યો આડો આંકરે ।**
**આ સમામાં જેનો અવતારરે, તેના ભાગ્ય તણો નહિ પારરે ।।૧૬।।**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, ભગવાન કોઈના ગુન્હા સામે જોતા નથી. માર્યા તેને પણ તાર્યા છે... ગામ વારણામાં બ્રાહ્મણ જ્ઞાતિનાં પુતળીબાઈ રહેતાં હતાં, શ્રીજી મહારાજ રાત્રે ગામ વારણા પધાર્યા.. પુતળીબાઈને કહ્યું, ''બહેન અમને ખૂબ ભૂખ લાગી છે.. કાંઈક જમવાનું હોય તો આપો. ભક્તને ભાવ જાગે તો ભગવાનને ભૂખ લાગે.. બાકી તો ભગવાન સ્વયં ભોક્તા છે.. પુતળીબાઈએ કહ્યું, મહારાજ ખીચડી તૈયાર છે. પધારો, મીઠો આવકાર આપ્યો... શ્રીજી મહારાજ હસ્તકમળ ધોઈને પાટલા ઉપર બેઠા કે.. પૂતળીબાઈએ ખીચડીને દૂધ થાળીમાં પીરસ્યું...

પ્રભુએ જમતાં જમતાં મનુષ્ય ચરિત્ર શરૂ કર્યું, થાળીમાં થોડીક ખીચડી જમણી બાજુ કરે... થોડીક ડાબી બાજુ કરે, વચ્ચેથી એક બે કોળીયા જમે.. આવું જોઈને પુતળીબાઈ બોલ્યાં હે... મહારાજ....!

**ખીચડી જમતાં નથી આવડતું તો કલ્યાણ શી રીતે કરશો !**

શ્રીજી મહારાજે ચપટી વજાડીને કહ્યું, આમ કલ્યાણ કરશું... ત્યાં તુરંત પુતળીબાઈને સમાધિ થઈ ગઈ.. અક્ષરધામમાં પહોંચી ગયાં. દિવ્ય શ્વેત પ્રકાશ મધ્યે સોનાના સિંહાસન ઉપર શ્રીજી મહારાજ બિરાજમાન છે, હજારો મુક્તો પ્રભુની સેવા કરે છે... મહારાજે કહ્યું, પુતળીબાઈ તમે કહો છો કલ્યાણ શી રીતે કરશો ! તો અમે કલ્યાણ કરીએ એવા કે નહિ... પુતળીબાઈ કહે છે... હે પ્રભુ તમે તો અનેક જીવના કલ્યાણ કરો તેવા સમર્થ છો...

પછી પુતળીબાઈ સમાધિમાંથી બહાર આવ્યાં... ત્યાં શ્રીજી મહારાજને ઓસરીમાં બેઠા ખીચડી જમતા જોયા.. બે હાથ જોડીને નમ્રતાપૂર્વક કહ્યું, ''મને માફ કરો.. ! પ્રાકૃત ચરિત્ર જોઈને મને શંકા થઈ કે ખીચડી જમતાં નથી આવડતી તે કલ્યાણ કેમ કરશે,, પણ તમે તો અનંત કોટી બ્રહ્માંડના રાજાધિરાજ છો... તમારી લીલાનો કોઈ પાર પામી શકે નહિ...

**ત્યાગે કરી તપી ખપી જાય રે પણ એ ધામે ન જવાય રે.**

તપ કરી કરી રાફડા વળી જાય... તેને સ્વપ્નામાં પ્રભુનાં દર્શન થતાં નથી..

તે આજે પ્રત્યક્ષ શ્રીજી મહારાજનાં દર્શન થાય છે... સ્વામિનારાયણ ભગવાન પ્રગટ-પ્રગટ અને પ્રગટ છે. શ્રીજી મહારાજ કૃપાસાધ્ય છે. ઋષિમુનિઓ પાંદડાં ખાઈને ભારે કઠિન તપશ્ચર્યા કરતા... શ્રીહરિ કહે છે, તમારા માટે અમે સરળ માર્ગ બતાવ્યો છે. પ્રગટ સ્વામિનારાયણ ભગવાનના સ્વરૂપમાં મન રાખવું એજ પરમ તપ છે.. જેનું અખંડ ભગવાનમાં મન રહે છે તે છતે દેહે અક્ષરધામને પામી રહ્યા છે.

**સોનાને કાટ ન લાગે**
**અગ્નિને ઉધઈ ન લાગે**
**સાચા સંતને માયા ન લાગે.**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, ''સહેજે સહેજે આપે છે આનંદ સમરથ સ્વામી સહજાનંદ, જેમની કીર્તિ સમુદ્ર પર્યંત ચારે દિશામાં પ્રવર્તેલી છે... એવો પ્રગટાવ્યો પોતે પ્રતાપ, પામે સુખ મારી પૂજા કરી... અશન વસન ભૂષણે ભાવભરી'' શ્રીહરિ કહે છે, ભાવથી મારી પૂજા કરશે, તેનું પણ કલ્યાણ થશે... આગળ મારા અનેક અવતારો થયા પણ તે અવતારોમાં મારી પૂજા પ્રેમથી કરી શક્યા નહિ....

**ઈતિ શ્રીસહજાનંદસ્વામિચરણકમળસેવક નિષ્કુળાનંદમુનિવિરચિતે પુરુષોત્તમપ્રકાશમધ્યે નવમઃ પ્રકારઃ ાા ૯ ાા**

---

**મત્સ્યાદિક મોર્યે ધર્યા, અસંખ્યાત અવતાર ।**
**કારજ નિમિત નવાં નવાં, તન ધર્યાં નિરધાર ॥૨॥**

નિષ્કુળાનંદ સ્વામી દશ અવતારનો ઉલ્લેખ કરે છે. મત્સ્ય અવતાર કેના થકી ઉત્પન્ન થયો ?... માછલાનું રૂપ લીધું... માછલાનું પૂજન કેમ કરવું.. થાળ કેમ જમાડવો.. પછી કુર્માવતાર લીધો... કાચબારૂપે મંદરાચલ પર્વત પીઠપર ધારણ કર્યો.. વરાહ પ્રભુ ભૂંડવેશમાં ઉત્પન્ન થયા. નૃસિંહરૂપ ધારણ કર્યું... અડધું નરનું અને અડધું સિંહનું મહાભયંકર રૂપ... તેનું કોણ પૂજન વંદન કરવા જઈ શકે.. વામન અવતાર લઈ બલિને બંધનમાં નાખ્યો... પરશુરામ રૂપે પ્રગટ થઈ કુહાડો લઈને એકવીશ વાર પૃથ્વી નક્ષત્રી કરી... તેની પાસે કોણ જઈ શકે... પછી..

**રામરૂપ ધરી થયા રાજરે, કર્યાં મોટાં મોટાં બહુ કાજરે ।**
**તેતો લખાણાં લાખો ઠેકાંણેરે, દેવ દાનવ માનવ જાણેરે ॥૧૩॥**



રામઅવતારે બહુ મોટાં મોટાં કાર્ય કર્યાં.. મર્યાદા પ્રવર્તાવી અનેક અસુરોનો નાશ કર્યો, પણ રાજાધિરાજ છે, તેથી રાંકને મળવા જવાય નહિ. પછી પ્રભુએ કૃષ્ણાવતાર લીધો..

**કૃષ્ણાવતારમાં ક્રીડા કરીરે, બહુ તાર્યા એ અવતાર ધરીરે ।**
**પણ એમના એમ ન રહ્યારે, પછી રાજાઅધિરાજ થયારે ॥**
**ત્યારે સહુને મળ્યાનું સુખરે, ન રહ્યું થયું દાસને દુઃખરે ।**

કૃષ્ણાવતારમાં ખૂબ લીલા કરી, ખૂબ ભકતજનને રાજી કર્યા... ગોપીગોપને ખૂબ સુખ આપ્યાં, પણ પછી દ્વારિકાના રાજા થયા.. તેથી તેમનાં દર્શન, સ્પર્શ, સેવા જલદી નાના સૂના માણસથી થાય નહિ... મહેલની અંદર જવા મળે નહિ.. સુદામા ગયા તો દરવાણીએ અટકાવ્યા.. નાના માણસ ઈચ્છે તો મળી શકાય નહિ.. બુધ્ધ અવતાર લઈ, અહિંસામય પ્રવૃત્તિ વિસ્તારી, જગતને બોધ આપી અનેકનાં કલ્યાણ કર્યાં... કલ્કિ અવતાર હવે ધારણ કરશે...

**આજે સ્વામિનારાયણ ભગવાને લીલા લહેર કરી છે.**

બધાને છૂટ રાંક આવે.. વાઘરી આવે, બકાલી આવે, વેશ્યા આવે, બાળક આવે, યુવાન આવે, વૃધ્ધ આવે.. બધાને છૂટ..

**માટે સર્વે રીતે સેવ્યા જેવારે, આજ અલબેલો થયા છે એવારે ।**
**સહુ જનની પુરવા હામરે, આવ્યા આપે કહું ઘનશ્યામરે ॥૨૦॥**

સ્વામિનારાયણ ભગવાન દરબારમાં બેઠા હોય, બધાને સેવાનો અને દર્શનનો લાભ મળે.. કોઈ રોકે નહિ... ગરીબની ઝૂંપડીયે પણ પહોંચી જાય... ગામ વિહારમાં આગેવાન શ્રેષ્ઠ પિતાંબર ત્રવાડી શ્રીહરિના પરમ ભક્ત હતા, એમણે નવું મકાન બનાવ્યું, શ્રીજી મહારાજને પ્રાર્થના કરી, ''પ્રભુ મારા મકાનમાં પધરામણીએ આપ પધારી પાવન કરો.'' શ્રીજી મહારાજ પાંચ સંતો સાથે તેમના ઘેર પધાર્યા... ભક્તરાજ.. ભૂખ બહુ લાગી છે.. દૂધ હોય તો લાવો.. !! પિતાંબર ત્રવાડીએ કહ્યું, ''મહારાજ ભેંશ ખેતરે ચરવા ગઈ છે. આવશે ત્યારે તાજુ દૂધ આપશું.

શ્રીજી મહારાજે કહ્યું, ''આ આંગણામાં ભેંશ બાંધી છે તે દોહી દો.. ને'' મહારાજ . તે ભેંશ નથી પણ બે વરસની પાડી છે.. તો પાડી પણ દૂધ દેશે.. દોહવા જાવ.. મહારાજ.. હજુ પાડી વીયાણી નથી, તો દૂધ કયાંથી હોય. !! શ્રીજી મહારાજે કહ્યું, ''અમારા વચનમાં વિશ્વાસ રાખીને જાવ તો ખરા પિતાંબર ભક્તના બેન

માનબાઈ પાડી દોહવા ગયાં.. સ્વામિનારાયણ ભગવાનની જય.. એમ કહીને હાથ અડાડયો ત્યાં આખી તાંબડી દૂધથી ભરાઈ ગઈ. બધા જોતાજ રહી ગયા, આ.. તો.. અલૌકિક આશ્ચર્ય છે. બધા નવાઈ પામી ગયા.. પછી તે દૂધ કપડાથી ગાળીને શ્રીજી મહારાજ અને સંતોને આપ્યું... પ્રભુએ પ્રેમથી દૂધ પીધું... He Fullfills all your Good wishes.

શુભ મનોરથ પ્રભુ પૂરા કરે છે.

આ વાતની ગામના ભક્તજનોને ખબર પડી, તેથી વધારે ભાવ ભગવાનમાં બેસી ગયો.. પરમ ભક્ત થઈ ગયા.. પાડીએ બે વરસ સુધી દૂધ દીધું... શ્રીજી મહારાજ સાત વખત વિહાર ગામમાં પધાર્યા છે. શ્રીજી મહારાજ જે થાળી વાટકામાં જમ્યા છે. તે પ્રસાદીનાં વાસણ... પિતાંબર ત્રવાડીના પરિવાર પાસે છે. ગામ વિહાર જાઓ ત્યારે દર્શન કરજો.

## નિષ્કુળાનંદ સ્વામીએ ભવિષ્યનો વિચાર કરીને શાસ્ત્રનો વારસો આ સત્સંગ સમાજને આપ્યો છે.

શ્રી હરિના વચનમાં ધ્યાન રાખીને એકમેક થઈ સત્સંગની સેવા કરવી... ભજન ભક્તિ કરવાં.. આપણું લક્ષ્ય ભગવાનને પામવાનું છે, દેહરૂપ મટીને બ્રહ્મરૂપ થવાનું છે. દેહમાં અહંબુદ્ધિ છે, સંબંધીમાં મમત્વ બુધ્ધિ છે, તે બદલી ભગવાન અને ભગવાનના સંતો સાથે હેત રાખવું.

**ઈતિ શ્રીસહજાનંદસ્વામિચરણકમળસેવક નિષ્કુળાનંદમુનિવિરચિતે પુરુષોત્તમપ્રકાશમધ્યે દશમઃ પ્રકારઃ ।। ૧૦ ।।**

---

**દોહા – પુરુષોત્તમ પધારિયા, સર્વે અવતારના આધાર ।
અગણિત જીવ આ જગતના, તે સહુની લેવા સાર ।।૧।।**

સ્વામી ખુમારીથી કહે છે, સર્વ અવતારના અવતારી એવા સ્વામિનારાયણ ભગવાન સર્વે અવતારના આધાર છે. બ્રહ્માની પચાસ વરસની આવરદાએ પ્રભુ પોતે આ જગતમાં પધાર્યા, સર્વ સામર્થીએ સહિત પોતાના પ્રતાપથી અનેક જીવનો ઉધ્ધાર કર્યો.

સ્થૂળ, સૂક્ષ્મ જે સ્થળે, જિયાં જિયાં રહ્યા હતા જન, તિયાં તિયાંથી તારિયા,



આવી ભૂમિ પર ભગવાન, ખગ, મૃગ, નર, નિરજર, ભૂત, ભૈરવ આદિક સ્થાવર-જંગમ-દૈવી-આસુરી અનેક જીવને પ્રભુએ મોક્ષનો માર્ગ બતાવ્યો છે, તમોગુણી રજોગુણીને તારીયા, સત્વગુણીને આપ્યાં સુખ, શરણાગતનું આ સમે, રહેવા દીધું નહિ દુઃખ સૂર્યોદય થાય ત્યારે તમામ અંધકાર નાશ પામે છે, તેમ આજ સહજાનંદ સૂર્ય પ્રગટ થતાં સર્વના અંતરનાં અજ્ઞાન નાશ પામ્યાં છે.

**ચોપાઈ–બહુ અવતારના જે દાસરે, તેની પુરી કરવાને આશરે ।
ધર્યું રૂપ અલૌકિક એવુંરે, સહુને પૂજવા સેવવા જેવુંરે ।।૫।।**

આગળ ભગવાને બહુ અવતાર ધારણ કર્યા... પણ .. આવું અલૌકિક સુખ મળ્યું નહિ... આજે શ્રીજી મહારાજે અક્ષરવાટ વહેતી કરી છે. ભગવાનની પૂજા કરવાનો... જમાડવાનો.. વસ્ત્રાભૂષણ અર્પણ કરવાનો... અનુપમ અવસર આવ્યો છે, જળ દળ જે જે કાંઈ મળે, પૂજો પૂજાશે આજ સઘળે..

**પત્રં પુષ્પં ફલં તોયં, યો મે ભક્ત્યા પ્રયચ્છતિ ।
તદહં ભક્ત્યુપહૃતમશ્નામિ પ્રયતાત્મનઃ ।।**

ભગવાન કહે છે, મને ભક્તજન પ્રેમથી પત્ર, પુષ્પ, ફળ, જળ વિગેરે જે કાંઈ અર્પણ કરે છે, તેને હું પ્રેમપૂર્વક સ્વીકાર કરૂં છું. જયાં ભાવ છે ત્યાં ભગવાન દોડતા જાય છે. તે વિષેની એક સુંદર કથા છે.

ગામ લોયાના પરમભક્ત માનબાઈ હતા, ભકતનો ભાવ જાગે તો ભગવાનને ભૂખ લાગે. માનબાઈને હરહંમેશ અંતરમાં ઈચ્છા થાય કે મારા હાથનું ભોજન ભગવાન જમે તો હું કેવી ભાગ્યશાળી થાઉં, પાણીનો સ્વભાવ છે કે જયાં નીચાણવાળો ભાગ હશે, તો તે તરફ પાણી વહી જશે એમ જીવનમાં જયારે સાચા શિષ્યત્વનો ઢાળ આવશે, નમ્રતા પેદા થશે, ત્યારે પ્રભુને શોધવા જવું નહિ પડે, આપોઆપ ભક્તિભાવ દેખીને આવશે.

## ભક્તિ માર્ગમાં તીવ્ર પ્રેમ જોઈએ

ભગવાન આવ્યા.. માનબાઈ ખેતરે ભાતદેવા જાય છે... માનબાઈ જય સ્વામિનારાયણ.... કેટલે સુધી જાવ છો ?... માનબાઈએ કહ્યું, પધારો મહારાજ... જય સ્વામિનારાયણ, ધન્ય અવસર ધન્ય ઘડી પગે લાગીને નમસ્કાર કર્યા ''હે પ્રભુ.. હું વાડીએ ભાત દેવા જાઉં છું. શ્રીજી બોલ્યા... માનબાઈ... અમને ખૂબ ભૂખ લાગી છે.. તે ભાત અમને જમવા આપોને.. '' મહારાજ આ ભાત તમને ભાવશે નહિ...

બીજી સરસ મઝાની રસોઈ બનાવી આપું... તરત નાહી ધોઈ રસોડામાં ગયાં.. શ્રીજી મહારાજે કહ્યું, '' ભાતનું મોડું થશે... તો પટેલ ખીજાશે ?... માનબાઈએ કહ્યું, '' બોલે એવા નથી, પણ મુંગે મોઢે માર મારે એવા છે...

શ્રીજી મહારાજે કહ્યું, '' તમને મારે તો અમને દુઃખ થાય.. તો લાવો અમે વાડીએ ભાત દેવા જઈએ... મહારાજે પૂછયું, '' વાડી કેટલી દૂર છે ?. દોઢેક ગાઉ દૂર છે.. શ્રીજી મહારાજે કહ્યું, '' તમારી વાડી અમે જોઈ નથી પણ તમારા પતિને અમે ઓળખીએ છીએ.. પ્રભુ ભાતનો ટોપલો લઈને ચાલતા થયા... માનબાઈએ કહ્યું, '' રહેવા દો.. રહેવા દો... મહારાજ.. હું ભાત દેવા જઈશ....

શ્રીજી મહારાજે કહ્યું, '' તમે અમારા માટે રસોઈ બનાવો છો, તો તમારા સાટે અમે કામ કરીએ... આટલું. બોલતાં શ્રીજી મહારાજ ચાલતા થઈ ગયા. માનબાઈ રોટલા બનાવવા રસોડામાં ગયાં.. પટેલ ભાત આવવાની વાટ જુવે છે. ત્યાં શ્રીજી મહારાજ સુંડલો માથા ઉપર લઈને આવ્યા... પટેલબાપા રામ... રામ... ઓળખાણ પડે છે ?... હા... હા.... ઓળખાણ પડે છે.. તમે મારા ઘરવાળીના ભગવાન છો.. શ્રીજી મહારાજે કહ્યું, '' માનબાઈ અમારા માટે રોટલા બનાવવા ઘરે રહ્યા છે. એમને સાટે અમે ભાત દેવા આવ્યા છીએ.. લ્યો આ ભાત જમો.. મોડું થયું છે માફ કરજો... અમારા જેવું કામ હોય તો કહો...

પટેલે કહ્યું, '' બીજું તો ઠીક પણ... ઘરવાળી આવી હોત તો વાવણી કરત... '' શ્રીજી મહારાજે કહ્યું, '' લ્યો અમે વાવણી કરીએ.. બળદ જોડી બાજરાની ખોય ભરીને મંડયા વાવવા... થોડીવારમાં આખી વાડી વાવી દીધી... કોશ જોડીને પાણી પણ પાયું.. પટેલને ધર્મ નિયમની રીત ભાત શીખવીને કહ્યું, ''પ્રભું ભજન કરજો.. સુખી થશો... પછી ઘરે આવ્યા.. જમવા બેઠા.. બાજરાનો રોટલો અડદની દાળને ચટણી જમ્યા... બે તાંસળી ભેંશની જાડી છાશ પી ગયા...માનબાઈ તમે ચિંતા ન કરજો.. પટેલને અમે સમજાવ્યા છે.. સત્સંગની રીતભાત પ્રમાણે રહેશે. .. લ્યો.... માનબાઈ... જય સ્વામિનારાયણ રાજી રહેજો... એમ કહી ચાલતા થઈ ગયા.. ભક્તનો ભાવ પૂરો કરવા ભગવાન દોડતા આવે છે.. પ્રભુ પદાર્થને જોતા નથી, પ્રેમને જુએ છે.

**ધન ધાન્ય વૃક્ષ ને વાહનરે, ગાય ગવા મહિષી સદનેરે ।**
**વાડી ખેત્ર વસુંધરા વળીરે, સેજ પલંગ પાથરણાં મળીરે ॥૧૦॥**



**ગાદી તકીયા ઓછાડ ઓસિસેરે, જેજે આપશો તે આજ લેશેરે ।**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, '' ધન, ધાન્ય, વૃક્ષ ગાદી તકિયા, ગાય, ભેંશ ઓછાડ ઓશીકાં.. ઘી ગોળ આદિક પદાર્થ ભગવાનને અર્પણ કરે છે, તેનું ભગવાન કલ્યાણ કરે છે.. ગાય, ભેંશ, બકરી, આદિક પશુના દૂધ ભગવાનના ઉપયોગમાં આવે છે તો તેનું પણ કલ્યાણ થાય છે..

કમળનાળ ડોડાં ડોડી પાન, લઈ રાજી થશે ભગવાન. દૂધ, મધ,દહીં, ઘી, ગોળ, સાકર, શેલડી, ખાંડ, ખારેક આદિક વસ્તુ પ્રભુને અર્પણ કરે છે તેનું કલ્યાણ થાય છે... લવીંગ, સોપારી,જાયફળ, એલચી, તજ વિગેરે ઉત્તમ વસ્તુ ભગવાનની પૂજામાં વપરાય છે.... જે જે વસ્તુ સુખદાઈ, તે આવે, સેવામાંઈ, એવો આજનો છે અવતાર સહુ જીવને સુખ દેનાર.. આ અવતારે શ્રીજી મહારાજે કોઈ વાતની કસર રહેવા દીધી નથી.. અજ-ઈશ-ચંદ્ર-વિગેરે દેવતાઓને સુખ મળ્યું નથી તે સુખ ભગવાન સ્વામિનારાયણે પોતાના દાસને આપ્યું છે.

**હળી મળી પાસે રહીયે રે, પગ પૂજી સ્પર્શી સુખ લૈયે રે**

નિષ્કુળાનંદ સ્વામી ભલામણ કરે છે, સત્સંગમાં હળીમળીને રહેવું. ભગવાન જેમ કહે તેમ કરવું, મોટા સંતો જેમ કહે તેમ કરવું.. ઊઠ કહે તો ઊઠવું.. ચાલ કહે તો ચાલવું, શ્રીજી મહારાજે મગ્નિરામની પરીક્ષા લીધી. સંતોના જોડાનું પોટલું બાંધી માથા ઉપર રાખીને આ સભાને પાંચ પ્રદક્ષિણા કરો.. તો તમને સાધુ કરીએ,.. તો લાજ શરમ મૂકીને જોડા માથા ઉપર મૂકી પ્રદક્ષિણા ફર્યા... મગ્નીરામને ભગવાન ભજવાની ગરજ હતી તો ભગવાને જેમ કહ્યું તેમ કર્યું... મગ્નીરામને સાધુ કર્યા નામ રાખ્યું અદ્વૈતાનંદ... સત્સંગનો ખપ હોય તેનાથી શું ન થાય... !

**આ ગ્રંથ હારેલોને હિંમત આપે છે.**

આ કથા અંતરમાં ઉતારવા જેવી છે, વાતની વાતમાં મનમેળ બગાડવો નહિ, ગુસ્સે થવું નહિ, હળી મળીને રહેવું... તો જીવવાની મજા આવશે. રમવાની મજા આવશે, ફરવાની મજા આવશે, જમવાની મજા આવશે, સત્સંગ કરવાની મજા આવશે, નહિંતર બધી મજા ઉડી જશે.. અને ઊંઘ પણ ઉડી જશે.. માટે વર્તમાનકાળ સુધારો...

**એમ સહુને સુગમ રે, થયા પોતે તે પૂરણબ્રહ્મ રે ॥**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, ભગવાન સંબંધી સુખ સુગમ છે, પણ તે સુખ

જેને તેને મળતું નથી... કેટલી મહેનત કરે ત્યારે પૈસા મળે છે... માયિક સુખ મળવું કઠિન છે.. તો અલૌકિક સુખ તે કાંઈ આળસુ અને દુર્ગુણોથી ખદબદતા માણસને મળતું નથી. સ્વામી કહે છે. મત્સ્ય, કચ્છ, વરાહ, નરસિંગ તે તો મનુષ્યથી વિજાતિ અંગ... સજાતિ સજાતિમાં હેત થાય, વિજાતિમાં હેત થાય નહિ, એ સહજ બાબત છે.

**સૌને સુગમ અગમ નહિ અણુંરે, સર્વે આગમે નિગમે ઘણુંરે ।**
**થયા એવા પોતે પૂર્ણકામરે, પૂરી સર્વે જીવની હામરે ॥૧૯॥**

ભગવાન બાળક સાથે બાળક જેવા બની જાય, વૃદ્ધ સાથે વૃદ્ધ જેવા બની જાય, શ્રીમંત સાથે પણ ભળી જાય ને, શબરીની ઝૂંપડીએ પણ જાય... આ જગતની અંદર મોટા કહેવાતા માણસો જલદી ગરીબની સામે જુવે નહિ, બોલાવે નહિ, તો ઘરે તો ક્યાંથી જાય... પણ અનંતભુવનનો નાથ, દુનિયાનો રાજા, સગરામ વાઘરીને ઘરે જાય, ઊઘાડા પગે ભક્તના મનોરથ પૂરા કરે.. ભાવે કુભાવે જે કોઈ પ્રભુનાં દર્શન કરશે તે થશે પૂર્ણકામ અને પામશે અક્ષરધામ...

**ઈતિ શ્રીસહજાનંદસ્વામિચરણકમળસેવક નિષ્કુળાનંદમુનિવિરચિતે**
**પુરુષોત્તમપ્રકાશમધ્યે એકાદશઃ પ્રકારઃ ॥ ૧૧ ॥**

---

**દોહા – મોટી મે'ર કરી હરિ, પધારિયા પૂરણકામ ।**
**અનેક જીવને આપવા, પોતાનું પરમ ધામ ॥૧॥**
**દયાનિધિ દયાકરી, જીવ જક્તના ઉપર જોર ।**
**તાન એક જીવ તારવા, ધારિ વપુ ધર્મકિશોર ॥૨॥**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, '' અવિદ્યામાં અથડાતા જીવાત્માને સદાચારી બનાવવા પધારિયા પૂરણકામ, અનેક જીવને આપવા પોતાનું પરમધામ-પ્રભુએ મોક્ષનાં પગથીયાંની નજીક આપણને મૂકી દીધા છે.. હવે ચડવું કે પડવું તે આપણા હાથમાં છે.

**માયાની માર ન ખાવી હોય તો સહજાનંદનું શરણું લો.**

પ્રભુ મોટી મે 'ર કરીને આપણા જીવાત્માનું શ્રેય કરવા આ પૃથ્વી ઉપર પધાર્યા છે. પ્રભુને જીવાત્માનો ઉધ્ધાર કરવાનું તાન છે.. જગતના જીવાત્માને કોઈકને સત્તા મેળવવાનું તાન છે. કોઈકને પૈસા મેળવવાનું તાન છે, કોઈને માન મોટાઈનું તાન છે, કોઈ સ્ત્રી ધનના ભૂખ્યા છે, જમી લીધા પછી ધરાઈ જતા નથી. માન મોટાઈને સત્તાના



ભૂખ્યા છે.. આવી રીતે ભૂખની આશાથી આખી દુનિયા દોડે છે.. બહુ દોડવામાં માલ નથી. ધ્યાન રાખજો, ઉથલી પડશો...

**જે જન નિરખે નાથને તે પામે સુખ નિદાન.**

પ્રભુને નિરખી નિરખીને દર્શન કરે છે તે પામે સુખ નિદાન. ભગવાનના નામ સ્મરણનો અદભુત મહિમા છે.. અમૃત પીવે તે અમર થાય.. તેમ આ નામામૃત છે તે અમૃત છે.. સ્વામિનારાયણ સ્વામિનારાયણ નામ જપતા રહો..

**એક સારો વિચાર અનેક ખોટા વિચારોને દૂર કરી શકે છે.**

દિવસને રાત ભગવાનના જ વિચાર કરવા જોઈએ... શ્રીજી મહારાજ વચનામૃતમાં કહે છે, '' અનેક જન્મના જ્યારે શુભ સંસ્કાર ભેળા થાય ત્યારે ગોપીઓના સરખી ભક્તિ ઉદય થાય છે. અને એવી ભક્તિ છે તે જ પરમપદ છે. આવી ભક્તિ જેના હૃદયમાં હોય તેને ભગવાનને વિષે પ્રીતિમાં શું બાકી રહે... ? કાંઈ બાકી નથી... !!...

**લેતાં સ્વામિનારાયણ નામરે, થાયે પ્રાણી તે પૂરણકામરે ।**
**લેશે નામ નિરખશે નેણેરે, પરમ પ્રાપ્તિ પામશે તેણેરે ॥૬॥**

સ્વામિનારાયણ નામ લેવાથી જીવાત્મા સંસાર સાગરથી પાર થઈ શકે છે, પરમાત્માનું નામ નિર્મળ છે, શરીરને ખોરાક ન આપો તો શરીર નિર્બળ થઈ જાય, તેમ આત્માને ખોરાક ન આપો તો આત્મા નિર્બળ થઈ જાય છે... આત્મા.. દાળભાત રોટલીને દૂધપાક નહિ ખાય... આત્માનો ખોરાક ભગવાનના નામ મંત્રનો ઉચ્ચાર છે, ભજન, ભક્તિ, કથા કીર્તન, ધ્યાન કરવાથી મુક્ત થયો છે. તપશ્ચર્યા કરવાથી મોક્ષ નથી થયો... પ્રભુનું નામ લેવાથી કલ્યાણ થયું છે...

**ઉત્સવ કરી ભક્તજનોને ઉત્સાહી બનાવ્યા.**

અનેક જીવાત્માના કલ્યાણ માટે શ્રીજી મહારાજે ઉત્સવ સમૈયા ચાલુ કર્યા.. તે અધ્યાપિ સુધી ચાલુ જ છે.

**પછી ફુલદોલ રામનૌમીરે, પ્રબોધની એકાદશી સૌમીરે ॥૭॥**
**તેદિ આવે લાખોલેખે જનરે, કરે મહાપ્રભુનાં દરશનરે ।**

ઉત્સવ સમૈયામાં લાખો લેખે ભાગ્યશાળી જીવાત્માઓ આવતા હોય છે. કદાચ તેણે જપ,તપ, કાંઈ, દાન પુણ્ય ન કર્યું હોય, પણ એકાદ પ્રસંગ યાદ રહી જાય તો એનો બેડો પાર થઈ જાય છે.. જુએ સભા સામું સુખકંદ અમૃત દષ્ટિએ આપે આનંદ...

અલૌકિક લીલાનું રાત્રી દિવસ અખંડ ચિંતવન કરવાથી પામે છે પરમધામ જન... એવા સમૈયા વરસો, વરસ કરે એક બીજાથી સરસ, જોબન લૂંટારો પર્વત જેટલાં પાપ... તે પાપને શ્રીજી મહારાજે ધોઈ નાખ્યાં.. અંતઃકરણ ચોખ્ખું ચટ કરી દીધું. આ છે ઉત્સવ સમૈયાનો પ્રતાપ..

**નિત્ય નવી કરે નાથ લીલારે, ત્યાગી ગૃહી કરી બહુ ભેળારે ।**

શ્રીજીમહારાજ નિત્ય નવી નવી લીલા કરે છે.. ગઢપુરમાં શ્રીજીમહારાજ અક્ષરઓરડીમાં બિરાજમાન હતા, ત્યાં સુરાખાચાર આવી પગે લાગીને બેઠા.. શ્રીજીમહારાજે કહ્યું, '' સત્સંગી હરિભક્તો સંતોને વારંવાર રસોઈ આપે છે, પણ દાદાખાચરના ફઈ સોમાબાઈએ કોઈ દિવસ રસોઈ આપી નથી.. તમે તેમને સમજાવો.. કે હાથે તે સાથે .. અન્નદાન પ્રાણદાન સમાન છે.

સુરાખાચરે સોમાફઈને વાત કરી કે તમે સંતોને રસોઈ આપો... તો બહુ સારૂં થાય, ત્યારે સોમાફઈએ કહ્યું, ''કાલે મારા તરફથી રસોઈ કરો અને બીજે દિવસે શ્રીજી મહારાજ તરફથી દૂધપાક પૂરીની રસોઈ કરી સંતોને જમાડો.. તો હું રસોઈ આપીશ ફઈ સોમાબાઈ તરફથી રસોઈ તૈયાર થઈ. શ્રીજીમહારાજે સંતોની પંક્તિમાં પીરસીને ખૂબ ભાવથી જમાડયા, બીજે દિવસે સુરાખાચારે કહ્યું, '' મહારાજ આજે તમારા તરફથી દૂધપાક પૂરીની રસોઈ કરવાની છે, શ્રીજીમહારાજે દાદાખાચરને કહ્યું, '' આજે દૂધપાક પૂરીની રસોઈ બનાવીને સંતોને જમાડવાના છે.. તમે કેટલો દૂધનો સગવડ કરી શકશો ?.. દૂધ બીજા ગામથી લેવા જવું જોઈશે... બધું દૂધ આંહીથી પુરૂં નહિ થાય..

શ્રીજીમહારાજે પાર્ષદોને કહ્યું, ''ચાલો આપણે માંડવધાર દૂધ લેવા જઈએ.. ભરવાડને ઘરે આવ્યા.. વાત કરી કે અમારે કાલે વીસ મણ દૂધ જોઈને છીએ, જે પૈસા થશે તે આપશું.. ભરવાડે કહ્યું, ''અમે તમને દૂધ નહિ આપીએ.. તમે કામણગારા છો.. !! તમને દૂધ આપીએ તો અમારા ઢોર વસૂકી જાય.. ખૂબ સમજાવ્યા પણ ભરવાડ એકનો બે ન થયો... સાફ મનાઈ કરી દીધી. હવે શું કરવું.. દૂધ વિના દૂધ પાક કેમ બને..

દાદાખાચરે કહ્યું, '' રસોઈનું કાલે શું કરશું.. શ્રીજીમહારાજે કહ્યું, '' તમે ચિંતા ન કરો.. તમે પૂરી બનાવવાનું શરૂ કરો. જેણે દૂધ આપવાની મનાઈ કરી છે તે સામેથી દૂધ આપવા આવશે.



માંડવધારનો ભરવાડ બીજે ગામ જાય છે. પોતાની સ્ત્રીને કહ્યું, '' ધ્યાન રાખજો, ગઢપુરના સ્વામિનારાયણ ભગવાનને ત્યાંથી કોઈ પણ દૂધ લેવા આવે તો એક ટીપું પણ દૂધ આપજો નહિ, આપણા મોટાભાઈના ઘરેથી પણ દૂધ આપશો નહિ... આટલું કહી બીજે ગામ ચાલતો થઈ ગયો..

આ બાજુ મહારાજે ભરવાડનું રૂપ લીધુ.. અસલ એના જેવું જ કોઈને કળ ન પડે કે આ કોણ છે...

**માંડવધારમાં સુંદર શ્યામ ભરવાડ બન્યા શ્રી ભગવાન**

ભરવાડરૂપે ભગવાન માંડવધારમાં આવ્યા... ભરવાડણ ગાય દૂવે છે,... ભરવાડણે પૂછયું, '' પતિદેવ... ઓચિંતા કેમ પાછા આવ્યા ? શું થયું ... !! '' ભગવાન ભરવાડરૂપે બોલ્યા, '' રસ્તામાં હું ચાલ્યો જતો હતો.. ત્યાં એક સર્પ મારી પાછળ દોડયો.. હાય... પછી શું થયું... !! પછી હું ઝાડ ઉપર ચડી ગયો.. તમે બહુ ચતુર છો હો.. પછી શું થયું.. પછી સર્પ ઝાડની ચારે બાજુ આંટો મારે ને ફેણ પછાડે.. હું મૂંઝાઈ ગયો.. ઝાડ ઉપરથી ઉતરવું કેમ ?.. પછી મને વિચાર થયો કે કાલે સ્વામિનારાયણ દૂધ લેવા આવ્યા હતા અને મેં દૂધ આપ્યું નહિ તેથી તેમણે સર્પ મોકલ્યો લાગે છે.. જીવ બચાવવા માટે મેં માનતા કરી કે મારી ગાયોનું દૂધ અને મારા ભાઈની ગાયોનું દૂધ હું આજે જ ગઢપુર સ્વામિનારાયણ ભગવાનના મંદિરમાં પહોંચતું કરીશ....

માનતા કરી કે સર્પ અદશ્ય થઈ ગયો.. મને હૃદયમાં શાંતિ થઈ ગઈ... તેથી તમને કહેવા આવ્યો છું.. અત્યારથી જ આપણી ગાયોનું દૂધ રાજી ખુશીથી જલદી ગઢપુર પહોંચતું કરી દો... પૈસા આપે તો લેશો નહિ.. દૂધનું દાન કરો.. ઉત્તમ દાન છે.. આટલું કહી ભગવાન ભરવાડરૂપે હતા તે અદશ્ય થઈ ગયા..

ભરવાડની સ્ત્રીઓ ગોપીઓની જેમ દૂધના દેગડા માથા ઉપર મૂકીને ગઢપુરના રસ્તે કીર્તન ગાતાં ગાતાં ચાલ્યાં જાય છે.

**ચાલ સખી જોવાને જાઇએ, ખાંતીલો વનમાં ખેલે રે,**<br>**લટકાં કરી નંદજીનો રે લાલો, રંગભીનો રંગરેલે રે**<br>**મોરલીને તાને મનોહરને, ચિતડાને લલચાવે રે**<br>**વ્રજનારીનો જીવન વહાલો, ગીત મધુરાં ગાવે રે.**

શ્રીજીમહારાજને દૂધ અર્પણ કર્યું.. પછી દૂધપાકને પૂરીની રસોઈ બનાવી,

સંતો અને ભક્તોને ભાવથી જમાડયા.. પ્રભુ પંક્તિમાં પીરસે છે, પછી પાર્ષદોને કહ્યું, ''તમે માંડવધાર જાઓ અને દૂધ મફત દઈ ગયા છે તેને ઘરે પ્રસાદી આપી આવો.. પ્રસાદી લઈને પાર્ષદો ગયા.. લ્યો આ પ્રસાદ સ્વામિનારાયણ ભગવાને મોકલાવ્યો છે.. તમે જમોને તમારા બાળકોને જમાડો. ભરવાડણે કહ્યું, '' અમે તમારી પ્રસાદી નહિ લઈએ.. કેમ નહિ લ્યો.. સ્વામિનારાયણ જાદુગરા છે.. પ્રસાદી ખાય તો ગાંડા થઈ જાય.. ત્યારે બીજા માણસોએ કહ્યું, '' પ્રસાદનું અપમાન કરાય નહિ... દોષ લાગે... રાખી જાવ.. બધા ભેગા બેસીને જમશું...

સાંજનો સમય થયો. ત્યાં અસલી ભરવાડ પહોંચી આવ્યો.. તેમનાં પત્નીએ કહ્યું, '' તમારા કહેવા મુજબ અમે ૨૦ મણ દૂધ ગઢડે સ્વામિનારાયણ ભગવાનને આપી આવ્યાં છીએ... ભરવાડની આંખ ફરી.. શું વાત કરો છો ?.. મેં તમને દૂધ આપવાની ના પાડી હતી કે ટીપું પણ દૂધ દેશો નહિ.. ને શા માટે દૂધ આપ્યું છે. !! તેમેનાં પત્નીએ કહ્યું, ''તમે જ કહેવા આવ્યા હતા કે સર્પ મારી પાછળ દોડયો... મેં માનતા કરી છે કે જેટલું દૂધ થાય છે તે બધું ભગવાન સ્વામિનારાયણને અર્પણ કરીશ.. વળી ના પાડો છો...

ભરવાડે કહ્યું, ''હું આવ્યો જ નથી.. હા... હા.. તમેજ આવ્યા હતા અને જૂઠું બોલો છો.. અમને ધમકાવો છો.. લ્યો.. આ પ્રસાદ જમો.. ભરવાડે પ્રસાદ ખાધો ને બુધ્ધિ નિર્મળ થઈ ગઈ.. અર... ૨૦ મણ દૂધ તેં મફત આપી દીધું... હમણાંજ જાઉં ને સ્વામિનારાયણ ભગવાનની ખબર લઉં... પાંચ ભરવાડ દોડતા ગઢપુરમાં આવ્યા.. શ્રીજી મહારાજ લીંબડા નીચે સભામાં બેઠા છે. જ્યાં ઠપકો દેવા જાય ત્યાં પ્રભુએ... શ્રીકૃષ્ણ સ્વરૂપે દર્શન દીધાં... પીળું પીતાંબર, માથે મુગટ, વૈજયંતી માળા, પગની આંટી વાળી, વેણુ અધરાર્પિત કરી મધુર સ્વરે મોરલી બજાવે છે.. ભરવાડ આશ્ચર્ય ચકિત થઈ ગયા... આ શું દેખાય છે.. !!

ઓ... હો.... આ તો આપણા ઈષ્ટદેવ શ્રી કૃષ્ણ ભગવાન છે.. શ્રીજીના ચરણમાં દંડવત પ્રણામ કર્યા, પ્રભુ અમને તમે ધન્ય ધન્ય કરી દીધા... આજે અમારો જન્મ સફળ થયો.. અમારા જેવું કાંઈ કામકાજ હોય તો જરૂર કહેજો, આજથી અમે તમારા આશ્રિત છીએ.. આવી.. આવી લીલા કરી પ્રભુએ અનેક જીવાત્માને પોતાને શરણે કર્યા છે.. ને કરે છે...

**સંત બટુ સંન્યાસી સમોહ રે, જેને કામ લોભ નહિ મોહ રે**



ઉત્સવમાં આવનારા સંતો અને બ્રહ્મચારી કેવા છે !!.. જેના અંતરમાં કામ, ક્રોધ, લોભ, મોહાદિક કોઈ પણ અંતઃશત્રુ નથી. આવા સંતોનાં જીવન જોઈને ભક્તજનનાં મસ્તક નમી જાય છે. જગતના માણસો કહે છે, આવા સંતો આપણે કયારેય જોયા નથી, ધન્ય છે આવા નિર્વિકારી સંતને

**પુરુષોત્તમ પ્રકાશ ગ્રંથ અંતરની આંખ ઉઘાડે છે.**

નિષ્કુળાનંદ સ્વામી સંતોને સાવધાન કરે છે... સંતોથી અમથો રોટલો ખવાતો નથી.. જેનું જમ્યા હોય.. જેનાં વસ્ત્ર પહેર્યા હોય તેનું કલ્યાણ કરવું પડે છે.. ખાઈ પીને સોડ તાણીને સૂઈ જવાય નહિ... ભજન ભક્તિ કરવાં જોઈએ.

**બંધ થઈ ગયાં બીજા બાર રે, પરમપદ પામ્યા નર નાર રે;**
**જીવ સંયમની એ શીદ જાય રે, પ્રગટ પ્રભુ છે પૃથ્વી માંય રે.**

સ્વામી કહે છે '' હે પ્રભુ !.. તમે યમદૂતના પાશથી છોડાવનારા છો.. કોને છોડાવો છો ?... જે તમારૂં શરણું લે છે, તેને યમદૂતના મારથી બચાવો છો... બાકી પાપીને તો બરાબર સજા ભોગવાવો છો...ધર્મ પ્રમાણે રહીને જે હરિસ્મરણ કરે છે તે યમદૂતના મારથી બચી જાય છે.. પ્રત્યેક ક્રિયામાં પ્રભુને સાથે રાખો.

**આજ શક્કો સહજાનંદ તણો રે, બેઠો બળવંત બળિયાનો ઘણો રે**

આજ બળવંત બળિયા સહજાનંદ સ્વામીનો જોરદાર શકકો ચાલે છે. બેસે રાજા ગાદી પર કોય, છોડે બંધીવાનના બંધ સોય.. સ્વરૂપાનંદ સ્વામી પોતાની ઈચ્છા પ્રમાણે સર્વે લોકમાં અને સર્વે ધામમાં જઈ શકતા. એકવાર શ્રીજી મહારાજે કહ્યું, '' સ્વામી.. !! ચક્રવર્તી રાજા ગાદીએ બેસે ત્યારે મોજમાં આવીને ગુન્હેગારોને કેદમાંથી છોડી મૂકે છે, જેલમાંથી છૂટા કરે છે, અમે આ લોકમાં પધારી ધર્મની ગાદી પર આરૂઢ થયા છીએ.. જમપુરીમાં પાપી જીવાત્માને કેદમાં પૂર્યા છે.. તેને છૂટા કરવા જાવ.. ઊંચે સ્વારે સ્વામિનારાયણ સ્વામિનારાયણ બોલતા જાવ... સ્વરૂપાનંદ સ્વામી.. જોરદાર તાલી બજાવતા જાયને મસ્ત બની ઊંચે સ્વરે સ્વામિનારાયણ સ્વામિનારાયણ બોલતા જાય...

સ્વામિનારાયણ મહામંત્ર પાપી જીવાત્માના કાને સંભળાયો, કે તુરંત આશ્ચર્ય થયું... બધા પાપી જીવાત્માઓ દિવ્ય શરીરવાળા બની ગયા... ત્યાં અનંત વિમાનો હાજર થયાં, તમામ જીવાત્માઓ વિમાનમાં બેસી સ્વર્ગમાં ગયા.. નર્કના કુંડ ખાલી થઈ ગયા.. જમદૂતો નવરા આંટા મારે છે... મુકતાનંદ સ્વામી ગાય છે...

***સર્વે નર્કના કુંડ ખાલી કર્યા, ભૂખ્યા જમગણ રે કર ઘસી પસ્તાય;***
***બદ્રીપતિ પ્રબળ પ્રતાપ છે.***
***પામ્યા અનંત જીવ હરિના ધામને, તેની ગણના રે કહેતા શેષ લજાય;***
***બદ્રીપતિ પ્રબળ પ્રતાપ છે.***

*નિષ્કુળાનંદ સ્વામી કહે છે, '' બીજા અનેક અવતાર પ્રભુએ ધર્યા છે, પણ સ્વામિનારાયણ ભગવાન પર વારી વારી જાઉં છું... મહા મોટો પ્રતાપ પ્રગટાવી... રીત નૌતમ ન્યારી ચલાવી, ધામના ધામી જેને મળ્યા છે તે મહાસુખી થયા છે.*

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિચરણકમળસેવક નિષ્કુળાનંદમુનિવિરચિતે પુરુષોત્તમપ્રકાશમધ્યે દ્વાદશઃ પ્રકારઃ ।। ૧૨ ।।***

---

***દોહા – દેશોદેશથી આવે દરશને, નિ'મ ધારી સહુ નરનાર ।***
***આવિને નિરખે નાથને, તેણે લિયે સુખ અપાર ।।૧।।***
***સમૈયે સમૈયે સુખદેવા, ઉત્સવ કર્યા અનેક ।***
***દયા કરી દીનબંધુએ, જીવ નિર્ભય કરવા નેક ।।૨।।***

*વરતાલ, જૂનાગઢ, ગઢપુર, ભુજ વિગેરે દેશો દેશથી ભક્તજનો જ્યાં શ્રી સ્વામિનારાયણ ભગવાન હોય ત્યાં દર્શને આવે.. પૂજા, પાઠ, નિત્યધર્મ, જપ, તપ, યજ્ઞ યાગ, મંત્ર જાપ... કાંઈ સાધન કર્યા ન હોય છતાં પણ કરુણાસાગરના પ્રતાપથી જન્મ મરણના ભયથી રહિત થઈ જાય છે.*

*સ્વામિનારાયણ ભગવાને જ્યાં જ્યાં સમૈયા કર્યા છે. તે ગામનાં નામ નિષ્કુળાનંદ સ્વામી લખે છે..*

***સહુથી મોર્યે ઉત્સવ માંગરોલરે, થયા જન ત્યાં ભેળા અતોલરે;***

*પહેલો ઉત્સવ ગામ માંગરોળમાં કર્યો... ગામનાં બાઈઓ પાણી ભરવા દૂર દૂર જાય છે. શ્રીજીમહારાજે ગોવર્ધનભાઈને કહ્યું, '' આંહી નજીકમાં તળાવ કે કૂવો નથી ? મહારાજ !! પાણીની તકલીફ છે. એક વાવ્ય છે પણ ઉજ્જડ થઈ ગઈ છે. શ્રીજીમહારાજે કહ્યું, ''બધા સંતો ભક્તો સાથે મળીને વાવમાંથી માટી કાઢો. '' માટી બહાર કાઢી તો પાણી દેખાયું ? વરુણદેવની પૂજા કરી.. પછી ભગવાનને જમાડીને સૌએ પાણી પીધું, તો ઠંડુ મીઠું સાકર જેવું પાણી.*



**માંગરોળમાં વાવ્ય ગળાવી મોટો ઉત્સવ કર્યો.**

*પછી તે વાવ્યના કિનારે ભક્તજનોને જમાડ્યા. વાવનું ભર્યું કર્યું, રાત્રે દિવ્ય સભા થઈ.. તે સભામાં શ્રીજી મહારાજે મુમુક્ષુ ભક્તજનોને દર્શન આપી રાજી કર્યા. બાઈઓ રાજી થયાં કે હવે દૂર દૂર પાણી ભરવા જવું નહિ પડે, જે આ પ્રસાદીની વાવ્યનું પાણી પીશે તેનું કલ્યાણ થશે.*

***અગત્રાયે આઠમ ઉત્સવ રે, કરી તાર્યા જીવ કે ભવ રે;***

*અગત્રાઈ અને ભાડેર ગામે જન્માષ્ટમીનો ઉત્સવ કર્યો. મેઘપુરમાં છ માસની ચોરાસી કરી, માણાવદરમાં અનેક લીલા કરી, પંચાળામાં રાસોત્સવ કર્યો.*

*શ્રીજી મહારાજ સંતો ભક્તોની સાથે પંચાળામાં ઝીણાભાઈને ત્યાં પધાર્યા, ઉતરવાની જગ્ય નહોતી, તેથી ગામની આથમણી બાજુ ખાખરાનું વન હતું, ત્યાં સંતો ભક્તોના ઉતારા હતા.. સંતો અને ભકતોને ભાવથી જમાડ્યા.. પછી શ્રીજી મહારાજે કહ્યું, ''આજે સોળ કળાએ પૂર્ણિમાનો પૂર્ણચંદ્ર આકાશમાં શોભી રહ્યો છે, ચાલો આપણે રાસ રમીએ... પ્રભુએ ઝરીયાનાં વસ્ત્રો ધારણ કર્યા.. ચરણમાં ઝાંઝર ઠમકતી ચાલે રાસ માટે તૈયાર થયા...*

*રાસલીલાનો આરંભ થયો, સંતોએ સુરીલું સંગીત ચાલુ કર્યું, પહેલાં મંડળમાં એક સંત અને એક શ્રીજી... બીજા મંડળમાં ચારે બાજુ બ્રહ્મચારી અને હરિભક્તો અને વચ્ચમાં શ્રીજી મહારાજ, એવો રાસ જામ્યો કે પ્રેમી ભકતો નાચતા જાય કૂદતા જાય, સાથે કીર્તનમાં સૂર પૂરતા જાય, આખી સૃષ્ટિ આનંદમાં મગ્ન બની ગઈ છે, પાતાળમાં શેષનારાયણ ડોલવા લાગ્યા..*
*સંતો મસ્ત બની વાજિંત્ર વજાડે છે.*

***પંચાળમાં શ્રીજી મહારાજ રસીયો રાસ રમે;***
***સંતોને સંગે મહારાજ રસીયો રાસ રમે.***
***ધીમ ધીમ ધીમ ધીમ દૂકડ વાગે, તનનન તનનન સતાર રે;***
***ઝાંઝ વાગે ઝણણણ ઝણણણ, ભેરીનો ભણકાર.. . રસીયો...***

*મુકતાનંદ સ્વામી તબલા ઉપર તાલ આપે છે, પ્રેમાનંદ સ્વામી મસ્ત બની વેણુનાદ કરે છે, દેવાનંદ સ્વામી સિતારનો ઝણકાર કરે છે. ભક્તજનો દેહનું ભાન ભૂલી પ્રભુ પ્રેમમાં ઉપડતી જોરદાર તાલી પાડે છે.*

**તાલી પાડે શ્રી વનમાળી, મુનિ સાથે મુનિનાથ રે;**
**ઈન્દ્રાદિક જોવાને આવ્યા, શિવ બ્રહ્મા સંગાથ.. . રસીયો...**

તાલી વજાડી કીર્તન ગાય છે, ‘‘ચૌદ લોકમાં રાસ રમાતો હશે, પણ આ સમયે કાંઈક અલૌકિક રાસ છે, આકાશમાં તેત્રીસ કરોડ દેવતાઓ અને અક્ષરધામના મુક્તોનાં વિમાનની ઠઠ લાગી ગઈ... જય જયકાર કરી પુષ્પોની વૃષ્ટિ કરી.. બોલો સ્વામિનારાયણ ભગવાન કી જય...

બ્રહ્માનંદ સ્વામી કીર્તન ગાતા જાય અને સહુને ભગવાનના સ્વરૂપનું સુખ પીરસતા જાય, એવા પ્રેમભાવમાં ડૂબ્યા છે કે રાત્રીના બાર વાગી ગયા છતાં કોઈને સમયની ખબર નથી રહી.. પંચાળાની ધરણી ધન્ય બની છે.

**ધન્ય ધન્ય પંચાળાની ધરણી, ધન્ય ધન્ય ઝીણાભાઇ રે;**
**ધન્ય ધન્ય છે ધર્મકુંવરને, રાસ રમ્યા સુખદાઇ.. . રસીયો...**

બે વાગ્યા છતાં શ્રીજીમહારાજે એમ ન કહ્યું કે હવે રાસ રાખો. પછી બ્રહ્માનંદ સ્વામીએ યુક્તિ કરી કે હવે કીર્તન પૂરાં થઈ ગયાં છે.. એક માણસને શીખવ્યું કે તું દૂર જઈને બૂમ પાડ કે ચોર.. આવ્યો.. ચોર આવ્યો... માણસે તેમ કર્યું.. તુરંત રાસ વિખરાઈ ગયો.. શ્રીજીમહારાજે હસતાં હસતાં કહ્યું, આ કામ બ્રહ્માનંદસ્વામીનું લાગે છે...

નિષ્કુળાનંદ સ્વામી કહે છે.. જૂનાગઢ, ધોરાજી, કરીયાણા વિગેરે સ્થળોમાં ઉત્સવ કરી ભક્તજનોને ખૂબ આનંદ આપ્યો છે.

**ગઢડાની તો નહિ આવે ગણતિ રે, યાં તો ઉત્સવ કર્યા છે અતિ રે.**

ભગવાન સ્વામિનારાયણે ગઢપુરમાં અનેક સમૈયા ઉત્સવ કર્યા છે તેની ગણત્રી થાય નહિ, નાનું સરખું ગઢડું એક મોટું યાત્રાધામ બન્યું હોય તો તે બધુંજ દાદાખાચરને આભારી છે. શ્રીજીમહારાજની જીભ વળીને દાદાખાચરનું અંગ વળ્યું.. કારીયાણી અને સારંગપુરમાં અનેક પ્રકારની લીલા અને ઉત્સવ કરેલા છે.. બોટાદમાં હુતાશનીનો સમૈયો કર્યો, લોયામાં શાકોત્સવ કરી ભક્ત સુરાખાચરનો ભાવ પૂરો કર્યો... કરમડમાં અન્નકૂટ ઉત્સવ કર્યો, મચ્છીયાવમાં હુતાશની કરી.. કાળાતળાવ, માંડવી, તેરા અને ભુજમાં અનેક ઉત્સવ કર્યા છે.. કચ્છ દેશ પુણ્ય ભૂમિ છે.. પરમ પવિત્ર દેશ છે.

**કચ્છ દેશ દાગીનારૂપ છે.**

જનેતા માવડી પોતાના દીકરાને કાંખમાં તેડે.. તેમ ભારતમાતાએ આ કચ્છ દેશને પોતાની કાખમાં તેડેલો છે. શ્રીજીમહારાજે શૂરવીર, શ્રધ્ધવાન સપૂતોને જન્મ દેનારી કચ્છની ધરતી ઉપર ખૂબ ઉત્સવ સમૈયા કર્યા છે.. રામાનંદ સ્વામીને કચ્છ વહાલામાં વહાલું હતું.. બ્રહ્માનંદ સ્વામીએ ભુજ નગરમાં વિદ્યાભ્યાસ કરેલ છે.



**જેતલપુરમાં જગન કીધા રે, કંઈ જનને શરણે લીધા રે..**

જેતલપુરના જગનમાં વેશ્યાએ ઘંટીમાં ઘઉં દળી આપ્યા તેનો ઉધ્ધાર કર્યો. અમદાવાદમાં ચોરાશી કીધી, આદરેજમાં અન્નકુટનો સમૈયો કર્યો, ત્યારે ગામની ભાગોળે સંતો અને ભક્તોની સભા થઈ.. શ્રીજી મહારાજે બે ગાડાં સાથોસાથ ઊભાં રાખીને તેના ઉપર ગાદલાં પાથરીને ગાડા ઉપર મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી તથા શામળિયા ચૈતન્યાનંદ સ્વામી આ ચાર સંતોને ગાડા ઉપર બેસાડ્યા... શ્રીજીમહારાજે સંતોની પૂજા કરી હાર પહેરાવી સભામાં જાહેરાત કરી કે આ ચાર સંતોને અમે સદ્‌ગુરુ તરીકે નીમીએ છીએ.

**સદગુરુની પદવીની શરૂઆત આદરેજ ગામથી થઈ છે.**

કર્જીસણ, વડથલ, પીપળી, તવરા વગેરે ગામોમાં અનેક લીલાઓ કરેલ છે, ડભાણના યજ્ઞમાં લાખો લોકોએ લાવો લીધો છે. વડતાલ અને વડોદરામાં અનેક લીલા કરી છે.

**સુરત પધારિ શ્યામ સુંદરરે, તાર્યા દરશને કંઈ નારી નરરે ।**
**ધર્મપુરમાં ધરિયો મુગટરે, કર્યો વાંસદે ઉત્સવ અમટરે ।।૧૮।।**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, ‘‘ધર્મપુરમાં મુગટ ધર્યો તે દિવ્ય લીલા વર્ણવી શકાય તેવી નથી. શ્રીજીમહારાજ સુરત શહેરમાં પધાર્યા, ભાગોળે તાપી નદીના કિનારે રૂસ્તમ બાગ છે ત્યાં ઉતારો કર્યો.. અરદેશ કોટવાળ શ્રીજીમહારાજનાં દર્શન કરવા આવ્યા.. નમસ્કાર કરી સભામાં બેઠા, શ્રીજીમહારાજે મસ્તક ઉપર જે પાઘ ધારણ કરી હતી, તે અરદેશજીને અર્પણ કરી રાજીપો વ્યકત કર્યો..

રામચંદ્રજી ભગવાન ભરતજી ઉપર રાજી થયા ત્યારે પાદુકા આપી રાજીપો વ્યકત કર્યો.. હનુમાનજી ઉપર પ્રભુ રાજી થયા ત્યારે તેલ આપી રાજીપો વ્યકત કર્યો... નરસિંહ મહેતા ઉપર પ્રભુ રાજી થયા ત્યારે પુષ્પનો હાર આપી રાજીપો વ્યકત કર્યો..

**ઈતિ શ્રીસહજાનંદસ્વામીચરણકમળસેવક નિષ્કુળાનંદમુનિવિરચિતે**
**પુરુષોત્તમપ્રકાશમધ્યે ત્રયોદશઃ પ્રકારઃ ।। ૧૩ ।।**

**દોહા – એમ અનેક ઉત્સવ કર્યા, ફર્યા વળી ગામોગામ ।**
**આપી દરશન આપનું, જન કર્યા પૂરણકામ ॥૧॥**
**નખશિખ રૂપ નાથનું, જાણો કલ્યાણના છે કોટ ।**
**જેણે નિરખ્યા નયણે ભરી, તેને ના રહી કંઈ ખોટ ॥૪॥**

નિષ્કુળાનંદ સ્વામી સ્વામિનારાયણ ભગવાનનું નખથી શિખા સુધીનું વર્ણન કરે છે,... હરિનું ધ્યાન ધરો...

While, Moving Walking, Eating, Drinking, Sleeping, waking and working up do not forget the God's name

હાલતાં, ચાલતાં, ખાતાં, પીતાં, સુતાં, જાગતાં અને કામ કરતાં ભગવાનને ભૂલો નહિ.. સર્વ ક્રિયામાં ભગવાનને અખંડ યાદ કરો...

ભગવાનકી ભક્તિ ભાવ સે કરતે હો, તો ભક્તિ દિવ્ય બન જાતી હૈ.. એક જન્મમેં સંસારકા સુખ ન મીલતા તો ક્યા હુવા... કરોડોં જન્મોમેં આપ સબ લોક માયાકા સુખ મીલા હૈ... લાખોં જન્મોમેં બહત મોજ શૌખ કીયા હૈ... અબ યે એક આખિરિ જન્મમેં પરમાત્માકે ચરનમેં સમર્પીત બન જાવ...

## ભુજનું મંદિર ઉદ્ધવ સંપ્રદાયનો સ્થંભ છે.

જ્ઞાન કરતાં ધ્યાન શ્રેષ્ઠ છે, ધ્યાન કરવાથી જલદી માયામાંથી છૂટાય છે અને પ્રભુની પ્રાપ્તિ થાય છે, મહા અલૌકિક ભગવાનની મૂર્તિના સુખનો ખજાનો એને હાથ આવે છે.

**જેણે જોયાં ચરણ રૂપાળાંરે, સોળે ચિહ્ન સહિત શોભાળાંરે;**
**પગ જમણા અંગુઠામાં રેખરે, જોઈ મિટે તે મેષોનમેષરે ॥૫॥**

શ્રીજીમહારાજના ચરણારવિંદમાં સોળ ચિહ્ન છે, જમણા ચરણના અંગૂઠાના નખમાં એક સુંદર રેખા છે. સુંદર સોહામણી દશ આંગળીયું છે. ફણા, ઘૂંટી, પેની, પીંડી, જાનુ, ઉરુ, ઉદર, નાભી, વિશાળ છાતી, બે સ્તન, કુખ, બગલ, ખંભા, ભુજા, કોણી, કાંડાં, હાથ, હથેળી, તરૂ ટેરવાં વિગેરે ભગવાનનાં અવયવોને સારી પેઠે નીરખવાં. અંગોઅંગને નીરખવાથી શું થાય છે ? પ્રભુનો સાક્ષાત્કાર થાય છે..

જેમ ડાળ થડની સાથે જોડાયેલી રહે છે, તેમાં ફળફુલ આવે છે, પણ જે ડાળ થડથી છુટી પડી જાય છે તે સૂકાઈ જાય છે. તેમ જે પ્રભુનું ધ્યાન, ભજન કરતા રહે છે તેઓમાં ઘણા સદ્‌ગુણો આવે છે... જે છૂટા થઈ જાય છે તે ભક્તિહીન થઈ જાય છે...



સદ્‌ગુણો સૂકાઈ જાય છે.

## સુખની ચાવી શ્રીહરિ બતાવે છે.

શ્રીજીમહારાજ કહે છે, નેત્ર મીંચીને ભગવાનની મૂર્તિનું ચિંતવન કરીએ તેમાં જેવું સુખ છે તેવું ચૌદલોકના રાજયને વિષે પણ નથી. અને જો ભગવાનના ભજન જેવું રાજ્યને વિષે સુખ હોય તો સ્વયંભૂમનુ આદિક મોટા મોટા રાજા રાજ્ય મૂકીને વનમાં તપ કરવા શા સારું જાય... !!..

**નખ નિરખિ હરખશે ઉરરે, જાશે બ્રહ્મમો'લે જરુરરે ।**
**કર સુંદર જોશે બે સારરે, નિરખે પરમ સુખ દેનારરે ॥૧૩॥**

સ્વામી કહે છે.. સ્વામિનારાયણ ભગવાનના કંઠના ખાડા વચ્ચે એક તિલ છે, નાની નાની મૂછની રેખા શોભે છે. ઘિલોડા જેવા રકત અધરોષ્ઠ શોભે છે, દાડમનાં બીજ જેવા તેજસ્વી શ્વેત બત્રીશ દાંત ચળકે છે. જમણા ગાલે ટીબકડી છે. સુંદર મુલાયમ ગુલાબી જીહ્વા છે, પોપટ જેવી નમણી નાસિકા છે, તેજસ્વી વિશાળ ભાલમાં ઉર્ધ્વપુંડ્ર તિલક મધ્યે કુંકુમનો ચાંદલો શોભે છે, ડાબા કાનમાં શ્યામ બિંદુ છે, કમળની પાંખડી જેવા બે કરુણાભર્યા નેત્રો છે. રૂપાળા પાંપણ છે, કમાન જેવી ભ્રૂકુટી શોભે છે, મસ્તક ઉપર ચીકણા ચળકતા કાળા ભ્રમર જેવા કેશ છે. કેશ મધ્યે શિખા છે.

**જેણે નખશિખ નિરખ્યા નાથ રે, તે સૌ જન થયા સનાથ રે**
**મૂરતિ છે મનોહર મરમાળી રે, બ્રહ્મમહોલ જવા એને ભાળી રે..**

જે સારી રીતે ભગવાનના અંગો અંગનું ધ્યાન ધરે છે, તેની સંશયગ્રંથિ કર્મગ્રંથિ, અહંગ્રંથિ અને મમત્વગ્રંથિઓ ટળી જાય છે, કારણ શરીરમાં કોઈ પણ જાતની વાસના હોય તો તે નિવૃત્તિ પામે છે. ચિત નિર્મળ થાય છે. જીવાત્મા મહા સુખીયો થઈને દેહ છતાં અક્ષરધામના સુખ જેવા સુખનો અનુભવ થાય છે.

## ભગવાનને મળવાની ભૂખ લાગવી જોઈએ.

અગત્રાઈના પર્વતભાઈ ખેતીકામ કરતાં કરતાં ભગવાનમાં વૃત્તિ રાખીને માનસી પૂજામાં ભગવાનને જમાડ્યા.. એના સંકલ્પમાં ભક્તિની શક્તિ હતી તો સાક્ષાત ભગવાન જમવા પધાર્યા.. ખેતીનું કામ કરતાં પ્રભુમાં અખંડ વૃત્તિ રાખે છે, ત્યારે આપણે બધા કેવા છીએ... !! ભગવાનની પૂજા કરતી વખતે પણ ભગવાનમાં વૃત્તિ રહેતી નથી, આડા અવળા સંકલ્પ થતા જાય ને પૂજા કરતા જઈએ. પર્વતભાઈમાં ને આપણામાં આટલો ફર્ક છે.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિચરણકમળસેવક નિષ્કુળાનંદમુનિવિરચિતે પુરુષોત્તમપ્રકાશમધ્યે ચતુર્દશઃ પ્રકારઃ ॥ ૧૪ ॥

---

**દોહા – જગજીવન જગ કારણે, પોતે પ્રગટિયા પરબ્રહ્મ ।**
**સુખદાયક જન સહુના, પૂરણ પુરુષોત્તમ ॥૧॥**
**સુંદર મૂર્તિ સોયામણિ, અતિ રૂપાળી રંગરેલ ।**
**મનભાવન મહારાજની, છબી શોભાએ ભરેલ ॥૨॥**

સુંદર મૂર્તિ સોયામણી અતિ રૂપાળી રંગરેલ.. નિષ્કુળાનંદ સ્વામી કહે છે શ્રીજીમહારાજની દિવ્ય અલૌકિક લીલાનું સ્મરણ કરી.. ધ્યાન કરો.. સુતાં જાગતાં દાતણ કરતાં... તેલ ફૂલેલ અતર ચોળતાં.. ભક્તો અને સંતો સાથે સ્નાન કરે છે તેવી લીલાનું સ્મરણ કરો... ભગવદ્ સ્મરણનો અદ્‌ભુત મહિમા છે.

**પંચાળાની લીલા સાંભળો બહુ મજા આવશે.**

શ્રીજીમહારાજે પંચાળામાં રંગઉત્સવ કર્યો.. તે ગામમાં રબારી, ભરવાડ, આહીરની વસ્તી વધારે.. ઉત્સવમાં સેવા બહુ સારી કરી.. તનતોડ મહેનત કરે છે. પ્રભુએ કહ્યું, ''તેઓને શિખંડ-પૂરી-દૂધપાક ને બાસુંદી, લાડુ, જલેબી, સાટા વિગેરે સુંદર પકવાન જમાડી રાજી કરીએ... ભરવાડને બોલાવ્યા... વાત કરી ધુવાંબંધ ગામને જમાડવાનું છે.. તમે જે કહો તે જમાડીએ.. ભરવાડ બોલ્યા... લાડુ.. સાટા.. જેવા પકવાનમાં શું જમીએ.. એ અમને ભાવે નહિ.. એનાથી પેટ ઠરે નહિ, અમને વહાલામાં વહાલું ભોજન શેલણ છે.

શ્રીજીમહારાજે કહ્યું, શેલણ એટલુ શું ? ઝીણાભાઈએ કહ્યું, ચોખા રાંધી, તેમાં ઢીલો ગોળ ભેળવી ઘણું ઘી નાખીને બરાબર મીક્ષ કરે તેને શેલણ કહેવાય.. એ સારામાં સારું ભોજન.. શ્રીહરિએ કહ્યું, ''આ તો સહેલું ને સોંઘુ છે.. ગામમાં સાદ પડાવી સૌને જાણ કરી.. બધા માણસો જમવા આવ્યા.. પંક્તિ થઈ.. પ્રભુ પંક્તિમાં પીરસે છે.. ખૂબ જમાડી તૃપ્ત કર્યા.. ભરવાડ રાજી રાજી થઈ ગયા.. પ્રભુના હાથનો પ્રસાદ... થોડું જમવું હોય તોય ભરપેટ જમાઈ જાય... આનંદ આનંદ થઈ રહ્યો છે..

શ્રીજીમહારાજે પૂછ્યું, જમવામાં કોઈ બાકી નથી રહ્યું ને.. મહારાજ બધાએ જમી લીધું છે. શ્રીજી મહારાજે નદીના કિનારા તરફ નજર કરી તો માણસો ફરતા



હતા, શ્રીજીએ કહ્યું, ફરતા માણસોને બોલાવી આવો.. માણસોએ કહ્યું, એ પાપી વાઘરી છે, એને જમાડાય નહિ. શ્રીજીમહારાજે કહ્યું, જે હોય તે. બોલાવો. ગરીબ વાઘરીને બોલાવીને શેલણ જમાડ્યું.. જિંદગીમાં આવું કોઈ દિવસ ખાધેલું નહિ.. રાજી રાજી થઈ ગયા..

સમય જતાં વાઘરી વૃધ્ધ થયો.. ખૂબ તાવ આવ્યો.. એનાં પત્ની બાજરાના ને જુવારના રોટલાના ટૂકડા દે.. લે.. ખા રોટલા ભાવતા નથી... બીજું કાંઈક સારું સારું ખાવાનું દે.. તેની સ્ત્રીએ કહ્યું, ''ઘરમાં કાંઈ નથી. ગામમાં માગવા જાઉં છું. જે મળે તે તને દઉં છું.. ખાવું હોય તો ખા.. નહિંતર સૂઈ જા...

પંચાળામાં શેલણ જમ્યો હતો, તે યાદ આવી ગયું, ઓહો.. કેવા દયાળુ દિવ્યપુરુષ હતા, સુંદર શ્વેતવસ્ત્રધારી.. કમરે ફેંટો બાંધેલો.. કેવી મધુર મીઠી વાણી, આંખમાં અમૃત ઝરતું હતું... મને સુંદર ભોજન જમાડ્યું... કેવી મઝા આવી ગઈ.. તે દિવ્યપુરુષ મને ફરીથી જમાડવા આવે તો પેટ ભરીને જમી લઉં.. આ ટાઢા રોટલાના ટૂકડા ભાવતા નથી... શ્રીજીમહારાજના હાથે જમેલા પ્રસંગનું વારંવાર સ્મરણ કરી રહ્યો છે... એવામાં અંતઅવસ્થા આવી.. ભગવાન યાદ આવે છે.

શ્રીજીમહારાજનાં દિવ્યસ્વરૂપે દર્શન થયાં, પથારીમાંથી બેઠો થઈ ગયો. મને જમાડ્યો હતો તે શ્વેત વસ્ત્ર પહેરીને મને વિમાન લઈને તેડવા આવ્યા છે.. રાજી થઈ ગયો. હમણા મને જમાડશે.. ઊંચે સાદે બોલ્યો, હું.. એમની સાથે અક્ષરધામમાં જાઉં છું.. ભગવદ્ સ્મરણનો અદ્‌ભુત મહિમા છે.. શ્રી કૃષ્ણચંદ્ર ગીતાજીમાં કહે છે.

**યં યં વાપિ સ્મરન્ભાવં, ત્યજત્યન્તે કલેવરમ્ ।**
**તં તમેવૈતિ કૌન્તેય, સદા તદ્‌ભાવભાવિતઃ ॥**

વચનામૃતમાં શ્રીહરિ કહે છે. - અંત સમયે ભગવાન સાંભરી આવે તો એના જીવનું ઘણું રૂડું થાય છે અને અંતે ભગવાનના ધામની પ્રાપ્તિ થાય છે તે માટે અમે મોટા મોટા ઉત્સવ સમૈયા જન્માષ્ટમી વગેરે વિષ્ણુયાગ કરાવીએ છીએ.

**ઉત્સવ સમૈયા યાદ આવી જાય તો એના જીવનું કલ્યાણ થાય.**

જન જુવે જે ઝાંખી કરી, તેનું ચોરાઈ જાય ચિત, જે જે ક્રિયા જગદીશ કરે, જન ધરે તેનું ધ્યાન, તે જાય હરિધામમાં, નકિ વાત નિદાન... સુતાં જાગતાં દાતણ

કરતાં, તેલ ફુલેલ અત્તર ચોળતાં...

નિષ્કુળાનંદ સ્વામી ધ્યાન કરવાની બાબત સમજાવે છે.. શ્વેત પછેડી ઓઢી ભોજન જમતા હોય.. લેહ્ય, ચોષ્ય, ભક્ષ્ય, ભોજન ... બાજુમાં મુકુંદ બ્રહ્મચારી વિંઝણો લઈને વાયુ ઢોળતા હોય.. એવી મૂર્તિ જે જને જોઈ, પામ્યા પરમ ધામને સોઈ...

**જોયા જીવનને પૂજ્યા જનેરે, કુંકુમ કસ્તુરી સુગંધિ ચંદનેરે ॥૮॥**
**અંગે દિગંબર વાઘાંબરરે, મૃગાજિન ને દિઠા ટાટાંબરરે ।**
**ગોદડી ને ચાદર ચોફાળરે, દિઠા ઓઢેલે દીનદયાળરે ॥૯॥**

શ્રીજીમહારાજ ઢોલીયા ઉપર બિરાજમાન હોય, સંતો અને ભકતો કેશર, ચંદન... કુંકુમ અને સુગંધી પુષ્પના હારથી પૂજન કરતા હોય, વાઘાંબર મૃગાજિન... ટાટાંબર પહેરેલા હોય.. ગુઢે રંગે રેંટો બાંધ્યો હોય. અંગરખી સુરવાળ-સોનેરી રૂપેરી કિનખાપની ડગલી ધારણ કરી હોય.. આવા પોષાકે સહિત ભગવાનનું ધ્યાન કરવું...

જેમ નીરોગી માણસને બહુ ભૂખ લાગે છે, તેમ પવિત્ર માણસોને પ્રભુનું ધ્યાન ધરવાની બહુ ઈચ્છા થાય છે.

**બોરી ચોફાળ સાલ દુસાલેરે, ડગલી ગર્મ પોસની રૂમાલેરે ।**
**પાઘ કસુંબી સોનેરી સારીરે, બાંધિ બોકાની લિયે ઉર ધારીરે ।૧૨**

ભગવાને કસુંબી સોનેરી પાઘ પહેરી બોકાની વાળી છે. કાને કુંડળ, માથે મુગટ, કેવડાની ટોપી, ગુંજાહાર.. પાઘમાં પુષ્પના ગજરા, હસ્તકમળમાં સોનાના વેઢ વીંટી કડાં ધારણ કર્યાં છે.. સંતો-ભક્તોની મધ્યે બિરાજમાન થઈ અમૃતપાન કરાવે છે, આવું જન કરે ચિંતવન, તે થાય છે પરમ પાવન.

ભગવાન સાંગામાંચી ઉપર બેઠા હોય.. કરણીબાને ઘરે શ્રીજીમહારાજ માંચી ઉપર બેઠા હતા... જ્યાં જેવો મેળ પડે ત્યાં પ્રભુ બેસી જાય છે.. ગાદી તકીયા ઉપર જ બેસે એવું નથી.. મેડા ઉપર પણ બેસે, વંડીની દિવાલ ઉપર પણ બેસે - મંદિર - તંબુ- અટારી અને અગાશી ઉપર પણ બેસે છે, ગાડા ઉપર ઘોડા ઉપર અને હાથી ઉપર બેઠા છે.. એવું ધ્યાન કરવું.. વડોદરામાં શ્રીજીમહારાજ નવ ગજા હાથી ઉપર બેઠા હતા... સોનાઅંબાડીયે હાથી શણગાર્યો. ગજે બેઠા ગિરધારી

**ગાડી વે'લ્ય આદિ જે વાહનરે, ગજ બાજે બેઠા જોયા જનરે ।**
**તે જન જાશે બ્રહ્મમો'લમાંઈરે । તેમાં સંશય કરશો માં કાંઈરે ॥૧૯**
**એમ શ્રીમુખે કહ્યું તે સંભારિરે, વાત લખીછે સારી વિચારીરે ।**



**તેતો જુઠી નથી જરાભારરે, સહુ નિશ્ચે જાણો નિરધારરે ॥૨૦॥**

ભગવાનના સ્વરૂપમાં મનને સતત જોડી રાખવું... મન ભગવાનમાં કયારે જોડાય ? ભગવાનનો મહિમા સમજાય ત્યારે, પ્રીતિ થાય તો મન ભગવાનમાં જોડાય..

**પ્રેમ ભક્તિ તો શિરોમણી ભક્તિ છે.**

ભગવાન કહે છે, ''પ્રેમી ભક્ત મને બહુ વહાલો છે.. હું પ્રેમથી વશ થાઉં છું, જેમ ભક્ત મને સંભારે છે, તેમ ભક્તને હું પણ સંભારું છું... અરસપરસ ભકત અને ભગવાનની એકતા છે... જેમ દેહ અને જીવની એકતા છે તેમ.. જેના અંતરમાં પ્રેમ છે, ભક્તિ છે, સરળ ચિત્ત છે. હૈયાનું હેત છે, એવા ભક્તના હૃદયમાં હું રહું છું.

**ઈતિ શ્રીસહજાનંદસ્વામિચરણકમળસેવક નિષ્કુળાનંદમુનિવિરચિતે**
**પુરુષોત્તમપ્રકાશમધ્યે પંચદશઃ પ્રકારઃ ॥ ૧૫ ॥**

---

**દોહા – એમ કહ્યું'તું કૃપા કરી, હરિજન પર કરી હિત ।**
**જે જે મેં લીળા કરી, તે જન ચિંતવજો નિત ॥૧॥**
**જનમ કરમ જે માહેરાં, ગાયે સાંભળે સંભારે સોય ।**
**તે જન જરૂર જાણજો, મારા ધામના વાસી હોય ॥૨॥**

શ્રીજીમહારાજ કૃપા કરીને કહે છે, ''હે સંતો, ભક્તો અમે જે જે લીલા કરી છે, તેને નિત્ય સંભાળી રાખજો, મારાં સર્વે ચરિત્ર કલ્યાણકારી છે, મારાં લીલાચરિત્ર જાળામાં મનને ગૂંચવી રાખજો, ભવજળ પાર ઉતરવા મારાં ચરિત્ર છે જહાજ... ભક્તિરૂપી વહાણમાં બેસી જાવ ભવપાર થઈ જશો...

**એ છે વાત ધારવા જેવીરે, ધારી વિચારી સહુને લેવીરે ।**
**જોવા મુક્તને મધ્યે મહારાજરે, સહુ લઈ પોતાનો સમાજરે ॥૫॥**
**પૂજ્યા મુનિએ બહુ પ્રકારેરે, સુંદર લઈ ષોડશ ઉપચારેરે ।**
**કરે સ્તુતિ મુનિ જોડી હાથરે, એવી રીત્યે સંભારે જે નાથરે ॥૬॥**

શ્રીજીમહારાજ અનંત મુકતોને મધ્યે બિરાજમાન છે... સંતો અને ભક્તો ષોડશ ઉપચાર વડે પ્રભુની પૂજા કરી સ્તુતિ કરે છે.. ત્યારે પ્રભુ અતિશય રાજી થઈને ભક્તજનોને બાથમાં લઈને મળે છે.. છાતીમાં ચરણારવિંદ આપે છે અને પંક્તિમાં પીરસવા પધારે છે.. આવી લીલાનું સ્મરણ કરો...

**પ્રેમે પિરસતા પોતે નાથરે, લઈ લાડવા જલેબી હાથરે ।।૮।।**
**ના ના કરતાં જમાડતા જોરેરે, એવી મૂર્તિ સંભારો નિશભોરેરે ।**

સ્વામિનારાયણ ભગવાન સંતોની સાથે સારંગપુર પધાર્યા, ચોમાસાના દિવસો છે.. સંતો ગામના ચોરા ઉપર બેઠા.. શ્રાવણ મહિનો ચાલુ છે... મૂશળધાર વરસાદ થયો... સંતો કઠિન તપશ્ચર્યા કરે છે.. ષટરસના નિયમ ચાલુ છે, કોઈક સંતો ધારણા-પારણાનું વ્રત કરે છે, કોઈક સંતો લીલી વનસ્પતિનાં પાંદડાં ખાઈને અખંડ ધ્યાન ભજન કરે છે, ખૂબ વરસાદ થવાથી, અમુકનાં ઘર પડી ગયાં છે, અમુકનાં ઘર પાણીથી ભરાઈ ગયાં છે. જ્યાં જુવો ત્યાં પાણી પાણી.. માટે રસોઈ બનાવવાની સગવડ નથી...

સંતોએ નક્કી કર્યું કે ગામના માણસોની દયાજનક સ્થિતિ છે.. તો આપણે ગામમાં ભિક્ષા માગવા જવું નથી, ઉપવાસ કરી ભજન કરશું. શ્રીજીમહારાજ અંતર્યામી છે, અંતરના વિચાર જાણી ગયા. સૂર્યોદય થયો. ત્યારે ખંભે ઝોળી લઈ ગામમાં ભિક્ષા લેવા માટે તૈયાર થઈ જાય છે.. સંતોને શ્રીજીમહારાજે કહ્યું, ‘‘ આજે તમારા માટે અમે ગામમાં ભિક્ષા માંગવા જશું. ઘરોઘરથી ભિક્ષા લેવી છે. ગામના લોકોનો ભાવ કેવો છે તે જોવો છે...

સંતોએ કહ્યું, હે પ્રભુ ! તમે આંહી બેસો. અમે ભિક્ષા લેવા જઈશું.. તમે ભિક્ષા માંગા જાઓ તો અમને સારું ન લાગે. વિચાર કરો, આખા જગતને જમાડનાર આજે ઝોળી લઈ સંતો માટે ભિક્ષા લેવા જાય છે. વરસતા વરસાદમાં કાદવ કીચડવાળા રસ્તામાં ફરીને ભિક્ષા માગવા તૈયાર થયા..

ભગવાન કર્તુમકર્તુ છે. અષ્ટસિધ્ધિ નવનિધિ હાથમાં છે, જે ધારે તે કરી શકે.. તૈયાર ભોજન લાવી જમાડી શકે.. એવા શક્તિમાન છે.. છતાં પણ જીવાત્માનું કલ્યાણ કરવા માટે પ્રભુ ભિક્ષા લેવા જાય છે... આવી વાત કરે છે ત્યાં જીવાખાચર આવ્યા. પગે લાગીને કહ્યું, ‘‘ કૃપાનાથ.. આપ અનંતકોટી બ્રહ્માંડના નાથ રાજાધિરાજ ભિખ માગવા જાવ તે સારું લાગે નહિ.. સંતો માટે જે જોઈએ તે સામગ્રી રસકસ બધું હું અત્યારેજ લાવી આપું છું. તમે શાંતિથી સૌને કથા વાર્તાનો લાભ આપો મહારાજ !

શ્રીજીમહારાજે કહ્યું, જીવાખાચર તમે હંમેશા તન, મન અને ધનથી ખૂબ સેવા કરો છો... આ ગામના લોકોને આવો લાભ ક્યોરે મળે ? આવા તપસ્વી અને અખંડ ભગવત્પરાયણ સંતો જેનું અન્ન જમશે, તેનું હૃદય પવિત્ર થશે, પવિત્ર હૃદયમાં પ્રભુનો વાસ થશે, તેથી જીવાત્મા બળવાન બની ભગવદ્ભક્તિ કરશે. જીવાખાચરે



હાથ જોડી કહ્યું, હે પ્રભુ ! હું તમારી સાથે ઝોળી લઈને ભિક્ષા માવા ચાલીશ... શ્રીહરિએ કહ્યું, તમારે અમારી સાથે ચાલવાનું નથી.. અમે એકલા જઈશું.. આટલું કહેતા ઝોળી લઈ ચાલતા થઈ ગયા...

ગામમાં આગેવાન બોઘા શેઠ હતા.. તેના ઘર પાસે જઈ ઉચ્ચસ્વરે બોલ્યા... નારાયણ હરે.. સચ્ચિદાનંદ પ્રભુ... બોઘા શેઠના શરીરે વા ની પીડા હતી તેથી મસાલાદાર મેથીના લાડુ બનાવ્યા હતા... ઘરની બારીમાંથી જોયું, કોણ ભિક્ષા લેવા આવ્યું છે. ઓ ... હો... આ તો સ્વામિનારાયણ ભગવાન આવ્યા છે.. ધન્ય ઘડી.. ધન્ય અવસર.. બધા લાડુ શ્રીજીમહારાજની ઝોળીમાં પધરાવી દીધા.. પછી હીરાશેઠના ઘર પાસે જઈ સવાલ નાખ્યો.. નારાયણ હરે.. સચ્ચિદાનંદ પ્રભો... સુખડીનો તાંસ ભર્યો હતો તે તાંસ પ્રભુની ઝોળીમાં પધરાવી દીધો.. અનેકનાં આંગણાં પાવન કરી પુષ્કળ... મિષ્ટાન્ન, મેવા,.. માખણ ને તાજા રોટલા રોટલી લઈને સંતો બેઠા છે ત્યાં પધાર્યા... ચાલો... સંતો પંક્તિમાં બેસી જાવ.. પંક્તિ થઈ.. કમર કસીને પ્રભુ હોંશે હોંશે પીરસે છે..

**પ્રભુ પિરસતા પોતે નાથરે, લઈ લાડવા જલેબી હાથરે ।।૮।।**
**ના ના કરતાં જમાડતા જોરેરે, એવી મૂર્તિ સંભારો નિશ-ભોરેરે ।**

જીવાખાચર દહીંનાં દોણાં ને દૂધની તાંબડી ભરી લાવ્યા.. લ્યો.. મહારાજ.. પીરસો... શ્રીજીમહારાજ... પંક્તિમાં બૂમ પાડે છે.. લાડુ.. લ્યો.. લાડુ... આગ્રહ કરીને ખૂબ જમાડ્યા. પ્રભુના હાથનો પ્રસાદ છે.. થોડું જમવું હોય તોય, વધારે જમાય છે.. સંતો અને પાર્ષદોને ખૂબ જમાડી તૃપ્ત કર્યા. જેમ માતા પોતાના બાળકનું લાલન પાલન કરે તેમ પ્રભુ અતિશય સ્નેહાળ બની સંતોની સંભાળ લીધી... સૌને જમાડી પછી પ્રભુ થાળ જમીને આરામ લીધો. સાંજે સભા થઈ તેમાં ગામના લોકોને ખૂબ ધર્મોપદેશ આપી સત્યનો માર્ગ બતાવ્યો.

આપે મુખમાં લાડુ જલેબી, આવે સુખ સંભારે એ છબી; દેતા દહીં, દૂધ દોવટ, ઢોળી માથે હસિ ચાલે ચટ. ખાંડ સાકર દેતા પોશ ભરિ ,એવી મૂર્તિ રાખો રૂદે ધરિ... શ્રીહરિ મોજમાં આવી જાય તો સંતોના માથા ઉપર દૂધની રેલમછેલ પણ કરે. આવી લીલા કરીને સંતોને ખૂબ આનંદિત કર્યા છે. કયારેક શ્રીહરિ કહે જે આજ બહુ થાકી ગયા છીએ. શરીર ચંપી કરો, તો બહુ બળે દાબતા દાસ, અતિ હેત કરીને હુલાસ. શ્રીહરિ કહે હજુ વધારે દાબો વધારે દાબો..

**અંગ દબાવતા અવિનાશ રે, બહુ બળે દાબતા તે દાસ રે...**

*શિયાળામાં શ્રીજીમહારાજ સગડી રાખીને તાપે છે. સરસ રજાઈ ઓઢી છે. ઊનાળામાં પ્રભુ લીલુડા લીંબડા નીચે બેઠા છે. ભકતજનો પવન ઢોળે છે. હું પણ પ્રભુની સેવામાં છું, આવી રીતે ભાવના કરવી.. ઠંડુ મીઠું પાણી પ્રભુને આપું છું, સાકર અને કેશરયુક્ત પ્રભુને દૂધપાન કરાવું છું. આવી રીતે ભગવાનની બ્રહ્માકારે દષ્ટિ થઈ તો થાંભલામાં પણ ભગવાનનાં દર્શ થયાં. ગોપીઓની બ્રહ્માકારે દષ્ટિ થઈ તો મટકીમાં મોહનનાં દર્શન થયાં.. કરણીબાની બ્રહ્માકારે દષ્ટિ થઈ તો યજ્ઞ થાય ડભાણમાં ને દર્શન થાય ધમડકામાં.*

**ચોમાસામાં ઓઢેલ કામળીરે, ધરી છતરી શિરપર વળીરે ।**
**એમ સંભારી શ્યામ સુખકારીરે, થાયે અક્ષરધામ અધિકારીરે ।।૧૬।।**

*ચોમાસામાં ભગવાન કામળી ઓઢીને ઘેલા નદીમાં સ્નાન કરવા જાય છે. સાથે સંત સમુદાય છે, ઝરમર.. ઝરમર.. વરસાદ વરસે છે. ભગવાનની ઉપર હું છત્રી ધારણ કરીને ચાલુ છું... પછી પ્રભને હાર પહેરાવી... ભાલમાં તિલક કરવું.. આપ્યા બહુ જનને આનંદ, સુખદાયક શ્રી સહજાનંદ.*

**ઈતિ શ્રીસહજાનંદસ્વામિચરણકમળસેવક નિષ્કુળાનંદમુનિવિરચિતે**
**પુરુષોત્તમપ્રકાશમધ્યે ષોડશઃ પ્રકારઃ ।। ૧૬ ।।**

---

**દોહા – વળી સંભારવા શ્રીહરિ, જેવી રીતે જોયા હોય ।**
**સુખ થાવાની સંપત્તિ, એહ જેવી બીજી નહિ કોય ।।૧।।**

*શ્યામ તમે સાચુ નાણું, ગોખેલ બોલી જઈએ, તો કદાચ એ કીર્તન ભક્તિ મંદિર સુધી પહોંચશે પણ પરમાત્મા સુધી નહિ પહોંચે. પરમાત્મા સુધી ભક્તિ પહોંચાડવી હોય તો ભક્તિની સાથે હૈયું જોડાવું જોઈએ. પ્રભુનું સ્મરણ તો સાચી સંપત્તિ, પ્રભુનું વિસ્મરણ તે વિપત્તિ છે.*

**અન્ન વિના ભૂખ ન જાય.**
**પાણી વિના તરસ ન જાય.**
**હરિસ્મરણ વિના મુક્તિ ન થાય.**

*ભગવાનમાં અખંડવૃત્તિ રાખવી એ જ સુખનું મૂળ છે... માયામાં બહુજ*



*રચ્યા પચ્યા રહેશો અને રાત દિવસ માયાની જ વાતો કરશો તો હૃદયમાં મેલ ભરાશે અને ભગવદ્ સ્મરણ કરશો તો પ્રભુ પ્રેમથી હૃદય ભરાશે,*

**એવી મૂર્તિ અતિ સુખકારીરે, સહુને રાખવી હૃદે સંભારીરે ।**
**બેઠા દિઠા દિવી અંજવાળેરે, હાંડી મેતાબ રૂડે રૂપાળેરે ।।૫।।**

*ભગવાનું ધ્યાન કરવું.. શ્રીજીમહારાજ દીવાને અજવાળે બેઠા છે, વસંત ઋતુમાં શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં છે. સોનાની પીચકારી હાથમાં લઈ સખા સાથે રંગ રમે છે.. ફાંટું ભરી ભરી ગુલાલ ઉડાડે છે.. રંગભીનો રંગવાળા વસ્ત્રો પહેરી. તળાવમાં સ્નાન કરવા જાય છે.. રંગ ઉત્સવને યાદ કરવા...*

**વળી સંભારવા સખા સાથેરે, ચડ્યા ઘણામૂલા ઘોડા માથેરે ।**
**ધરી ઢાલ અલૌકિક અસિરે, છડી લાકડી ને વળી બંસિરે ।।૧૨।।**

*નિષ્કુળાનંદ સ્વામી અલૌકિક લીલાનું વર્ણન કરે છે. ભગવાન ઢાલ તલવાર બાંધી ઘોડા ઉપર બેસી અને ઘોડાને કુંડાળે દોડાવે છે.*

*સારંગપુરની લીલા સાંભળો, ખૂબ આનંદ આવશે. ભગવાન સ્વામિનારાયણ સારંગપુર પધાર્યા. એક અશ્વ ઉપર બેઠા. અને ઘોડાને ભારે જોરથી દોડાવ્યો. આમ દોડે તો તેમ રાસ ખેંચે, ઘોડો આમ છલાંગ ભરે તો અવળી લગામ ખેંચે, જાણે ગરુડ ગતિ જોઈ લ્યો. શ્રીજીમહારાજ કેવા શોભે છે. શ્વેત વસ્ત્રનું છોગલું ફરકતું જાય, જાણે હમણાં પાઘ ઉતરી જાશે, પ્રભુના શરીરે પરસેવાનાં બિંદુ મોતી જેવાં શોભે છે. ઘોડો દોડી દોડીને હાંફી ગયો, શ્વાસ એક દંડો ચાલુ થઈ ગયો.. બધાં અંગ નરમ થઈ ગયાં. ત્યારે ભગવાને ઘોડાને ઊભો રાખીને પાણીપાયું ને ઘાસ નાખ્યું...*

*શ્રીજીમહારાજ સભામાં બિરાજમાન થયા. ત્યારે સુરાખાચરે પૂછ્યું, પ્રભુ ! તમે આજે અશ્વને ખૂબ દોડાવ્યો. તેનું કાંઈક કારણ હશે ને. શ્રીહરિએ કહ્યું, “કારણ તો એ છે કે આ અશ્વને એના ધણીએ બાંધ્યો ને બાંધ્યો રાખ્યો છે.. ખાવા પીવા બરાર આપે પણ જરાય એની પાસેથી કામ ન લે.. તેથી ઘોડો ઉન્મત્ત થઈ ગયો હતો. એનો મદ ઉતારવા આજે અમે એને ખૂબ દોડાવ્યો...*

**ઈંદ્રિયોના ગુલામ થશો તો લખ ચોરાશીમાં ફરશો.**

*ઈંદ્રિયોરૂપી અશ્વને તમે ભગવાનની ભક્તિ ભજન તરફ નહિ ફેરવો તો બગડશે, આળસુ થઈ જશે.. પછી ચલાવશો આગળ ને ચાલશે પાછળ.. પછી કહેશો ચાલ માળા ફેરવ તો નહિ ફેરવે.. આંટા મારશે પણ એક જગ્યાએ બેસશે નહિ..*

શ્રીજીમહારાજે ઘોડાને ખૂબ દોડાવ્યો થકાવી નાખ્યો, તેમ આપણી ઈંદ્રિયોને સત્કર્મમાં અને સેવામાં, ભજન ભક્તિમાં ખૂબ કામ કરાવો..

સ્વામિનારાયણ ભગવાન ક્યારેક લાકડી ફેરવતા, ક્યારેક ધનુષ્યબાણ ધારણ કરતા... ક્યારેક આંબલીને છાંયડે બેસતા....

**બેઠા આંબા આંબલી છાંયડેરે, આસોપાલવ પીપર વડેરે ।**
**પીપલ બકોલ ને બોરસડીયેરે, બીજાં બહુ તરુ બોરડિયેરે ।।૧૪।।**
**જે જે વૃક્ષે બેઠા દિઠા નાથરે, ત્યાં ત્યાં સંભારવા સખા સાથરે ।**

શ્રીજીમહારાજ આસોપાલવ, બોરસલ્લી વિગેરે જાત જાતનાં વૃક્ષ નીચે બગીચામાં બિરાજમાન છે.. એવી અલૌકિક લીલાને ચિંતવન કરતાં પ્રેમાનંદ સ્વામી કીર્તન ગાય છે... આપણે પણ ગાઈએ..

**ચાલોને લાલ માલતીરા બાગમેં બીરાજો,**
**સેવતીરો સુંદર કલીયાં બીન બીન;**
**મારું થારો મુગટ ભરાજો . . . . ચાલોને . . . .**
**ગજરા બાજુ તોરા હાર પહેરાવી,**
**નેણાં ભરી નાથ નીરખજો . . . . ચાલોને . . . .**
**પ્રેમાનંદ કહે પ્રીત કરીને;**
**પ્યારા થારો પ્રેમ રસ પાજો . . . . ચાલોને . . . .**

આ પુરુષોત્તમપ્રકાશની કથા ભગવાનમાં જોડવાનો જબરદસ્ત પ્રયત્ન કરે છે, તેથી ભગવાનનો મહિમા વારંવાર વર્ણવે છે.

**રાજા રંકને ભુવન રે, શેઠ શાહુકારને સદન રે ।**
**જોયા લોક પટેલને ઘેર રે, વળી બ્રહ્મ સભામાં બહુ પેરરે ।।**

આ જગતની અંદર શાહુકાર હોય તેને રંકને ઘરે જાવું હોય તો સંકોચ થાય... પણ ભગવાનને ગરીબને ઘરે જતાં જરાય સંકોચ થતાો નથી.. ભાવથી જે બોલાવે ત્યાં દોડતાં જાય છે.. રાજા હોય કે રંક હોય. શેઠ હોય કે સગરામ હોય. સગરામ વાઘરીના કુબામાં પણ જાય એવા દયાળુ છે.. એક વખત ગામ લીંબલીના સગરામ ભક્ત ગઢપુર શ્રીજીમહારાજનાં દર્શન કરવા આવ્યા. પગે લાગીને પ્રાર્થના કરી, હે મહારાજ, મારે ઘેર પધારો અને ગરીબના મનોરથ પૂરા કરો. ! શ્રીજીમહારાજે કહ્યું, એક વખત ચોક્કસ આવશું, ને તમને રાજી કરશું. કોઈને ખબર નથી ને પ્રભુ ગઢપુરથી રાત્રે



એકલા રવાના થઈ ગયા..

સગરામભક્તના ઘેર પધાર્યા, સગરામભક્ત ફળીયામાં ખાટલા ઉપર સૂતા છે. શ્રીહરિએ ધીરેથી સગરામની માથા ઉપર હાથ મૂકયો. સગરામ ભક્ત જય સ્વામિનારાયણ. સગરામ સફાળા બેઠા થઈ ગયા. પધારો પધારો મહા પ્રભુ ! પગે લાગ્યા. જય સ્વામિનારાયણ, એકલાજ છો કે કોઈ સંતનો સંગાથ છે ? અમે એકલાજ આવ્યા છીએ.. અમને જલદી જલદી તમારા ઘરમાં સંતાડો. કોઈ શોધવા આવે તો ના.... કહેજો. કહેજો કે અમારા ઘરમાં કોઈ નથી. સગરામભક્તે કહ્યું, મારા ઘરમાં પટારો કે કબાટ કાંઈ નથી, પણ મારા ભાઈ શાર્દુલના ઘરમાં કોઠી છે. ત્યાં જાવ તો બરાબર થશે.

બે ભાઈના ઘર જોડે-જોડ હતાં.. પ્રભુ દોડીને વંડી ટપવા ગયા, ત્યાં એક પગની મોજડી પડી ગઈ.. શાર્દુલે કહ્યું, બીજી મોજડી આપો. નહિતર બ્રહ્માનંદ સ્વામીને કહી દઈશ. પ્રભુએ તરત બીજી મોજડી આપી દીધી. પછી ઝટ કોઠીમાં સંતાઈ ગયા. પ્રભાત થયું.. આછાં અજવાળાં પથરાયાં. ત્યાં બ્રહ્માનંદ સ્વામી અને સુરાખાચર પહોંચી આવ્યા. સગરામ ! જી.. હા... તમારે ઘરે શ્રીજીમહારાજ પધાર્યા છે ? ના સ્વામી, અમારે ઘેર નથી.. ખોટું શું કામ બોલે છે ? મને શ્રીજીમહારાજના શરીરની મધુર સુગંધ આવે છે.. સગરામ ભકતે કહ્યું, "સ્વામી હું ખોટું નથી બોલતો.. જોઈ લ્યો !!! મારા કુબામાં... જોવાની છૂટ છે..

શ્રીજીમહારાજે શાર્દુલને કહ્યું, હવે અમે પકડાઈ જાશું.. સ્ત્રીના કપડાં આપો તો તે કપડાં પહેરીને અમે બહાર નીકળી જઈએ, સ્ત્રીનાં કપડાં પ્રભુએ પહેર્યાં નવી સાડી પહેરી, લાંબી લાજ કાઢી, હાથમાં દાતરડું લીધું, જાણે ખેતરે જતા હોય તેવા સાધન લઈને.. ત્રણ સ્ત્રીઓ ઘરથી બહાર નીકળી...

આગળ શાર્દુલભક્તનાં પત્ની વચમાં શ્રીજીમહારાજ પાછળ સગરામભક્તનાં પત્ની ચાલ્યાં જાય છે. બ્રહ્માનંદ સ્વામી ચાલ ઓળખી ગયા. સગરામ ! આગળ જાય છે તે કોણ છે ? એ શાર્દુલભક્તનાં પત્ની છે. પાછળ જાય છે તે કોણ છે ? તે મારાં પત્ની છે. ત્યારે વચ્ચમાં લાજ કાઢીને જાય છે તે કોણ છે ? શું જવાબ દેવો. અચકાઈ ગયા.

**શ્યામ બન્યા સુંદરી, ઓઢી છે ચુંદડી**

બ્રહ્માનંદ સ્વામીએ શ્રીજીમહારાજનો સ્મિત હાસ્ય કરતાં હાથ પકડી લીધો.. લાજ ઊંચી કરી.. ધન્ય હો મહાપ્રભુ ધન્ય હો.. ભક્તોના મનોરથ પૂરા કરવા આપ

કેવી મઝાની અલૌકિક લીલા કરો છો.. બ્રહ્માનંદ સ્વામી શ્રીજીમહારાજના સ્વરૂપને જોતા જાય ને અંતરમાં ઉતારી કીર્તન ગાતા જાય છે... પ્રભુ મંદમંદ સ્મિત હાસ્યથી સાંભળે છે.. આપણે પણ આનંદથી ગાઈએ....

**વાતલડી રહોને રાતલડી, વાલા પૂંછું એક વાતલડી;**
**પિતાંબર સાટે મારા પ્રીતમ, સાડી લાવ્યા નવી ભાતલડી . . . વહાલા. .**
**મોરલડી લઇને મન મોહન, દીધું વેલણ કોણે દાતલડી . . . વહાલા. . .**
**જેને ઘેર રજની તમે જાગ્યા, કોણ હતી તેની જાતલડી . . . વહાલા. . .**
**બ્રહ્માનંદ કહે સંશય થયો નહિ, ધન્ય છે તમારી છાતલડી . . . વહાલા.**

કૃપાળુ શ્રીહરિ લીંબલીમાં સગરામ અને શાર્દુલને ઘેર એક દિવસ રોકાયા છે.. તાજુ દૂધ દોહીને ગાળીને આપ્યું છે તે શ્રીજીમહારાજે સ્વીકાર્યું.. ગરીબભક્તના મનોરથ પૂરા કરી.. ખૂબ રાજી કર્યા છે...

**એમ સોંઘુ કર્યું છે કલ્યાણ રે, સહુ જાણજો જન સુજાણ રે..**

પારસને કોઈ પામે તેના સર્વે સંકટ વામે.. લોઢાને પારસમણીનો સ્પર્શ થાય તો તે સોનું બની જાય છે.. તેમ પ્રભુની લીલાનું માહાત્મ્ય સહિત સ્મરણ કરે છે, તો તે ભરાડીમાંથી ભક્ત બની જાય છે.

**ઈતિ શ્રીસહજાનંદસ્વામિચરણકમળસેવક નિષ્કુળાનંદમુનિવિરચિતે પુરુષોત્તમપ્રકાશમધ્યે સપ્તદશઃ પ્રકારઃ ॥ ૧૭ ॥**

---

**એમ અનેક રીતે વળી ઉરમાં, જે સંભારે સુંદર શ્યામ ।**
**તે તન છુટે પામશે, અખંડ અક્ષરધામ ॥૧॥**
**મંગળકારી સારી મૂરતિ, ધરી આજ દેવા આનંદ ।**
**એહ મૂર્તિની સ્મૃતિયે, તર્યાં કૈક જનનાં વૃંદ ॥૨॥**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, જે સંભારે સુંદર શ્યામને તે પામશે અક્ષરધામ... જેના હૃદયમાં ભક્તિ નિવાસ કરીને રહે છે, તે વ્યક્તિ નિર્ધન હોવા છતાં પણ ધન્યવાદને પાત્ર છે. ભગવાનની નિષ્કામ ભક્તિ મુક્તિ કરતાં પણ મહાન છે. જઠરાગ્નિ ખાધેલા અન્નને પચાવે છે. નિષ્કામ ભક્તિ વાસનાને બાળીને ભસ્મ કરી નાખે છે.

**વળી સંભારવા ઘનશ્યામ રે, પુરુષોત્તમ પૂરણ કામ રે ।**
**કેને દેતા ફુલડાની માળા રે, કેને દેતા પ્રસાદિના થાળ રે ॥**



પ્રભુ કોઈ દુઃખીયા માણસને દેખે તો તરત વસ્ત્ર ઘરેણાં કે પગરખાં પણ આપી દે.. કોઈને પાઘ ઉતારીને આપે છે.. લે લઈ જા.. ભગવાન કોઈને હેતે કરીને બાથમાં ઘાલીને મળે છે. કોઈને મીઠી વાણીથી બોલાવે છે. મીઠો આવકાર આપે છે.

**બોલને કી ઈચ્છા હો તો, મિષ્ટ ભાષા બોલીએ.**

દંઢાવ્ય દેશથી ફરતા ફરતા શ્રીજીમહારાજ સંતો ભક્તોની સાથે ગામ વિહારમાં પ્રથમવાર પધાર્યા.. ગામમાં કોઈ સત્સંગી નહોતું.. બ્રાહ્મણો હતા તે કામણટૂમણવારા શક્તિપંથી હતા. મંત્રથી ઉડતાં પંખીને પાડી નાખે. શ્રીજીમહારાજ તળાવના કિનારે વડની છાયા નીચે સભા કરીને બિરાજમાન છે. ગામના આગેવાન પિતાંબર ત્રવાડી, તુલસીદાસ પટેલ, કુબેરદાસ પટેલ તમેજ ગામના માણસોને ખબર પડી કે સ્વામિનારાયણ સંતો સાથે લઈને આવ્યા છે. આપણા નામ લઈને બોલાવે તો ભગવાન સાચા અને જો નામ લઈને બોલાવે નહિ, તો તેમના ઉપર ધૂળ અને કાદવ કીચડ ઉડાડીને અપમાન કરી તગડી મૂકવા... ધૂળની પોટલીયું ખંભે રાખીને આવ્યા...

શ્રીજીમહારાજે અમીદૃષ્ટિથી તેમના સામે જોયું... મીઠો આવકાર આપ્યો... આવો.. આવો.. પિતાંબર ત્રવાડી, તુલીસપટેલ, કુબેરદાસ કેમ છો ? કુશળ છોને... મધુરવાણી સાંભળી સૌનાં ચિત્ત પ્રભુમાં ખેંચાઈ ગયાં, આ તો અંતર્યામી સાક્ષાત ભગવાન છે, તેના ઉપર ધૂળ ફેંકાય નહિ, પણ ચરણમાં વંદન કરાય, બે હાથ જોડી માફી માગી. પ્રભુ અમારા અપરાધ ક્ષમા કરો.. પ્રભુએ કહ્યું, કાંઈ ચિંતા ન કરો... સભામાં બેસી કથા સાંભળો, પ્રભુએ ઉપદેશ શરૂ કર્યો...

Learn to listen, Opportunity some times knocks very softly

કિંમતી મનુષ્ય વારે વારે મળતો નથી.. વારે વારે તક મળતી નથી.. શ્રીજી મહારાજને કહા.. તુમ સંસારી હો.. વ્યવહાર સંબંધી ફરજ બજાતે રહો... સાથોસાથ સાંજ સવાર પ્રભુ સ્મરણ કરના ચાહીએ શાંતિસે પૂજાપાઠ, માનસી પૂજા કરના ચાહીએ, કથા, કીર્તન, ઉત્સવ સમૈયા મેં લાભ લેના ચાહીએ, પ્રભુકી વાણી હૃદયમેં અસર કર ગઈ, શેષ જીવન ભજન ભક્તિમેં સાર્થક ઓર.. શિર દે કર સત્સંગ કરના ચાહીએ... ખૂબ ઉપદેશ આપ્યો...

ઉપદેશ અસર કરી ગયો. હાથ જોડીને કહ્યું, પ્રભુ આજથી અમે તમારા આશ્રિત છીએ. અમારા જેવા પાપીનો ઉધ્ધાર કરવા તમે અમારા ગામમાં પધરો ને ગામને પાવન કરો. વાજતે ગાજતે સંતો સહિત શ્રીજીમહારાજ પાંચસો પરમહંસ

સહિત પિતાંબર ત્રવાડીને ઘેર પધાર્યા. સંતોએ રસોઈ બનાવી. શ્રીજીમહારાજ પંક્તિમાં પીરસીને સૌને જમાડીને રાજી કર્યા... આવી અલૌકિક લીલાનાં દર્શન થયાં.. તેથી ભગવાનમાં અને સંતોમાં ખૂબ ભાવ વધી ગયો... સમગ્ર ગ્રામજનો સત્સંગી થયા... વર્તમાન ધરાવી. ધર્મ નિયમની રીતભાત શીખવી, ભક્તિના રંગે રંગી દીધા...

**જેણે જોયા જગનો આધાર, તેનો બેડો થયો ભવપાર.**

પ્રભુ અતિ રાજી થાય તો અમૃત દષ્ટિએ ભક્તને જુવે છે... શ્રીજીમહારાજની સ્વાભાવિક ટેવ હતી, સદાય આનંદમાં હરતા ફરતા લટકાં કરતા કરતા કીર્તન ગાય.. ક્યારેક નીર-ક્ષીરને સમીર પીતા, આસન કરતાને મૌન ગ્રહેતા. પ્રભુ દૂધનું પાન કરતા હોય પાણી પીતા હોય. બે ઘડી મૌન બેઠા હોય. એવા ભાવથી ભગવાનનું સ્મરણ કરવું...

**કહી કહીને કહ્યું જે ઘણું રે, મોટું માહાત્મ્ય મૂર્તિ તણું રે**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, મહિમા સહિત ભક્તિ કરવી..

**જીવનમાં પ્રભુ પરાયણતા અને ભક્તિનું સ્થાન હોવું જોઈએ.**

કેવળ રોટલા માટેનું ભણતર હોય તો શું કામનું ? ભણતર ભગવાનને અર્થે કામમાં આવવું જોઈએ. જેના જીવનમાં ભગવાનનું જ્ઞાન નથી, ભગવાનમાં પ્રીતિ નથી, પ્રભુમાં પ્રીતિ જગાવે એવો સત્સંગ નથી, અવિદ્યા અને અસત્ય મટાડે એવા સંતનું સાનિધ્ય નથી, તો તે માણસ ભણેલો પણ અધૂરો રહેશે.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે.

સામર્થી સહુથી છે ન્યારી, વાવરી છે સમર્થ સુખકારી. એકાંતિક ધર્મની સ્થાપના કરી, આશ્રિતોનાં દુઃખ દૂર કર્યા છે.

**અસુર ગુરુ નૃપનો કિધો નાશ રે, નિજ સામર્થિએ અવિનાશ રે**

આ જગતની અંદર અનેક રાજાઓ અને ગુરુઓ મહાપાપી હતા, ધર્મના બહાને પાખંડ કરતા, અનેકને દુઃખી કરતા તેનો પ્રભુએ નાશ કર્યો. માર્યા તેને પણ તાર્યા છે. તેની કરણી જોઈ નથી..

**જે જન સમરશે સહજાનંદ રે, તે જન પામશે પરમ આનંદ રે**

ભગવાને કલ્યાણ કરવાના ઘણા સહેલા રસ્તા રાખ્યા છે. સહજાનંદ ... સહજાનંદ.. જપ કરો.. એક ટકાનો પણ ખર્ચ નથી.. સેવા પૂજા કરો.. મનથી પ્રભુનું



નામ લ્યો, દેહ સાજો ન હોય તો સૂતાં સૂતાં ભગવાનનું નામ લ્યો.. ભગવાન વિના બધું નકામું છે. સ્વામી આશીર્વાદ આપે છે.

આ પુરુષોત્તમપ્રકાશ ગ્રંથનું વાંચન અને શ્રવણ કરે છે, તેનો જીવાત્મા નબળો હોય તો મહાબળિયો થાય છે.

**ઈતિ શ્રીસહજાનંદસ્વામિચરણકમળસેવક નિષ્કુળાનંદમુનિવિરચિતે પુરુષોત્તમપ્રકાશમધ્યે અષ્ટાદશઃ પ્રકારઃ ।। ૧૮ ।।**

---

**દોહા – દરશનનું કહી દાખિયું, કહું સ્પરશનું જે પુનિત ।**
**સ્પર્શ કરી જન પામિયા, અતિ સુખ અમિત ।।૧।।**
**સ્પર્શ પુરુષોત્તમનો, કહો જીવને થાશે કેમ ।**
**એ વાત નથી વાત સરખી, સહુ ઉર વિચારજો એમ ।।૨।।**

સ્વામીએ આ ગ્રંથમાં ભગવાનનો અપાર મહિમા લખ્યો છે. જેને પ્રભુનો સ્પર્શ થયો છે. તે ભાગ્યશાળી છે. જેના દર્શન ભવબ્રહ્માદિકને પણ જલદી થતાં નથી.. તો સ્પર્શ તો કયાંથી થાય... !!

**જેને મળિયા હૈયામાં ઘાલિ રે, તેને બેઠા છે અક્ષર આલિ રે.**

સ્વામિનારાયણ ભગવાન ફરતા ફરતા કાળા તળાવ પધાર્યા, હરભમ ભક્તને કહ્યું, કાંટા પગમાં ખૂંચે છે તે કાઢી દો તો સારું થાય.. હરભમ ભક્તે પ્રભુનો ચરણ પોતાના ગોઠણ પર લઈ ભીના ખેસથી ચરણ સાફ કરી નીરખી નીરખીને કાંટા જુવે છે.. ત્યાં તો ચારે દિશાએ પ્રકાશ પ્રકાશ છવાઈ ગયો.. તે પ્રકાશમાં અક્ષરધામના દર્શન થયા.. સોનાના નંગ જડિત સિંહાસનમાં પ્રભુ બિરાજેલા છે, અનંત મુકતો પ્રભુની આગળ હાથ જોડીને ઊભા છે.. હરભમસુથાર સ્થિર થઈ ગયા...

શ્રીજીમહારાજે કહ્યું, ભકતરાજ ! શું જુઓ છો ? કાંટા કાઢોને !! મહારાજ... કાંટા કેમ કાઢું ! પ્રકાશમાં અનેક રચના દેખાય છે. કાંટાને નિમિત્ત બનાવી મને અક્ષરધામનાં દર્શન કરાવ્યાં. પછી હરભમ સુથારે ચીપિયાથી ધીરે ધીરે અઢાર કાંટા કાઢ્યા.. શ્રીજીમહારાજ બહુ રાજી થયા... હરભમ સુથારને હૈયા સાથે દાબીને ભાવથી મળ્યા. રાજીપો વ્યકત કરતાં બોલ્યા, ભકતરાજ, તમે અમારા ચરણમાંથી કાંટા કાઢ્યા છે, અમે તમારા ચૈતન્યમાંથી કામ, ક્રોધ, લોભ, મોહ, મમતા, આદિ દુર્ગુણોના તમામ કાંટા કાઢી નાખશું, અંતરશત્રુ તમને નહિ નડે, અંતે તમને અક્ષરધામમાં તેડી જઈશું...

આ છે સેવાનો પ્રતાપ...

**જેને માથે હાથ મુક્યો નાથેરે, તેતો મળી બેઠા મુક્ત સાથેરે ।**
**જેને ચાંપવા આપ્યા છે ચરણરે, તેને રહ્યું નહિ જન્મ મરણરે ।।૯।।**

શ્રીજીમહારાજ અતિ રાજી થાય તો ભક્તની છાતીમાં ચરણારવિંદ આપે, માથા ઉપર હાથ મૂકી આશીર્વાદ આપે, સેવા બતાવે, અમારે શરીરે કળતર થાય છે. ચરણ દાબી આપો ! જેણે પ્રભુના ચરણ ચાંપ્યા છે તેના ભવના ફેરા ટળી ગયા છે.. આ સમજવા જેવી કથા છે.. અત્યારે માનવ શરીરે પ્રભુ આપણી સાથે નથી, પણ દિવ્યસ્વરૂપે આપણી સાથેજ છે. પ્રભુ સદાય પ્રગટ છે જ. આપણે દરરોજ સાંજે માનસીપૂજા કરીએ છીએ, તે વખતે પ્રભુના ચરણચંપી ભાવથી કરવી...

ભગવાનને સ્નાન કરાવવું, અત્તર ચંદન પુષ્પાદિકથી પૂજા કરાવી. વસ્ત્રઅલંકાર પહેરાવવા. કર્યો કુંકુમનો ચાંદલો- ભાવે કરી હરિભક્તે ભલો. માળા પહેરાવતાં સ્પર્શ થયો. કુંડળ ધરતાં કર અડી ગયો. પ્રેમથી પૂજા કરી ચરણ સ્પર્શ કરશે તે પામશે ધામ અખંડ.

**લેતાં હાથોહાથ વળી તાળીરે, સ્પર્શિ સુંદર મૂર્તિ રૂપાળીરે ।**
**નખશિખા સ્પર્શતાં નાથરે, ગયા સ્વધામે થઈ સનાથરે ।।૧૬।।**

જેમ ગંગા કલ્યાણકારી છે, તેમ ભગવાનનો સ્પર્શ મંગળકારી છે. તમામ વસ્તુઓ મંગળકારી છે. સ્થાવર, જંગમ, જળ સ્થળ આદિક જે જે વસ્તુનો ભગવાન સાથે સંબંધ થયો, તેનો ઉધ્ધાર થયો છે.. જેને સ્પર્શ્યા પર બ્રહ્મ, તેને પરમધામ છે સુગમ.

**ઈતિ શ્રીસહજાનંદસ્વામિચરણકમળસેવક નિષ્કુળાનંદમુનિવિરચિતે**
**પુરુષોત્તમપ્રકાશમધ્યે એકોનવિંશઃ પ્રકારઃ ।। ૧૯ ।।**

---

**દોહા – અશન વસન ભૂષન, વાહન વાસન જેહ ।**
**પુરુષોત્તમને સ્પર્શતાં, થયાં શુદ્ધ સહુએ તેહ ।।૧।।**
**માયિક તે અમાયિક થયાં, થયાં ગુણમય ગુણાતીત ।**
**સ્પર્શતાં પરબ્રહ્મને, સહુ થયાં પરમ પુનીત ।।૨।।**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, "ભગવાને જે વસ્ત્ર ધારણ કર્યાં હોય, જે વાહન ઉપર બેઠા હોય, જે પાત્રમાં જમ્યા હોય, તે ભલે માયિક વસ્તુ હોય છતાં પણ પ્રભુના



સંબંધથી ગુણાતીત થઈ જાય છે. સ્વામિનારાયણ ભગવાને કેવા જીવાત્માને તાર્યા છે ? સ્વામી કહે છે, જેનામાં ધર્મ નહિ, ભક્તિ નહિ, વૈરાગ્ય નહિ, એવા આસુરી પામર નરને પણ તાર્યા છે.. કોઈ કાળે આસુરીનો ઉધ્ધાર થઈ શકે નહિ, તેવાને ભવપાર કર્યા છે...

સ્વામિનારાયણ ભગવાને સંતોને આજ્ઞા કરી કે, હે સંતો ! વરસાદ ન વરસે તો ધરતી કાયમને માટે સુકાયેલી હોય છે, વરસાદ વરસે ત્યારે ધરતી લીલી થાય, તેમ સંતનો સંગ થાય તો સત્સંગ લીલો રહે. ને સંગ મૂકી દે તો સત્સંગ અને સદ્વિચાર સૂકાઈ જાય..

સૂર્યા ઊગ્યા વિના રાત જાય નહિ, ઘણા તારા ઊગે, ચંદ્ર ઉગે, છતાં સૂર્ય ઊગ્યા સિવાય અંધારું જાય નહિ, તેમ સંત વિના અજ્ઞાનરૂપી અંધારું દૂર થાય નહિ.. સંતો કોઈને ધન સંપત્તિ આપતા નથી.. પણ સન્મતિ આપે છે, સન્મતિ આપીને સંપત્તિને શુદ્ધ કરે છે. તમે મનુષ્યનું ઘડતર કરવા. ગામો ફરીને ઉપદેશ આપી અજ્ઞાન દૂર કરો.

સંતો ગામ મુઝાવદરમાં શંકરના મંદિરમાં બેઠા છે, ગામના માણસો સંતો પાસે બેસવા આવે.. સંતો કીર્તન ગાય છે...

**વારંવાર મનુષ્ય તન ન આવે, જ્ઞાન વિના દેહ વ્યર્થ ગુમાવે**
**દેવને દુર્લભ દેહ મનુષ્યનો, અધિક પુન્યવંત પ્રાણ કહાવે . વારંવાર . .**
**ભરતખંડની ભૂમિકા ભારી, યોગ અમુલખ ફેર ફેર નાવે . વારંવાર . .**

દેવને દુર્લભ માનવદેહ વારંવાર મળતો નથી, સ્વર્ગના દેવતાઓ અમૃતપાન કરનારાઓ અપસરાની સાથે આનંદ લૂંટનારા ભગવાન આગળ હાથ જોડીને વિનંતિ કરે છે કે, અમારાં પુણ્ય બાકી હોય તો ભરતખંડમાં જન્મ આપો. આપણે એવા મૂર્ખ છીએ કે આ દેહનો ભગવાન ભજવામાં ઉપયોગ કરતા નથી, આ માનવદેહ કેવળ વિષય ભોગ માટે નથી. ભગવાન ભજવા માટે આ દેહ છે. પણ વાત સમજાતી નથી.

એક ભાવિક ભક્ત શંકરના મંદિરમાં દરશન કરવા આવ્યા. ઉપદેશ અસર કરી ગયો. સંતોનો ગુણભાવ આવ્યો. સંતોને પૂછ્યું તમે કોના સાધુ છો ? અમે સ્વામિનારાયણ ભગવાનના સાધુ છીએ. પ્રભુની આજ્ઞાથી ગામોગામ ફરીએ છીએને ઉપદેશ આપી જીવાત્માને પ્રભુ સન્મુખ કરીએ છીએ, સંતો ગામમાં ભીક્ષા લેવા માટે રવાના થયા. ત્યારે ભાવિક ભક્તે કહ્યું, સાધુરામ ! તમે ભીક્ષા માગવા ન જાઓ. હું દરરોજ સીધુ પહોંચતું કરીશ. દિવસના કામે જાયને રાત્રે લોટ દળીને પહોંચતો કરે.

સંતો રોટલા બનાવી ભગવાનને જમાડીને જમે. પાંચ દિવસ સંતો ત્યાં રોકાયા. ભાવિક ભક્તના હૃદયમાં જ્ઞાનનો પ્રકાશ થયો.

પોતે સત્સંગ કરેને બીજાને કરાવે. આખુ ગામ ભક્તિ ભજનના રંગે રંગાઈ ગયું. સમય જતાં ભક્તની અંતિમ અવસ્થા આવી. ત્યારે શ્રીજીમહારાજ સોનાનું વિમાન લઈ અનંત મુક્તોની સાથે ભક્તને તેડવા આવ્યા. ચાલો ભક્તરાજ. અમારી સાથે. તમે અમારા સંતોને લોટ આપ્યો છે. મહારાજ તૈયાર જ છું.. અલ્પ સેવાને મહાન માનીને પ્રભુ તેને અક્ષરધામમાં તેડી ગયા, સંતની સેવા કરવાની તક મળે ત્યારે ચૂંકવું નહિ. આ છે સેવાનો પ્રતાપ...

**દરશ સ્પર્શ દયાળ દઈ, કર્યું કોટિ કોટિનું કલ્યાણ**
**તેમ પરમ પરસાદિ થકી, પમાડયા પદ નિર્વાણ**

નિષ્કુળાનંદ સ્વામી પ્રસાદીનો મહિમા કહે છે, સાઈઠ હજાર વર્ષ સુધી તપશ્ચરયા કરે ને જે ફળ મળે તેટલું પુણ્ય એક વખત પ્રભુ પ્રસાદ જમવાથી અને ચરણામૃત પીવાથી થાય છે.

સુરતમાં એક પારસીનો છોકરો જન્મજાત મૂંગો હતો, તેનો બાપ ગોપાળાનંદ સ્વામી પાસે છોકરાને લઈ આવ્યો. સ્વામી પૂજા કરતા હતા, તેમાં ભગવાનને કેળાં ધરાવ્યા હતાં. તે કેળાની પ્રસાદી છોકરાને આપી, લે.. બેટા. પ્રસાદી ખાઈ જા... જ્યાં પ્રસાદી ખાધી ત્યાં તરત છોકરો બોલ્યો. બાપા ! કેળાં બહુ મીઠાં છે. એનો બાપ રાજી રાજી થઈ ગયા. જેના સંતમાં આટલી શક્તિ હોય, તો ભગવાનમાં શું ન હોય. આવો પ્રતાપ જોઈ અનેક માણસો સત્સંગી થઈ ગયા..

**દિધા પરસાદિના બહુ થાળ રે, દયા કરીને દીન દયાળ રે ।।**
**ભોજન બહુ ભાત્ય ભાત્યનાં રે, આપ્યાં જેને જુજવી જાત્યનાં રે ।**

ભગવાનના ભક્તને પ્રસાદીનો મહિમા જરૂર રાખવો. પ્રેમથી પ્રસાદ જમવો.

**આ ગ્રંથ પ્રગટ ઉપાસકને સારો લાગશે.**

પ્રસાદીમાં અપાર શક્તિ છે.. તે પ્રસાદીને પરતાપે, જાશે અક્ષરધામ આપે વળી ફલ, મૂલ, દલ દિધાં, જે જે જને હાથો હાથ લિધાં.. ગોળ, ખાંડ,સાકર, શેલડી, ચોળાફળી, મોગરી, ચણા, મગ, શિંગોડાં, પોંક, ઘઉં અને બાજરો મકાઈ વિગેરે વસ્તુ ભગવાનની પ્રસાદીની જમે છે, તે જીવાત્માનું અવશ્ય કલ્યાણ થાય છે.. એમ વેતિ કિંધિ અક્ષરવાટ... જાવા જીવ સહુને એ માટ..



**મેલ્યા મોક્ષના છોડી વાવટા રે, તાર્યા જગના જીવ સામટા રે.**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, “ હે પ્રભુ !! તમે શરણે આવેલાને જન્મ મરણરૂપ સંસૃતિથી છોડાવનારા છો.. જે સતત સંસારમાં જ રચ્યા પચ્યા હોય, કુટુંબ પાછળ રચ્યા પચ્યા હોય, પૈસા માટે મુઠી વાળીને દોડતા જ હોય. માયામાં ખૂંચેલાની વાત નથી. માયાથી બચવા વાળાની વાત છે, જે સંસારથી થાકી જાય છે, તેને ભગવાન જન્મ મરણરૂપી સંસૃતિથી છોડાવે છે..

**ઈતિ શ્રીસહજાનંદસ્વામિચરણકમળસેવક નિષ્કુળાનંદમુનિવિરચિતે**
**પુરુષોત્તમપ્રકાશમધ્યે વિંશતિતમઃ પ્રકારઃ ।। ૨૦ ।।**

---

**દોહા – એહ રીતે અગણિતને, તાર્યા પોતાને પ્રસંગ ।**
**તે પો'ચાડયા પરમ ધામમાં, સહુને કરી શુદ્ધ અંગ ।।૧।।**
**જે જે જનને જાણજો, થયો શ્રીહરિને સંબંધ ।**
**તરત તે પ્રાણી તણા, છુટિ ગયા ભવબંધ ।।૨।।**

જે જીવાત્માને ભગવાનનો સંબંધ થયો, તેના ભવના બંધન છૂટી ગયા.. ઉદાર મને આવિયા જન તારવા જગ આધાર.. ભગવાન ઉદાર છે, લાયકાત પ્રમાણે સૌને આપે છે.. કુદરત જયારે દેશે, ત્યારે જીવ ઝીલી નહિ શકે, એને પોતાને ખબર નહિ રે કે આ બધું કયાંથી આવે છે !! પણ જો સદુપયોગ કરે તો ધન સંપત્તિ ટકી રહે ને દુરુપયોગ કરે તો પાછુ પણ લઈ લે ખરા. પ્રભુ લહેરી છે ચોક્કસ પણ નાલાયકને આપતા નથી...

બાપ પોતાના સુપાત્ર પુત્રને મિલકત આપે છે, કૃપાત્રને આપતા નથી, ધ્યાન રાખજો, સમજવા જેવી કથા છે. ધર્મ, ભક્તિ, જ્ઞાન, વૈરાગ્યશીલ, સંતોષ, દયા, શાંતિ વિગેરે જે સદ્ગુણોરૂપી ખજાનો તે સુપાત્ર દીકરાને આપે છે, કૃપાત્રને નહિ.

**મોટો પ્રતાપ મૂર્તિતણો રે, કહ્યો થોડોને રહી ગયો ઘણો રે.**

ભગવાનનો અપરંપાર મહિમા છે.. યથાર્થ મહિમા કોઈ પણ ગાઈ શકે નહિ..

**હવે પોતાને સંગાથે સંતરે, આવ્યા છે જે મુક્ત અનંતરે ।।૫।।**
**તેહ દ્વારે ઉદ્ધારિયા જે જનરે, તેપણ થયા પરમ પાવનરે ।**

સંતો દ્વારા અનેક જીવાત્માનો ઉધ્ધાર થયો છે. જે સંતોને અન્ન, જળ, ફળ,

ફૂલ, પાન, પાણી, આદિક વસ્તુ આપે છે, શીશ નમાવીને પગે લાગે છે તેનું અવશ્ય કલ્યાણ થાય છે. નિર્માની સંતને પાપી માણસો દુઃખી કરતા હોય, માર મારતા હોય, તેની રક્ષા માટે સાચો શૂરવીર થઈને પક્ષ રાખે, તો પક્ષ રાખનારાનું પણ કલ્યાણ થાય છે.. તેની અતિ સરસ કથા છે.. શૂરવીર ભક્તની ....

**તેની ભિડયમાંહિ પોતે ભળીરે, કરે સંત તણિ સા'ય વળીરે ।**
**એવી રક્ષાના કરનારરે, એવા જન ઉદ્ધાર્યા અપારરે ।।૧૨।।**

સૌરાષ્ટ્ર દેશમાં ગુંદાળી ગામના મામૈયો અને મેરામણ બે ભાઈઓ સારા સત્સંગી હતા, તેમના માતાજીનું નામ રાણદેબાઈ હતું, શ્રીજીમહારાજનો પરિપક્વ નિશ્ચય હોવાથી ઘણી વખત સંતો અવાર નવાર સત્સંગ કરાવવા માટે ગુંદાળી ગામમાં પધારતા... એક વખત બે સાધુ રાણદેબાઈને ઘરે આવ્યા, રાણદેબાઈએ સીધું આપ્યું, સંતોએ રસોઈ બનાવી અને ભગવાનને જમાડી જમવા બેઠા, ત્યાં ગામ ધણી આવ્યો સાધુનું ખૂબ અપમાન કર્યું.. માર મારીને સાધુને ભૂખ્યા તરસ્યા કાઢી મૂકયા, સંતો રડતે હૃદયે સ્વામિનારાયણ સ્વામિનારાયણ... ભજન કરતા બીજે ગામ ગયા..

રાણદેબાઈને ખૂબ દુઃખ થયું... મારા ગરીબ ગાય જેવા સાધુને જમવા ન દીધું.. ને વગર વાંકે માર્યા.. રડતા રડતા બેઠા છે.. ત્યાં બપોરનો સમય થયો, તેમના બે દીકરા ખેતરેથી ઘરે આવ્યા.. માને રડતા જોઈને બોલ્યા, " મા ! કેમ રડો છો ? શું થયું." દીકરા રડું નહિંતો શું કરું !! મારી નજર સામે. ગામધણીએ આપણા સાધુને મારી ધક્કા દઈ ખૂબ અપમાન કર્યું છે.. ક્ષત્રિયનો જન્મ. ગાય, બ્રાહ્મણ, સાધુ અને ગરીબની રક્ષા માટે ભગવાને આપ્યો છે.. તમે ગામ ધણીને બરાબર સજા કરો ! જેથી કરી સંતોનું અણમાન કરે નહિ. ભલે.. મા.. હમણાંજ જઈને બરાબર જેવી સજા ફટકાવશું...

શૂરવીર દીકરાઓ તરત હથિયાર ધારણ કરીને ગામધણી દરબાર પાસે આવ્યા.. અમારા સાધુને કોણે વગર વાંકે માર્યા છે ?? દરબાર રોફથી બોલ્યો. મે માર્યા છે.. તારાથી થાય તે કરી લે.. ખૂબ રકઝક થઈ.. શૂરવીર ભકતે ગામધણીનું માથું તલવારથી ઉડાડી દીધું, ગામધણી મૃત્યુ પામ્યો.. પછી બે દીકરા ઘરે આવ્યા.. મા ને પગે લાગીને કહ્યું, જેણે સંતને માર્યા છે, તે ગામધણીને ઠેકાણે કરી દીધો છે. મા એ કહ્યું, તમે જલદી ગઢપુર જાવ.. પાછળ વાર આવશે. તમને હેરાન કરશે..

બે દીકરા ગઢપુરને રસ્તે ચાલ્યા જાય છે. પાછળથી દુશ્મને વેર લેવા પડકાર



કર્યો, સામ સામી લડાઈ થઈ, તેમાં આ ભક્તને મારીને વેરી જતા રહ્યા. ભગવાનનાં દર્શન માટે બે ભાઈ આંખમાં પ્રાણ રાખી રહ્યા છે.. ત્યાં..

**ભગવાન ઠંડા પાણીનો ઘડો લઈને પ્રગટ થયા.**

માથા ઉપર હાથ મૂકીને શ્રીજીમહારાજે બે ભાઈના મોઢામાં પાણી રેડ્યું, " મામૈયા, મેરામણા ધન્ય છે તમારી શૂરવીરતાને તમે મારા સંતનો પક્ષ રાખી, જીવન કુરબાન કર્યું છે. શિરને સાટે પક્ષ રાખ્યો છે.. કહો તો જીવાડું ને કહો તો મારા ધામમાં લઈ જાઉં.. ભક્તરાજ ! આપની શી ઈચ્છા છે ?

બન્ને ભાઈની આંખમાં આંસુ આવી ગયાં, હે મહારાજ !! આવું મૃત્યુ તો ભાગ્યશાળીનુંજ થાય, તમે અમારા માથા ઉપર મીઠો મીઠો હાથ ફેરવતા હો અને અમારા પ્રાણ જાય. એવાં દર્શન તો જંગલના યોગીને પણ જલદી થતાં નથી. હવે અમારે જીવવું નથી. તમારાં દિવ્ય અક્ષરધામમાં જાવું છે.. એજ વખતે અક્ષરધામમાંથી મુકતો વિમાન લઈને આવ્યા. બે ક્ષત્રિય ભકત દિવ્યદેહ ધરીને વિમાનમાં બેસીને પરમાત્માના ધામમાં ગયા. સંતોનો પક્ષ રાખ્યો તો મહા અલૌકિક મોક્ષપદને પામી ગયા. આવી રીતે આપણે પણ ભગવાનના ભકતનો પક્ષ રાખવો. શ્રીજીમહારાજ આ બે કાઠી ભકતને લોયાના ત્રીજા વચનામૃતમાં યાદ કર્યા છે....

**એવા પક્ષના જે લેનાર રે, જાય તે જન ધામ મોઝાર રે.**

કોઈ ઈર્ષાળુ માણસો સંતો ઉપર ખોટી આળ નાખે, ખોટું કલંક નાખે, તેમાંથી જે બચાવી લે, તેનું પણ કલ્યાણ થાય છે, સંતનો ગુણ લેશે કે સંતો કેવા નિઃસ્વાદી છે, પતરમાં પાણી નાખી બધું ભોજ ભેળું કરી પ્રભુને સંભારીને જમે છે.. તેનું પણ કલ્યાણ થશે.. ગુણ લેતાં શીખો..

શ્રીજીમહારાજે નિષ્કુળાનંદ સ્વામીના હૈયામાં બેસીને આ ગ્રંથ લખાવ્યો છે.

**કહ્યું શ્રીમુખે શ્રીભગવાનેરે, તે મેં સાંભળ્યું છે મારે કાનેરે ।**
**આજ જીવ અનેક પરકારેરે, લઈ જાવા છે જો ધામ મારેરે ।।૧૯।।**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, મને શ્રીજીમહારાજે જે કહ્યું છે તે પ્રમાણે મેં લખ્યું છે.

**જેનું મન પવિત્ર હોય તેને, સત્ય વાત જલદી સમજાય છે.**

થોડી નિવૃત્તિ લેવાની જરૂર છે, છેલ્લા શ્વાસ સુધી પ્રવૃત્તિની ઘટમાળ ચાલવાની

જ છે, માટે યોગ્ય સમયે પ્રવૃત્તિમાંથી નિવૃત્તિ લેતાં શીખવું. કથા, કીર્તન, પૂજા, પાઠ, સત્સંગ સમૈયા ભજન ભક્તિ નિરાંતે કરવાં જોઈએ.

**ઈતિ શ્રીસહજાનંદસ્વામિચરણકમળસેવક નિષ્કુળાનંદમુનિવિરચિતે પુરુષોત્તમપ્રકાશમધ્યે એકવિંશતિતમઃ પ્રકારઃ ।। ૨૧ ।।**

---

**શ્રીમુખથી સુણી સામ્રથી, નથી કે'વાતિ તે કોએ રીત ।**
**કહિયે હૈયે સમાય નહિ, છે એવી આજની અગણિત ।।૧।।**
**એક સૂર પ્રકાશે સહુને, એક શશિ કરે શીતળ ।**
**એક મેઘ પલાળે પૃથવી, વરસાવી સુંદર જળ ।।૨।।**

સ્વામી અતિ સરસ મહિમા વર્ણવે છે, સૂર્ય શું કામ કરે છે ? સમગ્ર બ્રહ્માંડને પ્રકાશ કરે છે. ચંદ્રનું કામ શું ? સમગ્ર બ્રહ્માંડને શીતળતા આપે છે, મેઘનું કામ શું ? ભેદભાવ વગર બધેજ વરસે. ડુંગર ઉપર ન વરસે ને ખેતરમાંજ વરસે એમ નહિ. ભેદભાવ વગર બધેજ વરસે.. સત્સંગીના ખેતરમાં વરસેને કુસંગીના ખેતરમાં ન વરસે એમ નહિ. એ બધેજ વરસે.. ખેતરમાં વરસે તો મોલ ઊગી નીકળે. ડુંગરમાં વરસે તો કાંટા, કાંકરા ધોઈ નાખે.. રસ્તા ઉપર વરસે તો ગંદા મેલને ધોઈ નાખે.

સ્વામિનારાયણ ભગવાને આ જગતમાં વરસાદની જેમ વૃષ્ટિ કરી છે.. હો.. કેવી વૃષ્ટિ કરી ? મુમુક્ષુ જીવાત્માના હૃદયમાં ભક્તિના છોડ ઉગી નીકળ્યા. વાલિયા ભીલને ધોઈને ચોખ્ખો ચટ કરી, વાલ્મીકિ ઋષિ બનાવી દીધો.. ઉપલેટાનો વેરો લૂંટારો, ધોળે દિવસે જાનને લૂંટનારો પાકો ચોર, તેને સત્સંગમાં રંગે રંગી અંતરનો કચરો ધોઈ નાખ્યો...

### ડરના હો તો પાપ સે ડરીએ..

સદાવ્રતી માણસ કોઈ ભુખ્યાને દેખે કે તરત તેને જમાડે છે. પશુ, પંખી, પન્નગ એટલે સર્પ આદિ અગણિત જીવાત્માને તાર્યા છે.. સર્પનો ઉધ્ધાર કર્યો છે, તેની કથા સાંભળો...

ગામ ટોડલામાં પીપળાની પોલાણમાં એક મોટો કાળો નાગ રહેતો હતો, એક બ્રાહ્મણ ત્યાંથી પસાર થયો, અચાનક સર્પની પૂછડી પર પગ આવ્યો. સર્પે ખીજાઈને બ્રાહ્મણને ડંસ દીધો, કે બ્રાહ્મણ અચેતન થઈ પૃથ્વી પર પડી ગયો. શરીર લીલું છમ થઈ



ગયું, આખા શરીરમાં ઝેર વ્યાપી ગયું. હવે શું કરવું. બ્રાહ્મણને એના સંબંધી કપડાની ઝોળીમાં સુવાડીને ખુશાલભટ્ટ પાસે લઈ આવ્યા. ભટ્ટજીએ બ્રાહ્મણ ઉપર ભગવાનનું નામ લઈને પાણીનો છંટકાવ કર્યો.. કે ત્યાં તુરંત સર્પ આવ્યો.. કુંડળી વાળીને બેઠો...

ખુશાલ ભટ્ટે કહ્યું, તું બ્રાહ્મણને શા માટે કરડ્યો ? સર્પ બોલ્યો એણે મારા શરીર ઉપર પગ દીધો તેથી હું કરડ્યો છું. ખુશાલભાઈએ પૂછ્યું, તને શા કારણથી સર્પ યોનિ પ્રાપ્ત થઈ છે ?? હું પૂર્વમાં વાણીયો હતો. અનેક નિર્દોષ માણસોને મારી કુટીને ધન-માલ, સોનું, લૂંટી લેતો. છળકપટ કરી ખૂબ પૈસા ભેગા કર્યા. તે દ્રવ્ય મેં ધરતીમાં દાટી દીધું. વરસો જતાં હું સખત બીમાર થયો, પત રોગ થયો. ઘણી દવા કરાવી પણ જરાય ફેર થયો નહિ, રીબાઈ રીબાઈને મરી ગયો, યમદૂતો મને યમપુરીમાં લઈ ગયા, ત્યાં મને ખૂબ સજા ભોગવવી પડી. ક્રોધમાં ને ક્રોધમાં મારો દેહ પડ્યો તેથી મને સર્પની યોનિ મળી છે...

### ક્રોધ કરતો ગયો, બીજે જન્મે સર્પ થયો.

તમે મને જળનો છંટકાવ કર્યો તેથી મને પૂર્વજન્મની સ્મૃતિ થઈ છે. મારા ઉપર કૃપા કરી, મારો ઉધ્ધાર કરો. ત્યારે ખુશાલભટ્ટે કહ્યું, આ બ્રાહ્મણના શરીરમાંથી ઝેર સહિત તું ઉતરી જા. હવેથી કોઈને કરડજે નહિ. પીપળાના પોલાણમાં રહેજે. બ્રાહ્મણો જમ્યા પછી ઉચ્છિષ્ટ (એઠું) અન્ન જળ પીપળા પાસે રેડી જશે તે તું ખાજે. એક વરસ પછી તારું મૃત્યુ થશે. પછી તારો બીજો જન્મ ભાટને ત્યાં થશે. ત્યારે તને પ્રગટ ભગવાનનાં દર્શન થશે. ભક્તિ કરીશ પછી મુક્તિ થશે. ભકતિ કર્યા સિવાય મુક્તિ થતી નથી.

પછી તે સર્પ ખુશાલ ભટ્ટને પાંચ પ્રદક્ષિણા કરી, વારંવાર ફેણથી નમસ્કાર કરી. પીપળાના પોલાણમાં પેસી ગયો. આ રીતે ખુશાલભટ્ટે સર્પનો ઉધ્ધાર કર્યો. દેવ, દાનવ, ભૂત, ભૈરવ, કીટ, પતંગ, પરજંત આદિક અનેકનો ઉધ્ધાર કર્યો છે. ભાદરા ગામના વશરામ સૂતારના સંકલ્પને સિધ્ધ કરવા અનેક કીડીયોનો ઉધ્ધાર કર્યો...

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, પુરુષોત્તમપ્રકાશ ગ્રંથમાં અદ્‌ભૂત કથા છે, ભાગ્યશાળી હોય તેને વાંચન-શ્રવણ કરવાનો લાભ મળે છે.

**જેમ એક હોય ચિંતામણી રે, ટાળે પીડા તે ત્રિલોક તણી રે;**
**સંત સંન્યાસી સતસંગી બટુ રે, એને સંબંધે પામે છે સુખ મોટું રે.**

આ સત્સંગ ચિંતામણી જેવું છે, જેવો ચિંતવશો તેવું મળશે. માણસના

*ખિસ્સામાં થોડાક પૈસા હોય તો માનવને હિંમત રહે છે, ત્યારે જે ભક્તરાજ પરમાત્માને નિત્ય સાથે રાખીને ફરે. એને કેમ હિંમત નહિ હોય ?*

**ખુમારીથી ફરો કે મારી સાથે મારા ભગવાન છે..**

*ભગવાનને સતત યાદ કરો, નીલકંઠ નામ ઘનશ્યામ.. સદા સુખનું ધામ છે. ખરેખર સ્વામિનારાયણ ભગવાનની રીત ન્યારી છે. જે ધારે તે કરી શકે છે...*

At a young age we should do satsang

*બાળપણથી સત્સંગ કરવો જોઈએ.. નિષ્કુળાનંદ સ્વામી સ્વામિનારાયણ નામનો મહિમા કહે છે...*

***સ્વામિનારાયણ નારાયણ રે, ભજી કૈ થયા ધામ પારાયણ રે;***
***લેતાં નારાયણ મુનિ નામ રે, પામ્યા કંઈ સુખ વિશ્રામ રે.***

*શ્રી સ્વામિનારાયણ, હરિકૃષ્ણ... કૃષ્ણ આદિક ભગવાનનાં નામ છે.. એ મણિ છે.. સ્વામિનારાયણ... સ્વામિનારાયણ.. સ્વામિનારાયણ... કાયમ જપ કરે તેને ખોટા વિચાર આવતા નથી.. આ મણિને સદાય જીભ ઉપર રાખે તો એ અમર બની જાય છે.. જન્મ મરણનો રોગ ટળી જાય છે.*

*શ્રીજીમહારાજ સર્વના નિયંતા અને સુખના ધામ છે.. હાલે હુકમ એ નામ તણો.. આજ અમલ એહનો ઘણો..*

***કોઈ માં લિયો બીજાની ઓટ રે, જેમાં જાય જાણો જન ખોટ રે.***

*સર્વોપરી સ્વામિનારાયણ ભગવાનમાં દ્રઢ નિષ્ઠા રાખવી. મોટો મેળો ભરાયો હોય, ત્યારે નાનું બાળક એક હાથે તેના પિતાજીની આંગળી પકડી રાખે, અને બીજા હાથે મા ની સાડી પકડે તો ક્યારેય પણ ભૂલો પડતો નથી. ભગવદ્ નિષ્ઠાથી આંગળી પકડી હશે અને ભક્તિરૂપી સાડીનો પાલવ ઝાલ્યો હશે.. તો સંસારરૂપી મેળામાં ભૂલો નહિ પડે.... અવશ્ય કરવાનું એ જ છે.*

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિચરણકમળસેવક નિષ્કુળાનંદમુનિવિરચિતે પુરુષોત્તમપ્રકાશમધ્યે દ્વાવિંશઃ પ્રકારઃ ॥ ૨૨ ॥***

---

***દોહા – પુરુષોત્તમ પધારિયા, બહુ જીવનાં કરવા કાજ ।***
***સર્વે સામર્થિ સહિત પોતે, આજ આવિયા મહારાજ ॥૧॥***



*અનેક જીવાત્માનાં કલ્યાણ કરવા ભગવાન આ લોકમાં પધાર્યા છે. ત્રિલોકના જીવ તારવા, વડું મંડાણું છે વા 'ણ..સહજાનંદ સ્વામીના નામનો અપાર મહિમા છે.. જપતા રહો.. ભવસાગર તરી જશો.*

***સહજાનંદ સહજાનંદ ગાયરે, તેતો અક્ષરધામમાં જાયરે ।***
***સહજાનંદ નામ જેને મુખેરે, તેતો બ્રહ્મપુર જાશે સુખેરે ॥૬॥***

*જગદ્ગુરુ રામાનંદ સ્વામીએ નીલકંઠવર્ણીને મહાદીક્ષા પીપલાણામાં આપી બે નામ ધારણ કરાવ્યાં.. એક નારાયણમુનિ અને બીજું સહજાનંદ સ્વામી.... સહજાનંદ ગાય, તે અક્ષરધામમાં જાય..*

***સહજાનંદ સહજાનંદ ગાતાંરે, નથી કઠણ એને ધામ જાતાંરે ॥૮॥***
***સહજાનંદ સહજાનંદ કહિયેરે, જાણે એથી પરમ પદ લહિયેરે ।***
***જેને અખંડ એ છે રટનરે, તેને ન રહે ભવ અટનરે ॥૯॥***

*નિષ્કુળાનંદ સ્વામી કહે છે આ વખતે કલ્યાણનો માર્ગ સાવ સહેલો રાખ્યો છે, સ્વામિનારાયણ મંત્ર મહા બળીયો છે.. રાતદિન માયાકી બાત કરોગે તો હૃદય મેં માયા હી જમા હોગી, ઓર અગર રાતદિન ભગવાન કે લીલાચરિત્રોં કો યાદ કરોગે તો તુમ્હારે હૃદયમેં સુખ ઔર આનંદ હોગા, તુમ્હારા જન્મ સફળ હોગા, મોક્ષ પ્રાપ્તિ કે લીયે સબ લોગ કે માનવ શરીર પ્રભુને દીયા હૈ.. કેવલ ભોગ વિલાસ કો વ્યક્ત કરને કે માનવ શરીર નહિ હૈ.. ભક્તિ કરને લીયે યે માનવ દેહ હૈ...*

*સહજાનંદ નામ સાંભળી, જાય પૂર્વનાં પાપ બળી; સુણી સ્વામિનારાયણ નામ, સર્યાં કંઈક જીવનાં કામ. આ જગતની અંદર યોગ, યજ્ઞ, તપ, તીર્થ વેદ વિધિ બધુંજ કરી શકે પણ અખંડ ભગવાનના જપ કોઈક જ વીરલા ભાગ્શાળી હોય તે કરી શકે છે.*

***સ્વામિનારાયણની જે કથા રે, સુણે જાયે નહિ જન્મ વૃથારે ।***
***સ્વામિનારાયણ નામ પદ રે, સાંભળતાં આવે સુખ સદરે ॥૧૩॥***

*કથા સાંભળવાથી હૃદયભુવનમાં જ્ઞાન દીપક પ્રગટ થાય છે. જેમ સાબુથી વસ્ત્રનો મેલ તથા શરીરનો મેલ જાય છે તેમ ભગવાનની કથા સાંભળવાથી મનનો મેલ ધોવાય છે, મન નિર્વાસિનિક બને છે. સંસારમાં રહે પણ જળકમળવત રહે.. આ જગતમાં જેની પાસે ઘણા પૈસા હોય, ગાડી ને બંગલા હોય, પુત્ર પરિવાર હોય તેને જગતના જીવ ભાગ્યશાળી માને છે, પણ સારી હકીકતમાં ધર્મ, જ્ઞાન, ભક્તિ અને*

વૈરાગ્ય છે તે ભાગ્યશાળી છે.. સમજણ માગી લે તેવી કથા છે..

રતનપુર ગામમાં સંતોના યોગથી સત્સંગ વધતો રહ્યો, સાયંકાળે ભક્તો ભેળા થઈ આરતિ ધૂન્ય, કથા, કીર્તન કરે છે.. ત્યાં જશમત નામે પટેલ પરમ ભક્ત રહેતા હતા. વ્યવહારે ખૂબ સુખી હતા, ધનધાન્યથી રસકસથી ઘર ઉભરાતું હતું, ખેતીવાડી સારી હતી, ઘરના આંગણે હાથણી જેવી ભેંસો.. ગાયો અને જોરદાર બળદ હતા. જસમતભાઈનો સંસ્કારી સુપાત્ર ગુણિયલ પચીસ વર્ષનો એક દીકરો હતો, નામ હતું મોહન...

મોહન નિત્ય સંતસમાગમ કરવા જાય, વ્યવહારની જવાબદારી બરાબર સંભાળે.. મોહન કહે, પિતાજી તમે ભજન, ભક્તિ અને સત્સંગ કરો.. મને માર્ગ દર્શન આપજો.. પણ વ્યવહારની ચિંતા ન કરશો, તમામ વ્યવહારની જવાબદારી મોહન નિભાવે છે.. જસમતભાઈ જળકમળવત જનકરાજાની જેમ અનાસક્ત ભાવે સંસારમાં રહે છે,

એક વખત વાળુ પાણી કરી રાત્રે ઓસરીમાં ભર નિંદ્રામાં સૂતા છે, તે વખતે અક્ષરધામના અધિપતિ સ્વામિનારાયણ માણકી ઘોડી ઉપર બેસીને જસમતભાઈની પાસે આવ્યા, ઘોડીએ પોતાના બે પગ ઓસરી પર મૂકયા, જસમતભાઈ ગોદડું ઓઢી સૂતા છે.. ધીરેથી પ્રભુએ ગોદડું ખેંચ્યું... જસમતભાઈએ જોયું તો તેજના અંબારમાં માણકી ઘોડી પર શ્રીજીમહારાજનાં દર્શન થયાં.. ઊભા થઈ ગયા.. દંડવત પ્રણામ કરી પગે લાગ્યા... પ્રેમનાં આંસુથી પ્રભુનાં ચરણ પલાળી દીધાં.. પ્રભુ આજ મારે આંગણે પધાર્યા... ધન્ય ઘડી ધન્ય અવસર હાથ જોડી કીર્તન ગાય છે...

**મારે આજ પ્રીતમ ઘેર આવીયાજી રે,**
**ભરી થાળ મોતીડે વધાવીયાજીરે . . . . મારે. . . .**
**પહેલાં નીર ઊને નવરાવીયાજીરે,**
**પછી પ્રીતમ મહીં પધરાવીયાજીરે . . . . મારે. . . .**

જશમતભાઈએ કહ્યું, જે આજ્ઞા હોય તે ફરમાવો.. પ્રભુ !! શ્રીજીમહારાજે કહ્યું, તમારો યુવાન દીકરો મોહન છે, તેને અક્ષરધામમાં તેડી જઈએ તો તમે રાજી કે કેમ ?? આવી વાત સાંભળી તો હૃદયના ધબકારા વધી જાય.. પણ જસમતભાઈ તો મહેમાનની જેમ ઘરમાં રહે છે.. તેથી બે હાથ જોડી કહ્યું, હે મહારાજ ..!!..



## જગતના નાશવંત સુખ કરતાં અક્ષરધામનું અલૌકિક સુખ અતિ શ્રેષ્ઠ છે.

મારો દીકરો એ તમારો જ દીકરો છે.. ખુશીથી અક્ષરધામમાં તેડી જાઓ.. શ્રીજીમહારાજે કહ્યું, કાલે દિવસના ત્રણ વાગે મોહનને તેડવા આવશું.. આટલું કહેતાં શ્રીજીમહારાજ અદ્રશ્ય થઈ ગયા.. ત્રણ વાગ્યાનો સમય થયો પ્રભુજી વિમાન લઈને તેડવા પધાર્યા.. અદ્‌ભુત વિમાન દિવ્ય મણિમય રત્નજડીત સ્થંભ છે.. મધ્યભાગમાં શ્રીજીમહારાજ વિરાજમાન છે. અંદરના ભાગમાં અનેક નાનાં મોટાં સોનાનાં સિંહાસનો છે. તેમાં સુંદર દિવ્ય શરીર ધારી મુકતો બેઠા છે. પ્રભુના ચરણના નખમણિમાંથી કરોડો સૂર્ય અને ચંદ્રને ઝાંખા કરે તેવો પ્રકાશ ચારે દિશે છવાઈ ગયો છે.. આવાં અલૌકિક દર્શન જસમતભાઈને થયાં...

ચાલો.. મોહન ભગત ! તૈયાર થઈ જાઓ.. અમે તેડવા આવ્યા છીએ.. મહારાજ હું તૈયાર છું.. જસમતભાઈએ કહ્યું, મહારાજ.. ! આજ મારો દીકરો અક્ષરધામની ગાદીએ બેસે છે.. આ સાકર પ્રસાદીની કરી આપો.. ખોબે ખોબે સાકર વહેંચી.. પછી કહ્યું, હવે ખુશીથી મોહનને ધામમાં તેડી જાવ.. મોહનના આત્માને દિવ્ય શરીરમાં પધરાવી વિમાનમાં બેસાડી પ્રભુ ધામમાં તેડી ગયા...

જસમતભાઈએ સગાં સંબંધીને કહ્યું, મારા દીકરા પાછળ કોઈએ રડવું નહિ.. આવી ઉત્તમ સમજણ હતી જસમતભાઈની.. સંસાર અસાર સમજ્યો હોય તેનાથીજ આવું બની શકે...

જે પ્રેમભાવથી ભગવાનના છંદ ગાય છે. અષ્ટક ગાય છે. શ્લોક બોલે છે, સાખી બોલે છે તે સર્વે અક્ષરધામને પામે છે. શ્વાસે શ્વાસે ભગવાનનું સ્મરણ કરવું..

**શ્વાસ ઉશ્વાસે સમરે સ્વામીરે, તેની વ્યાધિ જાયે સર્વે વામીરે ।**
**રહે રસનાએ રવ એનોરે, ધારા અખંડ ઉચ્ચાર તેનોરે ।।૧૫।।**
**તેતો પામેછે પરમ પ્રાપતિરે, નથી ફેર તેમાં એક રતિરે ।**

શ્વાસ ઉશ્વાસ ભગવાનનું સ્મરણ કરે છે, તેની આધિ, વ્યાધિ, ઉપાધિ, વિરમી જાય છે.. જેનો જીવ નબળો હોય તેને પ્રભુમાં હેત થતું નથી.. નિષ્કુળાનંદ સ્વામી કહે છે, સકાર કહેતા સર્વ દુઃખ વામે, હકાર કહેતાં હરિધામ પામે; સહજાનંદ સહજાનંદ ગાય છે, તે નિર્ભય થઈ હરિધામને પામે છે.

**કલિયુગમાં કર્યું છે વા'ણરે, રે'વું નારાયણ પરાયણરે ।**
**નથી એથી વાત કાંય મોટિરે, મર કરે ઉપાય કોઈ કોટિરે ॥૨૦॥**

*કલિયુગમાં પાપ માત્રને હરનારું ભગવાનનું નામ છે, જેમ બને તેમ આ લોકમાંથી વૃત્તિ તોડીને એક ભગવાનના સ્વરૂપમાં જોડી દો.. સહેલામાં સહેલું અને અમૂલ્ય ફળ આપનારું એક ભગવાનનું નામ છે.. પ્રભુનું નામ .. જપતા રહો..*

**ઈતિ શ્રીસહજાનંદસ્વામિચરણકમળસેવક નિષ્કુળાનંદમુનિવિરચિતે પુરુષોત્તમપ્રકાશમધ્યે ત્રયોવિંશતિતમઃ પ્રકારઃ ॥ ૨૩ ॥**

---

**દોહા – એમ આજ અવિનાશીયે, કર્યું સોંઘું કલ્યાણ ।**
**જે જડે નહિ મોટા જોગીને, તે વણ શ્રમે કર્યું વાણ ॥૧॥**
**દેહ દમ્યા વિના દાસને, આપ્યું ધામ અવિનાશ ।**
**તોયે મન માન્યું નહિ, થયું નહિ હૈયું હુલ્લાસ ॥૨॥**

*નિષ્કુળાનંદ સ્વામી કહે છે, સત્યયુગમાં કઠિન તપશ્ચર્યા કરે તો પ્રભુનાં જલદી દર્શન થાય નહિ.. પણ આજે સહેજે સહેજે કલ્યાણ કરે છે. પછી ઉત્સવ આદર્યા, વરસો વરસ વડતાલ; દઈ દરશન દાસને, કરવા કોટિક નિહાલ...*

## ઉત્સવ ઉત્સાહી બનાવે છે.

*ઉત્સવ એટલે શું ?? મનને સંકુચિતતામાંથી બહાર લાવી ઉદારતા ખુલ્લા અવકાશમાં વિહાર કરાવતી પાંખો.. ભકતજનોને સમાચાર મળે કે શ્રીજીમહારાજ મોટા મોટા સમૈયા કરે છે.. ત્યારે દેશ દેશાંતરમાંથી અનેક ભકતજનો ચાલતા ચાલતા વડતાલ સમૈયામાં જાય છે.*

*ગામ પીપળાવમાં વિપ્ર પ્રભાશંકર પરમ એકાંતિક ભક્ત હતા. બાળપણથી સત્સંગ કરતા, સ્વામિનારાયણ ભગવાનના સ્વરૂપ નિષ્ઠાનું બળ બહુજ હતું, ભજન સ્મરણ કરવાનું અંગ હતું, નિત્ય સંતસભામાં જાય એકાગ્રચિતથી કથા સાંભળે.. સમય જતાં પ્રભાશંકરનું સગપણ કર્યું.. લગ્નની તૈયારી કરી.. માંડવો રોપાયો.. ઢોલ ઢબુકવા લાગ્યો.. શરણાઈના સૂર રેલાયા.. સ્ત્રીઓ મંગળગીત ગાય છે... વરરાજા કીમતી ભારે ભારે વસ્ત્રભૂષણ પહેરી તૈયાર થઈ ગયા.. શણગારેલા ગાડા ઉપર બેઠા.. ત્યાં એક ભકતરાજ કાગળ લઈને આવ્યા..*



*પ્રભાશંકરભાઈ આ પત્ર સ્વામિનારાયણ ભગવાને મોકલાવેલ છે.. પ્રભાશંકરભાઈએ તે પ્રસાદીનો પત્ર આંખે અડાડી, માથે ચડાવ્યો.. આહા.. પ્રભુ મને યાદ કર્યો, આંખમાં હર્ષનાં આંસુ આવી ગયાં, પત્ર ખોલ્યો.. તેમાં લખેલું કે વરતાલમાં અમે સમૈયો કરવાના છીએ.. ત્યાં તમો દર્શનનો લાભ લેવા જરૂર પધારજો.. હૃદયમાં આનંદ છવાઈ ગયો.. મને શ્રીજીમહારાજનાં દર્શન થશે.. કથા.. કીર્તનનો યોગ મળશે... તરત ગાડા ઉપરથી નીચે ઉતરી ગયા..*

*માતાપિતાને પગે લાગીને કહ્યું, " પિતાજી હું વરતાલ સમૈયો કરવા જાઉં છું... બેટા .. લગ્ન અધૂરાં મૂકીને જવાય નહિ.. પિતાજી ! લગ્ન તો ફરી પણ લેવાશે.. પણ શ્રીજીમહારાજનો કાગળ ફરી નહિ આવે.. આટલું કહેતા વરતાલના માર્ગે ચાલતા થઈ ગયા.. મસ્ત બની કીર્તન ગાય છે.*

**નાથ ન મેલું વેગળાજીરે, હરિવર આવ્યા છો હાથ રે. . . નાથ. . . .**
**કલ્પીનું ધન કરી રાખશુંજીરે, સાચી માનો એ ગાથ રે. . . નાથ. . . .**
**ઇચ્છો તમો ત્યાં આવીએજીરે, શ્યામ સુંદર તમ સાથ રે. . . નાથ. . . .**

*હે પ્રભુ તમને એક પળ પણ નહિ વિસારું, જતન કરીને મારી આંખડલીમાં રાખીશ.. તમે મારા હૈયાના હાર છો.. વડતાલના લીલુડા લીંબડા નીચે સંતો અને ભકતો મધ્યે સિંહાસન ઉપર શ્રીજીમહારાજ બિરાજમાન છે, પ્રભાશંકર શ્રીજીમહારાજના ચરણમાં દંડવત કરી પગે લાગીને સભામાં બેઠા.. શ્રીજીમહારાજે પૂછ્યું, ભકતરાજ કેમ છો ? કુશળ છો ને !! હા.. મહારાજ.. તમારી કૃપાથી કુશળ છીએ.. અમારો કાગળ મળ્યો ? હા, મહારાજ કાગળ મળતાની સાથે આંહી આવ્યો છું.. હાથમાં શું બાંધ્યું છે. ? મીંઢળ બાંધ્યું છે...ગાડા ઉપર બેસીને લગ્ન કરવા જતો હતો.. શ્રીજી બોલ્યા, ભકતરાજ એવડી શીદ ઉતાવળ કરી.. પરણીને પછી આંહી આવવું હતું. .ને... !!*

## નિર્વાસનિક ભકત પીંડ બ્રહ્માંડમાં ક્યાંય બંધાતા નથી..

*પ્રભાશંકરે સરસ જવાબ આપ્યો.. વહાલાના વચનમાં વિલંબ કરાય નહિ, પરણવાની ક્યાં ઉતાવળ છે.. જન્મોજન્મ લગ્ન કર્યાં.. ચાર ફેરા ફર્યા.. છતાં ચોરાસી ફેરા ટળ્યા નહિ.. ભવસાગરના ફેરા ટાળવા આંહી આવ્યો છું.. શ્રીજીમહારાજે કહ્યું, આવા નિર્વાસનિક ભક્ત પીંડ બ્રહ્માંડમાં કયાંય બંધાતા નથી.. વૈરાગ્યવાન માયાથી ઉપર તરી આવે છે, તેને માયાનું પાણી ડૂબાડતું નથી.. પ્રભુએ રાજીપો વ્યકત કરતાં*

કહ્યું, તમે ખરા હેતવાળા હો. બીજાથી આમ બને નહિ.. એમ સભામાં વખાણ કર્યા..

વચનામૃતમાં શ્રીજીમહારાજે પ્રભાશંકરને યાદ કર્યા છે.. હેતના અંગવાળા ઝીણાભાઈ દેવરામ ને પ્રભાશંકર છે, જેનું હેતનું અંગ હોય તેને ભગવાન વિના પળમાત્ર પણ રહેવાય નહિ..

વડતાલમાં શ્રીજી મહારાજ મેડા ઉપર બેઠા છે.

**બેઠા મોટે મેડે મહારાજરે, સૌને દરસન દેવાને કાજરે ।**
**ઉભા થઈને આપે દયાળરે, લિયે સહુ જનની સંભાળરે ॥૧૦॥**
**પે'રી સુંદર વસ્ત્ર સોનેરીરે, જોયા જેવી શોભા જામા કેરીરે ।**
**પે'રી પાયે જામો જરીનોરે, નૌતમ નાડિનો રંગ નવીનોરે ॥૧૧॥**

ઊંચા સુશોભીત મંચ પર શ્રીજીમહારાજ બીરાજમાન થયા છે. સુંદર મજાનો સોનેરી સુરવાલ, જરકશી જામો, મસ્તક પર સોનેરી પાઘ, તે પાઘમાં ફૂલના તોરા લટકે છે. કંઠમાં સોનાના અને પુષ્પના હાર ધારણ કર્યા છે. કાને કુંડળ, આંગળએ વેઢ વીંટી ને હસ્તમાં કડાં .. ચરણમાં ઝાંઝર ધારણ કર્યા છે.. ચારે બાજુ સંતો અને ભકતો બેઠા છે.. નીરખી નીરખીને પ્રભુનાં દર્શન કરે છે..

**એવિ મૂર્તિ ઉર જેને રહિ રે, તેને સર્વે કમાણી જો થઈ રે.**

ભક્તિ ભજનરૂપી કમાણી કરજો.. એ કમાણી સાથે ચાલશે. ખ્યાલ રાખજો.. હૃદયમાં અજ્ઞાનરૂપી અંધારું થઈ જાય નહિ. અંધારું થઈ જાય તો શું થાય, તેને ભગવાનનાં દર્શન કરવાં ગમે નહિ, પૂજાપાઠ કરવા ગમે નહિ.. કથા સાંભળવી ગમે નહિ, સત્સંગમાં એને કંટાળો આવે.. આવું જીવન થઈજાય ત્યારે સમજવું કે અંતરમાં અંધારું થઈ ગયું છે.

### ભોજનની જેમ ભજન સમયસર કરવું.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, દરરોજ એવી ભાવના કરો, ભગવાન મારી સાથેજ છે. જમવા બેસો ત્યારે એવી ભાવના રાખો કે ભગવાન મારી સાથે જમે છે. સુઓ ત્યારે યાદ કરો કે, ભગવાન મારી સાથે સૂતા છે, દરેક ક્રિયામાં ભગવાનનું સ્મરણ કરો.

**માટે કરે છે મોટા જો મેળારે, બહુજન કરવાને ભેળારે ।**
**માટે જેણે જોયા એ સમૈયારે, તેતો બ્રહ્મમો'લવાસી થયારે ॥૧૯॥**

સમૈયામાં અનેક ભકતજનો ભેળા થાય, એકબીજાને મળે, આનંદ કરે, રાસ



રમે, ભેળા બેસી જમે.. કથા સાંભળો.. જેણે સમૈયાનાં દર્શન કર્યા છે તેના જન્મ મરણના ભય ટળી ગયા છે. સમૈયા દ્વારે અનેક જીવાત્માનો ઉધ્ધાર થાય..

**ઈતિ શ્રીસહજાનંદસ્વામિચરણકમળસેવક નિષ્કુળાનંદમુનિવિરચિતે**
**પુરુષોત્તમપ્રકાશમધ્યે ચતુર્વિંશઃ પ્રકારઃ ॥ ૨૪ ॥**

---

**દોહા – વળતું વાલમે વિચારીયું, ઉત્સવ કરવા અનેક ।**
**સહુજન મળે સામટા, સમજાય સહુને વિવેક ॥૧॥**

જીવનમાં વિવેક રાખવો. વિદ્યા વિવેક અને વિનયથી શોભે છે, મર્યાદા રાખવી.

**મંદિર કરાવું મોટાં અતિ, મૂર્તિયો બેસારું માંય ।**
**સુગમ સહુ નરનારને, પૂજે સ્પરશે લાગે પાય ॥૪॥**

ઉત્સવ સમૈયાના અવલંબન માટે સ્વામિનારાયણ ભગવાને મોટાં મોટાં મંદિરો બનાવ્યાં.. મંદિર છે તે મોક્ષનું દ્વાર છે.

### મંદિર શા માટે ?

ઘણા અણસમજુ માણસો કહેતા હોય છે.. મંદિર શા માટે ?.. મંદિરની શું જરૂર છે ? મંદિરની ખાસ જરૂર છે.. આજનો માનવી માનસિક અશાંત વાતાવરણમાં જીવી રહ્યો છે.. મંદિરમાં જવાથી શાંતિની અનુભૂતિ થાય છે.. મંદિરમાં જીવનનું અધ્યાત્મિક રીતે ઘડતર થાય છે.. ઘરસંસાર દુનિયા એ ભોગ ભૂમિ છે..

### મંદિર છે તે યોગભૂમિ છે.

**જિયાંલગિ દર્શન અમે દૈયેરે, વળી સમૈયે અમે આવિયેરે ।**
**પણ અવાય નહિ સમૈયેરે, દરશન વિના દાઝે જન હૈયેરે ॥૫॥**

શ્રીજીમહારાજ કહે છે, હે ભકતજનો, માનવ શરીરે અત્યારે તમને અમારાં પ્રત્યક્ષ દર્શન થાય છે. અમે વારંવાર સત્સંગ સમૈયામાં જઈએ, કોઈ ભકતના મનોરથ પૂરા કરવા જઈએ, ત્યારે અમારાં દર્શન તમને થાય નહિ દર્શન વિના તમારા હૈયામાં દુઃખ થાય.. તેથી અમે મંદિર બનાવી તેમાં અમારી મૂર્તિઓની સ્થાપના કરીએ જેથી તમારા હૃદયમાં સુખ અને શાંતિ થશે.

**અમદાવાદમાં કરાવિ મંદિરરે, તિયાં બેસારિયા બેઉ વીરરે ॥૭॥**
**નરનારાયણ સુખરાશીરે, પધરાવી કરાવી ચોરાશીરે ।**

શ્રીજીમહારાજ સ્વહસ્તે પોતે મંદિર તૈયાર કરાવી, મંદિરોમાં વિવિધ દેવો પધરાવ્યા.. સર્વ પ્રથમ અમદાવાદ મંદિરમાં મધ્યખંડમાં સંવત્ ૧૮૭૮ ફાગણ સુદ ત્રીજના રોજ શ્રી નરનારાયણદેવને બાથમાં લઈને પધરાવ્યા છે.. બ્રાહ્મણોની ચોરાસી કરી ખૂબ દક્ષિણા આપી રાજી કર્યા...

શ્રીજીમહારાજે કહ્યું કે, અમે સંકલ્પ કરીએ તો સુવર્ણનું મદિર ઊભું કરી દઈએ, પરંતુ અમારે તો ઈંટ પથ્થરના મંદિર બનાવીને નાનામાં નાના હરિભક્તની સેવા લઈને તે દ્વારા અનંત જીવાત્માનું કલ્યાણ કરવું છે, પરિશ્રમ કરીને ખેંચ વેઠીને જે મંદિર બને છે તેમાં ભજન-ભક્તિનો વિશેષ આનંદ આવે છે.

**(દોહા – મંગલમૂર્તિ મહાપ્રભુ , શ્રીસહજાનંદ શ્યામ ।**
**સુખસાગર સંતાપ હરન, રટુ નિરંતર નામ ।।૧।।**
**ગોવિંદને ગમતું સદા, ગામ વ્રતાલ વિશેષ ।**
**જળ છાયા ફળ ફુલ કરી, ગુણવંત ગુર્જર દેશ ।।૨।।)**

શ્રીજીમહારાજે વડતાલમાં મંદિર કરવાનો વિચાર કર્યો..

**વરતાલ મંદિર આદર્યુંરે, તેતો સહુથી સરસ કર્યુંરે ।**
**નવ મંદિર સુંદર સારાંરે, કર્યાં નૌતમ તે ન્યારાં ન્યારાંરે ।।૯।।**

એક વખત શ્રીજીમહારાજે બ્રહ્માનંદ સ્વામીને કહ્યું, “ સ્વામી વરતાલના હરિભક્તો મંદિર બનાવવા માટે ઉતાવળા થાય છે. તમે જલ્દી જાઓ અને નાનું મંદિર બનાવો. સ્વામી વડતાલ પધાર્યા.. પાયા ખોદવાની તૈયારી કરી, પગથી લીટો કર્યો. વિશાળ મંદિર શરુ કર્યું... એક હરિભક્ત શ્રીજીમહારાજ પાસે ગઢપુર આવ્યા.. મહારાજ.. બ્રહ્માનંદ સ્વામી તમારી આજ્ઞા લોપીને મોટું વિશાળ મંદિરનો આદર કર્યો છે.. શ્રીજી મહારાજે એક ચીઠ્ઠીમાં લખ્યું...

**આપકી પહોંચ વિચારીયે, કરીએ તેતી દોટ;**
**તેતા પાવ પસારિયે, જેતી લંબી સોઢ.**

આ ચીઠ્ઠી બ્રહ્માનંદ સ્વામીને આપજો.. હરિભકત દોડતા વડતાલ આવ્યા.. બ્રહ્માનંદ સ્વામીને ચીઠ્ઠી આપી... વાંચ્યુ તો લખેલું કે જેટલી પછેડી લાંબી હોય તેટલાજ પગ લાંબા કરાય, પછેડી ટૂંકી હોય તો પગ બહાર નીકળી જાય.. એટલે જેવી આપની આર્થિક શક્તિ હોય તે પ્રમાણે મંદિરનો આરંભ કરાય.. બ્રહ્માનંદ સ્વામીએ જવાબ લખ્યો..



**સાહેબ સરીખા શેઠીયા, વસે નગરકે માંય;**
**તાકો ધનકી કયા કમી, હુંડી ચલે નવખંડમાંય.**

અનંતકોટી બ્રહ્માંડના રાજાધિરાજ, જેમની હુંડી નવખંડમાં ચાલે છે.. એવા શેઠીયા સહજાનંદ એની પાસે ધનની કોઈ ખામી નથી.. નવનિધિ અષ્ટસિધ્ધિ હાજરાહજુર છે.. ચિઠ્ઠી લઈ ભક્ત. ગઢપુર આવ્યા. પગે લાગીને ચિઠ્ઠી શ્રીજીમહારાજને આપી.. ચિઠ્ઠી વાંચી સંભળાવી.. ત્યારે જીવુબા બોલ્યાં.. બ્રહ્માનંદ સ્વામી જે મંદિર કરાવે છે તે બરાબર કરતા હશે. શ્રીજીમહારાજે કહ્યું, લક્ષ્મીજી બોલ્યાં તે બરાબર છે.. હવે અમને કાંઈ ચિંતા નથી. સ્વામી કરે છે તે બરાબર છે.. ધમધોકાર કામ ચાલુ થયું.. જોતજોતામાં મંદિર તૈયાર થઈ ગયું.. શ્રીજીમહારાજ સંતો ભક્તોની સાથે વડતાલ પધાર્યા. સંવત્ ૧૮૮૧ના કારતક સુદ બારસને દિવસે લક્ષ્મીનારાયણ દેવની સ્થાપના કરી.

## શ્રી લક્ષ્મીનારાયણ દેવની જ્ય..

વડોદરાના શાસ્ત્રી વડતાલમાં દર્શન કરવા આવ્યા.. ઓ...હો.. શાસ્ત્ર વિરુધ્ધ કેમ દેવની સ્થાપના કરી હશે.. લક્ષ્મીજી ભગવાનની ડાબી બાજુ હોવા જોઈએ અને જમણી બાજુ કેમ છે !! સ્વામિનારાયણ ભગવાને ભૂલ કરી છે. ત્યાં શ્રીજીમહારાજ સંતો ભક્તોની સાથે મંદિરમાં પધાર્યા.. શોભારામ શાસ્ત્રીને કહ્યું, શાસ્ત્રીજી અમારું મંદિર કેવું થયું છે ? મહારાજ બધું બરાબર છે.. પણ એક મોટી ભૂલ છે... લક્ષ્મીજી નારાયણની જમણી બાજુ ન હોય.. પણ ડાબી બાજુએ હોવા જોઈએ.. તમે પ્રતિષ્ઠામાં ભૂલ કરી છે...

શ્રીજીમહારાજે કહ્યું, અમે કદાચ ભૂલ કરીએ, પણ લક્ષ્મીજીને તો ખબર હોયને.. કે મારે નારાયણની ડાબી બાજુએ રહેવું જોઈએ. લક્ષ્મીજીએ ભૂલ કેમ ચલાવી લીધી હશે.. આવી જ્યાં ચર્ચા કરે છે.. ત્યાં બધાને દેખતા તરતજ લક્ષ્મીજીની મૂર્તિ સ્વયં ચાલીને નારાયણની ડાબી બાજુ થઈ ગયાં.. આ દશ્ય જોતાં શાસ્ત્રીજી નવાઈ પામી ગયા.. ગજબનો પ્રતાપ છે આ મૂર્તિનો.. આવું ઐશ્વર્ય જોઈ શોભારામ શાસ્ત્રીએ પ્રભુના ચરણમાં દંડવત પ્રણામ કર્યા.. આપ તો સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ છો.. જે ધારો તે કરી શકો.. હું તમારે ચરણે ને શરણે છું.. પાકા એકાંતિક સત્સંગી થઈ ગયા.

શોભારામ શાસ્ત્રીએ કહ્યું, આવો ચમત્કાર કોઈક રાજાને બતાવો તો ઘણો સમાસ થાય.. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા.. અમારે એવા રાજાની જરૂર નથી. અમારે

ત્યાગ ને ભક્તિનો મદ હોય અને રાજાને રાજ્ય સત્તાનો મદ હોય માટે કોઈ કેને નમી દે એવું કામ નથી. સહેજે સત્સંગ થાય તેને કરાવીએ છીએ.

લક્ષ્મીનારાયણ સાથે રણછોડજીની સ્થાપના કરી.. દક્ષિણ દેરામાંહિ રાધાકૃષ્ણ.. હરિકૃષ્ણ મહારાજની પ્રતિષ્ઠા કરી, મોટો ઉત્સવ કર્યો... હજારો ભકતજનો દર્શન કરવા આવે છે... બહુ રીતે તારવા કાજ-આજ આવ્યા છે પોતે મહારાજ.

**જેણે કરી મંદિરની સેવારે, વળી પૂજ્યા સંત મુક્ત જેવારે ।**
**કરી ભક્તિ અતિ ભલે ભાવેરે, તેને તુલ્ય કહો કોણ આવેરે ॥૧૯॥**

ભાગ્યશાળી જીવાત્માઓ મંદિરની સેવા કરે છે. એનું ફળ છે અક્ષરધામ.. થાશે તે જન પૂરણકામ.....

**ઈતિ શ્રીસહજાનંદસ્વામિચરણકમળસેવક નિષ્કુળાનંદમુનિવિરચિતે પુરુષોત્તમપ્રકાશમધ્યે પંચવિશઃ પ્રકારઃ ॥ ૨૫ ॥**

---

**દોહા – ચલ ઉત્સવ ચડોતરે, વરતાલે વારમવાર ।**
**ઠીક પોતે ઠરાવિયા, જગ તારવા જીવ અપાર ॥૧॥**
**રામનૌમી એકાદશી, પ્રબોધની જે પાવન ।**
**આવે અગણિત એ સમે, સહુજન કરે દરશન ॥૨॥**

નિષ્કુળાનંદ સ્વામી વડતાલધામની દિવ્ય મૂર્તિ અને મંદિરનું વર્ણન કરે છે. શ્રીજીમહારાજ ગોમતીજીમાં સંતો ભક્તો સહિત અનેક વખત સ્નાન કરેલું છે.

**ધન્ય ધન્ય ધામ વરતાલરે, સારો આવ્યો છે સર્વે તાલરે ।**
**જેમ મંદિર સારું સુંદરરે, તેમ મૂર્તિયો મનહરરે ॥૫॥**
**નિર્ખિ જન મગન થાયરે, હર્ખિ હર્ખિ હરિગુણ ગાયરે ।**

જ્ઞાનબાગમાં બાર બારણાના હીંડોળે માથે મુગટધારી, સોનેરી પોષાક પહેરીને ઝૂલ્યા છે.. આંબલી નીચે સંતો ભક્ત મધ્યે બિરાજીને સંતોને વચનામૃતનું પાન કરાવ્યું છે.. ધર્મશાળામાં પાંચસો પરમહંસોને ખૂબ ભાવપૂર્વક લાડુ, જલેબી, સૂતરફેણી, સેવદલ, શીરો, રોટલી, દૂધપાક પૂરી, કંસાર શ્રીજીમહારાજે પોતાના હાથે જમાડ્યા છે. તે લીલાનું વર્ણન કરતાં પ્રેમાનંદ સ્વામી ગાય છે...

**પ્રેમાનંદ કહે હરે શબ્દ કીધલા,**
**આવ્યા પીરસવા નારાયણ આપ, મોતૈયા કર લીધલા**



**વારંવાર જમાડી દર્શન દીધલાં,**
**ફર્યા પંગતમાં પંચવાર, વળતી શયન કીધલાં.**

બ્રહ્મમહોલ જાવાને નિસરણી. એવી ઘનશ્યામે કરી ઘણી. બહુ પેરે છે બાર, અક્ષરધામ જાવા આ વાર, ભગવાન સુખના સાગર છે.. સુખ આપવામાં કોઈ ખામી રાખી નથી.

**કૈક કરશે દર્શન આવીરે, કૈક પૂજશે પૂજા લાવીરે ।**
**કૈક જોડશે આવીને હાથરે, તેતો થઈ ચુક્યા છે સનાથરે ॥૧૮॥**

સ્વામી કહે છે, જે ભક્તજન દરશન કરી બે હાથ જોડી નમસ્કાર કરે છે, તેના મનને પ્રભુ ઠારે છે. ભગવાનની વાણી હૈયાને ઠારે છે. ભગવાનની મૂર્તિ આંખને ઠારે છે.

**અવશ્ય કરવાનું હતું તે થયુંરે, પામ્યા ધામ કામ સરી ગયુંરે ॥૧૯**

આપણને અવશ્ય શું કરવાનું છે ? પ્રભુની આજ્ઞાનું પાલન કરી ધર્મ સહિત ભક્તિ કરવાની છે, જેણે ભક્તિ કરી છે તેનું કામ સરી ગયું છે.

**ભગવાનના મહિમાવાળો ધનવાન છે.**
**ભગવાનના મહિમા વગરનો ભિખારી છે.**

સબ લોક જબ સોતે હૈ નીંદર મેં.. તબ તરહ તરહ કે સ્વપ્ન આતે હૈં, અનંત રચના દીખતી હૈ.. પરંતુ આંખ બંધ હોતી હૈ.. તબ યે સંસાર મેં સબલોક સુખી દુઃખી હોતે હૈ.. વહ સબ ખુલ્લી આંખકા સ્વપ્ન હૈ.. સ્વપ્ન સચ્ચે નહિ હૈં.. તબ સંસાર ભી સચ્ચા નહિ હૈ.. નશ્વર હૈ.. પ્રેમ કરવા લાયક એક ભગવાન છે.

Only God is worthy of love...

પરમાત્માને હાથ કાંડુ સોંપીએ તો જીવન ધન્ય બની જાય છે.. અને જીવન લેખે લાગે છે.

**ઈતિ શ્રીસહજાનંદસ્વામિચરણકમળ સેવકનિષ્કુળાનંદમુનિવિરચિતે પુરુષોત્તમપ્રકાશમધ્યે ષડવિંશઃ પ્રકારઃ ॥ ૨૬ ॥**

---

**વરણવી વાત વરતાલની, કોટિ ઘણિમાંથી કિંચિત ।**
**ગાઉં રીતિ ગઢડાતણી, જિયાં ઉદ્ધારિયા અગણિત ॥૧॥**

**ઘણું ઘણું ઘનશ્યામ જિયાં, રહી કર્યાં માંગલિક કાજ ।**
**અનંત જીવ ઉદ્ધારિયા, મહા નિજબળે મહારાજ ।।૨।।**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, શ્રીજીમહારાજ પોતાના પ્રબળ પ્રતાપથી માયામાં ફસાયેલા જીવાત્માને બંધનથી મુક્ત કરવા આવ્યા છે. અનેક પાપી જીવાત્માનો ઉધ્ધાર કર્યો છે. મોટા મોટા ઉત્સવ સમૈયા કરી સંતો દ્વારા અનેક જીવાત્માને પુનિત કર્યા છે, મંદિર બનાવી મોક્ષનો માર્ગ વહેતો રાખ્યો છે..

ગોપાળાનંદ સ્વામી સંતો સહિત ગામ ઝોળમાં પધાર્યા.. ત્યાં એક આદર્શ નિષ્ઠાવાન પાટીદાર ભુલા ભગત હતા, સંતો સાથે ખૂબજ આત્મીયતાથી જોડાયેલા હતા. સ્વામીને પગે લાગીને બેઠા.. સ્વામીએ કહ્યું, "ભુલા ભગત" તમારા ગામમાં મંદિર નથી.. મંદિર હોય તો સાથે બેસીને સત્સંગનો સારો સમાસ થાય.. ભુલા ભગતે કહ્યું, આ ગામમાં મુસલમાનની વસ્તી ઘણી છે.. તેથી મંદિર કરવા દેશે નહિ.. સ્વામીએ કહ્યું, ભગવાનના હાથ લાંબા છે.

**આપણે હિંમત રાખશું તો પ્રભુ મદદ કરશે.**

તમે ઈંટો, પથ્થર અને ચૂનો તૈયાર કરો.. એક સરસ જગ્યા હતી. સ્વામીએ કહ્યું, આંહીં પાયા ખોદીને મંદિરની તૈયારી કરો. !! ભુલા ભગત બોલ્યા.. ગામ ધણી મંદિર કરવા દેશે નહિ... સ્વામીએ કહ્યું, તમે ચિંતા ન કરો. ધણીનો કોઈ ધણી નથી.. સબ ભૂમિ ગોપાલ કી હૈ.. તમામ ધરણીના ધણી ભગવાન છે.. હરિભક્તો પાયા ખોદે છે.. ત્યાં ગામ ધણી આવી ગયો.. હાક મારી !! અલ્યા બાવલાઓ, પૂછ્યા સિવાય ધરતી ઉપર કેમ પાયા ખોદો છો ? નીકળી જાવ.. ગામથી બહાર નહિંતર માર ખાશો.. ત્યારે સ્વામીએ કહ્યું, ભગવાનની ધરતી છે. ને ભગવાનનું મંદિર બનાવીએ છીએ.

ગામ ધણીએ ગામની સ્ત્રીઓને ચડાવી કે તમે સ્વામિનારાયણના સાધુને અડવા જાવ.. ધક્કા મારીને બહાર કાઢી મૂકો.. જ્યાં સ્ત્રીઓ સાધુને ધક્કા દેવા જાય ત્યાં પ્રભુની ઈચ્છાથી એક ભૂરીયો સર્પ નીકળ્યો.. સ્ત્રી પાછળ દોડ્યો.. સ્ત્રીઓ મુઠ્ઠીવાળીને જાય દોડતી, જો ડંખ દેશે તો મરશું.. આડીઅવળી સંતાઈ ગઈ.. ગામ ધણીની છોકરીને સર્પે ડંખ દીધો.. કે તરત મૃત્યુ થઈ ગયું.. ગામધણી ગભરાઈ ગયો ! શું કરવું. કાંઈ સૂઝતું નથી. દીકરી મરી ગઈ છે છતાં ગામધણી રોફથી જોર કરે છે...

ગમે તેમ થાય પણ આપણા ગામમાં સ્વામિનારાયણનું મંદિર ન જ થવું જોઈએ



જ્યાં મંદિરના પાયા ખોદાયા છે ત્યાં મુસલમાન આવ્યા.. કામ બંધ રાખો !! નહિતર માર ખાશો !! ત્યાં જોરદાર ભુરીયો નાગ નીકળ્યો, સર્પને જોઈ થરથરી ગયા.. જાય ભાગ્યા.. ભાગો નહિતર મર્યા.. સર્પ ગામધણીની પાછળ દોડ્યો.. પગ ઉપર ફેણ પછાડી કે ધાડ દઈ પડ્યો હેઠો.. સર્પ દોડીને ગામધણીના છોકરાને કરડ્યો કે છોકરો તરતજ મૃત્યુ પામ્યો.. ગામધણી મુંઝાઈ ગયો.. શું કરવું...

ગામધણી તથા તેમનાં સંબંધી બધાં રડતાં રડતાં ગોપાળાનંદ સ્વામી પાસે આવ્યાં.. સ્વામીજી ! અમને માફ કરો.. તમારા જેવા ફકીરને અમે ખૂબ દુઃખી કર્યા છે.. દયા કરીને અમારા દીકરા તથા દીકરીને જીવતાં કરો.. સ્વામીએ કહ્યું, મંદિર માટે જમીન જોઈએ, તેનો લેખ કરી આપો !! તો દીકરો ને દીકરી જીવતાં થશે. ગામધણીએ તરત તલાટી પાસે જઈને લેખ કરી આપ્યો..

ગોપાળાનંદ સ્વામીએ ભગવાનને હૃદયમાં ધારીને સ્વામિનારાયણ સ્વામિનારાયણ કરતાં મૃત બાળકો પર પાણીનો છંટકાવ કર્યો કે બાળકો તરત બેઠાં થઈ ગયાં.. આ જોઈ સૌ આશ્ચર્ય પામી ગયા. ઓ હો.. હો.. ગજબની શક્તિ છે.. સ્વામિનારાયણ ભગવાનના સાધુમાં...

સ્વામીએ ભુલા ભગતને કહ્યું, "હવે શાંતિથી મંદિરનું કામ ચાલુ રાખજો.. કોઈ નડતર નથી." ભુલા ભગતે કહ્યું, આ મુસ્લિમ લોકો મંદિર પૂરું કરવા દેશે નહિ, ક્યારેક હુમલો કરશે. !! સ્વામીએ કહ્યું, તમારી મદદમાં આ ભુરીયો નાગ છે. તેને બોલાવજો, એ તરત આવશે ને રક્ષા કરશે.. ભુલા ભગતને ભલામણ કરી સ્વામી વરતાલ ગયા, થોડા દિવસ પછી ગામધણી તેમજ બીજા મુસલમાનની મતિ ફરી.. આ મંદિર નથી કરવું.. ફાવે તેમ ગાળો બોલે છે.

ભુલા ભગતે કહ્યું, ઊભા રહેજો હમણાં ભુરીયો નાગ આવશે.. સાદ પાડ્યો.. ભુરીયા.. ઓ.. ભુરીયા.. તરત નાગ નીકળ્યો ને માણસો પાછળ દોડ્યો.. બધા ડરીને જાય ભાગ્યા.. રાડો પાડે છે.. ભુલા ભગત... તારા ભૂરીયાને વાર્ય.. અમને કરડી ખાશે... પછી બધા ટાઢા થઈ ગયા.. મંદિરના બાંધકામમાં કોઈ અડચણ કરતા નહિ...

**ગોપાળાનંદ સ્વામીના વચનથી ભુરીયો નાગ મંદિરની ચોકી કરતો.**

આગળ જતાં તે ગામમાં સારો સત્સંગ થયો.. ફળ, ફૂલ વગરનું વન નકામું છે, સત્સંગ વગરનું જીવન નકામું છે.

**કર્યા ઉત્સવ અતિ અપારરે, જગજીવન જગ આધારરે ।**
**અષ્ટમી અન્નકોટ ઉત્સવરે, કર્યા ભવજળ તારવા ભવરે ॥૫॥**

વસંતપંચમી, ફુલદોલોત્સવ સમૈયામાં શ્રીજીમહારાજ ગુલાલની ફાંટો ભરી ભરીને સંતો ભકતો ઉપર ઉડાડી રંગે રંગી દેતા. મહા અલૌકિક સુખમાં ઝીલતા કરી દીધા... વસંતપંચમીનો દિવસ આવ્યો.. ગઢપુરમાં શ્રીજીમહારાજ સંતો ભક્તોની સાથે રંગ રમે છે. સૌને રસબોળ કરી દીધા. રંગ રમી શ્રીજીમહારાજ ઓસરીમાં બેઠા છે.. ગોપાળાનંદ સ્વામીને થયું કે બધા સંતો શ્રીહરિ સાથે રંગે રમ્યા ને હું એકલો રહી ગયો.. બાજુમાં રંગનું મોટું તપેલું ભર્યું હતું. તેમાથી પીચકારી ભરી.. પ્રભુજીના વાંસામાં પિચકારી ઉડાડી... છાતીમાં પીચકારી મૂકેતો અપરાધ લાગે તેથી વાંસમાં રંગ ઉડાળ્યો..

શ્રીહરિએ પાછુ વળીને જોયું તો ગોપાળાનંદ સ્વામીના હાથમાં પિચકારી છે. શ્રીહરિ હસીને બોલ્યા. આજે ઘરડી ગાયને શૂરાતન ચડ્યું છે. પછી શ્રીહરિ સંતો ભકતો સાથે ઘેલામાં સ્નાન કરવા પધાર્યા ખૂબ જળ ક્રીડા કરી સૌને આનંદ પમાડ્યાં.. આવી રીતે ભગવાન ભકત સાથે રમે છે, જમે છે, હસે છે અનેક પ્રકારની લીલા કરે છે.

**ના'તા નૌતમ કરતા લીળારે, ભળી વળી પોતે સંત ભેળારે ।**
**ગાતા વાતા આવતા ઉતારેરે, જન જમાડતા તેહ વારેરે ॥૮॥**

નિષ્કુળાનંદ સ્વામી ગઢપુરની લીલાનું વર્ણન કરતાં કહે છે. શ્રીજીમહારાજ સંતો ભકતોની સાથે વાજતે ગાજતે ઘેલા નદીમાં સ્નાન કરવા જાય.. ત્યાં અનેક પ્રકારની લીલા કરી, સંતોને આનંદ આપી રાજી કરે, માણકી ઘોડી પર સ્વાર થઈ પાછા દાદાના દરબારમાં પધારે.. સંતોની પંક્તિ થાય ત્યારે શ્રીહરિ કમર કસીને પંક્તિમાં પીરસવા પધારે.. લાડુ.. લાડુ.. આમ બૂમો પાડે છે, સંતોને તાણ કરી કરીને જમાડે.. અન્નકૂટ ઉત્સવ પર દેશાંતરથી ભકતજનો આવે તેને કુશળતા પૂછે. ભકતરાજ કુશળ છો ને !! ત્યાં બધા સત્સંગી સુખી છે ને.. હા.. મહારાજ બધા કુશળ છે તમને જય સ્વામિનારાયણ કહ્યા છે.. આવું સાંભળી પ્રભુ રાજી થઈને પોતાના કંઠમાંથી હાર ઉતારી ભકતને પહેરાવી રાજીપો વ્યકત કરે.. અને પોતાના હાથે પીરસીને જમાડે..

**નિજ હાથે જમાડેછે નાથરે, મૂકી જન માથે હરિ હાથરે ।**
**એમ આપેછે સુખ અલેખેરે, તેતો નર અમર સૌ દેખેરે ॥૧૩॥**



ભકજનના માથા ઉપર પ્રભુ હેતાળ હસ્તકમળ પધરાવી આશીર્વાદ આપે છે.... સદાય સુખીયા રહો.. વળી વસંતપંચમીએ વાલે, બહુ સખા રંગ્યાતા ગુલાલે; પોતે ભરી ગુલાલની ઝોળી, નાંખી રંગી હતી સંત ટોળી.. આવી લીલાનું સ્મરણ કરે છે તે અક્ષરધામને પામે છે..

**જીવ જોરેશું જાવા છે લઈરે, સુખી કરવા છે સુખ દઈરે ।**
**હશે જીવને જાવાનું બીજેરે, પણ જાવું પડશે રીઝે ખીજેરે ॥૧૯॥**
**એમાં નહિ પડે કેણે ફેરરે, શીદ કહેવરાવો વેરવેરરે ।**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, જીવને બીજે જવાનું ધાર્યું હશે તો આ વખતે જીવાત્મા અક્ષરધામમાં જવા રાજી નહિ હોય તો પણ તેને તેડી જશે, માંડવધારના ભરવાડનું ભગવાને કલ્યાણ કર્યું, સોઢી ગામની મુસલમાન બીબીનું પણ કલ્યાણ કર્યું છે. જન્મ સુધરી ગયો તો ભવનો ફેરો ટળી ગયો..

**ભક્તિનો રંગ લાગી જાય, તેનો જન્મ સુધરી જાય..**

જેને સહજાનંદ સ્વામી મળ્યા છે. તેના આનંદનો પાર નથી. વૈરાગ્યરૂપી જેણે ચુંદડી ઓઢી છે, તેનો અખંડ રંગ રહી ગયો., એ જીવ ભગવાનને સમર્પિત થઈ ચૂક્યો...

**ઈતિ શ્રીસહજાનંદસ્વામિચરણકમળસેવક નિષ્કુળાનંદમુનિવિરચિતે**
**પુરુષોત્તમપ્રકાશમધ્યે સપ્તવિંશઃ પ્રકારઃ ॥ ૨૭ ॥**

---

**દોહા – ગણિયે વળી ગઢપુરથી, જીવ ઉદ્ધારિયા અપાર ।**
**તે લેખે ન આવે લેખતાં, વળી થાય નહિ નિરધાર ॥૧॥**
**નિત્ય પ્રત્યે નવા નવા, ઉત્સવ થાયે અહોનિશ ।**
**જોઈ જન મગન મને, વળી ન્યૂન ન માને લેશ ॥૨॥**

શ્રીજીમહારાજ નવા નવા ઉત્સવ કરી હરિભકતોને ઉત્સાહી બનાવ્યા. ગઢપુરમાં હુતાશનીનો સમૈયો કર્યો ત્યારે લાખો સત્સંગી અને સંતો પધાર્યા હતા, તેમને ખૂબ ભાવથી જમાડી તૃપ્ત કર્યા, તે વખતે શ્રીજીમહારાજે કેવાં વસ્ત્રાભૂષણ ધારણ કર્યા હતાં તેનું સ્મરણ કરે છે. જરીયાનો જામો મસ્તક પર સુંદર પાઘ તેમાં પુષ્પના તોરા, કંઠમાં ગુલાબનો હાર.. અદભૂત સ્વરૂપ.. હસ્તમાં સુંદર પિચકારી લઈ સંતો ઉપર

છંટકાવ કર્યો.. સામસામે રંગઉત્સવ શરૂ થયો, અરસ પરસ ગુલાલ છાંટે છે.. સંતો ભક્તો રંગથી રેબઝેબ થઈ ગયા...

**લાલ ગુલાલની ભરી ઝોળીરે, નાખે જનપર રમે હોળીરે ।**
**એવા દીઠા જેણે દ્રગ ભરીરે, તેતો ગયા ભવજળ તરીરે ।।૧૦।।**
**એવી લીળા કરેછે મહારાજરે, તેતો સહુ જનના સુખ કાજરે ।**

શ્રીજીમહારાજ રંગમાં રસબસ થઈ ગયા. અકળાઈને લીંબવૃક્ષ પર ચડી ગયા.. લીંબવૃક્ષની ચારે બાજુ ભકતો ઘેરી વળ્યા. મુળજીબ્રહ્મચારી લીંબડાના થડ પાસે આવ્યા.. અને કહ્યું, મહા પ્રભુ, પધારો. મારા ખંભા ઉપર બેસી જાવ.. પ્રભુ બ્રહ્મચારીના ખંભા ઉપર બેસીને લીંબડેથી નીચે ઉતર્યા.. પછી.. પરમહંસો સાથે ઘેલા નદીમાં સ્નાન કર્યું.. રંગે ભરેલા લાલજી, જળમાં ખેલે બલવીર; રાતાં થઈને વહેવા લાગીયાં, ઘેલા નદીનાં નીર.

## પ્રભુનું સતત સ્મરણ પાપથી બચાવે છે.

લીલા ચરિત્રનું શ્રવણ, મનન, કરવાથી, અંતરનાં તાળાં ઉઘડી જાય છે. અંતરમાં અજવાળાં થાય છે.. કથા બરાબર સમજાય તો આને આ દેહે મુક્તિ થઈ જાય, દરરોજ સવારના શાંતિથી બેસીને પૂજા કરવા માટે થોડી નિવૃત્તિ જરૂર લેવી. જેનું મન પવિત્ર હોય તેને સત્ય વાત જલદી સમજાય છે..

**જોયા જેણે જેણે નયણે નાથરે, તેતો સર્વે થયા છે સનાથરે ।।૧૫।।**
**તેતો ભવમાંહી નહિ ભમેરે, એમ શ્યામે ધાર્યું છે આ સમેરે ।**

ઉત્સવ સમૈયામાં જેણે જેણે દર્શન થયાં છે તે સર્વે થયા છે સનાથ. જે શૂરવીર ભકત છે. તે ક્યાંય લોભાતા નથી, મોહક પદાર્થમાં જીવ બંધાઈ જાય નહિ, તેની સાવધાની રાખે છે, આ લોકનાં પદાર્થ છે તે ભગવાનને ભૂલાવનાર છે.. ચેતીને ચાલજો.. નહિંતર જ્યાં હતા ત્યાંના ત્યાં ભવના ફેરા ચાલુ રહેશે.

એકાદશી, કપિલા છઠ.. જેવા ઉત્સવમાં પણ હજારો ભકતો ઉત્સવમાં આવતા.. નથી જોતાં નરસા ને સારા, અક્ષરમાં જાય છે એકધારા; કર્યો ચાલતો મોક્ષ મારગ, ભૂમિ થકી બ્રહ્મમો'લ લગ.

**આવે અંતકાળે નાથ આપે રે, તેડી જાય છે નિજ પ્રતાપે રે ।**

કારીયાણીનાં પુરીબાઈ મહાન ભકત હતાં. એકવાર પોતાના યુવાન પુત્ર મુળજીને લઈ કેરિયા ગામ જતાં હતાં. વચ્ચે નદી આવી, મુળજીએ બળદોને પાણીપાયું..



પછી ફરી બળદને ગાડે જોડવા જાય છે.. ત્યાં અચાનક બળદ ભડક્યા. તેથી મુળજીના ગળામાં રાસ(દોરી) ભરાઈ ગઈ, તેથી શ્વાસ રૂંધાઈ ગયો.. થોડીવારમાં તરફડીયા ખાઈ.. મૃત્યુ પામ્યો...

પુરીબાઈ મૂંઝાઈ ગયાં. અચાનક પુત્રનું મૃત્યુ થયું.. હવે શું કરવું... પ્રભુને પોકારે છે.. દુઃખ હર દીનદયાળ.. મારા પુત્રની લેજો સંભાળ ત્યાં પ્રભુ મદદ કરવા આવી ગયા. શ્વેતવસ્ત્ર ધારી શ્વેત હાથી પર બીરાજેલા છે. મુળજી શ્રીજીમહારાજના ખોળામાં બેઠો છે.. પુરબાઈ ઉંચી નજર કરી તો શ્વેત શીતળ શાંત પ્રકાશમાં હાથી સહિત શ્રીજીમહારાજનાં દર્શન થયાં.. પુરીબાઈએ હાથ જોડી પૂછ્યું, પ્રભુ તમારા ખોળામાં કોણ બેઠું છે ? તમે નથી ઓળખતાં.. ના પ્રભુ નથી ઓળખાતું. આ તમારા દીકરા મુળજીનો આત્મા છે.. દિવ્યદેહે અમારા ખોળામાં બેઠો છે.. અમે તેમને અક્ષરધામમાં લઈ જઈએ છીએ.

પુરબાઈ તમે ચિંતા ન કરજો. આ લોકના નાશવંત સુખ કરતાં અક્ષરધામમાં અનંત ઘણું સુખ છે. અમે તેમને દિવ્યદેહ આપ્યો છે. પુરીબાઈ એક નજરે શ્રીજીમહારાજ સામે જોઈ રહ્યાં છે. આંખ ભરાઈ આવી છે. હૃદય ગદ્‌ગદિત થઈ ગયું છે. શ્રીજીમહારાજે કહ્યું, પુરીબાઈ તમે ચિંતા ન કરજો.. તમે મુળજીને બે સોનાના ઘરેણાં પહેરાવો છો.. જુઓ અમે કેવા સરસ સોનાના વસ્ત્રાલંકાર પહેરાવ્યા છે.. તમે તેને એક આ જગતનું નાશવંત મકાન આપત.. પણ અમે તમારા દીકરાને અક્ષરધામરૂપી અલૌકિક સુવર્ણમય મકાન રહેવા આપશું...

"રાજી છો ને.. પુરીબાઈ..." હા મહારાજ.. મારો દીકરો એ તમારોજ દીકરો છે.. સુખેથી તેડી જાઓ.. એવાં ભાગ્ય કોનાં હોય કે સાક્ષાત પ્રભુ મારા દીકરાને તેડવા આવે.. આવી સમજણ રાખવી સહેલી નથી ભારે કઠિન છે..

## વિક્ષેપો વચ્ચે રહીને સાધના કે આરાધના કરવી એ ઘણું કપરૂં કામ છે.

પુરુષોત્તમપ્રકાશ માત્ર ચોપડી નથી.. આપણા જીવનની ઘટનાઓ છે. જીવન જીવવાની પાઠશાળા છે. પ્રભુમાં પ્રેમ વધારનારી છે. ભકતજનોને સાવધાની રાખતાં પ્રભુ કહે છે.

**સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજો સ્થિર મતિ**
**જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ. . .**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, દુઃખમાં મનુષ્ય પ્રભુ તરફ વળે છે અને સાચી આંખ ખુલે છે.

**ઈતિ શ્રીસહજાનંદસ્વામિચરણકમળસેવક નિષ્કુળાનંદમુનિવિરચિતે**
**પુરુષોત્તમપ્રકાશમધ્યે અષ્ટાવિંશઃ પ્રકારઃ ॥ ૨૮ ॥**

---

**દોહા – એમ ઉત્સવ કરી હરિ, ફરિ ફરિ દિયે દરશન ।**
**અનેકને સુખ આપવા, અતિ પોતે છે પરશન ॥૧॥**
**મહા મનોહર મૂરતિ, અતિ સુખદ સહજાનંદ ।**
**સહુ જનને સામટું, જાણે આપું મારો આનંદ ॥૨॥**
**લે'રી આવ્યા બહુ લે'રમાં, અતિ મે'ર કરી મે'રવાન ।**
**દુઃખીયા જીવ સુખીયા કર્યા, વળી પાપી કર્યા પુણ્યવાન ॥૩॥**

સ્વામિનારાયણ ભગવાન આજે સહુને પોતાના સ્વરૂપનો આનંદ આપવા પધાર્યા છે. આજે શ્રીજીમહારાજ લહેરમાં આવી ગયા છે.. વિના તપે.. વિના જપે... ભગવાને પોતાના ધામનું સુખ આપ્યું છે.. જેતલપુરની વેશ્યાએ જપ-તપ- કાંઈ નહોતું કર્યું... કેવળ પાપ કરનારી તેનું પણ પ્રભુએ કલ્યાણ કર્યું છે.

ગઢપુરની ભૂમિ પ્રભુના પદરજથી અંક્તિ થયેલી પવિત્ર ભૂમિ છે..

**ધન્ય ધન્ય ઉત્તમ દરબારરે, જિયાં પોતે રહ્યા કરી પ્યારરે ।**
**રમ્યા ભમ્યા જમ્યા જિયાં નાથરે, જમ્યો મહા મુક્તનો જ્યાં સાથરે.**

દાદાનો દરબાર.. ઓરડા.. ઓસરી.. ફળીયા.. ચોક.. સર્વે અક્ષરધામ તુલ્ય છે, તે ભૂમિ ઉપર ભગવાન સંતો-ભકતોની સાથે રમ્યા જમ્યા છે. તે ભૂમિ શ્વેતદ્વીપ અને વૈકુંઠ સમાન છે, ધન્ય શેરી બજાર ને હાટ, ધન્ય ઉન્મત્ત ગંગાનો ઘાટ; ધન્ય વાડી વૃક્ષની છાંય, હરિ સ્પર્શ વિના નથી કાંય...

ધન્ય છે ગઢપુરવાસીના હૈયાના હેતને.. નખથી શિખા પર્યંત રગેરગમાં હરિ રમી રહ્યાં છે. ધન્ય છે પ્રભુની ચરણ રજને. ધન્ય છે નારાયણ ધરા અને સહસ્ત્રધરાને.. તિંયા જે જન આવી નાશે, તે તો અંતર બાહ્ય શુધ્ધ થાશે. ઘેલા નદીમાં સ્નાન કરશે તે પરમધામને પામશે.. ભગવાનની લીલાને સંભારી રાખવી..

**જિયાં જિયાં વિચર્યા વાલમરે, કર્યાં ઘર તે વૈકુંઠ સમરે ।**
**સ્પરશિ જાગ્યે ત્યાગે કોય તનરે, જાય બ્રહ્મમો'લ તેહ જનરે ॥૧૫**



પવિત્ર ભૂમિમાં જે તન તજે તેને ભગવાનનું તેડું થાય છે. તે સ્થાનક છે કલ્યાણકારી.. તેને રાખવા.. સંભારી.. નિષ્કુળાનંદ સ્વામી વારંવાર કહે છે. શ્રીજી મહારાજ અનેક જીવને તારવા આવ્યા છે..

**એજ અર્થ કરવો છે સિદ્ધરે, જીવ તારવા છે બહુ વિદ્ધરે ।**
**એહ સારુ આવ્યા છે આ વારરે, તેતો નિશ્ચે જાણો નિરધારરે ॥૨૦**

પ્રભુને પામવા માટે મોટા મોટા રાજાઓ રાજપાટ અને તમામ સમૃધ્ધિ છોડીને વનમાં ગયા, અને સત્સંગ કર્યો.. અને આપણે મૂર્ખ છીએ તે નાશવંત દેહ અને દુનિયાની માયામાં ભરાઈને બેઠા છીએ. જન્મ મરણ અને મૃત્યુથી પર થઈ જવું હોય તો હરિમાં હેત વધારો..

**ઈતિ શ્રીસહજાનંદસ્વામિચરણકમળસેવક નિષ્કુળાનંદમુનિવિરચિતે**
**પુરુષોત્તમપ્રકાશમધ્યે એકોનત્રિંશઃ પ્રકારઃ ॥ ૨૯ ॥**

---

**દોહા – વળતું વાલમે વિચારિયું, આંહિ મંદિર કરીએ એક ।**
**માંહિ બેસારિયે મૂરતિ, અતિ સારી સહુથી વિશેક ॥૧॥**
**ગઢડે મહારાજ ઘણું રહ્યા, એમ જાણે છે સહુ જન ।**
**માટે મંદિર કરાવિએ, મર આવી કરે દરશન ॥૨॥**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, " ગઢપુરમાં શ્રીજીમહારાજ ઘણું રહ્યા છે.. કર્યું ખાત મુહુર્ત હરિ હાથે.. તિયાં હું પણ હતો સંગાથ નાખી નાથે પાયો નક્કી કર્યું.. એમ આપે મંદિર આદર્યું.. ગઢપુરના મંદિરમાં પ્રથમ પથ્થર શ્રીજીમહારાજે પાયામાં પોતાના હાથે પધરાવેલ છે.

ગઢપુરમાં મંદિરનું કામ ચાલુ છે. શ્રીજીમહારાજ અક્ષરઓરડીમાં સંતો ભકતોની સાથે વિરાજમાન છે. ત્યાં મજૂર અને કડિયા આવ્યા. પ્રભુને પગે લાગીને કહ્યું, પ્રભુ મંદિરના ચણતર માટે પથર ખલાસ થઈ ગયા છે.. તો અમે શું કરીએ ... પથરાની જરૂર છે.. શ્રીજીમહારાજની બાજુમાં હરજી ઠકકર બેઠા છે.. હરજી તમે ઘરોઘર જઈને કહો કે મંદિર માટે પથ્થરા જોઈએ છીએ તો ગાડાં જોડીને પથ્થર લેવા જાય... હરજી ઠકકરે ખેડૂતને વાત કરી.. ખેડૂત બોલ્યા કે અત્યારે ચોમાસુ ચાલે છે, વાવણી થાય છે.. તેથી બળદ નવરા નથી.. ભાડે ગાડાં પણ મળ્યાં નહિ.. હવે શું કરવું.. કાંઈક રસ્તો કરવો પડશે..

સ્વામિનારાયણ ભગવાને સંતોને કહ્યું, તમે વહેલી સવારે પૂજા પાઠ કરીને પથ્થરની ખાણે જાવ, અને માથા ઉપર પથરા ઉપાડીને લઈ આવો.. ખાણ દૂર છે.. હિંમત રાખજો.. ભગવાનનું મંદિર કરવું છે.. બપોરના બાર વાગે સંતો પથરા લઈને આવ્યા.. શ્રીજીમહારાજે રોટલા તથા ઘી ગોળ પીરસીને સંતોને ભાવથી જમાડ્યા.. સંતો ફરીથી પથરા લેવા ગયા.. તે સાંજે આવ્યા.. પથરાનો મોટો ઢગલો કરી દીધો.

શ્રીજીમહારાજ બાથમાં ભીડીને સંતોને મળ્યા.. સંતોએ કહ્યું, મહારાજ અમને છાતીમાં ચરણારવિંદ આપો.. શ્રીજીમહારાજ રાજીપો વ્યકત કરતાં કહ્યું, તમે દૂર દૂરથી પથ્થરા માથા ઉપર લાવ્યા છો.. તેથી માથાં તપી આવ્યાં હશે.. લ્યો માથા ઉપર ચરણારવિંદ પધરાવું.. સંતો રાજી રાજી થઈ ગયા.. જન્મોજન્મનો થાક ઉતરી ગયો.

આપણે પણ મંદિરને આપણું ઘર જાણીને સેવા કરવી.. સેવા કરવામાં શ્રધ્ધા રાખવી એજ આ કથાનો હેતુ છે. સેવા જાતે કરવાની, સેવા કરવાથી અનંતઘણું ફળ મળે છે. નીચી સેવા - ફળ ઊંચું.. મંદિરનો ચોક વાળશો તો સેવા નીચી દેખાશે પણ તેનું પુણ્ય બહુ ઊંચુ મળશે..

**હાં હાં કરતાં થયું તૈયારરે, વળી ઘણી લાગી નહિ વારરે ।**
**કર્યું મોટું મંદિર બે માળરે, કરાવિયું હેતેશું દયાળરે ॥૬॥**
**થયું મંદિર પુરું જે વારરે, માંહિ મૂરતિ પધરાવી તે વારરે ।**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે.. મંદિર થતાં વાર ન લાગી, જલદી બે માળનું મંદિર તૈયાર થઈ ગયું... તેમાં કયા દેવ પધરાવ્યા ?...

**ગુણસાગર જે ગોપીનાથ રે, તે તો પધરાવ્યા પોતાને હાથ રે**

શ્રીજીમહારાજે પોતાના હાથે ગોપીનાથજી મહારાજ પધરાવ્યા... રાધા સહિત શોભે અતિ સારા, જે જુવે તેને લાગે પ્યારા; એતો વાસુદેવ ભગવાન, જે જુવે તે થાય ગુલતાન.. જે ભાવથી ગોપીનાથજી મહારાજનાં દર્શન કરે, પ્રદક્ષિણા કરે, દંડવત કરે.. થાળ જમાડે.. વિગેરે સેવા કરે છે. તે જન પામશે અક્ષરધામ.. વળી થાશે પૂરણકામ.. ફળ-ફૂલ-કુસુમ હાર તોરા, ગજરા, બાજુ કાજુ કુંડળ.. આપી નાથને જોડિયા હાથ.. તે તો થઈ ચૂકયા છે... સનાથ

**પ્રેમ ભક્તિ જેના જીવનમાં જાગી જાય**
**તેની જીવન યાત્રા સફળ થાય**

પશુ દોરડાથી બંધાય છે, પક્ષી પિંજરામાં બંધાય છે. જીવ વાસનાથી બંધાય



છે. પ્રભુ પ્રેમથી બંધાય છે. બહુ કર્યા ઉપાય, લઈ જાવા ધામ માંય.

**કર્યું કામ એ મોટું મહારાજેરે, સહુ જીવના કલ્યાણ કાજેરે ।**
**એમ બહુ બહુ કર્યા ઉપાયરે, જીવ લઈ જાવા ધામમાંયરે ॥૧૭॥**

જે માણસને મોટા રાજા દરબારમાં જવાની રજા હોય તેને કેટલો બધો આનંદ હોય છે. ત્યારે રાજાના પણ રાજા ભગવાનની હજુરમાં જઈ શકતા જે ભકતો તેને કેટલો બધો આનંદ હોય તે વિશે જરા વિચાર કરો.. એને કોઈ વાતની કમી રહેતી નથી. મંદિર દ્વારા અનેકનો ઉધ્ધાર થશે..

**ગઢપુર મંદિરથી અપારરે, કૈક જીવનો કર્યો ઉદ્ધારરે ।**
**ખાયે પીયે રહે ખુશી રમેરે, આવે નાથ તેડવા અંત સમેરે ॥૨૦॥**

ખુશીથી ખાય પીયે રમે ને ભક્તિ આનંદથી કરે તો પ્રભુ આવે તેડવા અંત સમે.. પણ ધ્યાન રાખજો.. નિર્વાસનિક થવાય ત્યારે ધામમાં જવાય.. નિષ્કુળાનંદ સ્વામી સાચા ઘડવૈયા છે.. તેથી બળપૂર્વક વાત કરે છે. જપ કરે, તપ કરે, તીર્થ કરે, યોગ યજ્ઞ કરે.. સારી વાત છે. આવું બધું કરવું જોઈએ.. ભગવાનને પામવાનાં સાધન છે. હિમાળે દેહ ગાળે પણ જગતથી જો નિર્વાસનિક ન થવાય તો, તેનો કોઈ અર્થ નથી.. વાસના એને રોકી રાખે છે અને જન્મ મરણના ફેરામાં ફેરવે છે.

**ઈતિ શ્રીસહજાનંદસ્વામિચરણકમળસેવક નિષ્કુળાનંદમુનિવિરચિતે**
**પુરુષોત્તમપ્રકાશમધ્યે ત્રિંશત્તમઃ પ્રકારઃ ॥ ૩૦ ॥**

---

**દોહા – ગણ્યો ન જાયે ગઢપુરનો, માનો મા'ત્મ્ય ને મહિમાય ।**
**જીયાં સંત હરિજન સહુ મળી, વળી નિરખે નાથ સદાય ॥૧॥**

નિષ્કુળાનંદ સ્વામી ગઢપુરનો મહિમા લખતાં કહે છે. ભગવાન અઢળ ઢળ્યા છે... વળી આપ્યાં છાતીમાં ચર્ણ.. તે ચરણ ચિત્તે ચિંતવતાં.. જાણો જાય જન્મને મર્ણ.. જે પ્રભુના ચરણનું ચિંતવન કરે છે.. તેના જન્મ મરણના ફેરા ટળી જાય છે...

**ધ્યાન બહુ અગત્યની આરાધના છે.**

જેનું આપણે ચિંતવન કરીએ, તેની શક્તિ આપણામાં આવે છે. જેમ ઈયળ ભમરીનું ચિંતવન કરે તો તે ઈયળ ભમરી બની જાય છે. તેમ ભકતજન પરમાત્માનું ચિંતવન કરે છે તો તે બ્રહ્મરૂપ બની જાય છે.

**બહુપેર પરસાદિયો, વળિ ઈયાં મળી છે જરુર ।**
**તેનું ઘસાતું બોલવું, એથી બીજો કોણ અસુર ॥૪॥**

સ્વામી કહે છે, સત્સંગનું ઘસાતું બોલે તે અસુર છે.. પંચવ્રતમાનનો લોપ કરે, ત્યારે અવગુણ આવે તે સ્વાભાવિક છે.. પણ જરાક પ્રકૃતિ બરાબર મનમેળ ન દેખાય ને ઘસાતું બોલવું તે ઠીક નથી...

**રોને કા મન હો તો અપને દુર્ગુણો પર રોઈયે.**

ગાયના આઉમાં ઈતરડી હોય તે લોહીજ પીવે, દૂધ ન પીવે, તેમ ઘણા માણસો સત્સંગમાં આવીને ઈતરડીની જેમ લોહીજ પીતા હોય છે. સાધુ-સંતોમાંથી ખોટ કાઢ્યા જ કરે છે... અભાવ લે દ્રોહ કરે એ લોહી પીવે છે. સત્સંગમાં સાધુસંત અને હરિભક્તોનો ગુણ લે તો દૂધ પીધું કહેવાય... ભલા થઈને ઈતરડીની જેમ લોહી પીશો નહિ... સાવધાન રહેજો.. નિંદા નરકમાં નાખે છે, કર્યાં કર્મ ભોગવે છે.

**સોરઠ દેશવાસી જન કાજેરે, કરાવિયું મંદિર મહારાજેરે ।**
**જોઈ જીરણગઢ માંઈ જાગ્યરે, દિઠી દેવળ કરવા લાગ્યરે ॥૬॥**

ગઢપુરમાં લીંબતરુ નીચે શ્રીજીમહારાજ ઢોલીયા ઉપર વિરાજમાન છે. સામે સંતો અને ભકતો બેઠા છે, શ્રીજી મહારાજે કહ્યું,

**જૂનાગઢમાં મંદિર કરવાનું છે, તો ત્યાં કોણ જશે .. ?**

ગોપાળાનંદ સ્વામી બોલ્યા, ત્યાં મુસલમાનનું રાજ્ય છે, તેથી બીજા સંતનું કામ નથી !! બ્રહ્માનંદ સ્વામીને મોકલો. શ્રીજીમહારાજે કહ્યું, ''બ્રહ્માનંદ સ્વામી તમે જૂનાગઢ જાવ.'' મહારાજ, મારી સાથે ગોપાળાનંદ સ્વામીને મોકલો.. મંડળ સાધુ સાથે સ્વામી જૂનાગઢ આવ્યા.. ત્યાંનો અમલદાર રંગીલદાસ.. સત્સંગનો ભારે દ્વેષીલો અને નાસ્તિક હતો.. તે વટથી બોલતો... સ્વામિનારાયણનું મંદિર કેમ બનાવે છે. જોઈ લઈશ.. ગમે એટલા પથરા ખડકશે.. તેના કાંકરા ઉડાડી દઈશ... જૂનાગઢમાં મંદિર બનાવવા દઈશજ નહિ...

મૂર્ખાને ખબર નથી કે, ધાર્યું બધું ભગવાનનુંજ થાય છે.. કરો તેવું પામોને, વાવો તેવું લણો.. અમલદાર ચાર ઘોડાની ગાડીમાં ફરવા માટે જાય છે. ગાડી ઉપર બેસવા ગયો કે ઓચિંતો ચકકર આવ્યો.. ધડ દઈને પડ્યો નીચો.. કમરમાં કટાર(રફલ) હતી તેનું ફળું પેટમાં પેસી ગયું.. ત્યાંજ તરફડીને મૃત્યુ થઈ ગયું.. કર્યા કર્મનો બદલો મળ્યો.. પાપી માણસ પોતાનું પૂરૂં આયુષ્ય ભોગવી શકતો નથી. જોઈ વિચારીને બોલવું



જોઈએ..

બ્રહ્માનંદ સ્વામીએ શ્રીજીમહારાજ ઉપર કાગળ લખ્યો કે જૂનાગઢ મંદિર માટે પૈસાની જરૂર છે.. તો આપ જૂનાગઢ પધારો અને પૈસાનો મેળ કરી આપો તો સારું... ચિંતા થાય છે પૈસા વગર કેમ મંદિર થશે.. ગામ બારપટોળીના કાળુ વાવડીયા રાત્રે સૂતા છે. ત્યાં દિવ્ય સ્વરૂપે શ્રીજીમહારાજ પધાર્યા.. ઘરમાં પ્રકાશ છવાઈ ગયો.. પ્રકાશમાં પરમાત્માનાં દર્શન થયાં.. બે હાથ જોડી બોલ્યા છે. ધન્ય અવસર ધન્ય ઘડી.. આપ પધાર્યા મહારાજ આજની રાત રોકાઈ જાવ..

શ્રીજીમહારાજે કહ્યું, જૂનાગઢમાં મંદિરનું બાંધકામ ચાલુ છે, તેમાં પૈસાની જરૂર છે. તમારી પાસે જેટલા પૈસા છે તે પૈસા લઈ તમે અત્યારેજ જૂનાગઢ જાવ.. એક પૈસો ઘરમાં રાખશો નહિ. તમામ પૈસા બ્રહ્માનંદ સ્વામીને આપી આવો.. શ્રીજીમહારાજ પરીક્ષા લે છે કે અમારી આજ્ઞાનું પાલન કરે છે કે નહિ.. જેટલા પૈસા છે તે અર્પણ કરી દેવા. બોલવું સહેલું છે, પણ કરવું બહુજ કઠણ છે.. હમણાં આપણને ભગવાન કહે તમે બધા પૈસા અમને આપી દો.. તો આપણે.. આપી શકીએ કે નહિ.. અંતરમાંથી શું જવાબ આવશે.. કરો વિચાર.

કાળુ ભક્ત રાજી થયા કે ભગવાને મને સેવાનો અવસર આપ્યો.. હું પૈસા કમાઈ લઈશ.. ગાડુ જોડી પૈસા(રાળ) લઈ તરત જૂનાગઢ ગયા.. વહાલાના વચનમાં વિલંબ કરાય નહિ.. પૈસા કોઠારમાં જમા કરાવ્યા..બ્રહ્માનંદ સ્વામીને પગે લાગીને વાત કરી.. સ્વામી મંદિરનું કામ ચાલુ રાખો.. બે દિવસ ત્યાં સત્સંગ કરી કાળુ ભક્ત પાછા ઘરે આવ્યા.. બે-ચાર દિવસ પછી પટારો ઉઘાડીને જોયું તો પટારો પૈસાથી ભરપુર ભર્યો છે...

**જે પ્રેમભાવથી યોગદાન આપે છે. તેના કદી ભંડાર ખાલી થતાં નથી ભરપુર રહે છે.**

પ્રથમ ઉદાર થવાની જરૂર છે.. કાળુ ભક્ત આશ્ચર્ય પામી ગયા.. ધન્ય હો પ્રભુ.. તમારી લીલાનો કોઈ પાર નથી.. પરમાત્માને શું અર્પણ કરો છો.. એ મહત્વનું નથી, પણ કેવા ભાવથી અર્પણ કરો છો તે બહુ મહત્વનું છે..

**પછી લોભી રહ્યા લોજ ગામરે, કરવા અનેક જીવનાં કામરે ।**

લોજમાં ભક્તજનોને સમાધિ કરાવી.. દેવલોક, સત્યલોક, કૈલાસ, બદ્રીકાશ્રમ- શ્વેતદ્વીપ- સ્વર્ગ, મૃત્યુ, પાતાળ વિગેરે લોક દેખાડતા. કોઈક ભક્તજનને

અક્ષરધામનાં દર્શન કરાવી પ્રબળ પ્રતાપ પ્રગટ કર્યો...

**કોઈ દેખેછે ગોલોકધામરે, જોઈ માનેછે પૂરણકામરે ॥૧૪॥**

અલ્પ સમયમાં ભવ્ય મંદિર તૈયાર થઈ ગયું.. શ્રીજીમહારાજ મૂર્તિ પ્રતિષ્ઠા કરવા પધાર્યા..

**સંતો મૂર્તિયો સારી સારીરે, મારે હાથે હું દિયું બેસારીરે ।**
**એહ મૂર્તિનો મહિમાયરે, કે'તાં કેડચે કેણે ન કે'વાયરે ॥૨૦॥**

**ઈતિ શ્રીસહજાનંદસ્વામિચરણકમળસેવક નિષ્કુળાનંદમુનિવિરચિતે પુરુષોત્તમપ્રકાશમધ્યે એકત્રિશઃ પ્રકારઃ ॥ ૩૧ ॥**

---

શ્રીજીમહારાજની ભવ્ય અસવારી નીકળી છે, હાથીની અંબાડી પર બેસી જૂનાગઢ પધારે છે. શરણાઈના સૂર વાગવા લાગ્યા.. ઢોલ ઢબુકવા લાગ્યા સંતો અને ભક્તો.. ઉત્સવ કરે છે. ગાજતે વાજતે પ્રભુ મંદિરમાં પધાર્યા. સંવત ૧૮૮૪ વૈશાખ વદ બીજને દિવસે રાધારમણ દેવની વેદોક્ત વિધિથી પ્રતિષ્ઠા કરી અને શિવ-પાર્વતીની પ્રતિષ્ઠા કરી.

**બોલો રાધારમણદેવની જય**

અનેક બ્રાહ્મણોને જમાડી દક્ષિણા આપી ખૂબ રાજી કર્યા.. પછી શ્રીહરિ સંતો ભકતોની સાથે રૈવતાચળ પર્વત ચડ્યા.. દતાત્રેય ભગવાનના ચરણારવિંદનાં દર્શન કરી.. પાછા મંદિરમાં પધાર્યા.. વિશાળ સભા થઈ છે. શ્રીહરિએ કહ્યું, હે સંતો તમે વરસમાં એક મહિનો આ મંદિરમાં આવજો.. સૌને સત્સંગ કરાવજો.. એવી આજ્ઞા આપી દયાળ, તે માની લીધી છે મરાળ; વળી કરી છે હેતની વાત, તેણે સહુ થયાં છે રળિયાત.

**કહે આ દેશ છે બહુ સારોરે, સહુ જન મનમાં વિચારોરે ।**
**ઈયાં રામાનંદ સ્વામી રે'તારે, જીવ બહુને અભયદાન દેતારે ॥૧૫॥**

શ્રીહરિ કહે છે, આ જૂનાગઢમાં રામાનંદ સ્વામી રહેતા અને અનેકને અભયદાન આપી મહાસુખીયા કર્યા છે. આ સોરઠ દેશમાં ગામોગામ અમે બહુ ફર્યા છીએ.. તમામ ભકતજનોને અમારાં દર્શનનો લાભ મળ્યો છે.

**જેજે જપેછે અમારું નામરે, તેતો પામશે પરમ ધામરે ।**
**વળી આ મૂરતિ જે બેસારીરે, તે નિરખશે જે નર નારીરે ॥૧૮॥**



**તેને શીદ રાખી જોઈએ શંકારે, જાશે બ્રહ્મમો'લે દઈ ડંકારે ।**

શ્રીજીમહારાજ કહે છે, અમારા નામનો જપ કરશે, તે પરમધામને પામશે.. રાધારમણદેવ, ત્રીકમને રણછોડરાયનાં દર્શન કરશે તે ભકત જન ડંકા દેતા અક્ષરધામમાં જાશે. આ વખતનો જે અવતાર છે. તે અલૌકિક અવતાર છે.. નથી આવ્યા ને આવશું કયાંથી, જન જાણજો સૌ મનમાંથી. આ છે સ્વામિનારાયણ ભગવાનની સર્વોપરિતા.

**આ વારનો જે અવતારરે, એવો ન થાયે વારમ વારરે ।**
**નથી આવ્યા ને આવશું ક્યાંથીરે, જન જાણજ્યો સૌ મનમાંથીરે.૨૦**

શ્રીજીમહારાજ કહે છે., " હે સંતો તમે દેશદેશાંતરોમાં ફરો અને સત્સંગ કરાવો.. મંદિર છે તે ભારતીય સંસ્કૃતિના પ્રતિક સમ છે.

**શારીરિક રોગ માટે હોસ્પીટલની જરૂર છે,**
**ભવરોગને મટાડવા માટે મંદિરોની જરૂર છે.**

મંદિરે દરરોજ દર્શન કરવા જાય.. તો ભલે તત્કાલીન સુધરી જતો નથી, પણ ધીરે ધીરે તેનામાં બીજબળ ઉત્પન્ન થાય છે. લાંબે ગાળે માનવ પવિત્ર જીવન જીવતો થાય છે.

**ઈતિ શ્રીસહજાનંદસ્વામિચરણકમળસેવક નિષ્કુળાનંદમુનિવિરચિતે પુરુષોત્તમપ્રકાશમધ્યે દ્વાત્રિંશઃ પ્રકારઃ ॥૩૨॥**

---

**જોઈ મહારાજની મરજી, હાથ જોડી કહે મુનિરાજ ।**
**જેમ કહો તેમ કરિયે, કે'જો કૃપા કરી હરિ આજ ॥૪॥**

સંતો કહે છે, હે પ્રભુ ! તમે જેમ કહેશો તેમ કરશું..

**તારે નાથ કહે સુણો સંતરે, આજ તારવા જીવ અનંતરે ।**
**માટે જેમ જેમ જીવ તરેરે, એમ કરવુંછે સહુને સરેરે ॥૫॥**

દેશો દેશમાં મંદિર કરી ભગવાનની પ્રતિષ્ઠા કરવી છે. એહ મૂર્તિનાં દર્શન કરશે, અપાર પ્રાણી ઉધ્ધરશે.

**માટે કચ્છમાં મંદિર કરવુંરે, થાય પ્રાણીને પાર ઉતરવુંરે ॥૭॥**

સ્વામિનારાયણ ભગવાનના કરુણામૃતથી સભર કચ્છદેશ છે. કચ્છ દેશને શાસ્ત્રો અને પુરાણોમાં અતિપરમ પવિત્ર દેશ માનેલો છે.

## કચ્છ દેશ એટલે પુણ્યભૂમિ

સ્વામિનારાયણ ભગવાને શૂરવીર અને શ્રધ્ધાવાન સપૂતોને જન્મ દેનારી કચ્છની ધીંગી ધરતીના ખૂબ વખાણ કર્યા છે. ભક્તિથી ભરપુર નિષ્કપટ ભોળા ભક્તો આ કચ્છ દેશના દાગીનારૂપ છે. સંતો, ભક્તોથી, કચ્છ દેશનો સત્સંગ ભર્યો ભર્યો લાગે છે.. રામાનંદ સ્વામી વખતનો સત્સંગ છે. સુંદરજીભાઈ, હીરજીભાઈ, ગંગારામ મલ્લ, લાધીબા, સૂરજબા.. વિગેરે મહાન ભકતો હતા...

## માંહી બેસાર્યા નરનારાયણ, કચ્છ દેશ તારવા કારણ.

ભુજ મંદિરની કથા આવે છે.. પ્રેમભાવથી સાંભળો.. શ્રીજીમહારાજ ગઢપુરમાં સંતો ભકતોના મધ્યમાં ઢોલીયાપર વિરાજમાન છે. ભુજના સુંદરજીભાઈ, હીરજીભાઈ, ગંગારામ મલ્લ આદિક ભકતજનો. શ્રીજીમહારાજને પગે લાગીને કહ્યું, હે મહારાજ ! તમે અમદાવાદ, ગઢપુર, વડતાલ અને જૂનાગઢમાં મંદિરો બનાવી ભગવાનની સ્થાપના કરી છે.

કચ્છ દેશમાં ભુજ નગરમાં મંદિર કરાવો તો બહુ સારું થાય.. શ્રીજીમહારાજે વૈષ્ણવાનંદ સ્વામીને કહ્યું, તમે ભુજ જાઓ અને સુંદર મંદિર બનાવો.. મંદિર તૈયાર થયું.. મૂર્તિ પ્રતિષ્ઠાનું મુર્હુત સંવત્ ૧૮૭૯ વૈશાખ સુદ પાંચમનું નક્કી થયું.. ડુંગરપુરથી નરનારાયણ દેવની મૂર્તિ ભુજમાં આવી.. પણ નર ભગવાનની મૂર્તિ ખંડિત થઈ ગઈ.. હવે શું કરવું.. મુર્હૂત નજીક છે.. પછી જે ગઢપુરમાં વાસુદેવનારાયણની મૂર્તિ હતી.. જે શ્વેતદ્વીપના નિરન્નમુકતો આપી ગયા હતા... તે મૂર્તિ સાચવીને ભુજમાં લાવ્યા..

શ્રીજીમહારાજ સંતો, ભકતોની સાથે ભુજ પધાર્યા.. વિષ્ણુયાગ શરૂ થયો.. ચાર વેદ, બ્રાહ્મણના રૂપમાં આવી વેદોકત વિધિ કરાવે છે. વાજિંત્રો વાગવા લાગ્યાં.. મૂર્તિઓને વસ્ત્રાલંકારથી સજજ કરી છે. શ્રીજીમહારાજે બાથમાં લઈને નરનારાયણદેવને સિંહાસનમાં પધરાવી... આરતી ઉતારે છે.. ત્યારે આકાશમાં તેત્રીસ કરોડ દેવતાઓ દુંદુભીઓ વગાડવા લાગ્યા છે. અક્ષરધામના મુકતોએ પુષ્પની વૃષ્ટિ કરી.. બોલો...

## શ્રીનરનારાયણદેવ કી જય...

પછી શ્રીજીમહારાજ સભામાં વિરાજમાન થયા, ચારે બાજુ સંતો ને ભકતો બેઠા છે. શ્રીહરિએ કહ્યું, આ ભુજ મંદિરમાં દીવો કરશે તે અંતે કરોડો સૂર્ય સમાન પ્રકાશિત વિમાનમાં બેસીને અક્ષરધામને પામશે.. મંદિરમાં યોગદાન કરશે. દશમો કે



વીસમો ભાગ શ્રીહરિને અર્પણ કરશે તેનો પણ ઉધ્ધાર થશે.. મંદિરમાં સંતોને જમાડી વસ્ત્ર ઓઢાડશે તેની સાત પેઢીનો ઉધ્ધાર થશે.. મંદિરમાં કચરો વાળશે... લીંપશે, દર્શન કરશે.. થાળ કરશે.. અભિષેક કરાવશે. મંડળ ભરશે.. તેને અશ્વમેઘ યજ્ઞ સમાન પુણ્ય થશે.. હમીરસરોવરમાં સ્નાન કરશે તેને ચાર ધામની યાત્રાનું પુણ્ય મળશે... ભુજમાં નરનારાયણદેવનાં દર્શન કરશે... તેને બદ્રીકાશ્રમ ધામ તુલ્ય ફળ મળશે અને અંતે તે અક્ષરધામમાં જશે...

મંદિરની ધજા અને કળશનાં ભાવથી દર્શન કરશે, તે પરમપદને પામશે.. નાનો બાળક પોતે કોની ગોદમાં બેઠો છે તે વારંવાર ધ્યાન રાખે છે, અને જો તે પોતાના માતા પિતાની ગોદમાં હોય તો તે શાંતિથી નિશ્ચિંત બેસી રહે છે. પરંતુ જો તે બીજા કોઈની ગોદમાં હોય તો તે ભય પામીને રડવાનું શરુ કરે છે.

આપણે પણ વારે ઘડીએ ચકાસવું કે આપણે નરનારાયણદેવની ગોદમાં બેઠા છીએ કે અન્ય કોઈને આશરે બેઠા છીએ. જો નરનારાયણદેવની ગોદ હોય તો આપણે નિશ્ચિંત રહેવું, અને જો આશરો મૂકી દેશો તો દુઃખી થશો.. ને રડવાનો વારો આવશે.

## વળી ધોળકે મંદિર કરાવી, તેમાં મૂર્તિ સારી પધરાવી..

ધોળકામાં મંદિર કરાવીને મુરલીમનોહર હરિકૃષ્ણ મહારાજની પ્રતિષ્ઠા કરી અક્ષરધામનો માર્ગ અખંડ વહેતો રહે, તેટલા માટે સંતો દેશો દેશમાં અને ગામોગામમાં જ્યાં સારી જગ્યા મળી, ત્યાં હરિ મંદિરો કરાવી તેમાં ભગવાન પધરાવ્યા.. મંદિરમાં ભજન ભક્તિ કરશે તે ભવસાગર તરશે.. પ્રભુના નામ સ્મરણનો અપાર મહિમા છે.

**લેતાં સ્વામિનારાયણ નામરે, થાય શુદ્ધ સહુ નર વામરે ।**
**સ્વામિનારાયણ નામ જેવુંરે, નથી બીજું નામ કોઈ એવુંરે ॥૧૩॥**

દેહથી કામકાજ કરતા રહો, મુખથી પ્રભુ નામ જપતા રહો.. તમારું કામ સફળ થશે. તમને કામમાં પ્રભુ મદદ કરશે, તમને સંસારમાં કામનો ભાર નહિ લાગે, ભગવાનનું નામ સ્મરણ કરતાં કામકાજ કરશો તો તમારું મન પવિત્ર થશે, તમે ભગવાનને નહિ ભૂલો તો ભગવાન તમને નહિ ભૂલે.. ભગવાનને તમે નહિ છોડો તો ભગવાન તમને નહિ છોડે.. ભગવાનના નામને પકડી રાખો.. લેવા જેવું ભગવાનનું નામ છે...

Only God’s name is worth chanting

એવો નામનો પ્રતાપ, પ્રગટાવ્યો પૃથ્વી પર આપ; બહુ પ્રકારે કરવા કલ્યાણ,

નાથે ધારિયું છે નિરવાણ.

**એહ અર્થે આપે આ વિચારે, કરી બહુ જીવપર દયારે ।**
**આજ જક્તના જીવ છે જેહરે, તર્યા પ્રભુ પ્રતાપથી તેહરે ।।૧૭।।**

પ્રભુ તમે અધર્મનું અંધારું ટાળવા માટે પધાર્યા છો.. આજે શ્રીજીમહારાજે જે સામર્થી વાવરી છે, તેવી કોઈ અવતારે વાવરી નથી. પ્રભુનો મહિમા સમજાઈ જાય તો અખંડ અલૌકિક સુખમાં તે ઝીલતો થઈ જાય છે. પ્રેમાનંદ સ્વામી તાલ વજાડી કહે છે.. શા માટે જ્યાં ત્યાં ભટકો છો.. પ્રગટ પ્રભુની ઓળખાણ કરી લ્યો....

તાલી વગાડીને કહું છું. આવો અવસર વારંવાર નહિ મળે. ભગવાન આપણા પતિ છે.. માલિક છે.. જેમ પત્ની પતિ માટે સર્વસ્વ છોડે છે... તોજ તેને પતિનું સુખ મળે છે, તેમ અક્ષરધામના મુક્ત થવું હોય અને ભગવાનને પામવું હોય, તો આ લોકની તમામ ઈચ્છાઓ છોડવી જ પડશે.. દિવસ અને રાત્રી બન્ને સાથે રહે નહિ, તેમ ભગવાન અને માયા સાથે રહે નહિ...

**ઈતિ શ્રીસહજાનંદસ્વામિચરણકમળસેવક નિષ્કુળાનંદમુનિવિરચિતે પુરુષોત્તમપ્રકાશમધ્યે ત્રયસ્ત્રિંશઃ પ્રકારઃ ।। ૩૩ ।।**

---

**વળી શ્રીહરિ કે સંત સાંભળો, મોટાં કરાવિયાં મંદિર ।**
**તેમાં બેસારિ મૂરતિયો, અતિ સારી સુંદિર ।।૧।।**
**જેજે દેશે મંદિર કર્યાં, તેતે દેશને આવ્યાં કામ ।**
**હવે સરવે દેશને અરથે, એક બંધાવિયે સારું ધામ ।।૨।।**

શ્રીજીમહારાજ સંતો ભકતો મધ્યે વિરાજમાન છે.. સભામાં કહ્યું પૂંજાભાઈ આપણે ભાલદેશનાં ભાગ્ય જગાડવા માટે ધોલેરામાં મોટું મંદિર બનાવીએ. પૂંજાભાઈ કહે છે, હે મહારાજ ભાગ્યશાળીને આવો યોગ મળે છે.

**જાગે ભાગ્ય મોટું જો અમારુંરે, કરો મંદિર તો બહુ સારુંરે ।।૮।।**
**મંદિરને જોગે મહારાજરે, રહે સંતનો સહુ સમાજરે ।**
**હરતાં ફરતાં દર્શન થાયરે, અતિ મોટો એ લાભ કે'વાયરે ।।૯।।**

ધોલેરાના ભકતજનો કહે છે.. અમારાં આજે ભાગ્ય ખુલી ગયાં.. મંદિર થશે ત્યારે અમને હરતાં ફરતાં ભગવાનનાં દર્શન થશે. મંદિરમાં સંતો રહેશે તેથી સત્સંગનો વિશેષ લાભ થશે. ઉત્સવ સમૈયા થશે, મંદિરમાં જે યોગદાન દેશે તેની



કમાણી લેખે લાગશે. શ્રીજીમહારાજે ખૂબ રાજી થઈ ભકતજનને છાતીમાં ચરણારવિંદ આપ્યા..

**પછી કહ્યું સહુ બાઈ ભાઈરે, રે'જો મંદિરની સેવા માંઈરે ।।૧૨।।**
**પછી પુંજોભાઈ જે પવિત્રરે, અતિ ડાહ્યા છે સહુના મિત્રરે ।**
**જેને જક્તસુખ લાગ્યું ઝેરરે, પંચ વિષય સાથે રાખ્યું વેરરે ।।૧૩।।**

પૂંજાભાઈ જગત સુખથી વિરકત રહે છે. ઉચ્ચ કોટિના વિચાર કરનારા છે.. આપણો સમય બહુ કિંમતી છે. સાચા સોના જેવો છે. જે માણસ સમયને સાચવે છે.. તેને સમય સાચવે છે.. જે કામ સમયે થાય તે પછી થતું નથી.. પૂંજાભાઈ આત્મારૂપે રહે છે.. કેવી રીતે રહેવું તે શ્રીજીમહારાજ શીખવે છે.

વચનામૃત સા.૪.. શ્રીહરિ કહે છે.. ઘડીક પોતાને આત્મરૂપ માને ઘડીક દેહરૂપ માનીને સ્ત્રીનું ચિંતવન કરે એને ગોબરો જાણવો.. આઠો પહોર આત્માનો વિચાર કરીને એક ઘડી પોતાને દેહરૂપ માનીને સ્ત્રીનું ચિંતવન કરે એટલે એનો સર્વે વિચાર ધૂળમાં ભળી જાય છે. માટે અત્યંત નિર્વાસનિક થવાય એવો ચોખ્ખો આત્મવિચાર કરવો...

શ્રીજીમહારાજે નિષ્કુળાનંદ સ્વામીને કહ્યું, તમે ધોલેરા જાવ અને સુંદર મંદિર બનાવો.. સ્વામી ઘણા વરસ સુધી ધોલેરામાં રહ્યા હતા. પોતે સુતાર હતા તેથી કસબી કામ જાતે કરતા.. સેવા કરવાની એક સુંદર કથા છે.. ધોલેરામાં મંદિરનું કાર્ય ભારે વેગથી ચાલ છે, શ્રધ્ધાળુ સંતો, પાર્ષદો અને ભાવિક હરિભકતો અંતરના અનેરા ઉત્સાહથી તગારાં ભરીભરીને ઈંટવાડેથી ઈંટો લાવી આપે છે. કડીયાને તગારા ભરીને ગારો આપે છે... દરેકના કપડાં ગારાવાળાં ભરાઈ ગયા છે.. આવી ઉત્તમ સેવા ચાલુ છે.. ત્યાં ઉજળાં વસ્ત્રોવાળા હરિભકતો દર્શન કરવા આવ્યા, પગે લાગીને બોલ્યા, મહાપ્રભુ, આપ આ ત્યાગી પાસે ગારો ને ઈંટ ઉપડાવો છો એ જરાય વ્યાજબી લાગતું નથી.. અમને ગમતું નથી.

અમે સંતોને ભાવથી જમાડીએ, ચંદન ચર્ચી પૂજન કરીએ, વંદન કરીએ ને સંતો સાધારણ મજૂરની જેમ માથા ઉપર તગારાં ઉપાડે એ જોઈ અમને શરમ લાગે છે. દુઃખ લાગે છે.. મંદિરનાં કામ માટે મજૂર રાખી લ્યો.. પૈસા ન હોય તો અમે ચૂકવી આપીશું.. પણ આ સંતો પાસે આપ આવું કામ ન કરાવો.. મંદમંદ હસતા પ્રભુ બોલ્યા, તમે આ મંદિરની સેવાને સામાન્ય મજુરી કામ માનો છો.. અમે મંદિરની સેવાને

ઉત્તમ ભક્તિ માનીએ છીએ.. આ તો ભગવાનનું મંદિર છે.. પૂર્વનાં પુણ્ય હોય એને આવી નિઃસ્વાર્થ ભરી સેવા મળે.

હે ભકતજનો સાંભળો.. ! આવી સેવાની તક ભવ બ્રહ્માદિકને પણ જલદી મળતી નથી.

## તમે ઉજળાં કપડાવાળા સેવાનો મર્મ કયાંથી સમજો..

હું ધારું તો આકાશમાંથી સોનાનું આખું મંદિર તૈયાર ઉતારું. હું ધારું તો ધનના ઢગલા કરી શકું.. એમ કરું તો મુમુક્ષુભકતને સેવા ભક્તિ કરવાનો લ્હાવો કયાંથી મળે.. એમનામાં નિર્માની ભાવ કયાંથી આવે.. પરમાર્થ માટે શરીર ઘસાય નહિ, તો અંતર ઉજળાં કયાંથી બને.. અને અમારો રાજીપો કયાંથી મળે.. આવો મહિમા સાંભળીને ભકતોને સેવા ધર્મનું રહસ્ય સમજાઈ ગયું.. તરત તેઓ પણ ગારા અને ઈંટ ઉપાડવા લાગી ગયા.. અંતરના આનંદથી ખૂબ સેવા કરી.. નાની સેવા કે મોટી સેવા દરેક સેવામાં ઉત્સાહ અને શ્રધ્ધા રાખે તો તે નિષ્કામ સેવા ભગવાન સુધી પહોંચી જાય છે અને એવી સેવાથી ભગવાન બહુ રાજી થાય છે.

## દિલ રેડીને સેવા કરે તો
## સેવાની સુવાસ મહેકી ઉઠે છે.

મુક્તિનો માર્ગ ખુલ્લો થાય છે, મનની મલીનતા દૂર થાય છે, અહંકાર, ઘૃણા, ઈર્ષા જેવા દોષ નાશ થાય છે.. જીવનમાં નમ્રતા આવે છે. કરુણાના ઉત્તમ ભાવ પ્રગટ થાય છે. .. સેવાથી ઘણો લાભ થાય છે. સેવાની તક ઝડપી લેવી...

**અન્ન ધન ને આયુષ જેહરે, કર્યું હરિપરાયણ તેહરે ।**
**એવાં અતિ ઉદાર દંપતિરે, કરી હરિને અર્પણ સંપતિરે ॥૧૪॥**

પુંજાભાઈ અને તેમનાં પત્નીએ ઉદાર ભાવે તમામ સંપત્ સત્સંગને અર્થે સમર્પિત કરી.. ત્યારે શ્રીજીમહારાજ પૂંજાભાઈને બિરદાવતાં કહે છે.. તમારી ભક્તિને અને સમજણને ધન્ય છે.. બાઈઓની ભક્તિને ધન્યવાદ આપતાં નિષ્કુળાનંદ સ્વામી કહે છે...

**ધન્ય ધન્ય ભક્તિ ભાઈયોનીરે, તેથી અતિ અધિક બાઈયોનીરે ।**
**એવા જન જોઈ શ્રદ્ધાવાનરે, બહુ રાજી થયા ભગવાનરે ॥૧૫॥**

ભાઈઓની ભક્તિને ધન્ય છે. આપણા હરિભક્તો ખૂબ શૂરવીર છે. દેશ વિદેશ ગયા પણ ધર્મના સંસ્કાર ટકાવી રાખ્યા.. સૌ હરિભકતો સંપીને વિશાળ મંદિર



વિદેશમાં બનાવ્યાં.. એકજ ખેવના એમના હૈયામાં ઝળકતી રહી.. કે આપણને રહેવા માટે ઘર નહિ હોય તો ચાલશે.. ભાડે રહેશું પણ આપણા સંપ્રદાયનું સ્વામિનારાયણ ભગવાનનું મંદિર તો ચોક્કસ કરશું.. ને સાથે રહીને ભજન ભક્તિ અને ઉત્સવ સમૈયા કરશું.. આ છે કચ્છના હરિભક્તોની સત્સંગ પ્રત્યે ખુમારી.. તેથી અધિક ભક્તિ છે બાઈઓની રે..

## સાચા હરિભકતો સત્સંગનું ઘરેણું છે.

મોક્ષ માર્ગમાં બાઈઓ આગળ છે.. આ ભારતભૂમિ અતિ, શૂરા, સાધ્વી અને સંતોની ભૂમિ છે. સતીઓએ જીવન કુરબાન કરી ઝળહળતી કીર્તિ મેળવી છે, ભગવાનના પ્રતાપથી અનેક વિકટો અને સંજોગોમાં મુશ્કેલીમાં સમજણ મોળી પડી નથી, પરમેશ્વર એજ મારા પતિ છે, એવું માનીને સમગ્ર જીવન સહજાનંદના ચરણમાં સમર્પિત કર્યું છે. શ્રીજી મહારાજ કહે છે.

**બીજાં કોટિકોટિ કરે દાનરે, ના'વે જીવ ઉદ્ધાર્યા સમાનરે ।**
**જેથી જનમ મરણ દુઃખ જાયરે, પામે અભયપદ સુખી થાયરે ॥૧૮**

અભયદાન સમાન બીજા કોઈ પણ દાન થઈ શકતાં નથી.. બીજા કરોડો કરોડો દાન કરે તો પણ અભયદાન બરોબર થતાં નથી, જીવાત્માને અભયદાન આપવા માટે અમે મંદિર બનાવીએ છીએ.. આવાં હેતનાં વચન સાંભળી.. સુંણી હરખ્યા સહુ જન રે, સુખદાયક સ્વામી ધન્ય ધન્ય રે..

**ઈતિ શ્રીસહજાનંદસ્વામિચરણકમળસેવક નિષ્કુળાનંદમુનિવિરચિતે**
**પુરુષોત્તમપ્રકાશમધ્યે ચતુસ્ત્રિંશઃ પ્રકારઃ ॥ ૩૪ ॥**

---

**દોહા – પછી અલબેલે આગન્યા કરી, મંદિર કરવા માટ ।**
**ઈયાં મંદિર કરવું, જિયાં અમે ઢાળી છે પાટ ॥૧॥**
**અતિ ઉત્તમ છે આ ભૂમિકા, મોટાં ભાગ્યવાળી ભરપુર ।**
**ઓછું માહાત્મ્ય આનું નથી, જન મને જાણજો જરુર ॥૨॥**

સ્વામિનારાયણ ભગવાને નિષ્કુળાનંદ સ્વામીને કહ્યું, સ્વામી તમે મંદિર બનાવવા માટે જાઓ.. અમે અત્યારે પાટ ઢાળીને બેઠા છીએ તે જગ્યાએ મંદિરના પાયા નાખજો, જેમ બને તેમ જલદી મંદિર પુરું થાય તેમ કરજો.. સુંદર શોભાયમાન મંદિર તૈયાર થયું, સંવત્ ૧૮૮૨ વૈશાખ સુદ તેરસ મુહૂર્ત આવ્યું, શ્રીજીમહારાજ સંતો

સહિત ત્યાં પધાર્યા. મંદિર જોઈને ખૂબ રાજી થયા.

**પછી સમે સિંહાસન માથેરે, મદનમોહન પધરાવ્યા હાથેરે ।**
**કરી પૂજા આરતી ઉતારીરે, થયો જયજય શબ્દ ભારીરે ॥૮॥**

વેદોક્ત વિધિથી શ્રીજીમહારાજે સિંહાસનમાં મદનમોહનજી મહારાજની પ્રાણ પ્રતિષ્ઠા કરી, પૂજા કરી આરતી ઉતારી ત્યારે ભક્તજનો જય જયકાર કરી પુષ્પની વૃષ્ટિ કરી.. બોલો મદનમોહનજી મહારાજની જય.. શ્રીજીમહારાજ કહે છે.

**જેજે નિરખે નયણાં ભરીરે, તેનું મન ચિત્ત લિયે હરિરે ॥૯॥**
**એવી મૂરતિયો છે અતિ સારીરે, પ્રતિપક્ષીને પણ લાગે પ્યારીરે ।**

પ્રભુ ચિત્ત ચોર છે.. ચમક જેમ લોઢાને ખેંચે.. તેમ પ્રભુ ભક્તોના ચિત્તને પોતાના સ્વરૂપમાં ખેંચે છે. પ્રભુ કેવા ભક્તોને પોતાના સ્વરૂપમાં ખેંચે છે ? જે પ્રભુ નામનો જપ કરે છે, ધ્યાન કરે છે. તેના મનને પ્રભુ ખેંચે છે.

ગામ દિવબંદરના એક વણિક ભક્ત હતા. સ્થિતિ બહુ ગરીબ હતી. તેને થયું કે પરદેશ જાઉં તો કાંઈક બે પૈસા વધુ મળે.. સંતોને મળવા ગયા. પગે લાગીને બેઠા, સંતોએ કહ્યું, ભક્તરાજ વૃધ્ધાવસ્થા સુખેથી વીતે એ માટે પરદેશ કમાવા જાઓ છો.. બહુ સારી વાત છે. એ પણ કરવું જોઈએ પણ સાથોસાથ મૃત્યુ પછી પણ સાથે ચાલે એવી કમાણી પણ જરૂર કરજો.

## સાચી કમાણી પ્રભુની ભક્તિ છે.

લ્યો.. આ માળા.. દરરોજ પાંચ માળા સ્વામિનારાયણ સ્વામિનારાયણ કહીને ફેરવજો.. પ્રભુ ભજનથી સર્વ દુ:ખની નિવૃત્તિ થશે, સર્વ ક્રિયામાં પ્રભુને યાદ કરજો. કદાચ વિપત્તિ ઊભી થાય, દુ:ખ આવે.. ત્યારે ભગવાનમાં વિશ્વાસ અને શ્રધ્ધા રાખજો. પ્રમાણિકતાથી ધંધો કરજો.. ન્યાય નીતિથી ધન મેળવજો.. બધા હળીમળીને ચાલજો. આશીર્વાદ આપીએ છીએ. સદાય સુખીયા રહો....

કુટુંબને લઈ વણિક ભક્ત પરદેશ ગયા.... સરસ મઝાનું કામ મળી ગયું, શેઠનું મન જીતી લીધું, દોડી દોડીને ખંતથી કામ કરે, તેથી શેઠ સારી બક્ષીસ પણ આપે.. સંતના આશીર્વાદ હોય પછી શું બાકી રહે.. જેમ ધન અને સુખ વધ્યું, તેમ ભજન ભક્તિ પણ વધ્યું.. પહેલાં પાંચ માળા ફેરવતા. હવે દરરોજ પચાસ માળા ભગવાનને હૈયામાં ધારીને ફેરવે છે.

બે વરસ પછી સારી રીતે કમાઈને પુત્ર પરિવાર અને ધન સંપત્તિ સહિત



વહાણમાં બેસીને પોતાના દેશ તરફ આવે છે. બે દિવસ વહાણ બરાબર ચાલ્યું.. ત્રીજા દિવસે જોરદાર વાવાઝોડું ઉપડ્યું.. મંડ્યું વહાણ ઘુમરી ખાવા, ખલાસીએ (ખેવટે) કહ્યું, “વહાણ અમારા કાબૂમાં નથી. વહાણ બૂડ્યું.. તે સાથે સ્ત્રી છોકરાં ને ધન સંપત્તિ વિગેરે તમામ વસ્તુ ડૂબી ગયું.. વણિકને એક લાકડાનું પાટિયું મળી ગયું.. તણાતો તણાતો જાય છે.. ત્યાં એક વહાણ આવ્યું.. તેના ખારવાએ હાથ ઝાલી વહાણમાં બેસાડી દીધો.. વણિક બચી ગયો.. પોતાના ઘરે આવ્યો.. ઘર સાવ સૂનું છે.. કોઈ નથી.. હવે શું કરવું.. સદ્‌વિચાર પ્રગટ થયો. પ્રભુએ મને માયામાંથી મુક્ત કર્યો છે. તો હું ઘર છોડીને દ્વારિકાની યાત્રા કરવા જાઉં ત્યાં હરિભજન કરી મારા આત્માનું કલ્યાણ કરીશ.

રસ્તામાં લોજ ગામ આવ્યું.. ત્યાં સંતો મળ્યા. પગે લાગીને બેઠા.. સંતોએ કહ્યું, પ્રગટ પુરુષોત્તમ નારાયણ માનવદેહે અગત્રાઈ વિરાજે છે. ત્યાં જાવ તો દર્શન થશે. વણિક ભક્ત ફરતા ફરતા અગત્રાઈ આવ્યા. ત્યાં શ્રીજીમહારાજનાં દર્શન થયાં ચિત્ત ભગવાનમાં ચોંટી ગયું. અંતરમાં ઠંડક વળી. પ્રાર્થના કરતાં કહ્યું, પ્રભુ મને સદાય તમારા ચરણમાં રાખો. શ્રીજીમહારાજે ભાગવતી દીક્ષા આપી પ્રભાનંદ સ્વામી નામ ધારણ કરાવ્યું..

ચિત્ત ચોરાઈ જાય તો માયાનાં બંધન તૂટી જાય, અને મુક્ત દશાને પામી જાય છે. આપણે ભગવાનને પ્રાર્થના કરીએ કે, હે પ્રભુ ! અમારું ચિત્ત તમારા ચરણનું જ ચિંતવન કરે.. એવી કૃપા કરતા રહેજો.

**કર્યો સમૈયો બહુ સારોરે, લાગ્યો પ્રેમી જનને પ્યારોરે ।**
**જમ્યા રમ્યા સંત રૂડી રીતેરે, પરિપૂરણ થયા સહુ પ્રીતેરે ॥૧૩॥**

ધોલેરામાં મોટો ઉત્સવ કર્યો, આગ્રહ કરીને ખૂબ જમાડીને સંતો અને ભક્તોને તૃપ્ત કર્યા. પ્રભુના હાથનો પ્રસાદ જમ્યા તેનો બેડો પાર થઈ ગયો... કરવા અનેક જીવનું કલ્યાણ રે, આપે ઉઘાડી મોક્ષની ખાણ રે; જેણે જેણે નયણે જોયા નાથ, વળી પાય લાગ્યા જોડી હાથ. તેનાં સરી ગયાં સર્વે કામ રે, વળી પામશે પરમધામ રે.

**બહુ જનની કરવી છે સારરે, એવો કરી આવ્યા છે નિરધારરે ॥૨૦**

સમજવા જેવી કથા છે.. લોકો ભક્તિ કરે છે પણ આનંદ આવતો નથી. એનું કારણ શું છે ? ભક્તિ કરે છે પણ પાપ છોડતા નથી.. ભક્તિ કરે છે પણ એક બીજાની નિંદા કરે છે. સંતોની નિંદા કરે છે. પોતાપણાનો અહંકાર છોડતા નથી.. તેથી ભક્તિમાં

આનંદ આવતો નથી...

**ઈતિ શ્રીસહજાનંદસ્વામિચરણકમળસેવક નિષ્કુળાનંદમુનિવિરચિતે પુરુષોત્તમપ્રકાશમધ્યે પંચત્રિંશઃ પ્રકારઃ ॥ ૩૫ ॥**

---

**વળી શ્રીહરિ કે' સહુ સાંભળો, બહુ બહુ બનાવ્યાં મંદિર ।**
**અનેક જીવ ઉદ્ધારવા, કર્યું કામ અનામ અચિર ॥૧॥**

શ્રીજીમહારાજ વચનામૃતમાં કહે છે, જે પ્રતિમાની તમે પૂજા કરતા હો, તેને કોઈ દિવસ અપૂજ રહેવા દેશો નહિ, પ્રાતઃકાળમાં સ્નાન કરીને ભગવાનની પૂજા કરવી અને પછી બીજો ધંધો કરવો.. જ્યાં સુધી પંચવર્તમાનમાં રહીને પૂજા કરશો ત્યાં સુધી એ મૂર્તિને વિષે સાક્ષાત ભગવાન વિરાજમાન રહેશે. તેમાં અખંડ પ્રભુનો વાસ રહેશે.

નિષ્કુળાનંદ સ્વામી ખુમારીપૂર્વક ધોલેરાધામનો મહિમા વર્ણવે છે.

**નાનો દેશ નિરસ અતિ, દેહાભિમાનિને દુઃખરૂપ ।**
**તિયાં ત્યાગી હોય તે ટકે, બીજાને સંકટરૂપ ॥૩॥**
**માટે મારે એ મંદિરપર, ઘણું ઘણું રહેછે હેત ।**
**ધન્ય ધન્ય એહ સંતને, જે ઈયાં રહે કરી પ્રીત ॥૪॥**

સ્વામી કહે છે.. ધોલેરા મંદિર પર મને ઘણું હેત છે.. સૂકો દેશ છે. ત્યાં સાચો ત્યાગી હોય તે ટકી શકે બાકી દેહાભિમાની ત્યાં રહી શકશે નહિ, દેહાભિમાની અને આત્મજ્ઞાનીની વિચારધારા જુદી હોય છે. આત્મજ્ઞાનીને ભગવાનનું જ સુખ જોઈએ છે. દેહાભિમાનીને આ લોકનું સુખ જોઈએ છે, આત્મજ્ઞાનીને માયિક પદાર્થનો ત્યાગ કરવો ગમે છે. દેહાભિમાનીને માયિક પદાર્થ ખૂબ ભેળા કરવા ગમે છે. આત્મજ્ઞાનીને ભગવાનની મૂર્તિમાં મન રાખવાનું તાન છે. દેહાભિમાનીને પિકચર-અને ટી.વી. વિગેરે જોવાનું મન છે.

આત્મજ્ઞાનીને શ્રીજીમહારાજનો મહિમા છે.
દેહાભિમાનીને માયાનો મહિમા છે.
આત્મજ્ઞાનીને પ્રભુનાં કથાકીર્તન કરવા ગમે છે.
દેહાભિમાનીને કથા કીર્તનમાં કંટાળો આવે છે.

શ્રીજીમહારાજ કહે છે, વિકટ સ્થિતિમાં રહી પ્રભુ ભજે છે, તેવા સંતને



ધન્યવાદ છે, મને રાજી કરવા માટે દેહની પરવા કરતા નથી.

**માટે સે'જે સે'જે તપ થાયરે, એવું છે જો એ મંદિર માંયરે ॥૭॥**
**એહ સંતને જમાડશે જેહરે, મોટા સુખને પામશે તેહરે ।**
**બીજા જક્તના જમાડે ક્રોડ્યરે, તોયે આવે નહિ એની જોડ્યરે ॥૮**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, જગતના કરોડ માણસને જમાડે અને આંહી ધોલેરામાં એક સંતને જમાડે.. એક સંતને જમાડ્યાનું ફળ વધી જાય છે, સંતોને જમાડશે, પૂજા કરી વસ્ત્ર ઓઢાડશે, સત્કાર કરી પગે લાગશે તેના ઉપર શ્રીજીમહારાજ બહુ રાજી થશે. દેહાભિમાની ભકત ભગવાનને દીઠા પણ ગમતા નથી. ધીરજ રાખી દુઃખને સહન કરે છે. તે ભકત ભગવાનને બહુ વહાલા છે, તેવા ભકતની ભગવાન રક્ષા કરે છે. તેવા ભકત થવાની જરૂર છે.

## જાનમાં વરરાજા ભુલાવવો ન જોઈએ
## જિંદગીમાં ભગવાન ભુલાવવા ન જોઈએ.

ખોખરા ગામના હીરજીભાઈ પરમ એકાંતિક ભકત હતા. મહિમાએ સહિત આનંદથી પ્રભુનું અખંડ સ્મરણ કરતા, જેના હૃદયમાં પરમાત્માનો દિવ્ય ભક્તિનો પ્રકાશ પથરાઈ જાય તેના હૃદયમાં આઠે પહોર આનંદ રહ્યા કરે. તે છતે દેહે અક્ષરધામના જેવું સુખ ભોગવે છે.. પણ એક શરત.. અનન્યભાવથી પરમાત્મામાં જોડાઈ જવું જોઈએ.

એક વખત હીરજીભાઈ બળદ ગાડુ લઈને કોઈ કામ પ્રસંગે અંજાર ગયા.. વ્યવહારિક કામ પુરું કરી પોતાના ગામ તરફ આવે છે. સૂર્યાસ્ત થયો. સાથે દશ હજાર રૂપિયાના સોનાના દાગીના છે. અત્યારે દશ લાખ જેટલી કીંમત ગણાય.. ગાડામાં બેસી કીર્તન કરતાં કરતાં ગાડું ચલાવે છે.

**આવાને આવા રે આવાને આવારે,**
**રહેજો મારી આંખડલીમાં પ્રભુ . . . આવાને આવા.**
**આવાને આવા મારા નાથ બીરાજો,**
**હાંરે મારા તનડાના તાપ બુઝાવારે . . . આવાને આવા.**

અંધારી રાત થઈ ગઈ. કાંઈ સૂઝતું નથી, અચાનક લુંટારાની ટોળી આવી, ગાડાને ઘેરી વળ્યા.. પડકાર કર્યો.. અલ્યા કયાં જાય છે ? તારી પાસે જે છે તે જલ્દી આપી દે. નહિંતર મારી નાખશું.. હીરજીભાઈ આંખ બંધ કરી શ્વાસો શ્વાસ હે

સ્વામિનારાયણ.. હે સ્વામિનારાયણ.. સ્મરણ કરે છે. હૃદય થરથરી ગયું.. ત્યાં આંખમાં પ્રકાશ છવાઈ ગયો. શ્વેત પ્રકાશમાં ભગવાનનાં દર્શન થયાં.. મારા ભગવાન મદદમાં આવી ગયા છે. ભગવાને બળદ સહિત ગાડાને અધ્ધર હથેળી ઉપર ઉપાડ્યું.. ને ટપર ગામની નદીના કિનારે મૂકી દીધું.. ભકતરાજ ચિંતા છોડીને નિરાંતે સૂઈ જાવ.. આટલું કહેતાં પ્રભુ અદ્રશ્ય થઈ ગયા.

આ બાજુ ચોર જોતા જ રહી ગયા.. ગાડું કયાં ગયું.. પેલો ભગતડો કયાં ગયો.. આજુબાજુ જુવે છે.. કોઈ ન મળે.. નવાઈ પામી જતા રહ્યા.. હીરજીભાઈએ જોયું તો ટપર ગામની નદી.. ઓ..હો..હો.. ધન્ય છે પ્રભુ તમારી દયાને ભકતની કેવી રક્ષા કરો છો. દયાળુ નાથ તમને ઘણી ખમા.

### મને બહારવટીયાની મારથી બચાવી લીધો.

પ્રભુનું ધ્યાન કરતા કરતા ગાડા ઉપર સૂઈ ગયા, બળદને ઝાડ સાથે બાંધી દીધા.. સવારે આછાં અજવાળાં થયાં.. ગાડું ચાલતું કર્યું.. ખોખરા ગામે આવ્યા.. ગ્રામજનોને આ વાત સવિસ્તર કહી સંભળાવી.. ગામના માણસોને પ્રભુનો મહિમા સમજાયો તેથી તે પણ મહિમાએ સહિત સત્સંગ કરતા થઈ ગયા.. વર્તમાનકાળમાં પણ પ્રભુ રક્ષા કરે છે. શરત એટલી કે ભગવાન ઉપર પૂર્ણ વિશ્વાસ હોવો જોઈએ.

પ્રસ્તુત કથા કહે છે ધોલેરામાં શ્રીજીમહારાજે મદનમોહનજી મહારાજ પધરાવી તે દેશના ભકતજનોને સુખી કર્યા.

**જિયાં હતાં વાંસડાનાં ઘરરે, તિયાં થઈ હવેલિયો સુંદરરે ।।૧૩।।**
**તેતો મદનમોહન પ્રતાપરે, સહુ સુખિયાં થયાં છે આપરે ।**

ભાવ સહિત મદનમોહનજી મહારાજનાં દર્શન કરશે, તે ભવસાગર તરશે, અને આ લોક અને પરલોકમાં મહા સુખને પામશે. એહ મૂરતિ દ્વારે કરી, જાશે બહુ જીવ ભવ તરી; તેહ સારું કર્યું છે મહારાજે રે, અમૃત પદ પમાડવા કાજે રે..

**ઈતિ શ્રીસહજાનંદસ્વામિચરણકમળસેવક નિષ્કુળાનંદમુનિવિરચિતે પુરુષોત્તમપ્રકાશમધ્યે ષટ્ત્રિંશઃ પ્રકારઃ ।। ૩૬ ।।**

---

**દોહા – એમ અનેક પ્રકારનાં, બહુ બહુ ઉઘાડ્યાં બાર ।**
**કલ્યાણ કરવા કારણે, અલબેલે જાણો આ વાર ।।૧।।**



**આપ સંબન્ધે સંત સંબન્ધે, વર્ણી સંન્યાસી સંબન્ધે સોય ।**
**સાંખ્યજોગી સત્સંગી સંબન્ધે, શ્રેય પામ્યાં સહુ કોય ।।૨।।**

શ્રીજીમહારાજે પોતાના સંબંધે સંતો અને બ્રહ્મચારી, સન્યાસી, સાંખ્ય યોગી અને સત્સંગીઓ સંબંધે અનેક જીવનો ઉધ્ધાર કર્યો છે. સમજવા જેવી કથા આવે છે, આપણને સજાગ થવાની અને સમજવાની જરૂર છે.

ગઢપુર સમૈયો હતો. ગામોગામથી હરિભકતો પગે ચાલીને દર્શન કરવા જાય છે. સવાસો જેટલા હરિભકતો કીર્તન ભજન કરતા કરતા જાય છે. એક છોકરાને સમૈયામાં જવાની ઈચ્છા થઈ. સત્સંગી નહોતો પણ સંસ્કારી હતો, મા-બાપની રજા લઈ ચાલતો થયો.. ગરીબાઈને લીધે પગમાં પહેરવા માટે પગરખાં(જોડા) નથી.. ઉઘાડા પગે મસ્ત બનીને ચાલ્યો જાય છે.

આગળ જતાં પગમાં બાવળનો જોરદાર કાંટો વાગ્યો.. લોહીની ધાર થઈ.. તેથી નીચે બેસી ગયો. બધા માણસો છોકરાને જોતાં જાય ને કહેતા જાય.. છોકરા તું ગઢડા કેવી રીતે પહોંચી.. પણ કોઈ ખાવા પીવાનું પૂછે નહિ, કે તું શું જમ્યો ! કોઈ મદદ કરે નહિ.. બહુ રડે છે..

માણાવદરાના માવા ભકતને દયા આવી. જમવાનું આપ્યું. પાણી પાયું પછી ખંભા ઉપર બેસાડી વૈદ પાસે લઈ ગયા, વૈદે કાંટો કાઢી, મલમ લગાવી પાટો બાંધી દીધો.. ચાર કલાક વિસામો લીધો. પછી માવજી ભકતે તે છોકરાને ધીરેથી પોતાના ખંભે બેસાડ્યો.. ને પગે ચાલતા થયા.. જેમ પિતા બાળકની સંભાળ રાખે તેમ ગરીબ છોકરાની સંભાળ રાખે છે.. આ બાજુ સંઘ ગઢડે પહોંચી ગયો, શ્રીજીમહારાજ ઢોલીયા ઉપર વિરાજમાન છે.. ચારે બાજુ ભકતજનો બેઠા છે. સંઘના માણસો એક પછી એક પ્રભુને પગે લાગીને બેઠા.

શ્રીજીમહારાજ ધ્યાનસ્થ મુદ્રામાં આંખ બંધ કરી માળા ફેરવે છે. મુકતાનંદ સ્વામીએ કહ્યું, હે મહારાજ, ગામે ગામથી હરિભકતોનો સંઘ આવી ગયો છે. આપ આપના મુખારવિંદનું અમૃતપાન કરાવો. શ્રીજીમહારાજે કહ્યું, હજુ સંઘ આવ્યો નથી.. આટલું બોલી મૌન થઈ ગયા.. કાંઈ બોલ્યા નથી. બે કલાક થઈ છતાં કાંઈ બોલ્યા નહિ.. આંખ બંધ કરી માળા ફેરવે છે.

એટલામાં માવા ભકતે ખંભે ગરીબ છોકરાને બેસાડીને સભામાં આવ્યા.. તેમને જોતાંજ શ્રીજીમહારાજ પ્રસન્નતાથી બોલ્યા હા...

**હવે સંઘ આવી ગયોને, મારા અંતરમાં રાજીપો થયો.**

*માવાભકતે છોકરાને નીચે ઉતાર્યો, છોકરો ભગવાનનાં ચરણમાં ઢળી ગયો, આંખમાં આંસુથી પ્રભુના ચરણ પલાળી દીધાં.. શ્રીહરિએ ઊભા થઈને માવા ભકતને બાથમાં લઈ ભેટી પુષ્પનો હાર જે પોતે પહેર્યો હતો તે માવા ભકતને પહેરાવી રાજીપો વ્યકત કર્યો.. ખરેખરા દયાળુ ભકત તો આ માવા ભકત છે.*

*શ્રીજીમહારાજે સંઘને ઠપકો આપતાં કહ્યું, દયા ધર્મનું મૂળ છે.. તમે પરીક્ષામાં નાપાસ થયા છો, ભગવાનની પરીક્ષામાં જે પાસ થાય તે માયાના ચક્કરથી બહાર નીકળી જાય.. અને અક્ષરધામ સુધી પહોંચી જાય..*

***મોટાં મોટાં કરાવ્યાં મંદિરરે, તેમાં રાખિયા સંત સુધીરરે ॥૬॥***
***પણ તેતો સંત છે જો ત્યાગીરે, વસી કેમ શકશે વીતરાગીરે ।***

*નિષ્કુળાનંદ સ્વામી હવે કથાને વળાંક આપે છે. મોટાં મોટાં મંદિર બનાવ્યાં. સુંદર સોહામણી મૂર્તિઓ પધરાવી.. સંતો સ્ત્રી ધનના ત્યાગી છે. સત્સંગ અર્થે દેશ વિદેશ ફરતા હોય. મંદિરોને સાચવવા માટે આ સંપ્રદાયના ધણી બનાવવા જોઈશે.*

***માટે એના કરું એક ધણીરે, તો રાખે ખબર એની ઘણીરે ।***
***પછી સરવાર દેશથી સંબંધીરે, તેને તેડાવી જાયગા દિધિરે ॥૭॥***

*સ્વામિનારાયણ ભગવાને મોટા ભાઈના પુત્ર અયોધ્યાપ્રસાદજી અને નાના ભાઈના પુત્ર રઘુવીરજી મહારાજને દત્ત પુત્ર તરીકે લીધા, સાધુ સત્સંગીના ગુરુ કીધા, દેશ ઉત્તર દક્ષિણ વેંચી દીધા..*

**સ્થાપ્યા દત્તપુત્ર પોતે સ્થિર અવધપ્રસાદ ને રઘુવીર**

*અનેક જીવાત્માના કલ્યાણ અર્થે શ્રીહરિએ આચાર્યોની સ્થાપના કરી અને દેશ વિભાગ કરી દીધા. પોતપોતાના દેશમાં રહીને સત્સંગની જવાબદારી સંભાળવી.. ધર્મ મર્યાદા પ્રમાણે રહી.. સત્સંગ કરવો ને બીજાને કરાવવો.. આચાર્યશ્રીને અન્ન, ધન, વસ્ત્ર, વાહન, ફળ, ફુલ, દળ-જળ આપશે, પૂજા કરશે, સન્માનપૂર્વક પધરામણી કરાવશે તે સૌનું કલ્યાણ થશે.*

***આચારજથી બહુ ઉદ્ધરશેરે, જાણો બ્રહ્મનગર વાસ કરશેરે ।***
***એમ શ્રીમુખે કહ્યું શ્રીજીયેરે, જન સૌ સત્ય માની લિજીયેરે ॥૨૦॥***

*શ્રીજીમહારાજ કહે છે, અમારા સ્થાપિત આચાર્યશ્રીનાં દર્શન કરશે, ગુણ ગાશે, સેવા કરશે, આશરો લેશે તે સૌ ભવજળ પાર ઉતરશે. આચાર્ય દ્વારાએ અનેક*



*જીવાત્મા પરમપદને પામશે.*

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિચરણકમળસેવક નિષ્કુળાનંદમુનિવિરચિતે પુરુષોત્તમપ્રકાશમધ્યે સપ્તત્રિંશઃ પ્રકારઃ ॥ ૩૭ ॥***

---

***એમ મોટપ્ય આચારજની, ઘણી ઘણી કહી ઘનશ્યામ ।***
***એહ દ્વારે અનેકને, આપવું છે આજ નિજ ધામ ॥૧॥***

*શ્રીજીમહારાજનો એક શ્રેષ્ઠ વિચાર છે કે જીવાત્મા માયાથી પર થઈને મારી પાસે આવે..*

***ધામધણિયે એમ ધારિયું, જન ઉદ્ધારવા છે અપાર ।***
***પાર પમાડવા પ્રાણીને, એહ કર્યા આપે ઉપકાર ॥૨॥***

*અક્ષરધામના ધણી પુરુષોતમનારાયણે પોતે નક્કી કર્યું છે કે જે કોઈ ધર્મકુળને અનુસરશે તે સૌ પરિશ્રમ વિના પાર ઉતરશે.. શ્રીહરિ કહે છે. આ આચાર્ય બીજા આચાર્ય જેવા નથી.. જેના જીવનનું.. વર્તનનું કાંઈ ઠેકાણું હોય નહિ. ગમે ત્યાં ફરતા હોય, ગમે ત્યાં ખાતા પીતા હોય.. પોતાના ગુણ ગાતા હોય,.. પૈસાના દાસ હોય.. પરસ્ત્રી સામે ખોટી નજરું કરતા હોય.. આચરણનું કોઈ ઠેકાણું ન હોય.. એવા આચાર્ય આ નથી. અમારા દત્તપુત્ર.. ધન અને સ્ત્રી માટે જ્યાં ત્યાં ફરે એવા નથી..*

***માટે એવા આચારજ આ નહિરે, એપણ વાત સમઝવી સહિરે ।***
***આતો ત્રિયા ધનના તાકુ નથીરે, તેની વાત કહિયે છીએ કથીરે ॥***
***અમે બાંધી દિધી છે જે રીતરે, તેમાં રે'છે કરી અતિ પ્રીતરે ।***
***શિષ્ય શ્રદ્ધાએ કરશે સેવારે, ધન ધાન્યાદિ આવશે દેવારે ॥૮॥***

*શ્રીહરિ કહે છે, અમે જે બે આચાર્યો સ્થાપ્યા છે. તે અમારી બાંધેલી મર્યાદા અને આજ્ઞા ક્યારેય લોપશે નહિ.. ધર્મ પાળવામાં સાવધાન રહેશે.. તેમનામાં રૂડા ગુણ જોઈને અમે ગાદીએ બેસાર્યા છે..શિષ્યો શ્રધ્ધાથી સેવા કરશે તેને સંતોષ રાખીને લેશે. ક્યારેય પણ કોઈ સાથે જીદ નહિ કરે.. સંબંધી વિનાની કોઈ પણ સ્ત્રી સાથે બોલશે નહિ..*

***કોઈ ઉપર રોષ ન રાખેરે, વળી કોઈને કલંક નહિ નાખેરે ॥૧૦॥***

*કોઈ ઉપર ખોટું કલંક નાખશે નહિ, કોઈના જામીન થશે નહિ.. કોઈની જુઠી સાક્ષી ભરશે નહિ, આપત્કાળ આવશે તો માગીને ખાશે પણ કોઈ દિવસ કરજ*

કરશે નહિ, કોઈની થાપણ રાખશે નહિ.. ધર્માદાનું કે મંદિરનું એક પણ કણ વેચશે નહિ, ધર્માદાનો ખોટો બગાડ કરશે નહિ, જીવ પ્રાણી માત્ર ઉપર દયા રાખશે.

**આચાર્યના આચરણની સુગંધ વાયુ વાટે પથરાય છે.**

માન અપમાન સહન કરશે, અધર્મ સર્ગથી દૂર રહેશે, છેતરપીંડી કરશે નહિ, ક્યારેય કોઈની સાથે આંટી નહિ બાંધે.. વાતની વાતમાં ક્રોધ કરશે નહિ, વિશાળ દરિયા જેવું દીલ રાખશે, ધર્મ પાળશે તો ધર્મવંશી કહેવાશે, ધર્મવંશી ધર્મ થાપશે.. સારો ઉપદેશ સૌને આપશે.

**સદ્‌ગુણો યુક્ત જે આચાર્ય છે,**
**તેમાં સદાય પ્રભુનો વાસ છે.**

એહ આચારજથી અપાર, બહુ જીવનો થાશે ઉધ્ધાર; એમાં નહિ પડે કાંઈ ફેર, શીદ કહેવરાવો વેર વેર. ધાર્યું ધર્મસુતે ધામ દેવા, સહુ જમને શરણે લેવા..

***તેહ સારું આવ્યા છે આપે રે, જીવ તારવા નિજ પ્રતાપે રે***

પુરુષોત્તમ પ્રકાશ ઉત્તમ સાહિત્ય છે, તેનું વાંચન શ્રવણ અને મનન કરવાથી સદ્‌ગુણોનું સિંચન થાય છે. ધર્મ બુદ્ધિ જાગૃત કરે છે, હૃદય તેજસ્વી બને છે.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિચરણકમળસેવક નિષ્કુળાનંદમુનિવિરચિતે***
***પુરુષોત્તમપ્રકાશમધ્યે અષ્ટાત્રિંશઃ પ્રકારઃ ॥ ૩૮ ॥***

---

***એમ કહી રીત કલ્યાણની, આ સમાની અગણિત ।***
***તે સૌએ શ્રવણે સાંભળી, અતિ ઉત્તમ પરમ પુનિત ॥૧॥***

અક્ષરધામ કેવું છે ?.. જેહ ધામને પામીને, પાછો ન પડે જન કોય એવું અખંડ એ ધામ છે.. ત્યાં સુખે વસે જન સોય.. શ્રીહરિ કહે છે. જે ધામને પામી પછી ફેર ફેરવણી થતી નથી, જ્યાં ગયા પછી ક્યારેય કોઈનું પતન થતું નથી, એવું અક્ષરધામ છે. ત્યાં સહુ જીવાત્માને પહોંચાડવા છે.

**સત્તા મલાઈ ખાવા માટે નથી**
**પણ ભલાઈ કરવા માટે છે.**

આ સંપ્રદાયની રચના સ્વયં સ્વામિનારાયણ ભગવાને કરેલી છે. હંમેશા પર્વતપ્રાય ભક્તિ કરવી, વરસાદ વરસે ત્યારે ઢેફાં હોય તે પલળીને પાણી ભેળાં પાણી



થઈ જાય, નાના નાના પથ્થરના ટૂકડા ખેંચાઈ જાય.. પણ પર્વતને કાંઈ ન થાય, એ ખેંચાઈ જાય નહિ, તેમ જેની પર્વતપ્રાય ભક્તિ હોય તેને કામ, ક્રોધ અને માયા ખેંચી શકે નહિ.. કોઈ ગાળો દે તો મૂંઝાઈ જાય નહિ.. હાર પહેરાવે તો ફૂલાઈ જાય નહિ..

***કામ કર્યું છે એહ સારુંરે, મન માન્યું છે બહુ અમારુંરે ।***
***કાંજે એ છે ધર્મનું કુળરે, માટે એ વાતનું ઊંડું મૂળરે ॥૭॥***

શ્રીહરિ કહે છે, અમે સમજી વિચારીને આચાર્ય પદ(ગાદી) આપ્યું છે. ધર્મ પાળશે ને બીજાને પળાવશે, ધર્મનાં મૂળીયાં ઊંડાં છે. ધર્મની રીત અનાદિ છે. ધર્મ અમને બહુ વહાલો છે. ધર્મનું તન મન અને ખરા ખંતથી સેવન કરવું જોઈએ, જીસને ધર્મ સંપાદન નહિ કિયા ઔસા ધર્મહીન નાસ્તિક આદમી જિંદા હો તો ભી મુડદે જૈસા હૈ.. જીવ દેહકા આધાર હે.. વૈસી જિંદગી ધર્મ કે આધાર પર હૈ...

**धर्म एव हतो हन्ति, धर्मो रक्षति रक्षितः**

જે ધર્મનું રક્ષણ કરે છે, તેનું ધર્મ રક્ષણ કરે છે. ધર્મનું શિરને સાટે પાલન કરવું...

***ધર્મ અમને છે બહુ વા'લોરે, એમ કહેછે ધર્મનો લાલોરે ।***
***ધર્મવાળા સાથે હેત મારેરે, એમ વાલો કહે વારે વારેરે ॥૧૨॥***
***અધર્મી સાથે મારે અદેખાઈરે, રે'છે રાત દિવસ મનમાંઈરે ।***
***અધર્મી જનની જેહ ભગતિરે, નથી ગમતિ મને જો રતિરે ॥૧૩॥***
***એના હાથનું અન્ન ન ભાવેરે, મર બહુ સારુ કરી લાવેરે ।***
***અધર્મીના હાથનું જે પાણીરે, નથી પિતા તે અશુદ્ધ જાણીરે ॥૧૪॥***

ધર્મવાળા ભક્તો અમને બહુ જ વહાલા છે, તેની સાથે અમારે સદાય હેત રહે છે. અધર્મી સાથે અમારે બનતું નથી, અધર્મી સાથે અમારે અદેખાઈ રહે છે. અધર્મીનું અન્ન જળ અમે સ્વીકારતા નથી. ધર્મવાળા પ્રેમી ભક્તનું અન્ન જળ સામેથી સ્વીકારે છે. પ્રભુ જેવો કોઈ ઉદાર નથી. તેની એક સુંદર કથા છે.

શ્રીજીમહારાજ ગઢપુરમાં અક્ષરઓરડીમાં વિરાજમાન હતા, ત્યાં એક કોળીનો છોકરો બે ચીભડાં(સકરટેટી) અર્પણ કરી પગે લાગીને બેઠો.. પ્રભુ બહુ રાજી થયા.. બાજુમાં લાધા ઠક્કર બેઠા છે.. લાધા ભગત ! આ છોકરો અમારા માટે ચીભડાં લાવ્યો છે, તો તેને પચાસ રૂપિયા આપી દો.. ગરીબની વસ્તુ મફત લેવાય નહિ. લાધા ભગતે કહ્યું, પ્રભુ, ત્રણ પૈસાના ચીભડાં છે તેના પચાસ રૂપિયા અપાય નહિ. ત્યારે

શ્રીજીમહારાજે કહ્યું, તો સો રૂપિયા આપી દો.. લાધા ભકતે કહ્યું, એટલા બધા પૈસા અપાય નહિ..

''શ્રીજીમહારાજે કહ્યું, તો બસો રૂપિયા આપી દો. લાધા ભકતે કહ્યું, બે રૂપિયાનાં ચીભડાં ને બસો રૂપિયા અપાતા હશે.'' શ્રીજીમહારાજે કહ્યું, તો પાંચસો રૂપિયા આપી દો.. જલદી આપી દો.. લાધા ભગતે વિચાર કરતા થઈ ગયા. કરવું શું. શ્રીજીમહારાજ સમજશે નહિ. રકમ વધારતા જાય છે. પ્રભુએ કહ્યું, વિલંબ શા માટે કરો છો ? રૂપિયા ન આપો તો અમારી માણકી ઘોડીનો સોનાનો સમાન છે તે છોકરાને આપી દો.. જલદી કરો..

ત્યારે જીવુબા બોલ્યા.. લાધા ઠક્કર, જેમ શ્રીજીમહારાજ કહે છે તેમ કરો.. આજ્ઞાનું પાલન કરવું એ આપણી ફરજ છે. લાધા ઠક્કરે છોકરાને કહ્યું, ચાલ મારી સાથે.. દુકાને લઈ ગયા.. એક કળશી જુવાર આપીને કહ્યું, આ તમારે ઘરે લઈ જાવ.. છોકરો રાજી રાજી થઈ ગયો.. લાધા ઠક્કર ડરતા ડરતા. શ્રીજીમહારાજ પાસે આવ્યા.. શ્રીજીમહારાજ શું કહેશે.. ખીજાશે તો.. પગે લાગીને બેઠા.. શ્રીજીમહારાજે કહ્યું, તમે વાણિયા વિદ્યા વાપરી જુવાર આપી છોકરાને તગડી મૂકયો.. પણ ...

**હું તે છોકરાને અક્ષરધામરૂપી ઈનામ આપીશ.**

છોકરો મોટો થયો.. શ્રીજીમહારાજને દરરોજ યાદ કરે. મને બે ચીભડાંના બદલામાં ઢગલાબંધ જુવાર આપી.. કેવા દયાળુ દિવ્ય પુરુષ હતા.. અંતકાળ આવ્યો.. ત્યારે શ્રીજીમહારાજ તે છોકરાંના આત્માને વિમાનમાં બેસાડી અક્ષરધામમાં તેડી ગયા..

**માટે ધર્મવાળાની જે ભક્તિરે, તેતો મને ગમેછે જો અતિરે ।**
**માટે ધર્મવાળા જીવ જોઈરે, કર્યા છે મેં આચારજ દોઈરે ॥૧૭॥**

શ્રીહરિ કહે છે. ધર્મવાળા જોઈને મેં આચાર્ય સ્થાપ્યા છે, ધર્મની ગાદી પર બેસી સહુને ધર્મનો ઉપદેશ દેશે, તે દ્વારા પણ અનેકનો ઉધ્ધાર થશે..

**એમ બોલ્યા શ્રીહરિ હરખીરે, સુણી વાત લીધી છે જો લખીરે ॥**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, શ્રીજીમહારાજ બોલ્યા છે તે પ્રમાણે મે વાત લખી છે.

**ઈતિ શ્રીસહજાનંદસ્વામિચરણકમળસેવક નિષ્કુળાનંદમુનિવિરચિતે પુરુષોત્તમપ્રકાશમધ્યે એકોનચત્વારિંશઃ પ્રકારઃ ॥ ૩૯ ॥**

---



**માટે સહુ ધર્મકુળ માનજો, સહુ કરજો એની સેવ ।**
**અન્ય જન જેવા એહ નહિ, એ છે જાણજો મોટા દેવ ॥૧॥**
**એક બ્રાહ્મણને જાણો ભક્ત અતિ, વળી કા'વે અમારું કુળ ।**
**એને સેવતાં સૌ જન તમો, પામશો સુખ અતુળ ॥૨॥**

શ્રીહરિ કહે છે, ધર્મકુળને સૌ માનજો, આદર સત્કાર કરજો. બ્રાહ્મણ છે, ભકત છે ને વળી અમારું કુળ છે.. તેથી એમના વચન પ્રમાણે રહેજો, તેની સાથે વાદ વિવાદ કરશો નહિ, ખોટી રીતે દબાવશો નહિ.. એહ કહે તેમ સહુ કરજો, પૂછ્યા વિના પગ ન ભરજો.. હાથ જોડી રહેજો હજુર, કરી ડહાપણ તમારું દૂર.. ધર્મ પ્રમાણે વર્તાવિશે.. તેમાં રાજી થઈને ધર્મનું પાલન કરજો...

**વૃધ્ધ અવસ્થામાં વાળ ખરે પણ વટ ખરતો નથી.**

આચાર્યશ્રી જેમ વાળે તેમ વળજો.. તેના કાર્યમાં ભળજો.. યોગદાન દેજો.. તેને રાજી રાખશો તો અમે રાજી થઈશું.. તેને દુઃખી કરશો તો તમે દુઃખી થશો અને ભવાટવીમાં ભટકશો.. માટે સાવધાન રહેવું.. શ્રીહરિ કહે છે.

**કાંજે અમારે ઠેકાણે એ છેરે, તેતો પ્રવિણ હોય તે પ્રીછેરે ।**

અમારે ઠેકાણે અમે આચાર્યશ્રીને રાખ્યા છે. સત્સંગની તમામ જવાબદારી એમને સોંપી છે, એમાં રહીને અમે દર્શન દેશું.. એમાં રહીને સેવાનો સ્વીકાર કરશું.. ગામોગામ અને વિશાળ શહેર પાટણમાં અમારા પ્રતાપથી તેમનું ખૂબ સન્માન અને સત્કાર થશે. આચાર્યશ્રીમાં અખંડ પ્રભુનો વાસ છે.

શ્રીજીમહારાજે આચાર્યશ્રીની જે સથાપના કરી છે તે એક અજોડ કામ છે. સ્વામિનારાયણ ભગવાનના પ્રતાપથી આચાર્યશ્રીનો ચારે દિશામાં જયજયકાર થાય છે. દેશો દેશમાં સન્માન થાય છે તે બધો પુરુષોત્તમ નારાયણની કૃપા છે...

**સુણી જન મગન થયારે, ધન્ય ધન્ય સ્વામી કે'વા રહ્યારે ।**
**પછી સહુએ આચારજ સેવ્યારે, તેતો મોટા સુખને લેવારે ॥૨૦॥**

શ્રીહરિએ.. ઈષ્ટદેવમાં અનુરાગ પ્રગટાવી તેમના ચરણ સુધી પહોંચવાનો માર્ગ બતાવ્યો છે, સત્સંગ અને સત્કાર્યમાં જોડી સત્સંગ પ્રત્યે આત્મભાવ અને પરસ્પર સુહૃદ ભાવ જગાવ્યો.. ઉન્નતિ માટે ઘણું ઘણું આપણને આપ્યું છે..

**ઈતિ શ્રીસહજાનંદસ્વામિચરણકમળસેવક નિષ્કુળાનંદમુનિવિરચિતે પુરુષોત્તમપ્રકાશમધ્યે ચત્ત્વારિંશઃ પ્રકારઃ ॥ ૪૦ ॥**

***એમ આચારજનું અધિકપણું, શ્રી મુખે કહ્યું ઘનશ્યામ ।***
***એહ દ્વારથી અનેકને, કરવા છે પૂરણકામ ॥૧॥***
***ઘણા જીવ એહ ગૃહસ્થથી, ઉદ્ધારવા છે આ વાર ।***
***નરનારી જે જક્તમાં, તે સહુના એ તારનાર ॥૨॥***

*નિષ્કુળાનંદ સ્વામી, આચાર્યશ્રીનો મહિમા વર્ણવી.. હવે સંતોનો મહિમા લખે છે.. સ્વામિનારાયણ સંપ્રદાય એટલે.. સંતરત્નોની ખાણ. સ્વામિનારાયણ સંપ્રદાય સુવાસિત સંતપુરુષોથી મધમધતો બગીચો છે.*

**સ્વામિનારાયણ સંપ્રદાય થાકેલાને વિશ્રાંતિ અને ભૂખ્યાને મુક્તિના મીઠા ફળ આપે છે.**

*સ્વામિનારાયણ ભગવાન કહે છે. હે ભકતજનો સાંભળો.*

***ધર્મકુળમાં કરી રહ્યા ધામરે, તેમ સંતમાં છઉં કહે શ્યામરે***
***સર્વે રીતે સંતમાં રહુછુંરે, એમાં રહી ઉપદેશ દઉંછુંરે ॥૫॥***
***સંત બોલે તે ભેળો હું બોલુંરે, સંત ન ભુલે હુંયે ન ભુલુંરે ।***
***સંત વાત ભેળી કરું વાતરે, એમ સંતમાં છઉં સાક્ષાતરે ॥૬॥***

*જેમ આચાર્યશ્રીમાં રહી અમે દર્શન આપીએ છીએ. તેમ સંત સંતમાં રહી અમે ઉપદેશ આપીએ છીએ, સંતમાં રહી અમે બોલીએ છીએ, સંતમાં રહી સત્સંગ કરાવીએ છીએ, સંતમાં અમે સાક્ષાત રહ્યા છીએ. સાચા સંતો વિશ્વનો શ્વાસ છે.. પોતે તરે ને બીજાને તારે, પોતે ધર્મનું પાલન કરે ને બીજાને કરાવે તેનું નામ સંત.. માયામાં રમતા અજ્ઞાની જીવાત્માને જ્ઞાનના પ્રકાશમાં રમતા કરી દે તેનું નામ સંત... સહન કરે એનું નામ સંત.. સંત શબ્દ બહુ મહાન છે. તે જેને તેને ટચ ન થાય..*

**સંતો આધ્યાત્મિક ક્ષેત્રે અગ્ર સ્થાન ધરાવે છે..**

*ચક્રવર્તી રાજાનો દીકરો ભલે રાજા નથી. રાજાનો દીકરો છે. તેમ સંતો ભલે ભગવાન નથી ભગવાનના દીકરા ચોક્કસ છે.. રાજાના દીકરાને કંગાલ ગણાય નહિ. તેમ સંતો કંગાલ નથી. એમની પાસે ભગવાન છે. ધર્મ, ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય, શીલ, સંતોષા, દયા, શાંતિ વિગેરે અલૌકિક સંપત્તિ છે. કોઈની પાસે નથી, તે સંતો પાસે છે.*

***સંત જમે તે ભેળો હું જમુંરે, સંત ભમે તે કેડયે હું ભમુંરે ।***
***સંત દુઃખાણે હું દુઃખાણોરે, એહ વાત સત્ય જન જાણોરે ॥૮॥***



*શ્રીહરિ કહે છે. સંત જમે તેમાં રહીને અમે જમીએ છીએ. સંત રાસ રમે તેમાં રહીને અમે રમીએ છીએ, સંતને કોઈ દુઃખાવે-કલ્પાવે તો અમને કલ્પાવ્યા બરાબર પાપ લાગે છે.. શ્રીજીમહારાજ કહે છે.. સાધુ મારા દીકરા છે..*

*ગામ જેતલપુરમાં દેવસરોવરના કિનારે આસોપાલવના વૃક્ષ નીચે શ્રીજી મહારાજ સંતો ભકતનો સાથે વિરાજમાન છે.. ત્યાં એક પટેલ વાડીએ જતા હતા.. તે ભગવાનનાં દર્શન કરવા આવ્યા.. હાથ જોડીને કહ્યું, હે પ્રભુ !! આ તમારા સાધુ છે, તે મોહ, મમતા, ને માયા તજીને ભગવાન ભજે છે. તેથી તેમનું ચોક્કસ કલ્યાણ થશે. ભવસાગર તરી જશે.. પણ અમારા જેવા સંસારી કુટુંબ પરિવારમાં ડૂબેલા છે.. તેનું કલ્યાણ થવું કઠણ છે..*

*શ્રીજીમહારાજે કહ્યું, “પટેલ બાપા.. તમારા હાથમાં શું છે?” મહારાજ, બળદ હાંકવાની લાકડી છે.. તે લાકડી સરોવરમાં નાખો.. લાકડી નાખી કે મંડી તરવા.. શ્રીજી બોલ્યા.. લાકડીને છેડે શું છે ? લોઢાની આર(કુંડલી) છે.. હવે લોઢાની કુંડલી પાણીમાં નાખો.. તો તરશે કે ડૂબશે.. લોઢું તો ડુબી જ જાયને. ત્યારે શ્રીજીમહારાજે સરસ જવાબ આપ્યો.. આ લાકડી જેમ લોઢાની આરને તારે છે.. તેમ મારા સંતો છે તે હરિભકતોને તારે છે.. સંતોની સાથે આત્મીય ભાવ રાખશો તો સંતને હારે તમારું કલ્યાણ થશે..*

***તારેંગે સંત તારેંગે ભવજળ બુડતાં સંત તારેંગે***
***જન્મ મરણ ભવ તબહી ભાગે, સંત શબ્દ ઉર ધારેંગે.... ભવ...***

*શ્રીજીમહારાજે કહ્યું, ભકતરાજ, તમારા કેટલા દીકરા છે ? મહારાજ મારા ચાર દીકરા છે. બહુ સારું.. ચાર દીકરામાંથી તમને કોની ઉપર વધારે હેત છે ? મને સૌથી નાના દીકરા ઉપર વધારે હેત છે.. ત્યારે શ્રીજી મહારાજે કહ્યું,.*

**સાધુ છે તે મારા મોટા દીકરા છે ને હરિભકત છે તે મારા નાના દીકરા છે.**

*તેથી પહેલું હરિભકતનું કલ્યાણ કરીશ ને પછી સાધુનું કલ્યાણ કરીશ. પછી સભામાં શ્રીજીમહારાજે એક સરસ વાત કરી કે.. બે રાજા-સામસામે લડતા હતા. સામા પક્ષવાળા રાજ્યના માણસોએ નક્કી કર્યું કે આપણા રાજાની જીત થાય, તેમ કરવું છે.. લડાઈ શરૂ થઈ.. તેમાં કેટલાક યોધ્ધાઓને તીર કામઠાં વાગે કે તરત ઘાયલ થઈ પૃથ્વી પર પડી જાય.. નગરના માણસો હિંમત આપે.. અમે તમારી સાથે*

છીએ.. ચિંતા ન કરજો.. પાટાપીંડી કરે.. જમવા માટે ભોજન આપે.. સારવાર કરે તેથી.. હીંમતપૂર્વક લડવૈયા લડ્યા અને જીત થઈ..

રાજાએ રાજદરબારમાં તમામ યોધ્ધાઓને બોલાવ્યા.. નમ્રતાપૂર્વક કહ્યું, હું તમારા ઉપર બહુ રાજી છું. તમારા થકી આપણા રાજ્યની જીત થઈ છે.. તમને ઈનામ આપવું છે. ત્યારે યોધ્ધાઓએ (સૈનિકો) કહ્યું, અન્નદાતા, નગરની પ્રજાએ અમને અન્ન-જળથી સહાયતા કરી, અમારી ખૂબ સંભાળ રાખી છે. તેથી આપણી જીત થઈ છે, જો તમને ઈનામ આપવું હોય તો પહેલું ઈનામ નગરની પ્રજાને આપો. પછી અમને આપજો..

શ્રીજીમહારાજે સ્પષ્ટતા કરી, નગરની પ્રજાને ઠેકાણે અમારા હરિભક્તો છે. અને યોધ્ધાઓને ઠેકાણે અમારા સંતો છે. અંતરશત્રુ સાથે કાયમ લડે છે.. હરિભક્તો સંતોને અન્ન વસ્ત્ર આપી ખૂબ સેવા કરે છે.. તેથી સાધુ સંતો સુખેથી અમારું ભજન કરે છે. ને બીજાને કરાવે છે. રાજાએ જેમ પહેલાં નગરની પ્રજાનો સત્કાર કર્યો. તેમ મારે પહેલું હરિભક્તોનું કલ્યાણ કરવું છે. પછી સંતોનું કરવું છે.. તેવું સાંભળી. હરિભક્તો ખૂબ રાજી થયા. જેમ તમને તમારા સગા સંબંધી પુત્ર પરિવાર વહાલા છે. તેમ અમારા સંતો વહાલા રાખશો તો તમારું સંતોના હારે કલ્યાણ થશે..

શ્રીહરિ કહે છે :-

**અંતરજામીપણે રહું એમાંરે, માટે નથી બંધાતા એ કેમાંરે ।**
**માટે અખંડ એમાં રહુંછુંરે, સારી સત્ય સુબુદ્ધિ દઉંછુંરે ।**

સંતના હૃદયમાં રહી સત્ય સદ્‌બુધ્ધિ આપું છું. જે મેં નિયમ રખાવ્યા.. તેમાં રહી તન તાવ્યા. જરાય ઢીલા થયા નહિ.. શિરને સાટે નિયમ ધર્મનું પાલન કરે છે.. કહેશે આ સંત તો બહુ સારા રે, ખરા કલ્યાણના કરનારા રે; આટલો કોઈ ગુણ ગ્રહેશે રે, તે તો બ્રહ્મ મહોલે વાસ લેશે.. સાચા સંતથી અમે જરાય દૂર રહેતા નથી.. તેના અંતરમાં રહી સત્સંગ કરાવીએ છીએ.

**સંત દેશ પરદેશ ફરેછેરે, સહુ જીવનાં અઘ હરેછેરે ।**
**એનાં દર્શન સ્પર્શ જે કરશેરે, તેતો ભવજળ પાર ઉતરશેરે ॥૧૯॥**
**એતો વિશ વસાની છે વાતરે, સહુ સમઝજો સાક્ષાતરે ।**
**કહ્યું શ્રીમુખે એમ મહારાજરે, સાકટમ નોતરું છે આજરે ॥૨૦॥**

સંતો દેશ પરદેશ ફરીને સત્સંગ કરાવે છે. સંતનો ભાવથી સ્પર્શ કરશે, તે



ભવજળ પાર ઉતરશે. ઘણા પામર અહંકારી માણસો સંતને પ્રણામ કરતા નથી. સંતો પાસે વટ રાખે છે.. અમે સાધુથી મોટા છીએ.. સમજુ છીએ... દેવાનંદસ્વામી શું કહે છે... સાંભળો...

**નીચું કાંધ કરીને નમતો નથી રે, એવું સાધુ સાથે અભિમાન ...**
**તેમાં ભૂલી ગયો ભગવાનને રે.**

ધ્યાન રાખજો.. સંસારી કરતાં સંતોનું સ્થાન ઊંચુ છે. નિર્માની બની સંતોનું અને શ્રીજીનું શરણું લઈ લ્યો.. કામ થઈ જશે..

**ઈતિ શ્રીસહજાનંદસ્વામિચરણકમળસેવક નિષ્કુળાનંદમુનિવિરચિતે**
**પુરુષોત્તમપ્રકાશમધ્યે એકચત્ત્વારિંશઃ પ્રકારઃ ॥ ૪૧ ॥**

---

**વળી કહું કોય સંતને, સેવશે શ્રદ્ધાવાન ।**
**તેના અંતરથી ઊંચલિ, વળી જાશે જાણો અજ્ઞાન ॥૧॥**
**સંત સેવ્યાથી સુખ મળે, વળી ટળે તન મન તાપ ।**
**પરમ ધામને પામિયે, તેપણ સંત પ્રતાપ ॥૨॥**

શ્રીહરિ કહે છે, શ્રધ્ધાપૂર્વક સંતને જમાડશે.. પૂજન કરશે.. સેવા. કરશે.. સમાગમ કરશે.. તે તેના ત્રિવિધિ તાપ ટળી જશે..

**સદ્‌ગુણોનો અહંકાર ન આવે એ સાચા સાધુ છે.**

ભગવાનને વહાલામાં વહાલું કોણ છે ? શ્રેષ્ઠ વર્તનશીલ સંતો છે. સંતો શું કરે છે ? અનંત જીવાત્મા પ્રભુથી વિખૂટા પડી ગયા છે, તેને પ્રભુમાં પ્રીત કરાવે છે.. ભગવાનનો ભેટો કરાવે છે. શ્રીજીમહારાજ પાકા ઘડવૈયા છે. સોનાની લગડી હોય તેને સોની ઘાટ ઘડવા માટે તપાવીને હથોડીથી ઘાટ ઘડે તો તે હાર બનીને ભગવાનના કંઠમાં શોભે, ઘાટ ઘડ્યા વિના લગડી કંઠમાં શોભે નહિ.. શ્રીજીમહારાજે સંતોનું ઘડતર કરી નિર્વાસનિક કર્યા છે..

એક દિવસ મુકતાનંદ સ્વામીએ એક તુંબડી રંગી આશ્રમ બહાર ઓસરીમાં સૂકવવા મૂકી.. પછી બપોરનો સમય થયો એટલે માનસી પૂજા કરવા બેઠા.. મનમાં થાળ ગાય છે..

**બેઠા જમવા જગનો આધાર રે, મેં તો પ્રેમ કરી પીરસ્યો કંસારરે;**

**શિરો પુરી સુંવાળી સાબુડી રે, ખાસા ખાજલાં ને ખાંડ ઘણી રૂડી રે.**

ભાવથી ભગવાનને જમાડે છે.. ત્યાં ઓચિંતો સંકલ્પ થયો.. તુંબડીને રંગી બહાર તડકામાં સૂકવવા મૂકી છે.. ત્યાં કાગડો અડી જશે તો અપવિત્ર થઈ જશે.. આવો વિચાર આવ્યો.. કે તરત અંતર્યામી શ્રીજીમહારાજ બોલ્યા, "સ્વામી, માનસી.. પૂજા કરતાં કરતાં કેવા વિચાર કરો છો ?"

**તુંબડીમાં વધુ માલ છે કે**
**ભગવાનની મૂરતિમાં વધુ માલ છે..**

મુક્તાનંદ સ્વામીએ તરત બે હાથ જોડી નમ્રતાથી કહ્યું, " હે મહારાજ તમે મારી ભૂલ સમજાવી.." તમારા થકી કાંઈ શ્રેષ્ઠ નથી. પણ આજે મારી વૃત્તિ જરાક ડગી ગઈ.. માફ કરજો.. હવે બીજી વખત આવી નહિ કરું...

સમજણ માગી લે તેવી કથા છે.. મુક્તાનંદ સ્વામીને ફક્ત એકજ વખત તુંબડીમાં મન ગયું હતું.. પણ આપણને માનસી પૂજા કરતાં કેટલા સંકલ્પ થાય છે.. કેવા વિચાર આવે છે ? તેની કોઈ તપાસ કરી.. શું જવાબ આવે છે..ભૂતની જેમ ચારે બાજુથી વિચાર ફૂટે છે.. દરિયાના મોજાની જેમ મન ઉછાળા લે છે.. ભગવાન સામે બેઠા હોઈએ અને મન બીજે. ભટકયા કરે તે શું ભગવાનને ગમશે ??

વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે, અંતઃકરણ સોતો જો એક ઘડી પણ ભગવાનનું ભજન કરે તો આખા દિવસમાં અજાણતાં થયેલાં પાપ બળી જાય છે.. માટે ધ્યાન, પૂજા, ભક્તિમાં એકાગ્રતા ખૂબ જરૂરી છે..

**આપે જ્ઞાન દાન જનનેરે, કહી વા'લપનાં વચનનેરે ।**
**હિતકારી છે સહુના સનેહિરે, જાણો પર ઉપકારી એહિરે ॥૫॥**

સંતો પરહિતકારી છે, .. સંતો પાપીને પુનિત કરે છે.. નિંદા કરે તોય ભલે અને વંદન કરે તોય ભલે.. સાચા સંતને કાંઈ થતું નથી તેઓ અલમસ્ત થઈ ભજન કરે છે.. અજ્ઞાની માણસો ગમે તેટલા ભકતજનોને હેરાન કરે.. ગારો નાખે કે ગાળો આપે છતાં પણ મૂંઝાતા નથી.. સત્સંગનો ખપ હોય તેનાથી શું થાય.. દુનિયાતણા દો રંગના ધોખા કદી ધરશો નહિ..

સાચા સંતો છે તે આપણા સગા છે. તેમની સાથે આત્મીયબુધ્ધિ રાખવી, સંતોના આ જગતમાં કોઈ શત્રુ જ નથી.. આ જગતનો કોઈ પણ દોષ સંતોમાં નથી.. સંત જેવી સહાય કરે છે તેવી બીજા કોઈથી થતી નથી..



**માત તાત ને સગાં સંબંધિરે, કરે હિત એહ બહુવિધિરે ।**
**એનું હિત રહે યાંનું યાંહિરે, ના'વે કલ્યાણનાં કામ માંહિરે ॥૧૨॥**

સગાં સંબંધીનું હેત કેવું છે ?? સ્વાર્થથી ભરેલું છે, નાણા વિનાનો નાથીયો ને નાણે નાથાલાલ.. આવું હેત છે..

એક ડોશીમાનો એક જ દીકરો હતો.. તેને દરરોજ સારું સારું ખવરાવે. પીવડાવે. બહુ રાજી થાય. માથા ઉપર મીઠો મીઠો હાથ ફેરવે. વહેલો મોટો થાય તો લગ્ન કરીએ. રૂમઝુમ કરતી વહુ આવે તો તૈયાર ભોજન જમવા મળે. એમ કરતાં દીકરો બીમાર થયો. ડોશીમા રડતાં રડતાં માથું દાબે, હાથપગ દાબે. રાત દિવસ ચિંતા કરે કે દીકરાનું શું થશે.. બીમારી મટતી નથી. ઊંઘ આવતી નથી. ને જમવાનું ભાવતું નથી.. હવે શું કરવું..

ચોમાસાના દિવસો હતા તેથી ઓસરીમાં ખાટલો રાખી ડોશીમા સૂતાં છે. દીકરો રૂમમાં સૂતો છે. રાત્રે અચાનક ખીલેથી ભેંશ છૂટી ગઈ. તે ડોશીના ખાટલા પાસે આવીને માથું ભટકાવી ખાટલો ડગાવ્યો. ડોશી ફરી ગયાં.. મનમાં વિચાર થયો કે બ્રાહ્મણ કથા વાંચે ત્યારે કહે છે કે જમ પાડારૂપે આવે છે. ચોક્કસ જમ આવ્યો લાગે છે. ફફડી ગયાં. ઊંચે અવાજે બોલ્યાં.. હે જમરાજા... માંદાનો ખાટલો અંદર છે.. હું તો સાજી નરવી છું.. ત્યાં ભેંશે પોદળો કર્યો. ડોશીમાએ ઊઠીને જોયું તો ભેંશ ખીલેથી છૂટી ગઈ છે.. દીવો કર્યો.. પછી ભેંશને ખીલે બાંધી દીધી.

સવાર થઈ.. ત્યારે દીકરાએ પૂછ્યું, મા, રાત્રે કોની સાથે વાત કરતાં હતાં. ડોશીમાએ કહ્યું, કોઈથી વાત નહોતી કરતી.. ભેંશ છૂટી ગઈ હતી તેણે મારા ખાટલાને માથું ભટકાવ્યું.. મને એમકે માંદાને જમદૂત લેવા આવ્યા છે.. તેથી મેં કહ્યું, હું સાજી છું.. માંદો તો મારો દીકરો છે. ત્યાં જાવ.. દીકરાએ કહ્યું, મને જોઈને તમે રડો છો ને મને જમના હાથમાં દેવા તૈયાર થઈ ગયાં.. સગાં સંબંધીનું હેત સાચું નથી.. ખોટું છે.. સ્વાર્થનું ભરેલું છે.. જીવના સાચા સગા એક ભગવાન છે.

**પ્રીતિ તોડજો રે જૂઠા જાણી કુટુંબ પરિવાર**

શ્રીહરિ કહે છે, સાચા સંતમાં અમે રહીએ, મળી જીવને અભયદાન દઈએ.. અભયદાન તો એવું કહેવાય.. કાળ માયાથી નાશ ન થાય...

**જાણો જનમ મરણ ભય ટાળીરે, જાશું ધામે વજાડતા તાળીરે ।**
**સંત સમાગમ પરતાપેરે, જાશું બ્રહ્મમો'લ માંહિ આપેરે ॥૧૬॥**

સ્વામી કહે છે.. એક જીવાત્માને ભગવાન તરફ વાળે છે.. ભક્તિ માર્ગ સમજાવે છે તો તેને બ્રહ્માંડ ઉગાર્યાનું પુણ્ય મળે છે. અભયદાન તુલ્ય કોઈ દાન થઈ શકે નહિ.. સંતો નિર્વાણપદ દેનારા છે.. જે ધારી આવ્યા હતા વાત, તે પુરી થઈ સાક્ષાત; જ્યારે પુરું થયું એ કામ, ત્યારે રાજી થયા ઘનશ્યામ...

**ઈતિ શ્રીસહજાનંદસ્વામિચરણકમળસેવક નિષ્કુળાનંદમુનિવિરચિતે પુરુષોત્તમપ્રકાશમધ્યે દ્વિચત્ત્વારિંશઃ પ્રકારઃ ।। ૪૨ ।।**

---

**વળતું વાલમે વિચારિયું, થઈ રહ્યું સર્વે કામ ।**
**કેડ્યે કાંયે રહ્યું નહિ, થયું સારું કહે ઘનશ્યામ ।।૧।।**
**જે અર્થે અહીં આવિયા, તે સારિયો સરવે અર્થ ।**
**અગણિત જીવ ઉદ્ધારિયા, વાવરી પોતાની સામર્થ ।।૨।।**

શ્રીહરિ કહે છે, અમે જે માટે આવ્યા છીએ તે તમામ અર્થ અમે સારીયો છે. અમારું સામર્થ્ય વાપરી અગણિત જીવ ઉધ્ધાર્યા છે.. કોઈ વાતની કસર રાખી નથી. જણ જણ પ્રત્યે જુજવું, કર્યું ચાલતું મોક્ષનું કામ; પરિશ્રમ વિના પામવા, અખંડ અક્ષરધામ.

**કર્યા કોટિ કોટિ ઉપાયરે, અમે આવી અવનિ માંયરે ।**
**અમારી મૂરતિને પ્રસંગેરે, કર્યું કલ્યાણ જીવનું જગેરે ।।૫।।**

પ્રભુની મૂરતિને પ્રસંગે અનેકનાં કલ્યાણ થશે... ભગવાનની મૂર્તિ સામે જઈ રહેવું તે અંતરદષ્ટિ છે.. તે વિના ષટચક્ર દેખાય, ગોલોક ને વૈકુંઠ દેખાય તે અંતરદષ્ટિ નહિ.. આ પુરુષોત્તમ પ્રકાશનો સિધ્ધાંત સ્વામી સ્પષ્ટ બતાવે છે.. મિથ્યા મોહ વશ થઈ મલિન વાતાવરણમાં ઘસડાઈ જવું નહિ. સંત સંબંધે કલ્યાણ કીધું, તેને પણ અખંડ ધામ દીધું. શ્રીજીમહારાજે ઉત્તમ કાર્ય કર્યું છે, ચારિત્રશીલ અને ગુણીયલ સંતો તૈયાર કર્યા, એ સંપ્રદાયની ગૌરવની વાત છે.

સંતોના જીવનનો પ્રસંગ સાંભળો, કેટલું બધું સહન કર્યું છે..

ભાઈ રામદાસજી જેતલપુરથી ડભાણ આવ્યા, ત્યાં આંબાઓ ઉપર સરસ મજાની(કેરી) સાંખો હીલોળાતી ઝૂલી રહી છે, સચ્ચિદાનંદ સ્વામી અને સિધ્ધાનંદ સ્વામીને થયું કે કેરી બહુ સરસ છે. ગઢપુર શ્રીજીમહારાજ માટે લઈ જઈએ, કેરીના ટોપલા માથા ઉપર મૂકીને ગઢપુર જાય છે.. વૈશાખ માસના ધોમધખતા તાપથી



ધરતીમાંથી ઊની ઊની વરાળું નીકળે છે. સંતો કીર્તન ગાતા ગાતા ચાલ્યા જાય છે. ત્યાં અસુર ખાખી બાવાએ બે સંતોને દમદાટી દીધી.. ઓ.. જીવનમુક્તા કે મૂંડીયે.. યહ ટોપલે મેં કયા હૈ ?? સચ્ચિદાનંદ સ્વામીએ કહ્યું, ટોપલામાં કેસર કેરી છે..

કીધર જાતે હો, ગઢપુર અમારા સ્વામિનારાયણ ભગવાન માટે લઈ જઈએ છીએ.. અમારા વાસ્તે દે દો. . નહિતર તુમકો મારેંગે... સંતો કાંઈ બોલ્યા નહિ, તેથી બાવાને ખીજ ચડી.. સંતોના વાંસામાં ચીપીયા માર્યા લોહીની ધારું છૂટવા મંડી.. સંતો ધરતી ઉપર પડી ગયા.. છતાં અસુર બાવાને દયા આવી નહિ.. લાતું મારી સંતોને ઉથલાવી નાખ્યા. સંતોના મુખમાં એકજ રટના છે. સ્વામિનારાયણ, સ્વામિનારાયણ. ઢોરની જેમ સંતોને ખૂબ માર્યા છે.

એક રજપુત ઘોડે સ્વારે આ દશ્ય જોયું.. દોડતા નજીક આવ્યા.. અલ્યા પાપી.. નિર્દોષ સંતોને શા માટે મારે છે ?? અસુર બાવાએ ગાળો બોલતાં બોલતાં કહ્યું, ચલા જાવ, તુમારે બોલનેકી કુચ્છ જરૂર નહીં હૈ. રજપુત શૂરવીર હતા.. બાવાના વાંસામાં જોરદાર ફટકા માર્યા.. બાવાને તમ્મર ચડી ગઈ.. બરાડા પાડે છે. મેં મર ગયા. મૂઝે છોડ દો. છૂટીશ તે કેમ !! કપડાથી ઝકડીને ઝાડ સાથે બાંધી દીધો.. પછી ખીજડાના ઝાડના થડમાં પાણી રેડ્યું કે મકોડા ઊભરાયા... બાવાના શરીરે ચોંટ્યા બાવો બરાડા પાડે.. બચાવો.. બચાવો..

રજપૂતે કહ્યું, પાપી-નીચ સંતોને વાંસામાં ચીપિયા મારી લોહીલુહાણ કર્યા છે.. હવે કર્યાં કર્મ ભોગવ. મકોડા તારું લોહી ચૂસી તને લોહીલોહાણ કરશે.. તને કોઈ નહિ બચાવે..

રજપૂતે કહ્યું, સંતો ચાલો હું તમને દૂર સુધી મૂકવા ચાલું છું. ઘોડા ઉપર કેરીનો ટોપલો મૂકીને ગઢપુર સુધી સંતોની સાથે ચાલ્યા. પછી કહ્યું, તમે ભગવાનનાં દર્શન કરો. હું થોડીવાર પછી આવીશ.. શ્રીજીમહારાજ લીલુડા લીંબડા નીચે બિરાજમાન છે, સંતોને જોયા કે તરત ઊઠીને સામા જઈ હાથ ઝાલીને સંતોને બેસાર્યા.. સંતોથી બેસાતું નથી. લોહી ટપકે છે. ધૂળથી ખરડાઈ ગયા છે. આવી સ્થિતિ જોઈને શ્રીજીમહારાજનું હૃદય કંપી ઉઠ્યું.

**મારા ગાય જેવા ગરીબ સંતોની આવી દશા આંખમાં આંસુ આવી ગયાં..**

તેજ વખતે પેલો પાપી બાવો આંધળો થઈ ગયો.. શરીરમાં પીડાનો પાર

નથી.. સખત વેદના થાય છે. પાંચ વરસ સુધી ખૂબ રિબાયો. કર્યાં કર્મ ભોગવે છે.. શ્રીજીમહારાજે કહ્યું, રજપૂતે પોતાના ક્ષત્રિય ધર્મને બજાવ્યો છે, સંતોની રક્ષા કરી છે તેથી અમે તેમને અંત સમયે અક્ષરધામમાં તેડી જાશું.. કેસર કેરી, પ્રભુ જમ્યા અને પ્રસાદી સંતોને આપી.. સંતો રાજી થયા કે અમારો દાખડો સફળ થયો. વિચાર કરો. ચીપિયા માર્યા તેની વેદના સંતોને કેવી થઈ હશે.. શ્રીજી સમકાલીન સંતોને ખૂબ દુઃખ વેઠવું પડ્યું છે... છતાં પણ સત્સંગ કરવામાં જરાય પાછા પડ્યા નથી..

**વળી બાંધ્યાં સદાવ્રત ઘણાંરે, તેપણ બારણાં કલ્યાણ તણાંરે ।।૬**
**વળી ધ્યાન ધારણા સમાધિરે, કરાવી વિસરાવી ઉપાધિરે ।**

સદાવ્રતનું અન્ન જમ્યા તેનું પણ કલ્યાણ થયું છે. કરાવી ધ્યાન ધારણા સમાધિ.. ધ્યાન કરવાથી આધિ વ્યાધિ ને ઉપાધિ વિસરાઈ જાય છે. ધ્યાન એટલે શું ?? ધ્યાન એટલે એકાગ્રતા અને તન્મયતા.. ચિત્તનો હરિમાં નિરોધ કરવો તેને ધ્યાન કહેવાય છે. ધ્યાન બહુ અગત્યની આરાધના છે. કર્યા ઉત્સવ બહુ સમૈયા, તાર્યા જીવ જાય નહિ કહ્યા; જીવાત્માની મુક્તિ માટે શ્રીજીમહારાજે ઘણી મહેનત કરી છે.. ચાલો અક્ષરધામમાં... પણ આ જગતની અંદર માણસોને માયા બહુ વહાલી લાગે છે. મરે ત્યાં સુધી માયા મૂકતા નથી, ને પરમેશ્વરમાં ચોટતા નથી.

**કર્યા જગન ને બહુ જાગરે, તેપણ જીવ ઉદ્ધારવા કાજરે ।**
**વરષોવરષ કર્યા વળી મેળારે, કરવા જીવ બ્રહ્મમો'લે ભેળારે ।।૯**

જીવાત્માના શ્રેય માટે બહુ યજ્ઞ કર્યા, મંદિરો બનાવ્યાં.. આચાર્યની સ્થાપના કરી, બહુબાંધી કલ્યાણની સડક, જાય ધામે જીવ થૈ નિધડક; જમદૂતોના મારથી બચાવ્યા છે, સૂર્ય ઊગે અને અંધારું રહી જાય તો સૂર્યનું શું માહાત્મ્ય કહેવાય, તેમ આજ સહજાનંદ સ્વામીરૂપી સૂર્ય ઉદય થયા છે, સારો ફેરો ફાવ્યો છે આ વાર, બહુ જીવ કર્યા ભવ પાર; અંતકાળે અમે અમારા ભકતને અક્ષરધામમાં તેડી જાશું..

**અશ્વ રથ વિમાન વે'લ સારીરે, લૈ જાવા સુખપાલે બેસારીરે ।**
**એતો અવશ્ય બિરુદ છે હમારુંરે, ધાર્યું છે સહુ જીવને સારુરે ।।૨૦**

નિષ્કુળાનંદ સ્વામી જબરદસ્ત મહિમાની વાત કરે છે. જેવી ભકતની ભાવના તેવી રીતે ભગવાન તેને ધામમાં લઈ જાય છે. તેને યોગ સમાધિવાળા છે તે દેખે છે..

**ઈતિ શ્રીસહજાનંદસ્વામિચરણકમળસેવક નિષ્કુળાનંદમુનિવિરચિતે**
**પુરુષોત્તમપ્રકાશમધ્યે ત્રિચત્વારિંશઃ પ્રકારઃ ।। ૪૩ ।।**



**વળી શ્રીહરિ હેતે કરી, મોટી કહી માહાત્મ્યની વાત ।**
**પવિત્ર છે સ્પર્શે કરી, આ પૃથવી સાક્ષાત ।।૧।।**
**જિયાં જિયાં અમે વિચર્યા, વળી રહ્યા જે જે ગામ ।**
**તે જરુર જન જાણજો, સરવે થયાં છે સ્વધામ ।।૨।।**

પ્રસાદીની જગ્યામાં જેનું શરીર છૂટે તે પણ અક્ષરધામમાં જાય છે. પ્રભુની પદરજને શિવ બ્રહ્માદિક દેવતાઓ પણ ઈચ્છે છે. ઘનશ્યામ મહારાજ ખુલ્લે ચરણે વનમાં ગયા છે. પગરખાંનું પણ આવરણ નહિ. ઉઘાડે પગે ફરી તમામ ભૂમિને પાવન કરેલી છે. વળી નદી ને તલાવ, સિંધુ, કુંડ, કૂવા વળી વાવ. જેમાં પ્રભુ નાહ્યા છે, તે પાણીનું જે પાન કરશે, તેનો ઉધ્ધાર થશે.. બાગ, બગીચા, ફૂલવાડી, વૃક્ષવેલી, વન, ઝાડી આદિક પવિત્ર સ્થાનમાં જે તજશે દેહ, અક્ષરધામને પામશે તેહ. હમીરસરોવર-દેવસરોવર-નારાયણસરોવર વિગેરે પવિત્ર સરોવરથી કોઈ પક્ષી ઊડીને જાશે તેનું પણ કલ્યાણ થશે..

ગામ માળીયામાં મકન ભટ્ટ હતા, સુદામા જેવી ગરીબ સ્થિતિ હતી. એમની પાસે આ લોકની સંપત્તિ નહોતી, પણ દિવ્ય સંપત્તિ હતી. શ્રીમંત હતા.. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, દયા, સંતોષ વિગેરે સદ્ગુણોથી સમૃધ્ધ હતા. ગામમાં સંતો પધારે ત્યારે અચૂક કથામાં પહોંચી જાય, શાંતિથી કથા સાંભળે.. સંતોની શું સેવા કરું.. મારી પાસે પૈસા નથી.. પણ દૂઝણું છે. હમેશાં ઠંડી મીઠી છાશ અને અથાણું સંતોને આપે, વરસો સુધી છાશ ને અથાણાની સેવા કરી..

શ્રીજીમહારાજ ખૂબ રાજી થયા.. રાત્રે દિવ્ય સ્વરૂપે પધાર્યા.. મકન ભટ્ટ, જય સ્વામિનારાયણ. શું કરો છો ?? મહાપ્રભુ, જય સ્વામિનારાયણ. આજ ગરીબની ઝૂંપડીએ પધાર્યા.. ધન્ય ઘડી.. ધન્ય અવસર.. તૂટેલા ફાટેલા ખાટલા ઉપર ગોદડું પાથરી દીધું.. શ્રીજીમહારાજ તે ઉપર બેઠા. પ્રભુને પગે લાગી બે હાથ જોડી કીર્તન ગાય છે.

***પૂર્વનું પુણ્ય પ્રગટ થયું જ્યારે, સ્વામિનારાયણ મળીયા ત્યારે.***
***નેણે મોહનવર નિરખ્યા જ્યારે, પૂરણકામ થયું મારું ત્યારે.***

શ્રીજીમહારાજે કહ્યું, તમે અમારા સંતોને છાશ અને અથાણું આપો છો તે બદલામાં અમે તમને શું આપીએ ! શી ઈચ્છા છે ભકતરાજ, કહો તો ધન સંપત્તિ આપીએ. માલ મિલકત આપીએ.. બોલો શું જોઈશે.. મહારાજ આ લોકની નાશવંત

સંપત્તિની કોઈ ઈચ્છા નથી... મહેનત મજુરી કરી ગુજરાન ચલાવું છું. ને આનંદથી તમારું સ્મરણ કરું છું.. હે પ્રભુ જો રાજી હો તો તમારા અક્ષરધામમાં તેડી જાવ.. ભલે તૈયાર રહેજો.. એકાદશીના દિવસે અમે તમને તેડવા આવશું. તેમનાં પત્નીને વાત કરી. હું ધામમાં જઈશ.. ત્યારે તેમનાં પત્નીએ કહ્યું, દરરોજ છાશ હું બનાવતી હતી, તેથી પ્રભુજીને કહો કે મને પણ ધામમાં તેડી જાય. શ્રીજીમહારાજ એકાદશીના દિવસે મકન ભટ્ટને ધામમાં તેડી ગયા, અને બીજે દિવસે તેમનાં પત્નીને ધામમાં તેડી ગયા. આ છે સેવાનો પ્રતાપ, જંગલના જોગી તપ કરીકરીને રાફડા થઈ જાય તો પણ પ્રત્યક્ષ પ્રભુનાં દર્શન થતાં નથી, પણ આજે તો પ્રભુએ મોક્ષનાં દ્વાર ખુલ્લાં મૂકી દીધાં છે.

**કાંજે પામ્યા અમારો પ્રસંગરે, તેને તુલ્ય આવે કેમ ગંગરે ।**
**એને સ્પર્શ્યાતા વામન પાવેરે, તેતો હરિ અવતાર કા'વેરે ।।૧૬।।**
**પણ અવતારના જે અવતારીરે, વાત તેની તો જાણજો ન્યારીરે ।**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, વામનજીના ચરણના સ્પર્શથી ગંગાજી પ્રગટ થયાં.. આતો અવતારના અવતારી સહજાનંદ સ્વામી છે.. તેની રીત ન્યારી છે.. તેને ઓળખી લ્યો.. પણ આપણે બધા કેવા છીએ, કીમત વસ્તુને ફેંકીને નકામી નજીવી વસ્તુને પકડી રાખીએ છીએ, મોહ માયા, મારું તારું આળસ, અજ્ઞાન, અદેખાઈ આદિ નજીવી વસ્તુ પકડીને બેઠા છીએ, વાંદરાની જેમ રખડ્યા કરીએ છીએ.

આજની વાત મોટી જેથી જીવ તર્યા કોટી કોટી.. ચરાચર સ્થાવર ને જંગમ , તે સહને થયું સુગમ...

**એમ વે'તિ કરીછે અમે વાટરે, બ્રહ્મમો'લમાં જાવાને માટરે ।**
**શ્રીમુખે કહે એમ શ્રીહરિરે, સહુ વાત માનજો એ ખરીરે ।।૨૦।।**

અક્ષરધામની વાટ વહેતી કરી છે.. પણ ધ્યાન રાખજો કેવા થશું તો ધામમાં જાશું.. હૈયામાં હરિ સાથે હેત મુખમાં હરિ ભજન, આંખમાં હરિની મૂર્તિ, કાનમાં કથા, હાથમાં માળા, સૌને પ્રણામ અને હૃદયમાં વૈરાગ્ય.. નિર્વાસિનિક થવાશે ત્યારે ધામમાં જવાશે..

**ઈતિ શ્રીસહજાનંદસ્વામિચરણકમળસેવક નિષ્કુળાનંદમુનિવિરચિતે**
**પુરુષોત્તમપ્રકાશમધ્યે ચતુશ્ચત્વારિંશઃ પ્રકારઃ ।। ૪૪ ।।**

---



**વળી વળી શું વર્ણવું, વળી આ સમાની વાત ।**
**જીવ જગતના ઉપરે, આજ અમે છીએ રળીઆત ।।૧।।**
**જાણિયે આખી જક્તને, લઈ જાયે અમારે ધામ ।**
**કેડે ન રાખિયે કોઈને, એમ હૈયે છે ઘણી હામ ।।૨।।**

શ્રીજીમહારાજ કહે છે, આખા બ્રહ્માંડને અમારે તારવું છે. સર્વને અક્ષરધામ આપવું છે.. ફરી ફરી ફેરો પડે એવું અમારે આ વખતે રહેવા દેવું નથી, જીવ પ્રાણી માત્ર ઉપર અમે બહુ રાજી છીએ, વિશ્રામ ભકતના સંકલ્પને સત્ય કરવા પ્રભુએ અનેક કીડીઓનો ઉધ્ધાર કર્યો છે. આ છે શ્રીહરિની સર્વોપરિતા.

**તેહ સારુ છાપી દીધાં ચરણરે, જે છે મોટા સુખનાં કરણરે ।**
**ચરણ ચિંતવે ચિહ્ને સહિતરે, વળી પૂજે કોઈ કરી પ્રીતરે ।।૫।।**

ભગવાનના ચરણ ચિહ્નનું જે ચિંતવન કરે છે, તેના હૃદયમાં ભગવાન વાસ કરીને રહે છે. આધિ વ્યાધિ ને ઉપાધિ દૂર થાય છે, અંતરમાં પ્રકાશ થાય છે. વળી પૂજવા પટ મૂરતિ રે, આપી સહુને કરી હેત અતિ રે..

ગામ દીઠ મંદિર કર્યાં. પછી ઘર દીઠ મંદિર કર્યાં.. પછી જણ દીઠ મંદિર કર્યાં. ગામ દીઠ મંદિર એટલે.. ગામમાં એક મંદિર હોય ત્યાં સત્સંગીઓ સવાર-સાંજ ભેળા બેસીને ભજન ભક્તિ ને કથા કીર્તન કરે ઘરદીઠ મંદિર એટલે.. ઘરમાં મંદિર બનાવી, ભગવાનની મૂર્તિને પધરાવી.. ઘરમાં જે રસોઈ બનાવો તે ભગવાનને જમાડીને પછી જમવું.. ભગવાનને જમાડ્યા વગર જે જમે છે તે પાપ ખાય છે. જણ દીઠ મંદિર એટલે. વ્યકિત દીઠ પૂજા કરવી, એકાગ્રતાથી ધ્યાન ભજન કરવું.. તમે એકલા પણ મનમાં કેટલા..

**એકાગ્રતાથી પૂજા કરવી. તમે એકલા પણ મનમાં કેટલા.**

ભગવાનનું પૂજન કરવું ત્યારે દેવ જેવા પવિત્ર થઈને પૂજા કરે તો દેવ એની પૂજાને અંગીકાર કરે છે. અંતર નિર્મળ જોઈએ..

**નિર્મળ અંતરવાળા જે જનરે, તેની પૂજા લેતાં હું પ્રસન્નરે ।।૧૧।।**

મલિન વસ્ત્ર પહેરીને પૂજા કરાય નહિ, પૂજા કરતાં કરતાં કાંઈ બોલાય નહિ.. એંઠા હાથે - અપવિત્ર હાથે પૂજા કરાય નહિ, વાસી ફૂલથી પૂજા કરાય નહિ, કાગડા કે કૂતરાં અડી ગયાં હોય, એવાં અપવિત્ર વસ્ત્ર પહેરીને પૂજા કરાય નહિ..ભગવાન મારી પૂજામાં સાક્ષાત બિરાજેલા છે, એવો ભાવ રાખીને, મર્યાદાપૂર્વક પૂજા કરવાથી

*પ્રભુ સેવાનો સ્વીકાર કરે છે.*

*કરી પૂજા ઉતારશે આરતી, કરશે ધુન્યને વળી વિનંતી; તેહ મૂરતિમાં આપે રહી, સર્વે પૂજાને માનશું સહી. પ્રગટ ભાવ રાખી ભગવાનની પૂજા કરશો. તો શું થશે ? કામ, ક્રોધ, લોભ, મોહ, માન આદિક અંતરશત્રુ છે તે દૂર થઈ જશે.. હૈયું આનંદથી ભરાઈ જશે.. બીજી મૂર્તિ અને આ મૂર્તિમાં ઘણો ફેર છે.. આ તો સર્વોપરી મૂરતિ છે..*

***બીજી મૂરતિ ને આ જે મૂરતિરે, તેમાં ફેર જાણજો છે અતિરે ॥૧૩***
***કાંજે આ મૂરતિને સ્પરશરે, થયો અમારો માટે સરસરે ।***

*શ્રીજીમહારાજે પોતે પોતાના સ્વહસ્તે જે ભગવાનની સ્થાપના કરી છે.. તે મૂરતિમાં અલૌકિકતા અને દિવ્યતા કાંઈક અનોખી છે.*

***એ પણ માનો મોક્ષની નિસરણીરે, કરી છે જો ધામ જાવા તણીરે ।***

*ભગવાનની પૂજા કરવી તે અક્ષરધામમાં જવાની નિસરણી છે. નિષ્કુળાનંદ સ્વામી કહે છે, જેમ શરીર માટે દરરોજ ભોજન અનિવાર્ય છે. એમ આત્મા માટે ભજન-ભક્તિ, કથા -કીર્તન, સત્સંગ સમૈયા અનિવાર્ય છે. શ્રાવણ મહિનો આવે એટલે વિશેષ ભક્તિ થાય, એ બરાબર છે. પણ એટલેથી અટકી જવાય નહિ, ભક્તિ તો નિત્યની સાધનાને આરાધના છે.*

**જીવનના છેલ્લા શ્વાસ સુધી ભક્તિ ચાલુ રાખો.**

*નિરાશ ન થાઓ, ભક્તિ શિરને સાટે કરો.. ને બીજાને કરાવો.. અંતરશત્રુ થકી લડી શકે તે ભક્તિ માર્ગે ચડી શકે. શ્રીહરિ કહે છે. જે જે અમે કર્યા છે ઉપાય, નથી એકે તે અર્થ વિનાય; તે તો સહુ જાણે છે સાક્ષાતરે, નથી મુખમાં કહ્યાની વાત રે..*

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિચરણકમળસેવક નિષ્કુળાનંદમુનિવિરચિતે***
***પુરુષોત્તમપ્રકાશમધ્યેપંચચત્વારિંશઃ પ્રકારઃ ॥ ૪૫ ॥***

---

***વળી એક કહું ઉપાયને, તમે સાંભળજો સહુ જન ।***
***કર્યો કલ્યાણને કારણે, અતિ અમે થઈ પ્રસન્ન ॥૧॥***

*શ્રી સ્વામિનારાયણ ભગવાન કહે છે, અનેક જીવાત્માના મોક્ષને અરથે અમે સતશાસ્ત્રની રચના કરી છે. શાસ્ત્રની મર્યાદામાં રહેશે તે આલોક અને પરલોકમાં મહાસુખને પામશે. ભગવાન સ્વામિનારાયણે મોટા મોટા ઉત્સવો કર્યા. ત્યારે નિત્યાનંદ*



*સ્વામીને કહે, સ્વામી, તમે કથા કરો..*

***નિત્ય કથા થાય સભા ગાવણાં,***
***કરે કથા નિત્યાનંદ નિત્ય, પુસ્તક લઇ રડીયામણાં.***
***ધન્ય ધન્ય નિત્યાનંદ નામને,***
***વાંચી રાજી કર્યા ભગવાન, ધર્મતનય શ્યામને. . . .***

*નિત્યાનંદ સ્વામી કથા વાંચે ત્યારે શ્રીજીમહારાજ ધ્યાન દઈને સાંભળે કયારેક અતિ પ્રેમ વિભોર બની જાય ત્યારે હરે.. હરે.. બોલી આનંદ વ્યકત કરે છે. કથાનો પ્રવાહ સદાય ચાલુ રાખ્યો.. આજ સુધી કથાનો પ્રવાહ એવો ચાલુજ છે.. ફકત શાસ્ત્રની વાત નથી.. સત્શાસ્ત્રની વાત છે.. શાસ્ત્ર તો હજારો છે. પણ પ્રભુને કયાં શાસ્ત્ર વહાલાં છે ? ચાર વેદ વ્યાસસૂત્ર, શ્રીમદ્ભાગવત, વાસુદેવ મહાત્મ્ય, ભગવદ્ગીતા અને વિદુરનીતિ જે શાસ્ત્રમાં ભગવાનના સાકાર સ્વરૂપનું વર્ણન છે તેને સત્શાસ્ત્ર કહેવાય..*

***ત્યાગી ગૃહીને તારવા અર્થરે, બાંધ્યા ઘણા સુખદાયિ ગ્રંથરે ।***

*પ્રભુમાં પ્રેમ વધારવો હોય તો ભગવાનની કથા દરરોજ વાંચો સાંભળો અને સમજીને જીવનમાં ઉતારો, કથા છે તે સત્સંગનો મૂળ પાયો છે. શાસ્ત્રોમાં ચાર વર્ણ અને ચાર આશ્રમના ધર્મોનાં રહસ્યો સમજાવ્યાં છે. ત્યાગી ગૃહીના ધર્મ લખ્યા છે. તે કેવળ વાંચવા માટે નથી, પણ જીવનમાં ઉતારી તે પ્રમાણે વર્તવા માટે છે.. વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છે. પરમેશ્વરને મૂકીને જ્યારે આડો અવળો થાય છે ત્યારે તે કલેશને પામે છે. ગૃહસ્થને જેમ કહ્યું છે. તેમ ગૃહસ્થને રહેવું. ત્યાગીને જેમ કહ્યું છે તેમ ત્યાગીને રહેવું.. હંમેશાં વાણીમાં વિવેક રાખવો.. આપણા જીવનનો આધાર વાણી ઉપર છે.. માણસની પરીક્ષા વાણી ઉપરથી થાય છે..*

**પાણી અને વાણી બન્ને ગાળીને વાપરીએ તો પરિણામ સુંદર આવે..**

*સ્વામિનારાયણ ભગવાન સંતો ભક્તો સાથે સત્સંગ વિચરણ કરે છે. સહુને ખૂબ તરસ લાગી. એક ગામને પાદરે વિશ્રાંતિ લીધી. સાથે દાદાખાચરનો ચાકર(નોકર) હતો.. તેને કહ્યું.. બધા તરસ્યા છે તે પાણી પીને શાંતિ થાય.. માટે જલદી પાણી ભરી લાવો. ચાકર ઘડો લઈને દોડતો ગયો.. કૂવા પાસે.. ત્યાં પનિહારીઓ પાણી સંચે છે. ચાકરે રોફથી કહ્યું, મારા બાપની બૈરીઓ મને આ માટલું પાણીથી ભરી દો..*

*બાયુએ હાથ લાંબો કરી કહ્યું, મારા પીટ્યા બોલવાની ભાન છે ? છાનો માનો*

ચાલતો થા.. નહિતર બધી ભેગી થઈને ટીપી નાખશું.. તારા મનમાં શું સમજે છે .. એમ કહી લાકડી લઈ પાછળ દોડી.. ચાકર જાય ભાગ્યો.. હાંફતો શ્વાસ ભેર આવ્યો.. શ્રીજીમહારાજ પાસે.. અલ્યા ખાલી હાથે કેમ આવ્યો ? પાણી કયાં ? ચાકરે કીધું, તમે પાણીની વાત જાવા દો.. હું માંડ માંડ ભાગી છૂટ્યો.. નહિંતર કુટાઈ જાત.. આ ગામની બાઈઓ મને મારવા દોડે છે..

શ્રીજીમહારાજે કહ્યું, ત્યાં જઈ તું શું બોલ્યો ? હું કાંઈ વધારે બોલ્યો નથી ! એકજ લીટી બોલ્યો છું.. મારા બાપની બૈરીઓ મને પાણી આપો.. સૂરાખાચરે દાંત ભીસીને કહ્યું, મૂર્ખા, એવું તે કાંઈ બોલાતું હશે.. માર પડે એજ લાગનો છે.. શ્રીજી મહારાજે કહ્યું, સંતો દાદાખાચરનો ચાકર આપણી સાથે રહ્યો છતાં પણ સુધર્યો નહિ..

Speak sweet words - - - મિષ્ટ વાણી બોલો

શ્રીજીમહારાજે રાઘવ ભગતને કહ્યું, તમે જલદી જાવ અને પાણી લઈ આવો.. ખૂબ તરસ લાગી છે.. રાઘવ ભગત દોડતા કૂવા પાસે આવ્યો. નમ્રતાથી કહ્યું, સ્વામિનારાયણ ભગવાન ભકતજનની સાથે ઝાડ નીચે બેઠા છે.. બહુ તરસ લાગી છે.. ઘોડા પણ તરસ્યા છે.. ઘડો ને દોરડું આપો તો હું પાણી સીંચી લઉં.. આવું સાંભળી બાઈઓ બોલ્યાં.. ઘોડાને આંહી લઈ આવો.. અમો બ બે ઘડુલા પાણી રેડી દઈશું.. તમે પણ પાણી લઈ જાવ.. સ્વામિનારાયણ ભગવાન અને ભકતોને પ્રેમથી પીવડાવો..

રાઘવ ભગત પાણી લઈ આવ્યા. કપડાંથી ગાળી પ્રભુને જળપાન કરાવ્યું.. પછી સંતો ભકતોને પ્રસાદીનું જળપાન કરાવ્યું. રાઘવ ભગતે કહ્યું, મહારાજ, આ ગામનાં બાઈઓ દૈવી આત્માઓ છે. હર્ષભેર પાણી સીંચીને ઘોડાને પણ પાણીથી તૃપ્ત કર્યા. શ્રીહરિએ કહ્યું, જીવનનો આધાર વાણી ઉપર છે.. શ્રીજીમહારાજે કહ્યું, રાઘવ ભગત ! પાણી પાઈને તરસ છીપાવી પણ ભૂખ બહુ લાગી છે, તેનું શું કરશો ? મહારાજ તમે બધા વૃક્ષ નીચે વિશ્રાંતિ કરો.. હું ભોજનની વ્યવસ્થા કરું છું..

ગામમાં ગયા. ચોરે બેઠેલા દરબારને કહ્યું, રામ રામ નમ્રતાથી આવવાનું કારણ જણાવ્યું.. તેથી ગામના માણસોએ રસકસ આપ્યું.. તે લાવીને રોટલા બનાવ્યા.. તેનો ભૂક્કો કરી ગરમ ઘી અને ગોળ ઉમેરીને સરસ મજાના ચુરમાના લાડુ બનાવ્યા.. અડદની દાળનું શાક બનાવ્યું.. પછી સૌને જમાડ્યા. શ્રીજીમહારાજ રાઘવ ભગત ઉપર ખૂબ રાજી થયા.. વાણીમાં વિવેક હોય તો સારું પરિણામ આવે છે. સમજવા



જેવી કથા છે વાણીમાં વિવેક રાખવો ખૂબ જરૂરી છે.

**દ્વિજ વર્ણના ધર્મ વિચારીરે, સર્વે અમે કહ્યા સુખકારીરે ॥૮॥**
**શમ દમ ક્ષમા ને સંતોષરે, અધર્મ સર્ગથી રે'વું અદોષરે ।**

શ્રીહરિ કહે છે. દ્વિજ (બ્રાહ્મણો) ત્રણ વર્ણના ગુરુ કહેવાય માટે તેમણે શમ-દમ-ક્ષમા-ને સંતોષ રાખવો.. સત્સંગ કરવો ને બીજાને કરાવવો અને અધર્મ સર્ગથી દૂર રહેવું.. ક્ષત્રિયને શૂરવીરતા રાખી દેશની રક્ષા કરવી. વૈશ્ય વર્ણને ખેતીવાડી કરવી, ગાયોનું રક્ષણ કરવું.. છળકપટ તજીને ન્યાય નીતિથી ધન ઉપાર્જન કરવું અને સમય આવે ત્યારે યોગદાન કરવું, શૂદ્ર વર્ણને ત્રણ વર્ણની સેવા કરવી..

ત્યાગીને કઈ રીતે વર્તવું તે બાબત શ્રીહરિ કહે છે.

**અષ્ટ પ્રકારે ત્રિયા ધન ત્યાગરે, વિષય સુખ સાથે છે વૈરાગરે ।**
**ભારે બ્રહ્મચર્ય વ્રત ધારીરે, રાખે ભાવે કરી બ્રહ્મચારીરે ॥૧૫॥**

સાધુ અને બ્રહ્મચારીને અષ્ટ પ્રકારે સ્ત્રીનો ત્યાગ રાખવો, જગતસંબંધી વિષયથી દૂર રહેવું, બ્રહ્મચર્ય વ્રતને અતિ દ્રઢ કરીને રાખવું, ભગવાં વસ્ત્રો ધારણ કરનારા ઘણા હોય છે. પરંતુ ભગવાનને ધારણ કરનારા ઓછા હોય છે.

ગ.પ્ર.૩૬ વચનામૃતમાં શ્રીજીમહારાજ ત્યાગીનાં લક્ષણ બતાવતાં કહે છે, ત્યાગી હોય તેને કચરો ને કંચન બેય બરાબર હોય. આ પદાર્થ સારું, આ પદાર્થ ભૂંડું એવી સમજણ હોય નહિ.. એક ભગવાનને વિષે પ્રીતિ હોય તે સાચો ત્યાગી છે, આ વચનામૃત આત્મસાત કરવા જેવું છે. ધર્મામૃત - નિષ્કામશુદ્ધિ અને શિક્ષાપત્રીમાં ચાર વર્ણ, ચાર આશ્રમના ધર્મો લખ્યા છે તે પ્રમાણે રહેવું...

**એહ વિના બીજા છે જે ગ્રંથરે, કર્યા અમે કલ્યાણને અર્થરે ।**
**એમ કહ્યું શ્રીજીએ શ્રીમુખેરે, સહુ જનને તારવા સુખેરે ॥૨૦॥**

વન વગડે ભટકતા તૃષાતુર થયેલાને પરબ મળી જાય, કાળઝાળ તાપથી તપ્ત થયેલાને ઘેઘુર વૃક્ષની શીતળ છાયા મળી જાય, મધદરિયે ડૂબતાને હોડીનો આશરો મળી જાય તો તેને કેટલો આનંદ !! એનાથી વધુ અને દિવ્ય આનંદ શ્રીજીમહારાજનાં દર્શન, સ્પર્શ અને પૂજનથી થાય છે.

**ઈતિ શ્રીસહજાનંદસ્વામિચરણકમળસેવક નિષ્કુળાનંદમુનિવિરચિતે**
**પુરુષોત્તમપ્રકાશમધ્યે ષટ્ચત્ત્વારિંશઃ પ્રકારઃ ॥ ૪૬ ॥**

---

**વળી અમારે જે આશરે, બાયું આવિયું બહુ બહુ ।**
**તેને કહ્યા ધર્મ તેહના, તેણે પામી પરા ગતિ સહુ ।।૧।।**
**સતીગીતામાં જે સૂચવ્યા, સધવા વિધવાના ધર્મ ।**
**તેમજ રહી ત્રિયા સહુ, પામિછે ધામ જે પર્મ ।।૨।।**

સ્વામિનારાયણ ભગવાન કહે છે, અમારા આશરે આવેલાં સધવા અને વિધવા બાઈઓ છે તેમના ધર્મ સત્સંગિજીવનમાં અને સતી ગીતામાં ધર્મો કહ્યા છે. તે પ્રમાણે રહેશે તો આ લોક અને પરલોકમાં સુખી થશે. શ્રીજીમહારાજ પતિવ્રતા ધર્મના પ્રવર્તક છે, પતિ મૃત્યુ પામે તો સ્ત્રીને જીવતી પતિ સાથે બાળવાનો રિવાજ હતો, તે ભગવાન સ્વામિનારાયણે અટકાવ્યો. શ્રીજીમહારાજે એવી સરસ રીત ચલાવી કે પતિ મૃત્યુ પામે તો તેની પાછળ મરવું નહિ, પણ પતિ તરીકે પરમાત્માને માનીને ભગવાનનું ભજન કરવું. સાંખ્યયોગ ધર્મની પ્રવૃત્તિ કરી.

## કોઈ સંપ્રદાયમાં સ્ત્રીને દીક્ષા અપાતી નહિ તે રિવાજ શ્રીહરિએ શરૂ કર્યો.

પાછી કેવી મર્યાદાની પાળ બાંધી, આચાર્ય પત્ની દ્વારા દીક્ષા લેવી. સ્ત્રીના ધર્મ બરાબર સચવાઈ રહે તે માટે બાઈઓનાં મંદિરો જુદા કર્યાં. શ્રીહરિએ સ્ત્રીના ધર્મો ખૂબ ઝીણી નજરથી અમલમાં મુકાવ્યા છે. સાધ્વીના ધર્મો ખૂબ સુંદર રીતે શીખવ્યા છે. શ્રીજી મહારાજ કહે છે.

**અતિ અતિ કર્યા મેં ઉપાયરે, તેતો કે'તાં કે'તાં ન કે'વાયરે ।**
**જેજે કર્યું અમે આ જગમાંરે, તેતો ચલાવા મોક્ષ મગમાંરે ।।૫।।**

જીવાત્માનો ઉધ્ધાર કરવા અમે ખૂબ દાખડા કર્યા છે. અમારા દાખડા સામે જો.. જો.. બહુ સમજણ માંગી લે એવી આ પુરુષોત્તમપ્રકાશની કથા છે. સ્વામિનારાયણ ભગવાને વચનામૃતમાં અનાસક્તિનો વારંવાર બોધ આપણને આપ્યો છે. હજારો વખત કથા કરીએ છીએ, સાંભળીએ છીએ. પણ જો સંસારની આસક્તિ ન જાય.. સ્વભાવમાં સુધારો ન થાય તો કથાનું શું ? પચ્ચાસ - સાઠ વર્ષની ઉંમર થાય પછી તો આપણો સમય. આપણી શક્તિ, આપણી સંપત્તિ, આપણી બુધ્ધિ સત્સંગની સેવામાં વાપરવી જોઈએ. કેવળ પેટ ખાતરજ નહિ..

શ્રીહરિ કહે છે, અમારા નામનું પદ-છંદ, અષ્ટક, સ્તુતિ અને કીર્તન ગાશે, સાંભળશે કે ભણશે તે ભવસાગર તરી જશે..



## સંગીતમાં સંતો કીર્તન બોલે ત્યારે શ્રીહરિ મસ્તાન થઈને ડોલે

સંગીતના સૂર સાથે સંતો કીર્તન ગાય ત્યારે શ્રીજીમહારાજ સંતો સામે ખસતા ખસતા આવે.. સંગીતના સૂરની સાથે કીર્તન પ્રભુને બહુ ગમે.

**પ્રેમાનંદ આગે ગાય ત્યારે, આવે ઓરા ઓરા ખસતા;**
**ક્યારે હરિ દેખું રે હરિહસતા, મારા મંદિરિયામાં વસતા. . . ક્યારે. . .**

કીર્તનને ઉથલાવો તો શું થાય ? નર્તકી. નર્તકી.. એટલે માયામાં નચાવનારી.. કીર્તન ગાવાથી માયામાં નાચતું મન ભગવાનમાં નાચતું થઈ જાય છે. માટે કીર્તન હમેશ ગાવાં જોઈએ. કીર્તન અને ધૂન કર્યા સિવાય કથાની સમાપ્તિ થાય નહિ, કીર્તન અને ધુન્ય ન ગાય ને કથાની સમાપ્તિ કરે તો એટલી કથામાં અપૂર્ણતા ગણાય..

## કીર્તન છે તે કલિયુગમાં તરવાનું જ્હાજ છે.

જેમાં સ્વામિનારાયણ નામ, એવી કથા સુણે નર વામ; એવી કીર્તિ સાંભળતા જન, થાય અતિ પરમ પાવન. દેહનો ખોરાક અન્ન છે. આત્માનો ખોરાક કથા છે. ભગવાન કર્ણ દ્વારસે હૃદયરૂપી મંદિર મેં પધારતે હૈ. પાવનકારી પરમાત્મા કે લીલા ચરિત્રોં કા જો શ્રવણ કરેગા ઉસકા હૃદયરૂપી મંદિર પવિત્ર હોગા.. પ્રભુએ પોતાનું રૂપ ગુપ્ત રાખ્યું છે પણ નામ પ્રગટ રાખ્યું છે. સ્વામિનારાયણ સ્વામિનારયણ. જપતે રહો.

**લેતાં નામ નારાયણ સ્વામિરે, જાણો તે બેઠા ધામને પામીરે ।।૧૨**
**જેહ મુખે એનો ઉચ્ચારરે, તેતો જાણો પામ્યા ભવપારરે ।**

સ્વામિનારાયણ મંત્ર ફણેણી ગામમાં જાહેર કર્યો.. આ બન્ને મંત્ર વેદમાં છે. નારાયણ મંત્ર વેદમાં છે. સ્વામિ મંત્ર પણ વેદમાં છે. શ્રીજીમહારાજે બે મંત્રને એક કર્યા. અને પ્રભાવશાળી મંત્ર બનાવ્યો. રાત દિવસ સ્વામિનારાયણ મંત્ર હૃદયમાં વસી જાય તો મન સ્થિર થઈ જાય. પ્રભુ સર્વના પોષક છે.

શ્રીજીમહારાજે સંતોને કહ્યું, તમે સત્સંગ કરાવવા દેશાંતરોમાં ફરો, સંતો મંડળ લઈને સત્સંગ કરાવવા ગયા.. અચાનક મુકતાનંદ સ્વામીનું મંડળ અને બ્રહ્માનંદ સ્વામીનું મંડળ. બે મંડળના સંતો એક ગામને પાદરે ધર્મશાળામાં ભેગા થઈ ગયા. અંતરમાં ભગવાનને ધારીને કીર્તન ગાય છે. થોડી વાર પછી મુકતાનંદ સ્વામીએ કહ્યું, હે સંતો તમે ગામમાં રામઝોળી(ભીક્ષા) માગવા જાઓ. ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું, શ્રીજીમહારાજ વારંવાર કહે છે. મારું ધ્યાન ભજન કરે. તેને હું લાડુ જમાડુ છું..

આજે ભીક્ષા લેવા નથી જવું. શાંતિથી ધ્યાન ભજન કરીએ, જોઈએ શું થાય છે.. મુકતાનંદ સ્વામીએ કહ્યું, પ્રભુ પર વિશ્વાસ હશે તો સફળતા મળશે..

બરાબર બપોરના બાર વાગ્યા અને બે મુકતોને લઈને ભગવાન બ્રાહ્મણના રૂપમાં પહોંચી આવ્યા. ધર્મશાળાના દરવાજાની સાંકળ ખખડાવી. બારણું ખોલો !! તમે કોણ છો ? અમે નગરશેઠના સેવક છીએ, તમને ભોજન આપવા આવ્યા છીએ.. અમારા શેઠનું સદાવ્રત ચાલે છે. સૌને ભરપેટ જમાડે છે. દરવાજો ખોલ્યો. ત્યાં ભોજનની મધમધથી સુંદર સુગંધ આવે છે. દાળ, ભાત, રોટલી શાક લાડુ છાશ વિગેરે ભોજન સંતો પાસે રાખ્યાં..

સંતોની પંક્તિ થઈ, બ્રાહ્મણરૂપમાં ભગવાન ભોજન પીરસે છે. સંતો ભગવાનને યાદ કરતા કરતા જમે છે. બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું, ભૂખ બહુ લાગી હતી, આપણો સંકલ્પ પ્રભુએ પૂરો કર્યો.. જમ્યા પછી બ્રહ્માનંદ સ્વામીએ પૂછ્યું, તમારું સદાવ્રત ચલાવનાર શેઠ કયાં રહે છે.. બ્રાહ્મણનારૂપમાં ભગવાન બોલ્યા. અમારા શેઠ આ ગામમાં જ રહે છે, લ્યો.. રામ.. રામ.. એમ કહી ચાલતા થઈ ગયા.. આગળ જતાં અદ્રશ્ય થઈ ગયા...

બપોર પછી સંતો બીજે ગામ જાય છે. બજારમાં દુકાન આવી. સંતોએ પૂછ્યું. આ ગામમાં સદાવ્રત આપે છે તે શેઠનું ઘર કયાં છે ? અમારા ગામમાં સદાવ્રત ચલાવે તેવા શેઠ છે જ નહિ. કોઈ સંતોને જમાડે તેવા શ્રીમંત નથી. આખું ગામ ગરીબ છે.. વાઘરી લોકોનું ગામ છે.. પેટ પૂરતું માંડ જમવા મળે છે.. તો બ્રહ્મભોજન કયાંથી કરાવે.. ત્યારે મુકતાનંદ સ્વામીએ કહ્યું, શ્રીજીમહારાજ દિવ્યસ્વરૂપે આપણને જમાડવા આવ્યા. હતા. પ્રભુ સત્સંગમાં સદાય પ્રગટ પ્રગટ અને પ્રગટ જ છે.

નિષ્કુળાનંદ સ્વામી પ્રસાદીની વસ્તુઓનો મહિમા વર્ણવે છે.

**વળી અમારાં અંગનું અંબરરે, બહુ સ્પરશેલ સારું સુંદરરે ।**
**એહ પ્રસાદિનું જેહ પટરે, મળે ટળે સર્વે સંકટરે ।।૧૪।।**
**એહ વસ્ત્ર અનુપમ અતિરે, થાય પૂજતાં પરમ પ્રાપતિરે ।**

શ્રીજીમહારાજના પ્રસાદીના વસ્ત્રમાં ગજબની શક્તિ હોય છે. પ્રસાદીની વસ્તુ જલદી મળે નહિ. તે તો રાખી છે અમે અપાર, સહુજન અરથે આ વાર; સ્પર્શ કરશે તે અભયપદને પામશે.. આવી વાત સાંભળીને ભકતજન રાજી થયા.. સુણી સહુ થયા પરસન રે, કહે સ્વામી શ્રીજીમહારાજ ધન્ય ધન્ય રે..



શ્રીજીમહારાજના અંતરમાં શાંતિ થઈ કે જે મારે કામ કરવાનું હતું તે મેં કરી લીધું છે. સહેજે સહેજે જીવાત્માઓ મારા ધામને પામશે. કોઈ વાતની ખામી રાખી નથી.

## નિષ્કુળાનંદ સ્વામી મોક્ષ માર્ગના ભોમિયા છે.

આપણે સૌ બડભાગી છીએ, આવા સમર્થ સંતનું શાસ્ત્ર અનેકને પ્રેરણારૂપ સિધ્ધ થયું છે, હજારોને જીવન જીવવાની જડીબુટ્ટી સમાન બની રહેશે.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિચરણકમળસેવક નિષ્કુળાનંદમુનિવિરચિતે પુરુષોત્તમપ્રકાશમધ્યે સપ્તચત્ત્વારિંશઃ પ્રકારઃ ।। ૪૭ ।।***

---

**દોહા – પછી જોયું વિચારી જીવને, કરી રહ્યા સર્વે કામ ।**
**સહુ જનને સુગમ થયું, સે'જે પામશે સ્વધામ ।।૧।।**
**જે અરથે અમે આવિયા, તે અરથ સરિયો આજ ।**
**ધારી આવ્યા'તા જે ધામથી, તે કરી લીધું છે કાજ ।।૨।।**

સ્વામિનારાયણ ભગવાને પૃથ્વી ઉપર ધર્મની સ્થાપના કરી, અસુરોનો નાશ કર્યો, પછી પોતાની જીવન લીલા સંકેલવા માટેની તૈયારી કરે છે. અનાદિકાળથી અટવાતા જીવાત્મા માટે જે કરવાનું હતું તે બધું અમે કરી લીધું છે. અવતાર ચરિત્ર પૂર્ણ થયાં છે.

જેઠ સુદ નવમીને દિવસે સંતો અને હરિભકતોને બોલાવીને કહ્યું કે, મારે તમને એક વાત કરવી છે. અમને ખાત્રી છે કે એ વાત તમને કોઈને ગમશે નહિ, છતાં સ્વીકારવી પડશે.. મંદિરો બનાવી તેમાં મૂરતિ પ્રતિષ્ઠા થઈ ગઈ છે, શાસ્ત્રોની રચના થઈ ગઈ છે, આચાર્યશ્રીની ગાદી સ્થાપના થઈ ગઈ છે. પરમહંસોને પણ તૈયાર કર્યા છે. હે સંતો તમે આ સત્સંગના બગીચાને ભક્તિનું પાણી પાતા રહેજો, જેથી બગીચો સદાય લીલોછમ અને નવ પલ્લવિત રહે. જેમ બાપ દીકરાને ભલામણ કરે તેમ શ્રીજી મહારાજ સત્સંગીઓને ભલામણ આપે છે.

**હવે પધારું હું મારે ધામરે, જે સારુ આવ્યા'તા તે થયું કામરે ।।૬**
**પછી જે જે પાસે હતા જનરે, તેને કે'છે એમ ભગવાનરે ।**
**સહુ ધારજો અંતરે ધીરરે, હવે નહિ રહે આ શરીરરે ।।૭।।**

શ્રીજીમહારાજ કહે છે, હે સંતો ! સમજીને ધીરજ રાખજો, અમારી વાંસે

કોઈ રડશો નહિ, આંસુડાં પાડશો નહિ, કોઈ આત્મઘાત કરશો નહિ. અને કંકાસ કરશો નહિ.. સહુ સહુના ધર્મમાં રહી ભજન ભક્તિ કરજો.. છેલ્લી વાત છે તે માની લેજો, શિક્ષાપત્રી પ્રમાણે સહુ રહેજો; શિક્ષાપત્રી માંહિ અમે રહેશું, એમાં રહીને સુખ દેશું. મોટા સંતોની આજ્ઞામાં રહેજો, કોઈ બાબતની ચિંતા ન કરજો; મને જ્યારે સંભારશો ત્યારે હું દર્શન આપીશ. હું સદાય તમારી સાથે જ છું.

શ્રીજીમહારાજની આવી વજ્ર જેવી વાણી સાંભળી ભક્તોના હૃદયમાંથી ધીરજ ખૂટી ગઈ, આંખમાંથી આંસુડાની ધાર થઈ. ખૂબ રડે છે. હે પ્રભુ, અમને મૂકીને તમે જાશો નહિ. જાશો નહિ. જો જાવું જ હોય તો અમને સાથે લઈ જાવ. તમારા વિના અમે નહિ રહી શકીએ.. જેમ જળ વિના માછલી તરફડે તેમ સંતો ભક્તો તરફડે છે.. આક્રંદ કરીને રડે છે.. બેભાન થઈ ગયા છે. ઊંચે અવાજે પોંક મૂકીને રડે છે.

શ્રીજીમહારાજને થયું. મારા વિયોગને મારા ભક્તજનો સહન નહીં કરી શકે, ગોપાળાનંદ સ્વામી તથા મુક્તાનંદ સ્વામી આદિ સદ્‌ગુરુઓને કહ્યું, હે વહાલા સંતો, જરાય ચિંતા ન કરશો.. હું તમારી સાથે જ છું.. સત્સંગના સ્થંભ તમે છો.. ભક્તિની ગંગા ઉત્તરોત્તર વહેતી રહે, સત્સંગમાં શ્રધ્ધા ભાવના અને નિષ્ઠા સદાય વૃધ્ધિ પામે, સ્વામિનારાયણની ધજાની સુંદર કીર્તિ સારાય વિશ્વમાં ફરકતી થાય, એવી ખેવના અને ધગશ રાખજો. તમે ધીરજ રાખજો અને બીજાને ધીરજ રખાવજો, મારા વચન પ્રમાણે તમે સદાય રહ્યા છો અને હજુ પણ રહેજો..

અક્ષરધામ તુલ્ય અક્ષરઓરડીની ધરતી આજ આંસુડાંથી ભીની બની ગઈ છે, મોટીબા અને લાડુબા પોક મૂકી રડે છે, આપણને મૂકીને જતા રહેશે. પછી કોનું મુખ જોઈને જીવશું. શું કરશું તમને ધામમાં જાવું જ હોય તો અમને સાથે લઈ જાવ. જેમ મણિ વિના ફણી આંધળો થઈ જાય, ધનિકનું કોઈ ધન લઈ જાય તો તેને કેવું દુઃખ લાગે, તેમ અમારું ધન તો હે મહારાજ ! તમે છો. અમારા માટે સર્વસ્વ જે કહો તે તમે જ છો.

શ્રીજીમહારાજ કહે છે... હે ભક્તજનો પૃથ્વીના ભારરૂપ અધર્મનો નાશ કર્યો છે.. હવે અક્ષરધામના મુક્તો અમારી રાહ જુવે છે. તેને દર્શન દેવા જાઉં છું.. તમે રડો નહિ.. ચિંતા કરો નહિ, શાંતિ રાખો.. તમારી સાથે મેં જે લીલા કરી છે તેને સંભાળી રાખજો...

**પણ હમણે જેમ દેખોછોરે, દેખી જન્મ સુફળ લેખોછોરે ॥૧૧॥**
**એમ નહિ દેખો હવે અમનેરે, સાચી વાત કહુંછું તમનેરે ।**



શ્રીહરિ કહે છે, હમણાં મને દેખો છો.. મારી સાથે વાતચીત કરો છો તેમ નહિ દેખી શકો.. પણ દિવ્યસ્વરૂપે દેખી શકશો.. આવું સાંભળી બધા આકુળ વ્યાકુળ થઈ ગયા, ધરતી પર ઢળી પડ્યા. પ્રાણ વિનાનાં પૂતળાંની જેમ સ્થિર થઈ ગયા.. કોણ કોને છાનું રાખે.. ચોધારાં આંસુએ રડે છે.. સભામાં સૂનકાર છવાઈ ગયો.. શ્રીજી મહારાજે ધૈર્ય શક્તિને બોલાવીને કહ્યું, તમે આ બધા સત્સંગના હૃદયમાં રહીને ધીરજ આપો.. જેથી મન મજબૂત બની જાય.. મારા વિયોગના દુઃખને સહન કરી શકે.. પછી ભક્તોને થોડી ધીરજ આવી. અંતરમાં વિચાર થાય છે.. આ અક્ષરઓરડી હવે કાયમને માટે ખાલી થઈ જશે.. પ્રાણ પ્રીતમ વિના શું કરશું... રડતા હૃદયે સૌ સૌના સ્થાને ગયા છે. નિદ્રા આવતી નથી. અંતર તરફડે છે. અમારા પ્રાણ પ્યારા કાલે અમારાથી દૂર થઈ જશે.. અંતર ઝંખ્યા કરે છે...

જેઠ સુદ દશમનું પ્રભાત થયું, સૂર્ય ઝાંખો દેખાય છે. ચારે દિશાઓ ઝાંખી થઈ ગઈ છે.. ભક્તજનો શ્રીજીમહારાજને એક નજરે જોઈ રહ્યા છે. આજ કોઈના મુખપર તેજ નથી. દાદાનો દરબાર સૂનો સૂનો થઈ ગયો છે. બપોરના બરાબર બાર વાગ્યા છે. શ્રીજીમહારાજ અંતરવૃત્તિ કરી નેત્રમીંચી પદ્માસન વાળી બન્ને હાથ ખોળામાં રાખી બેઠા છે,

તે જ વખતે શ્રીજીમહારાજના શરીરમાંથી દિવ્ય શીતળ શાંત પ્રકાશ થયો, પ્રકાશ દશે દિશામાં છવાઈ ગયો.. અક્ષરાત્મક તેજમાંથી અક્ષરમુક્તો સુવર્ણમય પુષ્પક વિમાન લઈને પ્રગટ થયા.. અક્ષરધામના મુક્તોએ શ્રીજીમહારાજને પ્રાર્થના કરી, પુષ્પના હાર પહેરાવી સ્વાગત કર્યું.. પધારો મહારાજ પધારો. અમે તમારી રાહ જોઈએ છીએ.. પ્રભુ વિમાનમાં બિરાજમાન થયા.. અક્ષરધામના મુક્તોએ જય જયકાર કર્યો.. બોલો...

**સ્વામિનારાયણ ભગવાન કી જય..**

વિમાન આકાશ માર્ગે ચાલતું થયું.. જ્યાં સુધી વિમાન દેખાયું ત્યાં સુધી ભક્તજનો એક નજરે જોઈ રહ્યા.. તેજ દેખાતું બંધ થયું ત્યારે ખબર પડી કે પ્રભુ પોતાની લીલા સંકેલી સ્વધામ સિધાવી ગયા.. ધીરજ રાખી સૌ ભગવાનના નામની ધૂન બોલે છે..

**સ્વામિનારાયણ.. સ્વામિનારાયણ.. સ્વામિનારાયણ...**

સર્વે વાતાવરણ કરુણાભીનું બની ગયું છે, સંતો અને ભક્તો મળીને પાર્થિવ

દેહને લક્ષ્મીવાડીએ લઈ જઈને અગ્નિસંસ્કાર કર્યો. શ્રીજીમહારાજ જે કાર્ય કરવા માટે પધાર્યા હતા તે કાર્ય પુરું થયું.. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિની આ જગતમાં સ્થાપના કરી.. કોઈ વાતની અધુરાશ રાખી નથી.

**એવો અલૌકિક અવતારરે, બહુ જીવ કર્યા ભવપારરે ।**
**એહ મૂરતિ મળી છે જેનેરે, કાંઈ ખામી રહી નહિ તેનેરે ।।૧૮।।**

શ્રીહરિએ આ જગતની અંદર અલૌકિક કાર્ય કરી અનેક જીવાત્માને ભવપાર કર્યા છે. શ્રીજીમહારાજ અક્ષરધામમાં પધાર્યા ત્યારે ગઢપુરની ગાયો - વૃક્ષો - વેલીઓ-પક્ષીઓ ખૂબ રડ્યાં છે.. ઉન્મત્તગંગાના નીર થંભી ગયા.. સમગ્ર વાતાવરણ ગમગીન બની ગયું..

**વળી રહ્યા છે સતસંગ માંયરે, અંત સમે કરે આપે સા'યરે ।।૨૦।।**

ભગવાન પોતાના ભક્તને સહાય કરે છે. રક્ષા કરે છે. કથા સાંભળી ભગવાન સાથે કેટલો સબંધં વધ્યો એ તપાસવાનું છે.

**ઈતિ શ્રીસહજાનંદસ્વામિચરણકમળસેવક નિષ્કુળાનંદમુનિવિરચિતે પુરુષોત્તમપ્રકાશમધ્યે અષ્ટચત્ત્વારિંશઃ પ્રકારઃ ।। ૪૮ ।।**

---

**એહ રીતે અલબેલડે, કર્યાં કંઈ કંઈક કામ ।**
**આપી આનંદ આશ્રિતને, વળી પુરી હૈયાની હામ ।।૧।।**
**અમાયિક સુખ આપિયાં, માયિક દેહની માંય ।**
**તે પ્રસિદ્ધ જાણે છે પૃથવી, નથી છાનિ છપાડી કાંય ।।૨।।**

ભગવાને પોતાના આશ્રિતની હૈયાની હામ પૂરી કરી, મહા અલૌકિક સુખ આપી કૃતાર્થ કર્યા છે. બહુ આખેપ આગ્રહ કરી, ભવે જીવ તાર્યા ભાવ ભરી.. મનુષ્યને તો તાર્યા પણ પ્રાણીને પણ તાર્યા છે.

પુંજાભાઈના બહેન અજુબાને ખબર પડી કે શ્રીજીમહારાજ બીમાર છે, ઝટ ગાડું જોડીને ધોલેરાથી રવાનાં થયાં.. જેઠ સુદ દશમની ઢળતી સંધ્યા, સૂર્યનારાયણ વિદાયગિરિ લઈ રહ્યા છે.. ગાડામાં બેઠા બેઠા પ્રીભુ સ્મરણ કરતાં જાય છે. ત્યાં ઓચિંતા ચાર-પાંચ કાઠી સ્વારોની સાથે માણકી ઘોડી ઉપર બેઠેલા શ્રીજીમહારાજ સામેથી આવ્યા... અજુબા જય સ્વામિનારાયણ.. આ બાજુ કેટલે સુધી જાવ છો ? મહારાજ ઘણા દિવસ થયા.. આપનાં દર્શન થયાં નથી.. વળી ખબર પડી કે શ્રીજી



મહારાજના શરીરે મંદવાડ છે. મળવા જઈએ છીએ...

**આંખ તમને મળવા અકળાતી હતી**
**તેથી મળવા આવ્યા છીએ.**

તમે તો સામા મળ્યા. ધન્ય ઘડી. ધન્ય અવસર તમારાં દર્શન થયાં ખૂબ રાજી થયાં પગે લાગીને અજુબાએ પૂછ્યું, પ્રભુ આપ ઘોડેસવાર સાથે કઈ બાજુ જાઓ છો ? અમે એક ભક્તને દર્શન દેવા જઈએ છીએ. તમે ગઢપુર જાવ, ને ગોપીનાથજી મહારાજનાં દર્શન કરો. આટલું કહેતાં પ્રભુ આગળ ચાલતા થઈ ગયા. અજુબા ગઢપુર આવ્યાં. જ્યાં દાદાના દરબારમાં પ્રવેશ કર્યો તો સર્વત્ર સુનકાર. કોઈ પણ બોલતું નથી.

અજુબા સીધાં આવ્યાં મોટીબા પાસે. બા આપણા જીવન પ્રાણ ક્યાં ? અજુબા આપણા પ્રાણપ્યારા, આપણને મૂકીને આજે સ્વધામ ચાલ્યા ગયા.. એના વગર દિવસ કેમ જશે બહેન.. એમ કહીને ધ્રુસકે ધ્રુસકે ને ધ્રુસ્કે રડે છે.. કોણ કોને છાનું રાખે. ગાય વિના જેમ વાછરડું તરફડે તેમ હરિ વિના બધાં તરફડિયાં ખાય છે. વર્ણન ન થઈ શકે તેવું કરુણ દશ્ય સર્જાઈ ગયું છે.

મનમાં થયું કે પ્રભુ જતાં જતાં આપણી દર્શનની ઝંખના શમાવતા ગયા.. છેલ્લે દર્શન દીધાં તે અંતરમાં છપાઈ ગયા.. એ સ્વરૂપનાં અખંડ દર્શન થયા જ કરે છે, ત્રણ અવસ્થામાં પ્રભુની ઝાંખી થાય છે.. આવાં અજુબાને અંતવખતે દર્શન દીધાં..

**કરી ગયા મોટાં મોટાં કાજરે, આવી આ ફેરે આપે મહારાજરે ।**
**ખુબ ખેલિ ગયા એક ખ્યાલરે, જોઈ અનંત જન થયા ન્યા'લરે ।।૭**
**ખરાખરો મચાવીને ખેલરે, રૂડી રમત રમ્યા અલબેલરે ।**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે. શ્રીજીમહારાજ જેવું મોક્ષનું કાર્ય કર્યું છે, તેવું દુનિયામાં બીજા કોઈ અવતારે કર્યું નથી. પાંચસો પરમહંસોને સાથે લઈને આવ્યા હતા. સંતો દ્વારે અનેકનાં કલ્યાણ કર્યાં છે. સંતો અને ભક્તો ભગવાનને યાદ કરતાં કરતાં રડી પડે છે. ઉત્સવમાં આપણી સાથે રમતા-જમતા.. હેતથી બોલાવતા.. હાર પહેરાવી રાજીપો વ્યક્ત કરતા... બાથમાં લઈને ભેટતા.. આવી લીલાને યાદ કરતાં આંખમાં આંસુ આવી જાય છે.. ભવસાગરમાં આપણે ડૂબી જાત તે હાથ ઝાલીને આપણને બહાર કાઢી લીધા..

એવાં લાડ હવે ક્યારે લડાવશે.. આવી કલ્યાણકારી લીલાચરિત્રોને યાદ કરી તાજાં કરે છે.. સમે સમે ભગવાને આપણને ખૂબ સુખ આપ્યાં છે. એનું વર્ણન થઈ

શકે નહિ... અચાનક લીલા સંકેલીને ચાલ્યા ગયા.. આપણને એમ હતું કે પ્રભુ આવીને આવી દયા અખંડ રાખશે.. પણ વિલખતા મેલીને ચાલ્યા ગયા.. આપણે અભાગીયા અને અનાથ થઈ ગયા છીએ..

**આંખ્યો થઈગઈ અભાગણીરે, ક્યાંથી નિરખે મૂરતિ નાથતણીરે ૧૫**
**મુખ અભાગિયું થયું અતિરે, ક્યાંથી પામે પ્રસાદી એ રતિરે ।**
**જિહ્વા અભાગણી ને અનાથરે, ક્યાંથી બોલે હવે હરિ સાથરે ॥૧૬**

આપણા ભાગ્યમાં થોડાક જ દિવસ સુખના હતા, હવે આવ્યા દિવસ દુઃખના.. વિરહની વેદનાથી પ્રભુમાં પ્રીતિ ઉત્તરોતર વધી ગઈ.. બોલી શકાતું નથી. કંઠ રૂંધાઈ જાય છે... દર્શન માટે જીવ તલપી રહ્યો છે.. આંખથી પ્રભુનાં દર્શન કરતાં, કાનથી પ્રભુની કથા સાંભળતાં, હાથથી સ્પર્શ કરતાં. હવે આપણને એવા દિવસ ક્યારે મળશે.. અરસપરસ બોલતાં બોલતાં ખૂબ રડે છે. હે પ્રભુ અમે તમારા દાસ છીએ, અમને વિસારશો નહિ.. તમારી વાણી સાંભળવા અમે ઝંખીએ છીએ. હે પ્રભુ તમારો ને અમારો સંબંધ થયો પણ અધૂર રહ્યો.. હાથમાં આવેલો ચિંતામણિ અમે હારી ગયા.. અમારો આનંદ ચાલ્યો ગયો.. ભગવાનના વિરહવેદનામાં ડૂબેલા બ્રહ્માનંદ સ્વામી રડતા રડતા ગાય છે.

**જેઠે જીવન ચાલીયા, નિર્મોહી મારા નાથ;**
**દર્શન વિના દુઃખીયો ઘણો, સર્વે વ્રજનો સાથ. . . .જેઠે. . . .**
**અંતર તાપ વિયોગનો, બાહેરથી લૂ વાય;**
**મળ્યા વિના હવે માવજી, જુગ તુલ્ય રજની જાય. . . .જેઠે. . . .**
**ફળીયામાં ઘોડી ફેરવતા, છોગાં ધરતા શીર;**
**તે દિન કેદી દેખાડશો, ડોલરીયા જગદીશ. . . .જેઠે. . . .**
**પ્રાણજીવન પૂરીયે, હૈડા કેરી હામ;**
**બ્રહ્માનંદના નાથજી, આવોને શ્રીઘનશ્યામ. . . .જેઠે. . . .**

પ્રેમ કરવા લાયક એક પરમાત્મા છે, મનુષ્યનો પ્રેમ ક્ષણેક્ષણે બદલાય છે.. તેથી શાંતિ મળતી નથી... સાચી હકીકતમાં પ્રભુને પ્રેમ પાત્ર બનાવો જેથી પાત્રને બદલવાનો પ્રસંગ કદી આવેજ નહિ...

**ઈતિ શ્રીસહજાનંદસ્વામિચરણકમળસેવક નિષ્કુળાનંદમુનિવિરચિતે પુરુષોત્તમપ્રકાશમધ્યે એકોનપંચાશત્તમઃ પ્રકારઃ ॥ ૪૯**



**પુરુષોત્તમ પધારિયા, કરી કામ અલૌકિક આપ ।**
**અનેક જીવ ઉદ્ધારિયા, પ્રગટાવી પ્રબળ પ્રતાપ ॥૧॥**
**થોડાક દનમાં સ્થાવર જંગમ, તારિયા જીવ તતકાળ ।**
**કળ ન પડી કોઈને, એવું કરિયું દીનદયાળ ॥૨॥**

શ્રીજીમહારાજે અનેક સ્થાવર જંગમ જીવાત્માને મુક્તિનું પ્રદાન કર્યું છે. જગજાળ કાપી બ્રહ્મમહોલના નિવાસી કર્યા, અણચિંતવે આવી ગયા, અતિ અચાનક અલબેલ; ખબર ન પડી ષટમતને, એવો ખેલી ગયા એક ખેલ. ઘણા અભાગી જીવ લાભ લઈ શકયા નહિ.. વરસાદ વરસે ત્યારે આખી પૃથ્વી હરિયાળી થાય, આનંદ થાય. પણ જવાસો બળી મરે, તેમ ભાગ્યશાળી જીવાત્માઓ આનંદથી પ્રભુ સાથે રહ્યા, અને ઘણા માણસો માન, ઈર્ષાને કારણે અવળે રસ્તે ચડી ગયા.. રાવણ અને હનુમાનજી બન્ને શક્તિ સંપન્ન છે. રાવણની શક્તિ ભોગમાં વેડફાઈ ગઈ, હનુમાનજીની શક્તિ પરમાત્માના ચરણમાં સમર્પિત થઈ.

Remember Nothing But God.

ભગવાન વિના ક્યાંય હેત રાખવું નહિ.. જગતમાં ભગવાનને મૂકીને કોઈ સુખી થયા નથી. તે વિષેની એક સુંદર કથા છે..પીપળાવ ગામની વાત છે.

સ્વામિનારાયણ ભગવાન તથા કાઠી દરબારો.. મનોર નામે પાટીદાર ભકતને ઘરે રાત રોકાયા.. સવારે વહેલા વડતાલ જવા રવાના થયા, ત્યારે પાટીદારે કહ્યું, છાશ પીને પછી જજો. કાઠીયાવાડમાં સવારે સિરામણમાં રોટલા અને દૂધ જમવું તેને છાશ કહેવાય... દૂધ અને રોટલા જમીને પછી જજો.. શ્રીજીમહારાજે કહ્યું, અમારે ઉતાવળ છે.. માટે રહેવા દો.. બીજી વખત આવીશું.. ત્યારે ભૂખ્યા કાઠીદરબારોએ વિચાર કર્યો કે ભૂખ કકડીને લાગી છે. શ્રીજીમહારાજ જવાની વાત કરે છે.. તો શ્રીજી મહારાજ ભલે વડતાલ જાય, આપણે નિરાંતે જમીને જઈશું..

શ્રીજીમહારાજ માણકી ઘોડીએ સ્વાર થઈ, મુળજી બ્રહ્મચારી સાથે વડતાલ જવા પ્રયાણ કર્યું.. કાઠી રોકાઈ ગયા.. પાટીદારે... ઘરના આંગણામાં આદરભાવથી બેસાડ્યા.. ત્રણ દિવસની ખાટી છાશ અને ચીણનો એક એક રોટલો પીરસ્યો.. ગંધાતી છાશ મોઢે અડાડી.. ત્યાં માથાના વાળ ઉતરી જાય એવો ઝાટકો લાગ્યો.. ચીણનો રોટલો ચવાતો નથી, ચીકણો ગુંદ જેવો.. હવે શું કરવું !! ન ખવાય.. ન કહેવાય.. ન સહેવાય.. પાટીદાર તાણ કરે.. હજુ લ્યો.. હજુ લ્યો.. કાઠીદરબારો શું જવાબ

આપે.. મનમાં પસ્તાવાનો પાર ન રહ્યો..

પાટીદારને ખોટું ન લાગે તેથી કહ્યું, આ બધું ભોજન અમે ગામના ઝાંપે બેસીને જમશું.. તરત રવાના થયા.. ઝાંપે કૂતરાંને રોટલા નાખ્યા.. કૂતરાં પણ રોટલા ખાધા નહિ.. કાઠીદરબારો પાણી પીને ઘોડા દોડાવતા આવ્યા વડતાલ.. શ્રીજીમહારાજ સભામાં બિરાજમાન છે, અનેક ભકતો અને સંતો પણ બેઠા છે. પગે લાગીને કાઠી બેઠા.. શ્રીજીમહારાજ બધું જાણે છે, કે આ ભૂખ્યા દુઃખ્યા આવ્યા છે.. છતાં પણ બ્રહ્માનંદ સ્વામીને કહ્યું, સ્વામી કાઠીદરબારો જમીને આવ્યા છે.. જમવાની ઉતાવળ કરશો નહિ. બરાબર દૂધ ને રોટલા જમીને આવ્યા છે.

કાઠીદરબારો મનમાં પસ્તાયા કે થઈ ભારે.. હવે શું કરશું.. આંહિ પણ જમવા નહિ મળે, કાંઈક યુક્તિ કરવી પડશે.. સુરાખાચરે માથા ઉપરથી પાઘ ઉતારીને કહ્યું, મારા માથા ઉપર વાળ છે કે નથી !! ખાટી છાશ પીને વાળ ઉતરી ગયા છે. આમ અરસ પરસ હાસ્ય ચાલુ કર્યું.. બધા કાઠીદરબારો માથાં ઉઘાડાં કરી માથા ઉપર હાથ ફેરવે છે.. શ્રીજીમહારાજ બોલ્યા.. તમે બધા માથા ઉપર હાથ ફેરવી ટાલ બતાવો છો.. તે શું કામ આમ કરો છો ? સુરાખાચરે સવિસ્તાર બનેલી વાત કહી સંભળાવી..

પ્રભુ મુખ આડો રૂમાલ દઈને હસતાં હસતાં કહ્યું, વરરાજા મૂકીને જાનૈયા પાછળ રહે તો કેવું થાય ? કોઈ સન્માન કે સત્કાર કરે નહિ. જમવા પણ આપે નહિ..

**જગતમાં ભગવાનને મૂકીને કોઈ સુખી થયા નથી..**

આ વાત રમુજ ભરેલી લાગે છે, પણ બોધ બહુ સારો છે.. કાઠીદરબારો ભગવાનને મૂકી જમવા રોકાયા તો કાંઈ પણ સુખ મળ્યું નહિ.. ભૂખ્યા રહ્યા. આ જગતમાં ભગવાનને મૂકીને કોઈ સુખીયા થયા નથી, ને થશે પણ નહિ.. ભગવાનને સાથે રાખો.

**સૌ શાણા રહ્યાછે વિચારીરે, આતો વાત થઈ વણધારીરે ।**
**એણે ઠીક કર્યુંતું ઠરાવીરે, એતો સમઝણ અર્થ ન આવીરે ।।૫।।**

ઘણા માણસો એમ કહેતા, ભગવાન માણસ જેવા હોય નહિ. કળિયુગમાં ભગવાનનો અવતાર થતોજ નથી. સ્વામિનારાયણે તો બાબરો ભૂત વશ કર્યો છે.. જાદુગર છે.. વિચાર કરો !! માનવ દેહે સાક્ષાત ભગવાન સામે ઊભા હોય છતાં ઓળખાતા નથી. અભાવ લે છે. તે પાપે કરીને ભૂતયોનિને પામે છે. કોઈ કહેતા હરિ થઈ ગયા.. કોઈ કહેતા હવે અવતાર લેશે. જૈન લોકો કહેતા આ પાંચમો આરો છો, આજે કોઈનું કલ્યાણ થાય નહિ.. તપસ્વી કહેતા તપશ્ચર્યા વિના ભગવાન મળતા નથી.. પંડિત અને પુરાણીઓ કહેતા કે પરીક્ષા કરી જોઈશું કે સ્વામિનારાયણ ભગવાન છે કે નહિ..



ગામ ચૂડામાં બ્રાહ્મણો રહેતા હતા. બ્રાહ્મણોને થયું કાઠીયાવાડના કાઠી સ્વામિનારાયણને ભગવાન તરીકે માને છે. પણ આપણા અંતરની વાત જાણી જાય તો ભગવાન સાચા.. ચાર બ્રાહ્મણોએ મનમાં નક્કી કર્યું કે આપણે ગઢપુર જઈએ.. ત્યાં સામેથી આપણને સોળ ચિહ્ન ચરણમાં બતાવે તો ભગવાન સાચા. દર્શન કરી પગે લાગી બેઠા. શ્રીજીમહારાજ ઉગમણા બારના ઓરડામાં સભામાં ઢોલીયા ઉપર વિરાજમાન છે.. આવો આવો પંડિતજી.. સોળ ચિહ્નોનાં દર્શન કરીને સત્સંગ કરવો છે ને ? એમ કહી ચરણારવિંદ લાંબા કર્યા. સોળ ચિહ્નનાં દર્શન થયાં.. અંતરની વાત જાણી ગયા.. તેથી ભગવાન સાચા છે નક્કી થઈ ગયું.. હાથ જોડી પ્રાર્થના કરી.. હે પ્રભુ, આજથી અમે તમારા ચરણે છીએ.. શ્રીજીમહારાજ વર્તમાન ધરાવી ધર્મ નિયમની રીત ભાત શીખવાડી.. પોતાના શરણે લીધા છે.. આવી રીતે અનેકના અંતર્યામી મનોરથ પ્રભુએ પૂરા કર્યા છે..

**ભક્ત કે'તા ભક્તિ કર્યા વોણુંરે, શીદ કરો કલ્યાણનું વગોણુંરે ।**
**કે'તા વેદાંતિ વણ જાણે બ્રહ્મરે, શાને કરોછો ઠાલો પરિશ્રમરે ।૧૧**

વેદાંતી કહેતા કે ભગાવન અવતાર લેતા જ નથી.. શીખ લોકો કહેતા તેરમી સિધ્ધિ છે તેથી કોઈનો મોક્ષ થાય નહિ.. માર્ગી પંથવાળા કહેતા કે સ્વામિનારાયણ ભગવાન નથી.. બધું ધતિંગ ચાલે છે.. આવું જ્યારે બોલતા ત્યારે શ્રીજીમહારાજ તેઓને સમાધિ કરાવીને સૌ સૌના ઈષ્ટદેવનાં દર્શન કરાવે. નિશ્ચય કરાવી પોતાને શરણે લીધા છે. પ્રણામી માર્ગવાળા કહેતા કે પોતાની જાતને સુખી માન્યા વિના ધામ નહિ મળે... ગોસ્વામી પંથવાળા કહેતા કે અનન્યાશ્રય વિના ઉધ્ધાર થતો નથી. રામાનુજાચાર્ય કહેતા કે શરીરે શંખ, ચક્રાદિક ચિહ્નો ધારણ કર્યા સિવાય ધામને પામતા નથી. આ જગતની અંદર માણસો જેમ ફાવે તેમ બોલતા હતા.

**પણ કોઈનું ધાર્યું ન રહ્યુંરે, વણધારે વચ્ચે બીજું થયુંરે ।**
**એવો લિધો અલૌકિક અવતારરે, સહુના ધાર્યા વિચાર્યાથી બારરે ।**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે.. કોઈને ખબર ન પડી, એવો અલૌકિક અવતાર લઈ મુકતો સહિત આ પૃથ્વી પર પ્રગટ થઈ અનેક જીવાત્માનાં કલ્યાણ કર્યા છે..

ભાંગી સર્વે ભૂખ્યાની ભૂખ, કર્યું દૂર દારિદ્રને દુઃખ.

**અકળ કળા એની ન કળાણિરે, ડાહ્યા શ્યાણાને રહી અજાણિરે ૧૯**
**ન પડી ગમ રહ્યા ગમ ખાઈરે, ના'વી વાત મતિના મત માંઈરે ।**

જગતના માણસો અનેક પ્રકારનું જુદુ જુદુ વિચારતા હતા. તે કોઈનું ધાર્યું થયું નહિ.. અણધાર્યો અલૌકિક અવતાર લઈ, જ્ઞાનનો અમૃત સાગર રેલાવી અજ્ઞાનને દૂર કર્યું.. ગમે તેવો મલિન જીવ પ્રભુને શરણે આવે તેના અંતઃકરણને પવિત્ર કરી મોક્ષભાગી કર્યા. હૃદયને પવિત્ર કરવું હોય તો અખંડ સ્વામિનારાયણ. સ્વામિનારાયણ. જપ કરો. મન પવિત્ર થશે..

## જેના અંતરમાં જ્ઞાનનો પ્રકાશ નથી તેના જીવનમાં આનંદ નથી.

જેમ અન્નજળથી શરીરનું બળ વધે છે, જળથી છોડનું બળ વધે છે, તેમ આ પુરુષોત્તમપ્રકાશ, વાંચવાથી, સાંભળવાથી, વિચારવાથી સદ્‌બુધ્ધિ જાગૃત થશે અને ભગવાનનો મહિમા સમજાશે, ભગવાનના વચન પ્રમાણે વર્તવાનું બળ મળશે.. આ ગ્રંથ અજ્ઞાનીઓનાં અજ્ઞાન-પડળ ઉતારવામાં તેજસ્વી દીપક સમાન છે..

**ઈતિ શ્રીસહજાનંદસ્વામિચરણકમળસેવક નિષ્કુળાનંદમુનિવિરચિતે પુરુષોત્તમપ્રકાશમધ્યે પંચાશત્તમઃ પ્રકારઃ ॥ ૫૦ ॥**

---

**અવતારી અકળ અમાપને, વંદુ હું વારમવાર ।**
**અજર અમર અવિનાશીનેરે, જાઉં વારણે વાર હજાર ॥૧॥**
**અગોચર અતોલ અમાયિક, અખંડ અક્ષરાતીત ।**
**અગમ અપાર અખિલાધાર, અછેદ્ય અભેદ્ય અજીત ॥૨॥**

પ્રભુ કેવા છે.. અજર, અમર, અવિનાશ, અખંડ, અગમ અપાર અને અખિલાધાર છે.. કોઈની દૃષ્ટિમાં આવે એવા નથી.. અમાયિક અક્ષરાતીત છે.. સત્-ચિત્ આનંદમય મૂર્તિ છે. અનેક નામના નામી, અનંત ધામના ધામી છે. આપણે મહાભાગ્યશાળી છીએ, સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાન મળ્યા છે, એનો દ્રઢ આશરો રાખજો. જેની માથે છત્ર હોય તેને માથે પાણી પડે નહિ, તેમ જેની માથે શ્રીહરિ અને મોટા સંતોની પ્રસન્નતારૂપી છત્ર હોય તેને કામ, ક્રોધાદિક અંતઃશત્રુ નડે



નહિ..

## સંકટના કંટક વડે જ જીવનનું ગુલાબ ખીલે છે.

પાયો કાચો હોય તો તે ઉપર ઈમારત થાય નહિ, જેટલી સમજણમાં કાચપ રહેશે, તેટલી દેહ મૂકયા પછી પણ નડશે. ભગવાન પરઉપકારી છે તેમ સંતો પણ પરઉપકારી છે, ઉપકારી સંતો આપણા ભારતનું ભૂષણ છે.

એક વખત સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી એક નાનકડા ગામમાં સત્સંગ કરવા ગયા, એક ભકતની ગૌશાળામાં ઉતારો રાખ્યો, તે ભકતના દીકરાને ઓચિંતો કોલેરાનો રોગ લાગુ પડ્યો. હવે શું કરવું.. મૂંઝાઈ ગયા.. ઘણી દવાઓ કરી પણ કાંઈ ફેર પડ્યો નહિ. ત્યારે સ્વામીને નમ્રતાથી કહ્યું, સ્વામીજી આપ સમર્થ સંત છો.. કાંઈક ઈલાજ બતાવો તો સારું થાય, બાળક બહુ પીડાય છે. ભેખ તો ભગવાન જેવાં કામ કરે.. સ્વામીએ આંગણામાં નજર કરી, ત્યાં એક વિશાળ આંબલીનું ઝાડ દીઠું. તે તરફ આંગળી ચીંધી કહ્યું, આ ખાટી આંબલીનાં પાંદ વાટીને પાઈ દો. ભગવાન સારું કરશે.. સંતના વચનમાં વિશ્વાસ અને શ્રધ્ધા રાખી તુરંત આંબલીનાં પાંદ વાટીને રસ બાળકને પાયો. તરત દીકરો બેઠો થયો. આરામ થઈ ગયો, બધા રાજી રાજી થઈ ગયા. સ્વામીને પગે લાગતાં કહ્યું, તમે મારા દીકરાને જીવતદાન આપ્યું છે...

સ્વામીએ કહ્યું, તમારા દીકરાને જીવતદાન આપનારા ભગવાન છે. અમે તો એમના દાસ છીએ.. ભગવાન સાચા સંતના વચનો સત્ય કરે છે.

## સંતોના વચનમાં સિધ્ધિ હોય છે.

આ બાબતની વાત એક દોઢડાહ્યા માણસે યાદ રાખી લીધી. બે વરસ પછી પાડોશીના દીકરાને કોલેરાનો રોગ થયો. ખૂબ દવાઓ કરી પણ કાંઈ ફેર પડ્યો નહિ, બધા હતાશ થઈ ગયા. શું કરવું. કાંઈ સૂઝતું નથી. તે વાતની દોઢ ડાહ્યાને ખબર પડી રોફથી આવ્યો ને વટથી બોલ્યો.. ડોકટર શું કરવાના છે ? મને પૂછોને. દર્દનો ઈલાજ મારી પાસે છે. ખાટી આંબલીના પાંદ વાટીને પાઈ દો. તુરંત રોગ મટી જશે.. મેં પ્રયોગ મારી નજરો નજર જોયો છે.

આંબલીના પાંદનો રસ પાયો કે રોગ વધી ગયો.. છોકરો રાડ માથે રાડ પાડતો. મૃત્યુ પામ્યો. પેલો દોઢ ડાહ્યો હતાશ થઈ ગયો. મુંઝાઈ ગયો, આવું કેમ થયું. પેલો ગોપાળબાવો કપટી છે. જંત્ર મંત્ર કરીને માણસોને છેતરે છે.. પાંદડાનો રસ પાયો તો રોગ કેમ મટ્યો નહિ. ઊંધુ કેમ થયું.. ગોપાળાનંદ સ્વામી પાસે આવીને

*ગાળો દેવા માંડ્યો.. અવગુણ આવી ગયો.. મૂર્ખને ખબર નથી કે, વસ્તુ એની એ છે.. વૃક્ષ એનું એ છે. પણ વચન બોલનારા જુદા છે. બાળક સાજો થશે તે વચન ગોપાળાનંદ સ્વામી બોલ્યા છે. ભગવાન સારું કરશે... દોઢ ડાહ્યો મૂર્ખ બોલ્યો એ કાંઈ સંત નથી.. અભિમાની, અહંકારી, અસુરી છે. સંતની શક્તિ અનોખી હોય છે.. મૂર્ખને સ્વામીનો અભાવ આવવાથી ગાંડો થઈ ગયો.. રીબાઈ રીબાઈને મરી ગયો..*

***આવી કરિયાં અલૌકિક કાજરે, ધન્ય ધન્ય હો શ્રીમહારાજરે ।।૬।।***
***ધન્ય ધન્ય પરમ કૃપાળુરે, ધન્ય દીનના બંધુ દયાળુરે ।***
***ધન્ય પ્રભુ પતિતપાવનરે, ધન્ય ભવતારણ ભગવનરે ।।૭।।***

*નિષ્કુળાનંદ સ્વામી કહે છે, "હે પ્રભુ ! તમને લાખ લાખ ધન્યવાદ છે. ધન્ય છે તમારા હૈયાના હેતને.. ધન્ય છે તમારી કૃપાને ધન્ય છે. પતિતને ઉધ્ધાર કરનારા પતિતપાવન ભગવાનને, ધન્ય છે કૃપા સાગરને, ધન્ય છે તમારા ઉપકારને. તમારા ઉપકારની શું વાત કહું.. પહેલી બક્ષીશ એ છે કે તમે અમને મનુષ્ય જન્મ આપ્યો.. સત્સંગનો યોગ આપ્યો..*

*તમે ખૂબ બીમાર થયા ને દવાખાને ગયા.. ડોક્ટરની દવાથી સાજા થયા ત્યારે તમે ડોક્ટરનો ઉપકાર માનો છો.. પૈસા આપતાં છતાંય ઉપકાર માનો છો.. તો ભગવાને આવી મજાની આંખ આપી, નાક, કાન, મુખ, હાથ, પગ, પેટ વિગેરે તમામ સગવડ દેહરૂપી બંગલો આપ્યો. એક પૈસો લીધેલ નથી. બધું મફત આપ્યું. તો ભગવાનનો ઉપકાર માનવો જોઈએ ને ?. કાંટો કાઢ્યો હોય તેનો ગુણ ભુલાય નહિ.. આવો માનવદેહ ભગવાને આપ્યો છે તો ગુણ લેવો જોઈએ. કર્યા કૃત્યને ભૂલશો નહિ..*

*ધન્ય દાસના દોષ નિવારણ.. ધન્ય ભૂધર ભવ તારણ - ધન્ય આશ્રિતના અભય કરતા - ધન્ય સર્વેના સંતાપ હરતા. પ્રભુ તમે સર્વે સંતાપને હરનારા છો.. કેવા દુઃખને હરો છો ? દેહનાં દુઃખ, મનનાં દુઃખ અને જન્મ મરણ ગર્ભવાસનાં દુઃખને હરો છો અને ભકતજનના ગુન્હાને તમે માફ કરો છો.. નોધારાના આધાર છો...*

***ધન્ય નોધારાંના આધારરે, આવી ઉદ્ધાર્યા જન અપારરે ।।૯।।***
***ધન્ય ભક્તવત્સલ ભગવાનરે, આવ્યા હતા દેવા અભય દાનરે ।***
***ધન્ય દુર્બળના દુઃખ હારીરે, ધન્ય સંતતણા સુખકારીરે ।।૧૦।।***

*નિષ્કુળાનંદ સ્વામી શ્રીજીમહારાજને ધન્યવાદ આપે છે. તમે નોધારાના આધાર છો. ભકતવત્સલ દીન હીનને સુખ આપનારા છો.. તમારો પ્રબળ પ્રતાપ દેશો દેશમાં*



*પ્રસરી રહ્યો છે, ધન્ય ધન્ય ધર્મના બાળ, ધન્ય ધન્ય જન પ્રતિપાળ; ધન્ય ધર્મધુરંધર ધીર.. ધર્મને ધારણ કરનારા છો.. ધન્ય રાખી ગયા રૂડી રીત, પ્રભુ તમે રૂડી રીત શીખવો છો.. સદાચાર શીખવો છો. માતા પિતા ગુરુ અને રોગાતુરની સેવા કરવી. પારકી વસ્તુ લેવી નહિ, ચોરી કરવી નહિ, ગાળ બોલવી નહિ. જગતમાં જેટલી સ્ત્રીઓ છે તે પ્રત્યે મા-બેન ને દીકરીની ભાવના રાખવી. જગતમાં જેટલા પુરુષ છે તે પ્રત્યે ભાઈ, બાપ ને દીકરાની ભાવના રાખવી. ખરાબ વિચાર કરવા નહિ.. ક્રોધ કરવો નહિ, કડવાં વચન બોલવાં નહિ.. આંગણે આવેલા સંતનો અનાદર કરવો નહિ.. વિગેરે સદાચારની રૂડી રીત શીખવી છે.*

***ધન્ય ધન્ય સર્વેના ધણીરે, મહિમા મોટપ્ય ન જાય ગણીરે ।***
***ધન્ય ધન્ય બિરુદને ધારીરે, ગયા અનેક જીવ ઉદ્ધારીરે ।।૨૦।।***

*સ્વામી બહુ સરસ લખે છે.. ધન્ય ધન્ય સર્વેના ધણી, જીવ પ્રાણી માત્રના ધણી કોણ ? (ભગવાન છે) ધણીયાતા થજો.. જંગલા ઢોરની જેમ રખડશો નહિ.. જે ભગવાનની પૂજા કરે. પાઠ કરે. મંત્રજાપ કરે.. ભજન કીર્તન કરે, દર્શન કરે, સત્સંગ સમૈયા કરે, જપ-તપ કરે, ભગવાનનું અખંડ સ્મરણ કરે, નાની મોટી ભગવાનની આજ્ઞાનું પાલન કરે, કામ ક્રોધાદિક શત્રુને જીતે.. તે ધણીયાતા કહેવાય... જે ભગવાનનું કાંઈ કરે પૂજાપાઠ.. માળા મંત્ર.. કાંઈ ન કરે, ન ખાવાનું ખાય, ન પીવાનું પીવે, ન બોલવાનું બોલે, ન જોવાનું જુવે, જ્યાં ત્યાં રખડે પણ મંદિરે દર્શન કરવા ન જાય.. સાધુ સંતોની નિંદા કરે.. પગે લાગે નહિ.. અહંકારી થઈને ફરે. તે બધા નધણીયાતા છે.. ધણી વગરનાં ઢોર રખડે છે.. ધણીયાતા થાજો.. નહિંતર માર ખાશો.. યમના દૂતો જોરાવર છે, તેની ખાશો લાતુજી; અભાગીયા તે જાણી, જોઈને દુઃખ લીધું વેચાતુજી...*

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિચરણકમળસેવક નિષ્કુળાનંદમુનિવિરચિતે પુરુષોત્તમપ્રકાશમધ્યે એકપંચાશત્તમઃ પ્રકારઃ ।। ૫૧ ।।***

---

***જય જય જગજીવનને, જય જય જગપતિરાય ।***
***જય જય જગદીશને, જય જય કહી જન ગાય ।।૧।।***
***જય કૃપાળુ જય દયાળુ, જય દીનબંધુ દુઃખહર ।***
***જય જય સમર્થ શ્રીહરિ, જય સુખદ શ્યામ સુંદર ।।૨।।***

હે.. જગતપતિ આપની જય હો.. દીનબંધુ.. દુઃખને હરનારા તમારી જય હો.. જય જય જગનાજીવન.. જય જય પ્રભુજી પાવન.. જય જય જનહિતકારી.. જય જન્મ મરણ દુઃખહારી, હે મહારાજ તમેજ જનહિતકારી છો. આશ્રિતને અભયદાન આપનારા છો.. તમારા ગુણને કોઈ પણ સાંગોપાંગ ગાઈ શકે તેમ નથી.. વાલ્મીક અને વ્યાસજી જેવાની પણ શક્તિ નથી.. પણ સ્વામી કહે છે મારી સગી આંખે જે મેં લીલાનાં દર્શન કર્યા છે.. તેનો મહિમા મેં મારી યથાશક્તિ પ્રમાણે વર્ણવ્યો છે..

## માણસ મટી મુક્ત બનાવે એવો આ ગ્રંથ છે.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે. શ્રીજીમહારાજ આ પૃથ્વી ઉપર ઓગણપચાસ વર્ષ બે માસ ને એક દિવસ આ પૃથ્વી પર રહ્યા, તેની લીલાનો કોઈ સંપૂર્ણ લખી શકે તેમ નથી.. શ્રીજીમહારાજ મારા અંતરમાં રહીને આ પુરુષોત્તમપ્રકાશ ગ્રંથ લખાવ્યો છે.. તેમાં એક પણ અક્ષર ખોટો નથી. સાચે સાચું લખ્યું છે. થોડામાં ઘણું માની લેજો.. સ્વામી કહે છે, આ ગ્રંથ દર્પણ જેવો છે, આપણામાં જેવા ગુણ અને જેવા દોષ હશે તેને અંતરમાં વિચારશો તો ખ્યાલ આવી જશે.. આટલી મારામાં ભૂલ છે.. ભૂલને સુધારીએ અને ન્યાય નીતિ પ્રમાણે વર્તીએ તો અવશ્ય આપણી નબળાઈ સુધારી શકીએ..

એક શ્રીમંત વાણીયો હતો, ખૂબ પૈસા ભેગા કર્યા.. છળકપટ ને દગો કરી વગર મહેનતે જલસા કરે.. ચાર બંગલા તૈયાર છે ને પાંચમો બંગલો ચાલુ છે.. લોભીયો ઘણો.. હતો.. બંગલામાં પૈસા ખૂબ વાપરે પણ સાધુ સંત ગરીબ કે ગાયને અરથે પરોપકારમાં ટકો ન વાપરે.. રાત દિવસ પૈસાનું જ ચિંતવન કર્યા કરે.

આ દુનિયામાં માણસ માયાવી પદાર્થ પાછળ ઝાપટાં માર્યા જ કરે છે. ધરાતો નથી.. દશ રૂપિયા મળે તો સો રૂપિયાની ઈચ્છા થાય. સો મળે તો હજાર.. અને હજાર મળે તો લાખ અને લાખ મળે તો કરોડ રૂપિયાની ઈચ્છા થાય.. અને કરોડ મળે તો અબજની.. અરે આખી દુનિયામાં જે સંપત્તિ છે તે એક વ્યક્તિને મળે તો પણ માનવીને સંતોષ થતો નથી.

વણિકનાં પત્ની શોભનાબેન સત્સંગી, દયાળુ અને પરોપકારી સ્વભાવના હતાં. પતિદેવને કહ્યું, કાંઈક દાન પુન્ય કરો તો સારું થાય. ભજન-ભક્તિ, પૂજાપાઠ કરો. તો તે પુણ્ય સાથે ચાલશે.. સિંત્તેર વરસની ઉંમર થઈ છતાં હાય વોય કર્યા જ કરો છો.. મંદિરે દર્શન કરવા પણ જતા નથી.. આંગણે આવેલા ભિક્ષુકને ચપટી અનાજ પણ આપતા નથી.. વણિકે કહ્યું, મૂર્ખી.. પૈસા કેમ ભેગા થાય છે.. તને કયાં ખબર



છે.. આખો દિવસ દાન કરો દાન કરો.. કર્યા કરે છે.. કોઈને આપવાની વાત કરજે નહિ.. નહિંતર મારો મગજ કાબુમાં નહી રહે..

જો તારે દાન દેવું હોય તો ખોરી જુવારનું દાન દેજે.. એમાં ઓછો ખર્ચ થાય.. સમયજતાં શોભનાબેનને થયું. કાંઈક જાગૃતિ કરવી પડશે. ખોરી જુવાર દાનમાં આપવી તે સારું નહિ.. ખોરી જુવારના લોટનો રોટલો બનાવ્યો.. વણિક જમવા બેઠો કે તરતજ શોભનાબેને થાળીમાં રોટલો પીરસ્યો. અરે. આ શું છે ? ખોરી જુવારનો રોટલો કેમ જમાય ? વાસ આવે છે.

પત્નીએ કહ્યું, પતિદેવ ! ખોરી જુવારનો રોટલો ખાવાનો અભ્યાસ કરવો પડશે. જેથી આગળ જતાં કઠણ પડે નહિ. માટે પ્રેમથી જમો.. ભગવાનના ઘરે જશો ત્યારે જેવું આપ્યું હશે તેવું મળશે.. તમારી નબળાઈ સુધારો.. હાથે તે સાથે..

## જેવું વાવો તેવું લણો, ને કરો તેવું પામો.

રોટલાનું બટકું ભાંગી મોઢામાં નાખ્યું તો ઉબકારી આવી, શેઠ ચમકી ગયા.. વાત સાચી છે. દાન આપવું હોય તો સારું દાન આપવું જોઈએ.. વ્યવહારમાં, સંસારમાં ને લગ્ન પ્રસંગમાં પહોળા થઈને વટથી ફરે. અને ભગવાનની સેવા કરવી હોય તો દશ રૂપિયા પેટીમાં પધરાવે. દાન કરવું હોય. ભગવાનને અર્થે વાપરવા હોય તો કહેશે. મોંઘવારીનો કોઈ પાર નથી. ખુશાલીમાં જમાડશે. પાર્ટી કરશે, પેસા ઉડાડશે.. પણ સંતો, ગરીબ ને ગાયને જમાડશે નહિ. તમારી કમાણીમાંથી મેળવેલા દ્રવ્યને સાર્થક કરવું હોય તો સારા માર્ગે યોગદાન કરો..

**પણ પૂરી પ્રતીતિ જેને નોયરે, તેને આગળ્ય કેશો માં કોયરે ॥૧૪॥**
**એને લખી લખાવી માં દેશોરે, જેને હોય હરિમાં અંદેશોરે ।**

જેને ભગવાનમાં, સંતોમાં, શાસ્ત્રોમાં શ્રધ્ધા નથી. વિશ્વાસ નથી. પ્રભુમાં પ્રેમ નથી તેને આ ગ્રંથ આપશો નહિ. કારણ કે અહંકાર સવળું સૂઝવા દેશે નહિ. નિષ્કુળાનંદ સ્વામી સાધુ જીવનના ઘડવૈયા છે. વૈરાગ્યમૂર્તિ છે, પરમહિતકારી સંત છે. એમનાં લખેલાં શાસ્ત્રો વાંચવનો અને સાંભળવાનો સુયોગ પ્રાપ્ત થયો છે. એ આપણાં સદ્ભાગ્યની નિશાની છે. આ કથા સમજાઈ જાય તો આ ને આ દેહે મુક્તિ થઈ જાય..

## અક્ષરધામના જેવી અલૌકિક કોઈ અનુપમ પદવી નથી.

નદીનું પ્રત્યેક વહેણ સમુદ્ર તરફ હોય છે તેમ ભકતજનોની પ્રવૃત્તિ પરમાત્મા તરફ હોવી જોઈએ.

**ગાશે કે'શે સુણશે આ ગ્રંથરે, તેના સર્વે સરશે અર્થરે ।**
**આ લોકમાં આનંદ રે'શેરે પરલોકે મોટું સુખ લેશેરે ।।૧૭।।**

નિષ્કુળાનંદ સ્વામી આશીર્વાદ આપે છે. ભક્તજન આ ગ્રંથ શ્રધ્ધા અને ભાવથી વાંચશે.. સાંભળશે. મનન કરી જીવનમાં ઉતારશે તે આ લોક અને પરલોકમાં ખૂબ સુખી થશે.. કેટલાક લોકો ફરીયાદ કરતા હોય છે અમને નિષ્કુળાનંદ સ્વામીના સિધ્ધાંતો સમજાતા નથી. તો તે માટે દ્રષ્ટાંતોનો સમાસ કરીને પુરુષોત્તમપ્રકાશ ગ્રંથ અત્યંત આવશ્યક બની રહેશે.

**માહાત્મ્ય કહ્યું છે અતિશે મોટુંરે, ખરાખરું જાણો નથી ખોટુંરે ।**

કથા શ્રવણનો મોટો મહિમા છે.. કથા શ્રવણ કરનેકા બડી મહિમા હૈ.. કથા સુનને કા આનંદ કબ આવે ? સંસાર કો ભૂલ જાવ તબ.. કથા સુનનેસે આનંદ આતા હૈ.. કથા સુનનેસે જીવન સુધરતા હૈ.. હૃદય પીગલ જાતા હૈ.. ઔર પ્રભુ કે લીયે પ્રેમ હો જાતા હૈ.. ભક્તિ કરવાથી જિંદગી સુધરતી જાય છે.

Life becomes better by devotion

ઘણા સાધારણ માણસો કહેતા હોય છે કે હમણાંથી શું ભગવાન ભજવાની તાણ રાખવી — ઘરડા થાશું ત્યારે ભક્તિ કરશું... એ ગલત વિચાર છે.. ભગવાન સમર્થ છે.. જે ધારે તે કરી શકે છે..

**સમર્થથી શું શું ન થાયરે, એમ સહુ સમજો મન માંયરે ।**

ભગવાન ભજવાની તક આવી છે.. પામ્યા પૂરણ પરમાનંદ રે, થયાં ન્યાલ કહે નિષ્કુળાનંદ રે.. ભગવાનનો મહિમા સમજાય તો મંદ શ્રધ્ધા હોય તો પણ વૃધ્ધિ પામે છે. ભગવાનમાં અડગ શ્રધ્ધા અને વિશ્વાસ રાખવાથી ગોપીઓ દેહનું ભાન ભૂલી.. ભગવાન પાછળ ઘેલી થઈ ગઈ હતી. દેહભાન ભૂલવું સહેલું નથી.. ગોવર્ધનભાઈ દેહભાન ભૂલી ઉપશમ સ્થિતિમાં ગયા, જેથી એક માટલી સૂતરફેણી જમી ગયા છતાં કાંઈ થયું નહિ. સૂતરફેણી જમ્યા ગોવર્ધનભાઈ અને ભગવાન તૃપ્ત થઈ ગયા.. ગજબની વાત છે.. આ છે ભક્ત અને ભગવાનની એકતા..

**ઈતિ શ્રીસહજાનંદસ્વામિચરણકમળસેવક નિષ્કુળાનંદમુનિવિરચિતે પુરુષોત્તમપ્રકાશમધ્યે દ્વિપંચાશત્તમઃ પ્રકારઃ ।। પ૨ ।।**

---



**ધન્ય ધન્ય આ અવતારને, ઉદ્ધાર્યા જીવ અપાર ।**
**દયા આણી દીનબંધુએ, સર્વેની લીધી સાર ।।૧।।**
**અક્ષરધામથી આવિયા, કાવિયા ધર્મના લાલ ।**
**પ્રીતે કરીને પધારિયા, કૈકને કર્યા નિયાલ ।।૨।।**

નિષ્કુળાનંદ સ્વામી સ્વામિનારાયણ ભગવાનને બિરદાવે છે. ધન્ય છે આ અવતારને ઉધ્ધાર્યા જીવ અપાર.. સર્વેની લીધી સાર.. અક્ષરધામથી આવીયા કૈકને કર્યા ન્યાલ.. સત્સંગરૂપ બગીચામાં બેસાડી ન્યાલ કરી દીધા છે.. આ જગતની અંદર આપણે કમાવા આવ્યા છીએ, જ્ઞાનરૂપી ધન, ભક્તિરૂપી ધન, દાન, પુણ્ય, જપ, તપ, દયા.. ક્ષમા.. પરઉપકારરૂપી ધન કમાવા આવ્યા છીએ. કાંઈક કમાણી કરી લેજો.. પરદેશ કમાવા ગયો ને ગાંઠનું ખોઈ આવ્યો.. આવું થઈ જાય નહિ.. નહિતર નુકસાનીમાં ધકેલાઈ જાશો.

અગમ તે સુગમ થયા છે. અછેદ્ય અને અભેદ્ય છો.. અક્ષરના આત્મા છો.. અતોલ, અમોલ અને ધર્મના બાળ છો.. તમારા ગુણને કોઈ વર્ણવી શકે તેમ નથી. તેથી વેદો.. નેતિ કહીને પોકારે છે.

**બાલા ભક્તિ જે પ્રેમવતી, તેના થયા છે તન ।**
**ધર્મવૃષના ધામમાં, રમ્યા જમ્યા જીવન ।।૭।।**
**અલૌકિક આપે આવી કરી, આપ્યાં અલૌકિક સુખ ।**
**માત તાતના મનનાં, દૂર કર્યાં છે દુઃખ ।।૮।।**

ધર્મદેવના આંગણે બાળક બની ખૂબ લીલા કરી સુખ આપ્યાં છે.. ધર્મવૃષના ધામમાં રમ્યા જમ્યા જીવન, અલૌકિક આપે આવી કરી. આપ્યાં અલૌકિક સુખ.. પછી વહાલે વનની વાટ લીધી.

**સુખી કરી જન સહુને, પછી પધારિયા ભગવન ।**
**સઘન વન વસમાં વળી, તે જોયાં સર્વે જીવન ।।૯।।**
**કૈકૈ કારજ કરિયાં, વાલે વળી વનમાંય ।**
**ત્યાગી ગૃહી તેમાં મળ્યા, તેની કરી પોતે સા'ય ।।૧૦।।**

વનમાં અનેક ઋષિમુનિઓ.. તપશ્ચર્યા કરી પ્રભુની આરાધના કરતા હતા તેને મુક્તિનો માર્ગ બતાવી સુખી કર્યા, જેણે જેણે પ્રભુનું વચન માન્યું તે મહાસુખીયા

થયા છે. પ્રભુના વનવિચરણની કથા અતિ સુંદર છે. સંપ્રદાયના સાહિત્યમાં વનવિચરણના ચરિત્રો બહુ લખાયાં છે.. તેમાંથી એક ચરિત્રનું વાંચન શ્રવણ કરીએ..

ભગવાન નીલકંઠવર્ણી વનમાં ચાલ્યા જાય છે, ત્યાં દેવલી નામે એક નગર આવ્યું.. તે નગરના રાજાને કાયમ પેટમાં દુઃખાવો થયા કરે. ખૂબ ઉપાય કર્યા.. દવા કરી પણ જરાય ફેર પડતો નથી. દુઃખાવો વધતો ગયો. તેના નગરમાં જેટલા સાધુ સંન્યાસી આવે તેને સન્માનપૂર્વક જમાડે. પછી વાત કરે કે મારા પેટનું દર્દ મટાડો. સાધુ સંન્યાસી કાંઈ ને કાંઈ ઉપાય બતાવે. તે બધું કરી ચૂકે છતાં પણ રોગ મટે નહિ. તેથી તે સાધુ સન્યાસીને જેલમાં પૂરી દે. આવા પાંચસો બાવાને જેલમાં પૂરી દીધા. પેટમાં દુઃખે રાજાનું ને હેરાન કરે સાધુબાવાને. વિચાર કરો. આનું પરિણામ કેવું આવે ?

ભગવાન નીલકંઠવર્ણી દેવલી ગામમાં પધાર્યા. ગામના માણસોએ વાત કરી કે તમે નગરમાં જાશો નહિ.. રાજા પાપી છે.. રાજાના પેટનું દર્દ નહિ મટાડો તો તમને જેલમાં પૂરી દેશે. ભગવાને કહ્યું, અમારે રાજાને મળવું જ છે. પ્રભુ આવ્યા રાજ્યદરબારમાં રાજાએ સત્કાર કર્યો. આસન આપી બેસાડ્યા.. પછી વાત કરી કે ભેખમાં ભગવાન હોય છે, મારો રોગ મટાડો.. નહિંતર જેલમાં પૂરીશ..

ભગવાને કહ્યું, કરેલા કર્મો જીવ પ્રાણીમાત્રને ભોગવવાં જ પડે છે, પાપનું ફળ દુઃખ અને પુણ્યનું ફળ સુખ છે. પાપને લીધે તમને પેટમાં દુઃખાવો રહે છે.. અને પાછા બીજાં નવાં પાપો કરો છો ? સાધુ સંન્યાસીને દુઃખી કરો છો.. તેથી દર્દ વધશે પણ ઘટશે નહિ.. કવિ ગાય છે..

**કર્યા રે કરમના બદલા દેવા રે પડે છે.**
**દેવા રે પડે છે અંતે સૌને નડે છે .... કરેલા...**

તમે રાજા છો.. રાજા સૌના પિતા કહેવાય, પ્રજાને સુખી રાખવાને બદલે ડરાવી અપમાન કરીને ગરીબને કલ્પાવો છો.. તેથી દર્દ જવાનું નથી. બલ્કે વધવાનું છે. માટે સમજી જાવ.. કર્તાહર્તા ભગવાન છે. એમનું શરણું સ્વીકારો.. રાજાએ કહ્યું, બાલા યોગી તમે જેમ કહેશો તેમ કરીશ.. ભગવાને કહ્યું, પાણી લઈ આવો.. પ્રભુએ પોતાના હાથે પાણી રાજાને પાયું.. પ્રભુના હાથનું પાણી પીવાથી રાજાના હૃદયમાં ઠંડક વળી ગઈ.. રાજા તુરંત બેઠો થયો.. દર્દ માત્ર મટી ગયું.. રાજા રાજી રાજી થઈ ગયો.. રાજ્ય દરબારમાં આનંદ આનંદ છવાઈ ગયો.. રાજા ભગવાન સામે એક નજરે જુએ છે..



પ્રભુ દર્શનથી પાપમાત્ર બળી ગયાં. નમ્રતાથી રાજા બોલ્યો છે. હે વર્ણીરાજ તમે મને જીવતદાન આપ્યું છે. આપ મારી પાસે માગો જે માગો તે આપું, ભગવાને કીધું, અમારે કાંઈ નથી જોઈતું, પણ તમે જે સાધુ સંન્યાસીને જેલમાં પૂર્યા છે તેને અત્યારેજ છોડી દો.. રાજા એ તુરંત સંન્યાસીને જેલથી છુટા કર્યા અને માફી માગી કે મારી ભૂલ થઈ છે.

રાજાને મનમાં વિચાર આવ્યો કે આવું ભયંકર દરદ મટાડનાર બીજા કોઈ ન હોય પણ સાક્ષાત ભગવાન હોવા જોઈએ... પ્રભુની પૂજા કરીને કહ્યું કે, હે પ્રભુ ! આજથી હું આપને ચરણે ને શરણે છું, તમે જેમ કહેશો તેમ કરીશ .. પ્રભુએ વૈષ્ણવી દીક્ષા આપી ખૂબ ઉપદેશ આપ્યો..

**સત્સંગ છે તે ઈશ્વર પ્રાપ્તિની એક નિશાળ છે.**

પાણી ગમે તેટલું વલોવો તો પણ માખણ મળે નહિ, તેમ જગતનાં ગમે તેટલા માયારૂપી જળ વલોવશો તો પરમ અવિચળ સુખ મળશે નહિ.. માયામય સુખ છે તે સર્વે દુઃખ વિનાનું હોય નહિ, એક એક સુખની પાછળ દશ-દશ ઘણાં દુઃખ છે.. જેણે જેણે જગતના માર્ગે સુખ મેળવવા પ્રયાસ કર્યા છે તે બધાજ નિષ્ફળ ગયા છે.. જેને સત્ય સ્વરૂપ પ્રભુમાં પ્રીતિ છે, આત્મા-પરમાત્મા સંબંધી બ્રહ્મવિદ્યા છે તે જ ખરો ધનવાન છે. તેજ જ્ઞાની છે. ધન્ય છે રાજા જનકને, કે જેણે પરમાત્માનું શરણું લઈ બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કર્યું, જેની પાસે દુનિયાભરની સત્તા હોય.. સંપત્તિ હોય પણ બ્રહ્મજ્ઞાન નથી, સત્સંગ નથી, તેનું જીવન નકામું છે.. બ્રહ્મવિદ્યા મુક્તિ આપે છે, સત્સંગ સુષુપ્તને જાગૃત કરે છે.

**હરિ ચરણમાં સ્નેહ થાય તે સાચો મોક્ષ છે.**

રાજાને મોક્ષનો માર્ગ બતાવી પ્રભુ ત્યાંથી વિદાય થયા છે.

***અનેક જીવ ઉદ્ધારવા, ફરિયા દેશ વિદેશ ।***
***નિર્ભય કર્યા નારી નરને, આપી ઉત્તમ ઉપદેશ ।।૧૧।।***
***ધામ તીરથ ધરા ઉપરે, જોયા જે જીવન પ્રાણ ।***
***દૈવી આસુરી જીવનાં, કર્યા છે કોટ કલ્યાણ ।।૧૨।।***

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, શ્રીહરિએ દેશ વિદેશમાં ફરી અનેક જીવાત્માનાં કલ્યાણ કર્યાં છે. કલિયુગનું રાજ્ય કાઢીયું, સતયુગ વરતાવ્યો સોય.. કોઈક કહેશે

કલિયુગમાં બ્રહ્મચર્યવ્રતનું પાલન ન થઈ શકે.. પણ કલિયુગમાં શ્રીજીમહારાજે સત્યયુગ જેવા ધર્મનું પાલન કરાવ્યું છે. અનેક સાંખ્યયોગી બાઈઓ અને અનેક સંતો બ્રહ્મચર્યવ્રતનું અણી શુધ્ધ પાલન કરે છે. તે સ્વામિનારાયણ ભગવાનનો પ્રતાપ છે. આ કલિયુગમાં સત્યયુગ જેવા ભક્તો પણ તમને દેખાશે. જેઓ કોઈ દિવસ પારકા ધનની આશા રાખતા નથી, પારકી સ્ત્રી સામે ઊંચી આંખ કરીને જોતા નથી, દષ્ટિમાં વિકાર કે વાસના નથી.. કરોડો રૂપિયાના આસામી હશે છતાંય એમનામાં સાદાઈ દેખાતી હશે..

**મનુષ્ય પશુધર્મ પાળતાં, તે શુદ્ધ કર્યાં નર નાર ।**
**સત અસત ઓળખાવિયું, સમઝાવ્યું સાર અસાર ।।૧૪।।**
**પંચ વ્રત પ્રગટ કરી, પ્રવર્તાવ્યાં પૃથવી માંય ।**
**નિ'મ ધાર્યાં નર નારીયે, કળિમળ ન રહ્યું ક્યાંય ।।૧૫।।**

જંગલી ઢોરની જેમ રખડતા માણસોને સાચી સમજણ આપી પંચવર્તમાન પળાવી ધર્મનું પાલન કરાવી કુબુધ્ધિ દૂર કરી છે. અજ્ઞાનરૂપી અંધારાને દૂર કરી સદ્બુધ્ધિ આપી કલ્યાણ કર્યા છે. અનેક જીવાત્માને ધ્યાન ધારણા સમાધિ કરાવી.. સુખી કર્યા છે. ઉત્સવ સમૈયામાં પ્રેમ ભાવથી જમાડીને તૃપ્ત કરી સૌને આનંદિત કર્યા છે..

**જુગત્યે જન જમાડિયા, પોતે લઈ પકવાન ।**
**મગન કર્યા સંત સહુને, દઈને દરશન દાન ।।૨૦।।**

શ્રીજીમહારાજે સંતો ભકતોને ખૂબ આદર માન આપી રાજી રાખ્યા છે. પંચવર્તમાન ધરાવી શરણે લીધા છે. પંચવર્તમાનમાં રહી ભજન કરવું. મન ફાવે તેમ જલસા કરશું, મન ફાવે તેમ રહેશું.. એમ નહિ ચાલે.. ઈષ્ટદેવે કહ્યું છે તેમ આપણને કરવાનું છે.. દારૂ પીવાય નહિ.. માંસ ભક્ષણ કરાય નહિ, ચોરી કરાય નહિ, વ્યભિચાર કરાય નહિ, જાણે માત સમાન પરનારને રે.. જાણે તુચ્છ સરીખો સંસારને રે.. શ્રીજી મહારાજને બ્રહ્મચર્ય વ્રત બહુ વહાલું છે.

**ઈતિ શ્રીસહજાનંદસ્વામિચરણકમળસેવક નિષ્કુળાનંદમુનિવિરચિતે પુરુષોત્તમપ્રકાશમધ્યે ત્રિપંચાશત્તમઃ પ્રકારઃ ।। ૫૩ ।।**

---

**આજ લે'રી આવ્યા છે લે'રમાં, મે'ર કરીછે મહારાજ ।**
**અઢળ ઢળયા અલબેલડો, કર્યાં કઈકનાં કાજ ।।૧।।**



**દુઃખ કાપ્યાં દુઃખી દાસનાં, સુખી કર્યા સહુ જન ।**
**બ્રહ્મમો'લે તેને મોકલ્યા, પોતે થઈ પરસન ।।૨।।**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે.. ભગવાન આજ લે'રમાં આવી ગયા છે. અઢળ ઢળ્યા અલબેલડો.. કર્યાં અનેકનાં કાજ.. ગરીબની અરજી સ્વીકારે અને બાળકની અરજી પણ સ્વીકારે.. કોઈક ભકતજન મિષ્ટાન જમાડે તો જમે અને કોઈક મઠનો રોટલો જમાડે તો પણ જમે.. આ જગતનો તુચ્છ જીવ કોઈ હોદેદાર હોય તેને મઠનો રોટલો જમવા દેજો તો ખબર પડે.. જોયા જેવી થાય હો.. ઝઘડો થાય. મારું અપમાન કરે છે ?? પણ ધન્ય છે જગતના માલિક પરમાત્માને કે એને મિષ્ટાન પણ ફાવે અને ભાજી પણ ફાવે.. એને ઝૂંપડું પણ ફાવે અને બંગલો પણ ફાવે.. જંગલ ફાવે અને શહેર પણ ફાવે..

ધન્ય ધન્ય પાવન પૃથ્વી, જે પર વિચર્યા નાથ, ચરણ અંકિત જે અવનિ-સદા માને છે સનાથ. નિષ્કુળાનંદ સ્વામી કહે છે.. ધન્ય છે શહેર, બજારને ધન્ય છે. ગામ નગરને ધન્ય છે. સમીર અને શૂન્યને જે સાક્ષાત ભગવાનની ચરણરજથી પાવન થઈ છે.

**જેને પ્રભુનો સાથ છે, તેને સદાય લીલા લહેર છે.**

ધનય ધન્ય બ્રહ્માભવને જેણે જોયા જીવન, ધન્ય ધન્ય મઘવા મેઘને ભીંજ્યા ભાળ્યા ભગવાન..

**ધન્ય ધન્ય શશિ સૂરને, ઉડુ પામિયા આનંદ ।**
**દેવ દાનવ મુનિ માનવી, સુખી કર્યા સહુ વૃંદ ।।૮।।**
**સ્થાવર જંગમ ચરાચર, સહુની લીધી છે સાર ।**
**સ્થૂળ સૂક્ષ્મ જીવ જગમાં, ઉતારિયા ભવપાર ।।૯।।**

સૂર્ય, ચંદ્રને ધન્ય છે કે પ્રભુની આજ્ઞાનું સતત પાલન કરી ઉદય અસ્તને પામે છે. દેવ, દાનવ, માનવ, મુનિ, સ્થાવર, જંગમ સર્વે પ્રભુનાં દર્શન સ્પર્શથી ધન્ય બન્યા છે. સંતો દ્વારા પણ અનેકનો ઉધ્ધાર થયો છે ને થાય છે.
સંતોની શક્તિ ગજબની છે.

એક વખત ગામ ઈડરના પહાડમાંથી વાઘ ચાલતો ચાલતો ગામ ટોડલામાં આવ્યો, ગામના ઝાંપે મહાદેવનું મંદિર છે ત્યાં આવીને જોરદાર ઘુંઘવાટા કરે ગામમાં ખબર પડી કે વાઘ આવ્યો છે.. ચેતતા રહેજો.. નહિતર મરી જશો.. બધા..માણસો

ઘરમાં પેસી દરવાજા બંધ કરી દીધા.. દુકાનો બંધ થઈ ગઈ, બધા માણસો બારીમાંથી જુએ કે વાઘ કેવો હશે પણ કોઈની તાકાત નથી ચાલતી બહાર નીકળવાની.. તેમાં બન્યું એવું કે બાર વરસનો છોકરો ઝપટમાં આવી ગયો, વાઘે તેને મારી નાખ્યો.. બજારમાં બે ગાયો જતી હતી, તેને પણ વાઘે મારી નાખી..

હવે શું કરવું.. ઘરથી બહાર નીકળાતું નથી, બ્રાહ્મણને ખબર પડી કે મારા દીકરાને વાઘે મારી નાખ્યો છે. તેથી દીકરાના મૃત શરીરને લેવા જાય છે. ખુશાલભટ્ટે કહ્યું, તમે જાશો નહિ.. જાશો તો તમને મારી નાખશે.. તમે ચિંતા ન કરો.. ભગવાન બધું સારું કરશે.. ખુશાલ ભટ્ટે સ્વામિનારાયણ.. સ્વામિનારાયણ નામ સ્મરણ કરતા કરતા.. વાઘ સામે આવ્યા, વાઘ જ્યાં ખુશાલ ભટ્ટ સામે તડાપ મારવા જાય.. ત્યાં ખુશાલ ભટ્ટે વાઘના મોઢા ઉપર જોરદાર થપાટ મારી.. થપાટ વાગતાંની સાથે વાઘને મૂર્છા આવી ગઈ, ચકરી ખાઈને પડ્યો હેઠો.. આ છે સંતનો પ્રતાપ. તમ્મર વળી ત્યારે વાઘ બેઠો થયો.. ખુશાલ ભટ્ટે સામે જુવે છે.. આવું જોરદાર માણસ કોણ છે ? થપાટ ભેગો મને પૃથ્વી પર પાડી નાખ્યો.

## સંતની થપાટ વાગતાં પાપ બળી ગયાં..

સંત દર્શનથી પાપ બળી ગયાં સાચી સમજણ આવી ગઈ. વાઘ ખુશાલભટ્ટને પ્રદક્ષિણા ફરવા લાગ્યો.. પ્રદક્ષિણા ફરી માથું નમાવીને ખુશાલ ભટ્ટને નમસ્કાર કર્યા, ગામના માણસો જોતાજ રહી ગયા, નવાઈ છે.. ખુશાલ ભટ્ટ મિત્રની જેમ વાઘ પાસે બેઠા છે.. ખુશાલ ભટ્ટે વાઘના કાનમાં કહ્યું, કર્યા કર્મ ભોગવે છે ને નવાં કર્મ ઊભાં કરે છે. તેં બે ગૌહત્યા કરી છે. ને એક બ્રહ્મહત્યા કરી છે. માટે હવે સાવધાન થઈ જા.

અમારી થપાટ વાગતાં, સ્પર્શ થતાં. તારાં પાપ બળી ગયાં છે. હવે કોઈ જીવ પ્રાણીમાત્રને મારજે નહિ.. ગાય જેવો ગરીબ થઈને રહેજે. ગામમાં આવજે.. માણસો તને રાંધેલું અનાજ આપશે.. તે ખાઈને તું વગડામાં જતો રહેજે.. હવે ત્રણ વરસનું તારું આયુષ્ય છે.. પછી તને ઘોડાનો જન્મ આવશે.. ઘોડાના જન્મમાં તને ભગવાનનાં દર્શન થશે. તારા ઉપર ભગવાન સવાર થશે, ત્યારે તારો મોક્ષ થશે.

વાઘ મસ્તક નમાવી જંગલમાં જતો રહ્યો. દરરોજ ગામમાં આવે માણસો જમવાનું આપે.. ગાયની જેમ માણસો વાઘની પીઠ પર હાથ ફેરવે છતાં કોઈને મારતો નથી.. ઊંચી આંખ કરતો નથી. વાઘનો સ્વભાવ બદલી ગયો.. આ બાજુ જે છોકરાને અને ગાયોને વાઘે મારી નાખ્યાં હતાં. ત્યાં ખુશાલ ભટ્ટ આવ્યા અને તેના કાનમાં



સ્વામિનારાયણ.. સ્વામિનારાયણ.. મહામંત્ર બોલ્યા કે.. ગાય આળસ મરડી બેઠી થઈ ગઈ.. અને છોકરો પણ બેઠો થઈ ગયો.. ખુશાલ ભટ્ટનું અદ્‌ભૂત ચરિત્ર જોઈ લોકો વિસ્મિત થઈ ગયા.. ખુશાલ ભટ્ટે છોકરાને અને ગાયને જીવતદાન દીધું છે. એ ખુશાલ ભટ્ટ સમય જતાં સાધુ થયા. તેનું નામ રાખ્યું છે. ગોપાળાનંદ સ્વામી.. ભગવાન જેવો પ્રતાપ સાચા શ્રેષ્ઠ સંતોમાં છે. તે શ્રીજીમહારાજની કૃપાનું ફળ છે.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે. સ્વામિનારાયણ ભગવાને સાધુ સંતો દ્વારા, સત્સંગ દ્વારા, સોટી દ્વારા, હજારો માણસોને સમાધિ કરાવી અક્ષરધામનાં દર્શન કરાવ્યાં છે. રૂમાલનાં દર્શન કરતાં સમાધિ થઈ જાય અને અક્ષરધામનાં દર્શન થાય. આવું અદ્‌ભૂત સામર્થ્ય બતાવી અનેક જીવાત્માનો ઉધ્ધાર કર્યો છે.

**સ્વામિનારાયણ સહુને, નકિ લેવરાવ્યું નામ ।**
**ભજન કરાવી આ ભવમાં, આપિયું અક્ષરધામ ।।૧૫।।**
**સંભળાવ્યું વળી શ્રવણે, સહજાનંદ નામ સોય ।**
**કે'શે સુણશે એ નામને, તેને દુઃખ કોય નો'ય ।।૧૬।।**

જ્ઞાન વૈરાગ્ય સાથે ભક્તિને વધારવા માટે આ પુરુષોત્તમપ્રકાશ ગ્રંથ છે. જ્ઞાન અને વૈરાગ્ય આપણા હૃદયમાં છે, પણ અજ્ઞાનને કારણે, મોહ મમતાને કારણે ઊંઘી જાય છે. ઊંઘતા જ્ઞાન અને વૈરાગ્યને જાગૃત કરવા માટે આ કથા છે. મહિમા સહિત અખંડ સ્વામિનારાયણ સ્વામિનારાયણ કરશે તો જીવનમાં ક્રાંતિ થશે..

**રૂડી મુડી પામ્યાં રોકડી, નહિ ઉધારાની વાત ।**
**અમલ ભર્યા સહુ ઉચ્ચરે, પ્રભુ મળ્યા છે સાક્ષાત ।।૧૯।।**

રૂડી મૂડી પામ્યા રોકડી.. ઉધારાની વાત નથી. ભગવાનની સામર્થી અપાર છે. કોઈ વર્ણવી શકે તેમ નથી. અનેક જીવાત્માને મુક્તિનો માર્ગ બતાવ્યો છે. મંદિરના દરવાજાના વખાણ કર્યા તેનું કલ્યાણ, મંદિરના પાયામાં અજાણતાં પથ્થર પડી ગયો તેનું કલ્યાણ, મુસલમાન બીબીએ પ્રભુને દાતણ દીધું તેનું કલ્યાણ... માંકડનું કલ્યાણ, કીડીયુંનું કલ્યાણ.. વૃક્ષનાં કલ્યાણ, સંતોનો પક્ષ રાખ્યો તેનું કલ્યાણ, ગાયો, ભેંશો ને બકરીનાં દૂધનું ભગવાને અને સંતોએ પાન કર્યું છે. તેનું કલ્યાણ.. મંદિરમાં સંજવારી કાઢે, દીવો કરે, યોગદાન આપે, તન મન અને ધનથી સેવા કરે.. તેનું કલ્યાણ.. કોઈ ઉધારાની વાત નથી..

**ઓશિયાળું શીદ ઓચરે, બોલે મગન થઈને મુખ ।**
**જન્મ મરણનું જીવમાં, રહ્યું નહિ જરા કેને દુઃખ ॥૨૦॥**

આપણે કોઈના ઓશિયાળા નથી. સર્વોપરી પુરુષોત્તમનારાયણ સમર્થ ધણી મળી ગયા છે. ઈષ્ટદેવની નિષ્ઠા મજબૂત રાખવી.

**સૂર્ય વિના રાત ન જાય**
**અન્ન વિના ભૂખ ન જાય**
**નિષ્ઠા વિના મોક્ષ ન થાય.**

જેમનો નિશ્ચય મેરુ સમાન હોય તે દુઃખમાં ડગી જાય નહિ ને સુખમાં છકી જાય નહિ.. મેરુ પર્વત કદાચ ડીગ સકતા સાયદ, પરંતુ સચ્ચે ભકતજનોકે મન કભી નહિ ડીગતે.. લડાઈ મેં યોધ્ધા હર કદમ શત્રુસે લડતા હૈ, ઓર અપને દેશકી આઝાદી ચાહતા હૈ, વૈસે હી સચ્ચે સંત અંતરશત્રુ કે સાથ લડત લેતે હૈં, ઔર ખુદકે આત્મારૂપી દેહકો મોક્ષધામમેં પહૂંચાતે હૈં..

**ઈતિ શ્રીસહજાનંદસ્વામિચરણકમળસેવક નિષ્કુળાનંદમુનિવિરચિતે પુરુષોત્તમપ્રકાશમધ્યે ચતુઃપંચાશત્તમઃ પ્રકારઃ ॥ ૫૪ ॥**

---

**અમલ ભર્યાં સૌ અંતરે, આવે અંત્યે અવિનાશ ।**
**દેહ તજાવી દાસને, આપેછે અક્ષર વાસ ॥૧॥**
**નર નારી નિઃશંક થયાં, ભાગી બેઠા સહુ ભય ।**
**શરણ લીધું જેને સ્વામીનું, તેને કર્યાં નિરભય ॥૨॥**

જેણે ભગવાનનું ભાવથી શરણું લીધું છે, તે સર્વે નિર્ભય થઈ ગયા છે. વડાપ્રધાન કે કલેકટર સાથે ગાઢ પ્રીતિ અને ઓળખાણ હોય તો તેને લોકો હેરાન કરે નહિ.. કેમકે તેને ડર હોય, જો તેને હેરાન કરશું તો પેલા વારો કાઢી નાખશે.. તેમ આપણે ભગવાન સાથે પ્રીતિ રાખશું.. ઓળખાણ રાખશું.. તો ચોક્કસ નિર્ભય થઈ જઈશું, કામ ક્રોધાદિક અંતરશત્રુની તાકાત નથી કે તમને હેરાન કરી શકે.. સમજવા જેવી કથા છે.. સહી વિનાનો ચેક બેન્કમાં નથી સ્વીકારાતો.. તો પ્રેમ વિનાના હૈયાને પરમાત્મા કેમ સ્વીકારે ..



**સહુને ઉપર શ્રીહરિ, શકો બેસાર્યો સુંદર ।**
**ભક્તિ કરાવી આ ભવમાં, તાર્યાં કંઈક નારી નર ॥૩॥**
**નૌતમ રીતને નાથજી, પ્રગટાવી પૃથવી માંય ।**
**સાંભળ્યું નો'તું જે શ્રવણે, એવું કર્યું આવી આંય ॥૪॥**

નિષ્કુળાનંદ સ્વામી હરખતા હૈયે કહે છે. ભગવાન પછી મળશે એમ નથી.. અત્યારેજ મળી ગયા છે. નૌતમ રીત ચલાવી છે.. આ જન્મ લેખે લાગી ગયો. રંગ રહી ગયો.. ફેરો સફળ થયો.. માલ ખરીદવા ગયા હોઈએ અને ખાલી ખમ ઠાલા આવીએ તો કેવું કહેવાય !! મોક્ષનું કામ મોટું છે. આપણે બધા આ લોકમાં કમાવા આવ્યા છીએ..

**રાગ ધોળ વધામણાનું – આનંદ આપ્યો અતિઘણોરે,**
**આ સમામાં અલબેલ; પુરુષોત્તમ પ્રગટીરે ।**
**અમૃતના સિંધુ ઉલટ્યારે, રંગડાની વાળી છે રેલ; પુરુષો૦॥૫॥**
**નિર્ભયની નોબત્યો વાગિયોરે, મળીયા મોહનરાય; પુરુષો૦।**

નિષ્કુળાનંદ સ્વામી આનંદમાં આવી ગયા છે. અમૃતનો સાગર મળી ગયા છે.. સ્વપ્નામાં ખબર નહોતી કે આવા સર્વોપરી પુરુષોત્તમ નારાયણનો યોગ મળશે.. તે મળીયા મોહનરાય પુરુષોત્તમ પ્રગટી રે..

ગરીબ માણસ હોય તે રૂપિયા ઉધારા લઈને પોતાના દીકરાને પરદેશ મૂકે.. પછી ત્યાં જઈ દીકરો બરાબર કમાય નહિ. પૈસા બધા મોજ શોખમાં વાપરી નાખે.. પછી બાપ કાગળ લખે કે બે વરસ થયાં, પરદેશ ગયો છે. હવે ઘરે જલદી આવી જા.. તારા બાળકો તને યાદ કરે છે. ત્યારે દીકરાએ કહ્યું કે ટીકીટ મોકલાવો તો દેશમાં આવું.. બાપે કહ્યું કુપાતર બે વરસથી તું પરદેશમાં શું કરે છે. બીજી વખત બાપ પોતાના દીકરાને પરદેશ મૂકે નહિ.. તેજ રીતે આપણને આ ભારતદેશમાં જીવની કમાણી કરવા મોકલ્યા છે.. કાંઈક સત્સંગનું ભાતું બાંધી આવજો.. પણ કુપાતર કાંઈ કરે નહિ, ગામમાં આંટા મારે પણ પ્રભુ સ્મરણ કાંઈ કરે નહિ..

ભગવાન કહે છે તમને મેં લીલોછમ સત્સંગ દીધો છે. બ્રહ્મનિષ્ઠ સંતો અને શાસ્ત્રોનો યોગ દીધો હતો, છતાં ખાલી ખમ પાછો આવ્યો. કાંઈ પુણ્યનું ભાતું ન લાવ્યો.. કેવળ ગ્રામ્યવાર્તામાં સમય બગાડી નાખ્યો.. બીજી વખત તને માનવ જન્મ

નહિ આપું. પણ કૂતરા, ભુંડ કે ગધેડા - ઘોડાના દેહમાં ઘાલી દઈશ.. ભૂખ્યા તરસ્યા મરી જશો.. ટાણે થાય તે નાણે થતું નથી. અત્યારે ભગવાન ભજવાનું ટાણું આવ્યું છે.. ગાય પવિત્ર આત્મા છે પણ તેનાથી કથા નથી સંભળાતી. પ્રભુનું નામ સ્મરણ થઈ શકતું નથી. આ સમે ભગવાને કોઈ ખામી રાખી નથી. તમામ સગવડયુક્ત માનવ દેહ આપ્યો છે.

**ખોટય ગઈછે ખોવાઈનેરે, જિત્યનાં જાંગિર ઢોલ; પુરુષો૦ ।**

આ જગતની અંદર રાજાની જીત થાય.. તો જાંગિર ઢોલ વાગે એટલે ખબર પડી જાયકે આપણા રાજાની જીત થઈ છે.. એવી રીતે સ્વામિનારાયણ ભગવાને જાંગિર ઢોલ વગાડ્યા.. અનેક જીવાત્માની જીત થઈ ગઈ ને ખોટ ખોવાઈ ગઈ..

**દુઃખ ગયું બહુ દનનુંરે, આવિયું સુખ અતોલ; પુરુષો૦ ।।૭।।**

યુગોયુગથી જન્મ મરણના દુઃખમાં જીવાત્મા હેરાન થતો હતો તે ભગવાનને પ્રતાપે સુખી થયો છે.. જન્મ મરણના ફેરા ટળી ગયા છે.

**કળશ ચઢાવ્યો કલ્યાણનોરે, સહુના મસ્તક પર મોડ; પુરુષો૦ ।**

ભગવાનનું મંદિર બનાવે, મૂર્તિ પ્રતિષ્ઠા થાય, પછી મંદિર ઉપર સોનાનો કળશ ચડે.. ત્યારે મંદિર પુરું થયું ગણાય. તેમ મોક્ષભાગી જીવાત્માના મનમંદિરે ભક્તિરૂપી સોનાનો કળશ ભગવાને ચઢાવી દીધો છે. સહુના મસ્તક પર મોડ. કન્યા પરણે ત્યારે મસ્તક ઉપર મોડ ધારણ કરે. આત્માને પરમાત્મા સાથે પરણાવવાનો છે, મન કર્મ વચનથી શ્રીહરિની શરણાગતિ સ્વીકારીને ભગવાનનું ભજન કરે છે. ત્યારે તેના મસ્તક પર મોડ ચડી જાય છે.

**ધન્ય ધન્ય આ અવતારનેરે, જોવા રાખી નહી જોડ; પુરુષો૦ ।।૮**
**સહુને પાર સહુ ઉપરેરે, એવી ચલાવી છે રીત; પુરુષોત્તમ૦ ।**
**નો'તી દિઠી નો'તી સાંભળીરે, પ્રગટાવી એવી પુનિત; પુરુ૦ ।૯**

સ્વામિનારાયણ અવતારને ધન્ય છે, નહોતી દીઠી, નહોતી સાંભળી એવી ચલાવી છે રીત. અનેક જીવાત્માને શરણે લીધા. ખોટું નાળીયેર વાણીયાએ ભગવાનના ચરણમાં અર્પણ કર્યું.. નાળીયેર ખોટું છે તમે તો ખોટા નથી ને. ખોટા નાળીયેરના બદલામાં ધામ, કેટલી મોટી વાત.. હે પ્રભુ તમે સર્વના નિયંતા છો.. સર્વથી પર છો.. આજે જગતમાં તમારા નામનો શક્કો ચાલે છે.



**સ્વામિનારાયણ નામનોરે, શક્કો બેસારિયો આપ; પુરુષો૦ ।**
**એ નામને જે આશર્યારે, તેના તે ટાળિયા તાપ; પુરુષો૦ ।।૧૧।।**
**ધામી જે અક્ષરધામનારે, તેણે આપ્યો છે આનંદ; પુરુષો૦ ।**

સર્વત્ર સ્વામિનારાયણ નામનો સિક્કો બેસાર્યો છે. બ્રહ્માંડમાં ચારે ખૂણે સ્વામિનારાયણ ભગવાનનું નામ ગુંજતું રહેશે. અખંડ આનંદ આપી જીવને, કાપ્યાં ભારે ભવફંદ. અનંત જન્મ સુધી યમપુરીમાં માર ખાય તેવા પાપીને પણ પાવન કર્યા છે.. અનેકનાં પ્રારબ્ધ પલટી નાખ્યાં છે.

**બંધ કિધાં બિજાં બારણાંરે, વે'તી કિધી અક્ષર વાટ્ય; પુરુષો૦।૧૩**

ઘાંડલા ગામમાં એક શૂરવીર સત્સંગી બાઈ હતાં, નામ હતું મૂળીબાઈ રગેરગમાં શ્રીહરિનો મહિમા અને ભક્તિ ભરેલાં હતાં. સત્સંગ કરે ને બીજાને કરાવે, રેંટિયો કાંતતાં જાય ને કીર્તન બોલતાં જાય..

***મને મળીયા સહજાનંદ સ્વામી, સચ્ચીદાનંદ અંતરજામી રે. મને મળીયા..***
***હું તો થઇ છું હવે સત્સંગી, મારે પ્રભુ સાથે પ્રીત અભંગી રે. મને મળીયા..***
***મારાં સર્વે તે કારજ સીધાં, વર્તમાન સ્વામીજીનાં લીધાં રે. મને મળીયા..***

શ્રીજીમહારાજ દાદાખાચરને પરણાવવા માટે ભટ્ટવદર જાય છે. રસ્તામાં ઘાંડલા ગામ આવ્યું, મૂળીબાઈએ ગદગદ કંઠે પ્રાર્થના કરી.. હે પ્રભુ, ગરીબની ઝુંપડીએ પધારો. તમને આગળ જવા નહિ દઉં. રસ્તામાં આડાં ઊભાં રહી ગયાં. ગરીબનિવાજ મૂળીબાઈને ઘરે પધાર્યા, મૂળીબાઈ ભાવવિભોર થઈ ગયાં. ખાટલા ઉપર ગોદડું પાથરી દીધું તે ઉપર પ્રભુ બેઠા .. પ્રભુના લલાટમાં કુમકુમનો ચાંદલો કરી ચોખાથી વધાવ્યા. માથે હાથ મૂકી મીઠાં ઓવરણાં લીધાં. આનંદ સમાતો નથી. મૂળીબાઈએ મીઠાં મીંઢણાં લેતાં ત્યારે શ્રીજીમહારાજને ભક્તિમાતા યાદ આવી ગયાં. આંખ ભીની થઈ ગઈ.. મારી મા.. મને દરરોજ આવી રીતે લાડ લડાવતાં..

રાજીપો વ્યકત કરતાં શ્રીજીમહારાજ બોલ્યા.. ધન્ય છે તમારી લાગણીને મૂળીબાઈ માગો.. તમને શું આપું.. તમને જે જોઈએ તે માગો.. મહારાજ તમે મળ્યા પછી શું બાકી હોય.. તમે અમારા સર્વસ્વ છો. શ્રીજીમહારાજે કહ્યું, આજે તમારે કાંઈક માગવુંજ જોઈશે.. પરાણે માગવાનું કહ્યું, ત્યારે મૂળીબાઈ બોલ્યાં તમારે આપવુંજ હોય તો સદાય મારે ઘરે સંતોના ઉતારા થાય.. એ વરદાન આપો.. તથાસ્તુ.. માગ્યા પ્રમાણે થશે..

મૂળીબાઈના પતિ બોલ્યા, ગાંડી તને માંગતા ક્યાં આવડે ઘરને ઘસારો થાય એવું ક્યારેય મંગાય નહિ.. સંતો ઘરે આવશે ત્યારે જમવા માટે બધું દેવું પડશે.. ખૂબ ખર્ચો થશે.. શ્રીજીમહારાજે કહ્યુ, ભક્તરાજ ! તમારાં પત્નીએ બહુ સરસ માગ્યું છે. સંતોના હૃદયમાં રહીને અમે જમીએ છીએ. તેથી તમારે ત્યાં રિધ્ધિ સિધ્ધિ ને સમૃધ્ધિ અખંડ નિવાસ કરીને રહેશે. આશીર્વાદ આપીએ છીએ.

## ભગવાન અને સંતને અર્થે વાપરે છે તેના ભંડાર કદી ખાલી થતા નથી.

તમારા ભંડાર સદાય ભરપૂર રહેશે. સમય જતાં મૂળીબાઈ બીમાર થયાં. અખંડ પ્રભુને યાદ કરે છે. શ્રીજીમહારાજ અનંત મુક્તો સાથે લઈને તેડવા પધાર્યા.. પ્રકાશ પ્રકાશ છવાઈ ગયો.. ચાલો મૂળીબાઈ.. અમે તેડવા આવ્યા છીએ. તૈયાર છો ને.. હા.. મહારાજ તૈયાર છું. ત્યારે મૂળીબાઈના પતિએ કહ્યું, તું ધામમાં જાય છે.. તો મારું શું થશે.. તમે ચિંતા શું કામ કરો છો.. મારા હાથનું પાણી અને રોટલા તમે જમ્યા છો. તેથી તમને પણ શ્રીજીમહારાજ ધામમાં તેડી જશે. આ છે સત્સંગનો પ્રતાપ.

શ્રીજીમહારાજ મૂળીબાઈના આત્માને દિવ્ય શરીરમાં પધરાવીને વિમાનમાં બેસારીને અક્ષરધામમાં તેડી ગયા. ધન્ય છે આવાં ઝળહળતા શૂરવીર સ્ત્રી ભક્તજનોને.

**તમ ટાળ્યું ત્રિલોકનુંરે, પ્રકાશી પૂરણબ્રહ્મ; પુરુષો૦ ।**
**અંધારુ રહ્યું તું આવરીરે, તે ગયું થયું સુગમ; પુરુષો૦ ॥૧૪॥**
**સૂરજ સહજાનંદજીરે, આપે થયા છે ઉદ્યોત; પુરુષો૦ ।**
**પૂર્વની દિશાયે પ્રગટીરે, ખોટા મોટા તે કર્યા ખદ્યોત; પુરુ૦ ॥૧૫**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, હે પ્રભુ, તમે સૂર્ય સમાન છો.. સૂર્ય અંધકારને હરે છે, તેમ તમે અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરી જ્ઞાનના પ્રકાશમાં રમતા કરી દીધા છે.. મોક્ષ માર્ગની જેને ગતાગમની ખબર નહોતી એવા ખદ્યોત જીવાત્માને તારી દીધા છે. પાપીના પાપને નષ્ટ કરી જીવનના મેલ ધોઈ નાખ્યા છે.. વનવિચરણ વખતે જે કોઈ રસ્તામાં જીજ્ઞાસુ, મુમુક્ષુ મળ્યા. તેના હૃદયમાંથી વાસના અને વિકારોનો નાશ કરી નાખ્યો.. અષાઢી મેઘની જેમ શ્રીહરિ વરસી રહ્યા છે.

**અષાડિ મેઘે આવી કર્યાંરે, ઝાઝાં બિજાં ઝાકળ; પુરુષો૦ ।**
**પુર ચાલ્યાં તે પૃથવીયેરે, ધોયા ધરતીના મળ; પુરુષો૦ ॥૧૬॥**
**ગાજ વીજ ને વર્ષવુંરે, અગમ સુગમ કર્યું સોય; પુરુષો૦ ।**



**સહુ જનને સુખ આપિયાંરે, દુઃખી રહ્યું નહિ કોય; પુરુષો૦ ॥૧૭**

શ્રીહરિનું કામ શું ? વરસવાનું. ભગવાનનું ધ્યાન કરે. જપ કરે, માળા ફેરવે, પ્રદક્ષિણા કરે, દર્શન કરે, તો ભગવાન એના પર વરસી પડે છે.. વરસી પડે તો શું થાય ? તો તેને ભગવાન તેજસ્વી જ્ઞાન બુધ્ધિ આપે છે. ભગવાન કહે છે. પ્રેમપૂર્વક મારું ભજન ભક્તિ કરવાવાળાને હું બુધ્ધિયોગ આપું છું... જેથી મને પામવાને એ જલદી શક્તિમાન થઈ શકે છે. કથા કીર્તનમાં રસ લેતો થાય છે.

**ધર્મનો ઢોલ સુણાવિયોરે, દેવા લાગ્યા પોતે દાત્ય; પુરુષો૦ ।**
**દુર્બળનાં દુઃખ કાપીયાંરે, ન જોઈ જાત કુજાત્ય; પુરુષો૦ ॥૧૮॥**

આ જગતની અંદર માણસનાં લગ્ન થાય ત્યારે ઢોલ વાગે છે, ભગવાન સ્વામિનારાયણે ધર્મના ઢોલ વગાડ્યા.. ધર્મ પ્રમાણે રહીને ભક્તિ કરજો.. સર્વ સુખનું મૂળ ધર્મ છે.

## ધર્મ પ્રભુનું હૃદય છે.

મીઠા(નિમખ) વિનાનું ભોજન નીરસ છે.. તેમ ધર્મ વિનાનાં બધાંજ સાધનો વ્યર્થ, નિર્બળ અને લૂખાં છે. દેવા લાગ્યા પોતે દાત્ય.. લગ્નમાં ઢોલીડાને ભેટ આપે છે તેમ... ભગવાન અક્ષરધામરૂપી ભેટ આપે છે.. તેમાં ન જોઈ જાત કુજાત્ય.. પુરુષોત્તમ પ્રગટી રે.. ધન્ય છે.. મહા પ્રભુ તમને..

**ધન્ય ધન્ય મારા નાથજીરે, ધન્ય ઉદ્ધારિયા જન; પુરુષો૦ ।**
**ધન્ય ધન્ય આ અવતારનેરે, ભલે મળ્યા ભગવાન; પુરુષો૦ ॥૧૯॥**
**વારે વારે જાઉં વારણેરે, કર્યાં અમારાં કાજ; પુરુષો૦ ।**
**ઘણે હેતે ઘનશ્યામજીરે, મળ્યા અલબેલો આજ; પુરુષો૦ ॥૨૦॥**
**કહીયે મુખથી કેટલુંરે, આપિયો છે જે આનંદ; પુરુષો૦ ।**
**નિષ્કુલાનંદ જાય વારણેરે, સે'જે મળ્યા સહજાનંદ; પુરુષો૦ ॥૨૧॥**

શ્રીજીમહારાજને ધન્યવાદ આપતાં કહે છે. ધન્ય છે આ અવતારને આ ગ્રંથમાં ભગવાનનો અપાર મહિમા ભર્યો છે. જ્યાં સુધી ભગવાનનો મહિમા નહિ સમજાય ત્યાં સુધી આપણામાં ભજન ભક્તિ કરવાનું બળ નહિ જ આવે. બળ નહિ આવે તો માયા સામે લડવાની કળ નહિ જડે.

સ્વામિનારાયણ ભગવાનને પુરુષોત્તમપ્રકાશ ગાવાની ઈચ્છા થઈ તેથી નિષ્કુળાનંદ સ્વામીને નિમિત્ત બનાવી આ ગ્રંથ પ્રકાશિત કર્યો છે. પુરુષોત્તમપ્રકાશ

અદ્‌ભુત ગ્રંથ છે.. સ્વામીએ અમૃતનો દરિયો સત્સંગીના હાથમાં આપ્યો છે..

પુરુષોત્તમપ્રકાશ શાસ્ત્ર મૂળ ભાષામાં સમજવું સરળ નથી.. અતિ ગહન છે. પરંતુ આનંદની વાત એ છે કે અત્યારે તમારા હાથમાં પુરુષોત્તમપ્રકાશ કથાસાર છે તે ખૂબજ મધુર અને સમજવામાં સરળ થશે.. દરેક સત્સંગીને ઈષ્ટદેવ શ્રીહરિની સર્વોપરી ઉપાસના અને ભક્તિની પુષ્ટિ માટે આ ગ્રંથ ખૂબ ઉપયોગી બનશે.

**અક્ષરધામના મુકતનો રચેલો આ ગ્રંથ છે.**

જે કોઈ ભકતજન આ પુરુષોત્તમપ્રકાશની કથા વાંચે છે. કથા કરાવે અથવા સાંભળે છે. તો તેના ઉપર સ્વામિનારાયણ ભગવાન ખૂબ રાજી થાય છે અને અંતે ઉત્તમગતિને પામે છે.

ભગવાનની કૃપાથી અને સંતોના આશીર્વાદથી જે કાંઈ સમજાયું એવું તમારી આગળ રહસ્ય રજુ કર્યું છે. પુરુષોત્તમપ્રકાશ વ્યાખ્યાન કરવામાં કાંઈ ક્ષતિ રહી ગઈ હોય, તો ભગવાન ક્ષમા આપે અને જે કાંઈ સારું લાગ્યું હોય તો તે ભગવાનની કૃપાનું ફળ છે.

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિચરણકમળસેવક નિષ્કુળાનંદમુનિવિરચિતે પુરુષોત્તમપ્રકાશમધ્યે પંચપંચાશત્તમઃ પ્રકારઃ ।। ૫૫ ।।***

--------------------------

## ।। પુરુષોત્તમપ્રકાશ સમાપ્ત ।।

ૐ

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# ચોસઠપદી - અમૃતધારા

## (૨)

શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી પરમાત્માની આ કથાનો યોગ આપણને મળ્યો છે. સદ્ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ ઘણાં શાસ્ત્રો પૈકી ચોસઠપદી નામનું શાસ્ત્ર રચ્યું છે. ચોસઠપદ કીતર્નના જુદા જુદા રાગ ઢાળથી લખ્યાં છે. તે બુધ્ધિથી નહીં સમજાય, પણ શ્રધ્ધાથી સમજાશે. નિષ્કુળાનંદ સ્વામીની કાવ્યની આ કથા કરોડો રૂપિયા આપો તોય ન મળે એવી અનુપમ અને અમૂલ્ય કથા છે. તે નિષ્કુળાનંદ સ્વામીએ આપણને મફત આપી છે. સંતો પરોપકારી છે. સંતો પાસે જે વાત અને બુધ્ધિ છે તે દુનિયામાં કોઈની પાસે નથી. પ્રારંભમાં નિષ્કુળાનંદ સ્વામી મુકતકંઠે ગાય છે.

પદ રાગ ધોળ :- હેલી જોને આ નંદકુમાર સલુણો શોભતા. એ ઢાળ.

**એક વાત અનૂપ અમૂલ્ય, કરું છું કહેવા તણું ।**
**પણ મનભાઈ કહે છે મ બોલ્ય, ઘોળ્યું ન કહેવું ઘણું ॥૧॥**
**પણ વણકહ્યે જો વિગત્ય, પડે કેમ પરને ।**
**સંત અસંતમાં એક મત, નિશ્ચે રહે નરને ॥૨॥**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, તમારી પાસે એક ભગવાનની વાત કહેવી છે. તે વાત કેવી છે ? અનુપમ અને અમુલ્ય છે. જેનું મૂલ્ય ન થાય તેવી કીમતી વાત કહેવી



છે. જન્મ મરણના ફેરા ટળી જાય એવી વાત કરવી છે. પણ મનમાં એમ થાય છે કે ઘોળ્યું નથી કહેવું. વળી વિચાર થયો, સંત અસંતની બાબત ચોખવટ કરીને કહું. જેથી જગતના જીવાત્માઓ ભૂલા ન પડે. સ્વામી મુકતકંઠે સંતોનો મહિમા ગાય છે. સંતની ઓળખાણ આપે છે.

### અક્ષરધામના મુકતનો લખેલો આ ગ્રંથ છે.

વૈરાગ્યમૂતિ સદ્ગુરુ નિષ્કુળાનંદ સ્વામી રચિત શાસ્ત્રો વાંચવાં અને સાંભળવા એ પણ એક લહાવો છે. તેનાથી ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભકિતનું પોષણ થાય છે.

**એવા સંતતણી ઓળખાણ, કહું સહુ સાંભળો ।**
**પછી સોંપી તેને મન પ્રાણ, એ વાળે તેમ વળો ॥૧॥**
**જેના અંતરમાં અવિનાશ, વાસ કરી વસિયા ।**
**તેણે કામ ક્રોધ પામ્યા નાશ, લોભ ને મોહ ગયા ॥૨॥**

પોતાનું ને પારકાનું શ્રેય કરે તેને સંત કહેવાય. અભયદાન દેવાનું સદાવ્રત ખોલ્યું છે. સાચા શ્રેષ્ઠ સંતોના અંતરમાં ભગવાન વાસ કરીને રહ્યા છે. તેથી તેને કોઈ પણ અંતરશ્રત્રુ નડતા નથી.

### અંતરશત્રુથી લડી શકે તે અક્ષરધામ સુધી પહોંચી શકે.

સંતો જેમ કહે તેમ કરવું, જેમ વાળે તેમ વળવું. તેનો અર્થ દાસના દાસ થઈને રહેવું. રાજાને મળાવ જવું હોય તો સાત થરી ચોકી હોય, જલદી કોઈને રાજમહેલની અંદર જવા મળે નહીં, પણ સામાન્ય એવો સેવક રાજાના પગ દબાવવા પલંગ ઉપર બેસી જાય. સેવક થવામાં મજા છે. મન ધાર્યું કરવામાં સજા છે.

### અંતરશત્રુ જીતી શકે તે પ્રભુને મેળવી શકે.

સાચા સંતનું જીવન ન્યાલ અને પૂરણકામ હોય છે. સંતને શરણે આવે છે તેને પણ ન્યાલ કરી દે છે, કોઈને ન્યાલ કર્યા ખરા ? હા. અજામિલને સંત મળ્યા તો તે ન્યાલ થઈ ગયો. ધ્રુવજીને સંત મળ્યા તો ન્યાલ થઈ ગયા, વાલીયા લૂંટારાને સંત મળ્યા તો ન્યાલ થઈ ગયો, જોબનપગીને શ્રીહરિ મળ્યા તો ન્યાલ થઈ ગયો. અનેકને ન્યાલ કર્યા છે ને કરે છે.

**સાચા સંત સેવ્યે સેવ્યા નાથ, સેવ્યા સુર સહુને ।**
**સેવ્યા મુક્ત મુનિ ઋષિસાથ, બીજા સેવ્યા બહુને ॥૧॥**
**એવા સંત જમ્યે જમ્યા શ્યામ, જમ્યા સહુ દેવતા ।**
**જમ્યા સર્વે લોક સર્વે ધામ, સહુ થયા તૃપ્તતા ॥૨॥**

સ્વામી કહે છે સાચા સંતો સેવવા જેવા છે. સંતોને જમાડે, તો વિશ્વને જમાડ્યાનું પુણ્ય મળે છે, સાચા સંતોને વસ્ત્ર ઓઢાડે છે તેને વિશ્વને વસ્ત્ર ઓઢાડ્યાનું પુણ્ય મળે છે. સ્વામી દષ્ટાંત આપે છે.....

**એક જમતાં બોલિયો શંખ, અસંખ્યથી શું સર્યું ।**
**એક જમીને બોલ્યો નિઃશંક, જમુનાં જાવા કર્યું ॥૨॥**

મહાભારતમાં આ કથા છે. શંખ બોલ્યો, પાંડુરાજાએ રાજસુયયજ્ઞ કર્યો, યુધિષ્ઠિર રાજાએ શ્રી કૃષ્ણભગવાનને પૂછ્યું, મારા પિતા પાંડુરાજા ભૂત યોનિને પામ્યા છે. તે ભૂતયોનિમાંથી મુક્ત થાય એની અમને શું ખાત્રી ? ત્યારે પ્રભુએ કહ્યું, મારી પાસે પાંચજન્ય શંખ છે. તે એની મેળે બોલે તો સમજી લેવું કે તમારા પિતા પાંડુનો ઉધ્ધાર થયો. પછી બાર મહિના સુધી યજ્ઞ ચાલુ રાખ્યો, અસંખ્ય ભકતો જમ્યા, ભૂદેવો અને ગરીબ જમ્યા પણ શંખ બોલ્યો નહીં.

હવે શું કરવું ? અમારા પિતાનો ઉધ્ધાર થયો નહીં.

ભગવાને કહ્યું, તપાસ કરો. કોઈ ભૂખ્યું રહી ગયું હશે. પછી હસ્તિનાપુરમાં સાદ પાડ્યો, કોઈ ભોજન જમવામાં બાકી રહ્યું હોય તો યજ્ઞમાં જમવા પધારો. કોઈ બાકી નથી, બધા ભરપેટ જમ્યા છે. પ્રભુ હવે શું કરીએ ? કાંઈક રસ્તો બતાવો. ભગવાને કહ્યું, એક મહાન ભગવદ્ ભકત દુર્વાસાઋષિ બાકી છે. દૂર જંગલમાં બેઠા અમારું ધ્યાન કરે છે, તેને જમાડો તો શંખ બોલશે. નકુળ દુર્વાસાઋષિ પાસે આવ્યા. પ્રાર્થના કરી, ઋષિરાજ આપ ભોજન જમવા માટે અમારા યજ્ઞમાં પધારો.

દુર્વાસાઋષિએ કહ્યું, એક અશ્વમેઘ યજ્ઞનું ફળ આપો તો જમવા પધારું. નકુળે કહ્યું, એક રાજસૂય યજ્ઞમાં કેટલી મહેનત કરી ત્યારે યજ્ઞ થાય છે. અશ્વમેધ યજ્ઞનું ફળ નહિ આપીએ. પછી સહદેવ ગયા. અર્જુન અને ભીમ ગયા તે બધા પાછા આવ્યા. પછી યુધિષ્ઠિર રાજા ગયા તે પણ પાછા આવ્યા. ભગવાન પાસે વાત કરી કે દુર્વાસાઋષિને એક અશ્વમેધ યજ્ઞનું ફળ જોઈએ છીએ, તે કયાંથી આપવું. ત્યારે ભગવાને કહ્યું, દ્રૌપદીજીને મોકલો. તે બરાબર સમજાવશે.



સાહેલીઓની સાથે દ્રૌપદીજી પગલે પગલે ભગવદ્ સ્મરણ કરતાં કરતાં દુર્વાસાઋષિ પાસે આવ્યાં, બે હાથ જોડી પ્રાર્થના કરી, આપ અમારા યજ્ઞની પૂર્ણાહુતિ નિમિત્તે ભોજન જમવા પધારો. દુર્વાસાઋષિએ કહ્યું.. એક અશ્વમેધ યજ્ઞનું ફળ આપો તો આવું. દ્રૌપદીજીએ સરસ જવાબ આપ્યો, ભગવાનનાં અને સંતનાં દર્શન કરવા જાય, તેને ડગલે-ડગલે એક અશ્વમેધ યજ્ઞનું ફળ થાય. તેમાંથી એક ડગલાનું ફળ તમે લઈ લ્યો. પછી દુર્વાસાઋષિ દ્રૌપદીજીની સાથે યજ્ઞશાળામાં પધાર્યા. પાંડવોએ આદર સત્કારથી જમાડ્યા. ત્યાં પાંચજન્ય શંખ ફૂંકાણો. બધા રાજી રાજી થઈ ગયા, કે હવે અમારા પિતાનો ઉધ્ધાર થયો...

**પાંચજન્ય શંખ બોલ્યો, ને પાંડુરાજાનો ઉધ્ધાર થયો.**

ભગવાનને હૃદયમાં ધાર્યા વિના, ભગવદ્ સ્મરણ કર્યા વગર બીજા ઘણા મનુષ્ય જમ્યા હતા પણ શંખ બોલ્યો નહિં. પણ એક દુર્વાસાઋષિ જમ્યા તો શંખ બોલ્યો.

**એક જમીને બોલ્યો નિઃશંક, યુમના જાવા કર્યું.**

ભગવાને કહ્યું, હે ગોપીઓ મારા ગુરુ દુર્વાસાને જમાડવા જાઓ ગોપીઓ બોલી, યમુનાજી ભરપૂર વહે છે, તો શી રીતે જવાશે. ભગવાને કહ્યું તમે એમ કહેજો, જો શ્રીકૃષ્ણ બાળ બ્રહ્મચારી હોય તો માર્ગ દેજો. ગોપીઓ થાળ લઈને ગયાં. યમુનાજીએ માર્ગ દીધો, પાણી હટી ગયું, વચ્ચમાં માર્ગ થઈ ગયો. દુર્વાસાઋષિ ભગવાનનું ધ્યાન કરે છે, ત્યાં આવીને પ્રાર્થના કરતાં કહ્યું અમને પ્રભુએ મોકલી છે. તમને જમાડવા આવ્યાં છીએ. આપ થાળ જમો ! સોળસો ગોપીઓ છે. એક કહે પહેલાં હું જમાડીશ. બીજી ગોપી કહે પહેલાં હું જમાડીશ. ત્રીજી ગોપી બોલી તમારો થાળ જમી ઋષિ તૃપ્ત થઈ જાય તો મારો થાળ રહી જાય.. આવી રીતે અંદરો અંદર તાણ ખેંચ થવા લાગી.

દુર્વાસાઋષિએ કહ્યું, હું મોઢું પહોળું કરું, તેમાં તમે ભોજન પધરાવી દો. આંખ બંધ કરી ભગવદ્ સ્મરણ ચાલુ છે, લાડુ, દાળ, ભાત, રોટલી, શાક વિગેરે સીધું ઉદરમાં ચાલ્યું જાય... દુર્વાસાઋષિના ઉદરમાં રહી ભગવાન જમ્યા. નહિતર સોળ હજાર એકસો આઠ થાળ જમાય નહિં. એક થાળ માંડ જમાય. પણ આ તો ગજબની વાત છે. ગોપીઓ બોલી હવે અમે ઘેર કઈ રીતે જઈશું... જમુનાજી ભરપૂર વહે છે. દુર્વાસાઋષિ બોલ્યા યમુનાજીને કહેજો દુર્વાસાઋષિ સદાય ઉપવાસી હોય તો માર્ગ દેજો. ગોપીઓ આશ્ચર્ય પામી ગઈ, સોળ હજાર થાળ જમ્યા છતાં ઉપવાસી આ કેવી

*વાત હશે. પણ વાત સત્ય થઈ. યમુનાજીનું પાણી તરત એક બાજુ થઈ ગયું. ભગવાનની લીલાનો કોઈ પાર નથી.*

**એમ એક પૂજ્યે પૂજ્યા સહુ, સેવ્યે સહુ સેવિયા ।**
**માટે ઘણું ઘણું શું કહું, ભેદ ભક્તના કહ્યા ॥૩॥**

*સાચા સંત સેવવાથી પૂજન કરવાથી પ્રભુ બહુ રાજી થાય છે. મુકતાનંદ સ્વામી ગાય છે…*

**સદ્‌ગુરુ સાચારે સેવો શુદ્ધ ભાવથી રે,**
**જેથી ટળે મનના વિવિધ વિકાર રે**
**જેને સંગે વધે રે પ્રભુજી સંગ પ્રીતડી રે,**
**ટળીજાય જાત વર્ણ અહંકાર રે . . . સદ્‌ગુરુ. . .**

*સાચા સદ્‌ગુરુ મળી જાય, તે કહે તેમ કરવા લાગી જાય તો સો જન્મની કસર આ ને આ જન્મે ટળી જાય. અને મહાસુખિયા થાય છે. અને પ્રભુમાં પ્રીતડી વધતી જાય છે.*

*અમુક વસ્તુ જાતે જ કરવી પડે છે. ભોજન, લગ્ન, મરણ અને ભજન એ જાતે જ કરવું પડે. ભોજનમાં બદલી ન ચાલે. તમે કહેશો મને ટાઈમ નથી. મારા બદલામાં તું જમી લે. તો તમે ભૂખ્યા જ રહી જાવ. ભોજન જાતે જ કરવું પડે.*

*લગ્નમાં બદલી ન ચાલે. તમે કહેશો મને ટાઈમ નથી. મારા બદલામાં પાડોશી પરણી આવશે. તો તમે વાંઢા જ રહી જાવ. લગ્ન જાતે જ કરવાં પડે. મરણ.. ભગવાન તેડવા આવશે ત્યારે તમે કહેશો મારા બદલે મિત્રને લઈ જાવ તે નહિ ચાલે. ખુદ તમને જ જાવું પડશે. ભજનમાં બદલી ન ચાલે. તમે તમારા પત્નીને કહેશો કે મને ટાઈમ નથી. મારા બદલે તું પૂજા, પાઠ, દેવ, દર્શન કરે છે, ને તો તમે સત્સંગ વિના સત્કાર્યમાં કોરા રહી ગયા. ભજન જાતે જ કરવું પડે. તેમાં બદલી ચાલે નહીં.*

Satsang is a school to attain The God.

*સત્સંગ છે તે પ્રભુ પ્રાપ્તિની નિશાળ છે.*

**સાચા સંતનો નિત્ય સમાગમ કરે તો**
**ઈંદ્રિયોની ધારાઓ વિષય માર્ગથી કુંઠિત થાય છે.**



*વચનામૃતમાં શ્રીજી મહારાજ સ્વભાવ સુધારવાની બાબત સમજાવે છે, જે માયિક આકારના જોનારા છે, માયિક આકારના ચિંતવન કરનારા છે. રાતદિવસ સ્ત્રી અને ધનનું ચિંતવન કરનારા છે તે અનંત કોટિ કલ્પ સુધી નરક ચોરાસીમાં ભટકે છે. ભગવાનનું દર્શન કરનારા છે, ચિંતવન કરનારા છે તે કાળ કર્મ માયાના બંધનથી છૂટીને અભયપદને પામે છે ને ભગવાનના પાર્ષદ થાય છે.*

**જેના અંતરમાં કામ ક્રોધ, લોભની લાહ્ય બળે ।**
**એવા બહુ કરતા હોય બોધ, તે સાંભળ્યે શું વળે ॥૧॥**

*સ્વામી ચોખવટ કરે છે. જેના અંતરમાં કામ, ક્રોધ, લોભ, માન, મમતા, મત્સર, અધર્મસર્ગની લાહ્ય બળ્યા કરતી હોય તેના મુખથી બોધ સાંભળવાથી શું વળે !! એવા હરામીની સેવા કરવાથી શું ફળ થાય ? કાંઈ ન થાય. સમજવા જેવી કથા છે….*

**કથા વાંચનાર વક્તા રખડી પડે છે**
**અને કથા સાંભળનાર તરી જાય છે.**

*એવા વિકારી જનની, વાત દેનારી છે દુઃખની; જેના અંતરમાં દિનરાત ઈચ્છા વિષય સુખની, નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે વિકારી હોય સ્ત્રી ધનના પ્યાસી હોય તેનો સંગ કરવો નહિ. કેવા માણસને જીવતાં કે મરીને સુખ થતું નથી. સ્ત્રીને વિષે બેઠા ઊઠ્યાની વાસના હોય તેને જીવતાં કે મરીને સુખ થતું નથી. સંસારના ભોગ વિલાસ મનુષ્યના આત્માનાં તેજને ક્ષીણ કરી નાખે છે.*

**એને અર્થે કરે ઉપાય, શોધી સારાં ગામને ।**
**પોતે પોતાનું માહાત્મ્ય ગાય, ચહાય દામ વામને ॥૨॥**

*પોતે પોતાનાં વખાણ કરે, સારું ગામ શોધે, પૈસા ભેગા કરવા ઉપરથી ભક્તિ દેખાડે. દેહ પોષવા ધન ધાન્યાદિક માગતા હોય. કામી હોય, દંભી હોય એવા પાપીનો ત્યાગ કરવો. ધર્મ સાધે ને બીજાને સધાવે તેનું નામ સાધુ. ધર્મમાં ઢીલાશ રાખવી નહિ.*

**તેણે જનમ પશુને પાડ, ખોયો ખોટા કારણે ।**
**મોક્ષ મારગે આપ્યાં કમાડ, કડી જડી બારણે ॥૨॥**

*માનવતા ન હોય તો પશુના જેવું જીવન વિતાવે છે. મોક્ષના માર્ગ ચૂકી જાય છે. મોક્ષના દરવાજા બંધ કરી તાળું વાસી દીધું. બહાર નીકળવાની આશા જ નહિ.*

મનુષ્ય જન્મ મોક્ષ માર્ગનું બારણું છે. કીમતી દાગીનું પાણીમાં પડીજાય, પછી શોધતાં છતાં મળે નહિ તો આપણે ઉદાસ થઈ જઈએ. પણ મહામોંઘો માનવ દેહ માયારૂપી પાણીમાં ગુમાવી નાખીએ, ભગવાનને ભૂલીને રાતિદવસ માયાના જ વિચાર કરીએ તો સમજી લેવું આપણી જીત ગઈ પાણીમાં.

**મેલી મુક્ત મોટપની રીત, ખ્યાતિ કરી ખળમાં ॥૩॥**

જ્યાં મુક્ત કોટી જેવા મુક્તો મળ્યા, સાચા શ્રેષ્ઠ જ્ઞાની નંદપંક્તિ જેવા સંતો મળ્યા, ભુજ જે પરમ પવિત્ર બદ્રીકાશ્રમ જેવું ધામ મળ્યું. એવા કચ્છ દેશનો સત્સંગ ભક્તોથી અને સંતોથી ભર્યો ભર્યો લાગે છે. કચ્છ દેશ એટલે પુણ્ય ભૂમિ.

**કચ્છદેશના ભક્તો અને સંતો દાગીનારૂપ છે.**

મણિ ગમે તેવો અમૂલ્ય હોય પણ જયારે સુવર્ણમાં રહે ત્યારે મણિ શોભે છે. પણ એકલો શોભતો નથી, તેમ માનવી ગમે તેટલો પૈસાવાળો કે પંડિત હોય, વિદ્વાન કે ચતુર હોય, જો ચારિત્ર બરાબર ન હોય તો તેની કોઈ કિંમત નથી. રાવણની સોનાની નગરી હતી. જાતનો બ્રાહ્મણ હતો. પણ ચારિત્ર શુધ્ધિ નહિ. આંખમાં વિકાર આવવાથી સતી સીતાજી પર દાનત બગાડી તો બૂરા હાલે મૃત્યુ પામ્યો. આચાર વિચાર સારા જોઈએ, સાથો સાથ વિવેક અને ધર્મ નિષ્ઠા જોઈએ.

**સંત અસંતની ઓળખાણ, પાડી છે પુરાણમાં ।**
**સુણી સર્વે જન સુજાણ, તણાશોમાં તાણમાં ॥૧॥**

સંત અસંતને ઓળખી રાખવા, સાધારણ માણસો સાચા સંતને ઓળખી શકતા નથી.

**સંતને ઓળખવા માટે પાત્રતા જોઈએ.**

હીરાને કોણ ઓળખી શકે?. ઝવેરી જ ઓળખી શકે. સામાન્ય વ્યકિત એને કાચનો કટકો જાણે. સંતો ત્રણ ગુણથી રહિત છે.

***ત્રિગુણાતીત ફીરત તનુ ત્યાગી, રીત જગત સે ન્યારી,***
***દેહ દર્શી દેખે પોતા જેવા સંસારી . સુખ પામી .***

અમારામાં ને સાધુમાં શું ફરક છે ? અમારા જેવા જ છે. અમે દેશ-વિદેશ ફરીએ છીએ, સાધુ પણ ફરે છે. એવું માનશો નહિં. સાચા સાધુ થવું કઠણ કામ છે. ભગવાં વસ્ત્રો ધારણ કરનારા ઘણા સાધુ મળશે. પણ ભગવાનને અખંડ હૈયામાં ધારણ



કરનારા કોઈક જ વીરલા મળશે. નિષ્કુળાનંદ સ્વામી કહે છે-આપણે કેવા ભકત થવાની ઈચ્છા રાખવી ?

***જડભરત જનક જેદેવ, એવું થાવું આપણે ।***
***ત્યારે કરતાં અસંતની સેવ, વાત કહો કેમ બણે ॥૨॥***

કેવા ભકત થાવું ?.. જડભરત, જનકરાજા, અને જયદેવ જેવા શ્રેષ્ઠ ભકત થાવું, જડભરતજીને જગતમાં કોઈ પ્રકારની આસક્તિ ન હોતી. જનકરાજા દેહથી પૃથક વિદેહી રહ્યા. સંસારમાં રહેવા છતાં જળકમળવત્ રહ્યા.

**ખોટા રૂપિયા ઉપર મોહ જાગતો નથી.**

**તેમ ખોટા જગત ઉપર આસક્તિનો અભાવ રાખવો.**

માયામાં મન રમતું હશે તો જન્મ મરણના ત્રાસમાંથી જીવાત્મા છૂટો થશે નહિ. આ જગતની અંદર માણસોને માયા બહુ વહાલી લાગે છે.

***અતિ આદર્યું કામ અતોલ, પરલોક પામવા ।***
***ત્યારે ખરી કરી જોઈએ ખોળ્ય, વિઘનને વામવા ॥૩॥***

આપણે મોટું કામ આદરીને બેઠા છીએ. ભગવાનના અક્ષરધામમાં શ્રીહરિના સાંનિધ્યમાં જવું છે. એ નાનું સૂનું કામ નથી. મોટામાં મોટું કામ છે. તેમાં ગાફલાઈ ને આળસ રખાય નહિં.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે. સાર અસારને સમજી જેના આગળ સરલ થાવાનું હોય ત્યાં સરલ થાવું. અધર્મી આગળ સરલ થાવું નહિ. સવળો વિચાર હોય તેને ગ્રહણ કરવો અને અવળા વિચારનો ત્યાગ કરવો. કુસંગને ઓળખી રાખવો, પણ એના બંધનમાં આવવું નહિ. પદરાગ ધોળ– લટકાળા તારે લટકેરે

***સાચા સંતના અંગ એધાંણરે, જોઈ લેવા જીવડિયે ।***
***જેને મળવે માન્યું કલ્યાણરે, તેને જોવા ઘડિયે ઘડિયે ॥૧॥***

નિષ્કુળાનંદ સ્વામી સાચા સંતનાં એંધાણ કહે છે. જે પીડ પરાઈ જાણે, દૂસરોં કા દુઃખ દેખકર દુઃખી હો જાતે હૈ, દૂસરોં કા સુખ દેખકર સુખી હો જાતે હૈ. દૂસરોં ગુન સુનતે હર્ષિત હો જાતે હૈ. અપના બોલકે કોઈ સરાહના કરે તો સંકુચિત હો જાય. એનું નામ સંત. પ્રતિક્ષણ હરિને યાદ કરે. બહારથી સંત થઈ જવું સહેલું છે, અંતરથી સાધુ ક્યારે થવાશે ?

**ખાતાં પીતાં જોતાં જણાશેરે, આશય એના અંતરની ।**
**ઉઠે બેસે બોલે કળાશેરે, પાસે વસતાં એ નરની ॥૨॥**

*હૈયાનું હાર્દ જણાઈ આવશે. નિષ્કુળાનંદ સ્વામી સંત મંડળ સાથે સત્સંગ પ્રચારાર્થે જાય છે. રસ્તામાં ગામ બોટાદ આવ્યું. ત્યાં ગામના ભાગોળે શિવલાલભાઈ કૂવે સ્નાન કરવા આવ્યા. શિવલાલ ભાઈએ સંતોને જોયાને હૈયામાં હરખ ઉભરાયો, દોડીને દંડવત્ પ્રણામ કર્યા. બે હાથ જોડીને કહ્યું, સ્વામી બપોરનો સમય થવા આવ્યો છે, તમે બારોબાર જાવ તે ઠીક નહિ. ઠાકોરજીને જમાડીને આરામ કરો, એક બે દિવસ રોકાઈ જાવ. સત્સંગનો લાભ આપો.*

*શિવલાલભાઈએ બ્રાહ્મણો પાસે દૂધપાક પુરીને બીરંજની રસોઈ બનાવડાવી, પ્રભુને થાળ જમાડી જમવા બેઠા. સામે શિવલાલભાઈ બેઠા નિષ્કુળાનંદ સ્વામી સામે આંખ બંધ કરી બેઠા છે. પણ જમતા નથી. આત્માને ઉપદેશ આપે છે.*

**તું શ્રીમંતનો મહોબતી છે, તને**
**માનપાન વ્હાલું લાગે છે.**

*તને મિષ્ટાન્ન બહુ ભાવે છે. જમ્ય નિષ્કુળાનંદ જમ્ય. એક ગ્રાસ પણ મુખમાં મેલ્યો નહિં. શિવલાલભાઈએ હાથ જોડી કહ્યું, "સ્વામીજી તમે રાજી થઈ જે જમો તે બનાવીએ" પછી જુવારનો રોટલો બનાવ્યો. તે ભગવાનને જમાડી જમ્યા પણ બીરંજ ઉપર હાથ મૂકયો નહિ. સાધુતાના ગુણથી ભરેલા સંતનો રચેલો આ ગ્રંથ છે. જિંદગીમાં કોઈ દિવસ મિષ્ટાન્ન જમ્યા નથી, ધન્ય છે આવા ત્યાગીને, વૈરાગ્યવાન સંતને...... સ્વામી દષ્ટાંત આપે છે.*

**ખાય ખૂણે લસણ લકીરે, તે ગંધ કરે છુપાવાનું ।**
**કહે નિષ્કુલાનંદ વાત નકીરે, જેમ છે તેમ જણાવાનું ॥૪॥**

*ભલે ખૂણે બેસીને લસણ ખાય પણ એની ગંધ આવે જ. સ્વામી વાણી ઉપર ભાર મૂકે છે. વાણીથી માણસ પારખી શકાય છે. મીઠુંને મધુર બોલવું.*
Speak words which are nice and sweet.

**વાણીને ઘી ની જેમ વાપરો.**

*વિચારીને બોલો. ઘી ને તમે શું ધૂળમાં રેડો છો? નથી રેડતા. તેમ વાણીને શું કામ ધૂળમાં રેડો છો. ગંદી ગંદી ગાળો શુંકામ બોલો છો? ઘણા માણસની ટેવ હોય છે*



*વાતની વાતમાં ગાળ બોલે. મનમાં માને કે હું કેવો ડાહ્યો હોશિયારને ભણેલો છું, સાચો છું. ખોટી બડાઈ માર નહિ તારી હલકાઈ થાય છે. તારા કરતાં ચાર પગ વાળાં જનાવર સારાં છે. ખરાબ ગાળ તો નથી બોલતાં ને!*

**જેવો રસ ભર્યો જે ઠામેરે, તેવો તેમાંથી ઝરશે ।**
**કોઈ કાઢશે પડયે કામેરે, નિશ્ચે તેવો નિસરશે ॥૧॥**

*જે ઠામમાં જેવો રસ પડ્યો હોય તેવો જ રસ નીકળશે. સત્સંગ પ્રત્યે જેને અભાવ ભર્યો હશે તો વાતની વાતમાં અભાવ નીકળશે. એક અભિમાની ખોટો માણસ હતો. તેને સંતે કહ્યું અમે તમને આશીર્વાદ આપીએ છીએ ''તમે સુખીયા થશો'' ત્યારે મૂર્ખ બોલ્યો તમારા આશીર્વાદ તમને નથી ફળતા તો અમને શું ફળશે? પછી સંત બોલ્યા- ભગવાન તમને સદ્બુધ્ધિ આપે. મૂર્ખ પાપી બોલ્યો તમારો પ્રભાવ ભગતડા ઉપર પડે. અમારા ઉપર નહિ. સંત બોલ્યા તમે સત્સંગમાં આવો તો કેમ જીવન જીવવું તેની ખબર પડે. મૂર્ખ પાપી બોલ્યો મને સત્સંગમાં રસ નથી. દેવદર્શન, પૂજાપાઠ, કાંઈ કરે નહિ આવી રીતે જેને સત્સંગ પ્રત્યે અભાવ છે તેનો સંગ કરવો નહિં. તેનાથી દૂર રહેવું સારું.*

*આહાર કરે તેવો ઓડકાર આવે. બીરંજ જમ્યા હોય તો બીરંજનો ઓડકાર આવે. ડુંગળી ખાધી હોય તો ડુંગળીની ગંધ આવે. અંદર જે છે તે બહાર આવે છે. આકાશમાં બાજ પક્ષી ઉડતો હોય પણ નજર એની નીચી છે શું શોધે છે? પોતાનું ખાજ શોધે છે. સુથારનું મન લાકડે, દરજીનું મન કાપડમાં, ભકતનું મન ભગવાનમાં. નિષ્કુળાનંદ સ્વામી કહે છે - દંભી લક્ષણવાળા લાખો માણસો મેં જોયા છે.*

**કામી બોલે કામે ભરિયું રે, લોભી બોલે લોભ લઈ ।**
**ક્રોધી બોલે ક્રોધે અનુસરિયું રે, માની બોલે માને સઈ ॥૧॥**

*ક્રોધી બોલે ક્રોધ ભર્યું. વાતની વાતમાં ગરમ થઈ જાય. ક્રોધ આવે ત્યારે માણસનું રૂપ ફરી જાય. આકૃતિ ફરી જાય. શ્રીજી મહારાજ વચનામૃતમાં કહે છે- અમારે એકથી લાખ રૂપિયા સુધી બગાડ કરે તો પણ અમારે ક્રોધ આવે નહિં.*

**ક્રોધ કેવો છે?? હડકયા કૂતરા જેવો છે.**

*હડકાયા કૂતરાની લાળ જેને અડે તેને હડકવા હાલે. ડાચીયો નાખીને મરી જાય ને સંતના માર્ગ થકી પડી જાય.સ્વામી જાતિ સ્વભાવ ટાળવાની વાત કરે છે. એક ભૂદેવ હતા, પૂજાપાઠ કરે, સત્સંગ સમૈયામાં જાય, પણ પ્રકૃતિ હતી ગરમ.*

શ્રીમદ્‌ભાગવતની કથા વાંચે, પણ હા ની ના ન થાય. વાતની વાતમાં ગુસ્સે થઈ જાય. કોઈ એને બોલાવે તો ઊંધું જ બોલે. છતાં મનથી માને કે હું જે કરું છું તે સારું જ કરું છું. પથ્થર હૃદયને ભક્તિની ભીનાશ લાગે જ નહિ. જરાક મનગમતું થાય નહિ. તો તણખા ઝરે. ક્રોધ ઊભરાઈ ઊઠે. પોતે દુઃખીને બીજાને દુઃખી કરે. ઘરના સભ્યો બધા ફફડતા જ હોય.

એકદિવસ ભૂદેવ શ્રીમદ્‌ભાગવતજીની કથા વાંચવા જાય છે. પત્નીને કહ્યું દૂધ તૈયાર હોય તો લાવ. જમીને પછી કથામાં જાઉં. પત્નીએ કહ્યું કઢી કરી છે. ઊભરો આવે પછી જમીને જજો. કથા નવ વાગે શરૂ થશે. અત્યારે આઠ વાગ્યા છે. પાંચ મિનિટ બેસો. તું સમયસર જમવાનું ક્યાં તૈયાર રાખે છે ? જલ્દી દૂધ પૂરી જમવા આપે છે કે નહિ? પત્નીએ કહ્યું હમણાં જ આપીશ. આમ વાતની વાતમાં શુંકામ ખીજાઈ જાઓ છો? ક્રોધ કરીને જુઓ તો ખરા તમારું શરીર સાવ સૂકવી નાખ્યું છે. શાંતિ રાખો તો સારું થાય. હિતનાં શાંતિથી વચનો કહ્યાં. છતાં શાંત થાવાને બદલે ગરમી વધી ગઈ.

ગરમાગરમ કઢીની તપેલી સાંણસીથી ઝાલીને પત્નીના માથામાં પછાડી. પત્નીનું મોઢું, આંખને છાતી દાઝી ગઈ. તરફડી તરફડીને મૃત્યુ પામી. સરકારને ખબર પડી. પોલિસ આવ્યા, પકડીને જેલમાં પૂરી દીધો. ગાંડો થઈ ગયો. બકવાસ કર્યા કરે. છેવટે પગ ઘસીઘસીને વગર મોતે મૃત્યુ પામ્યો. બાળકો નિરાધાર બની ગયા. નરકના કુંડમાં પડ્યો.

ક્રોધ કરવાથી શું પરિણામ આવે છે. તે વિચારવું જોઈએ. જીવન શું કામ બરબાદ કરો છો? આવા ક્રોધીને, કામીને જમાડવાથી શું ફળ થાય? કાંઈ ન થાય. જે જમાડીએ તે પણ જાય. નિષ્કુળાનંદ સ્વામી કહે છે. માની બોલે માન ભર્યું. ખોટું અભિમાન સદ્‌ગુણોનું ભક્ષણ કરી જાય છે.

**સ્વાદી બોલે સ્વાદ વખાણી રે, દંભી બોલે દંભ ભરી ।**
**અહંકારી અહંકાર આણી રે, કપટી બોલે કપટ કરી ॥૨॥**

સ્વાદી સ્વાદના વખાણ કર્યા કરે, હરી ફરીને તેની વાત સ્વાદ ઉપર જાય. અભિમાનીની વાતમાં અહંકાર રણકતો હોય દંભી બોલે દંભ ભર્યું, દંભી પોતાની વાત દબાવી રાખે, ખુલ્લી વાત કરે નહિં. કપટી બોલે કપટ ભર્યું. સીધી વાત ન કરે. વાતને ગોળ ગોળ ફેરવે. કાંઈ સમજાય નહિ.



## જેની જીભ સુધરી તેનું જીવન સુધર્યું

નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે જનને મળે જેવા તેવો તેને રંગ ચડશે, મહાન સ્થિતિવાળા મુક્તાત્માનો સંગ કરે તો મહાન બને, નિષ્કામી માણસનો સંગ કરે તો નિષ્કામી થઈ શકે. સમુદ્રમાંથી ચકલી કેટલું પાણી પીશે. તેમ જેની જેવી પાત્રતા તેવું તેને સમજાશે. સત્સંગમાં ખરા ખપવાળા થાવું પ્રભુને પામવાનો ખપ રાખવો.

એક વખત એક ગામથી સંઘ ચાલતો થયો, ગામ વડતાલ જાયછે, ભજન કીર્તન કરતાં જાય છે, તેમાં એક બાઈ પરમ એકાંતિક ભક્ત હતાં. વડતાલ નજીક જઈ રહ્યાં છે, તેમ તેમ આનંદ વધતો જાય છે. હૈયું હરખાય છે. મને સ્વામિનારાયણ ભગવાનનાં દર્શન થશે ભારે કિમતી વસ્ત્રાભૂષણ ધારણ કર્યા હશે. કંઠમાં હીરા માણેક મોતીના હાર અને પુષ્પના હાર ધારણ કર્યા હશે. હું નીરખી નીરખીને દર્શન કરીશ. હું જઈશ ત્યારે મને બોલાવશે, ભાવ વિભોર થઈ ચાલ્યાં જાય છે. હૃદય ગદ્‌ગદિત થઈ ગયું છે, વડતાલ કયારે આવશે... હજુ બે ગાઉ દૂર છે. દર્શન કરવા હૃદય ખેંચાયું.. બેભાન થઈ રસ્તામાં પડી ગયા.

ભગવાનને વિચાર થયો જો હું દર્શન નહિ આપું તો એના પ્રાણ નીકળી જાશે. પ્રભુ દિવ્ય સ્વરૂપે પ્રગટ થયા, તેજ તેજ છવાઈ ગયું. બહેનના માથા ઉપર હસ્ત પધરાવી રાજીપો વ્યક્ત કરતાં કહ્યું. શા માટે દિલગીર થાવ છો. કરો દર્શન ? બાઈના આનંદનો પાર ન રહ્યો. બે હાથ જોડી બોલ્યાં છે. ધન્ય હો મહાપ્રભુ... આપ ભક્તને માટે હાજરા હજુર છો. આને કહેવાય ખરા ખપવાળા. આપણે કયારેય કીર્તન ગાતાં, પૂજા કરતાં, ગદ્‌ગદિત થયાં. તપાસ કરો !! હૈયું શું કહે છે. વચનામૃતમાં શ્રીહરિ કહે છે. બાહ્ય પૂજા કરે, અથવા માનસી પૂજા કરે જો ગદ્‌ગદિત થઈ પ્રેમ વિભોર બનીને કરે છે. તો તે શ્રેષ્ઠ છે. અને ગદ્‌ગદિત થયા વિના કરે છે તો તે ન્યૂન છે.

**આ ચોસઠપદી ગ્રંથ અંતરની આંખ ઉઘાડે છે.**

પ્રભુમાં પ્રીતિ થશે તો અંતરની આંખ ઉઘડશેને મોક્ષનું દ્વાર ખુલ્લું થશે.

**જેનું તન મન માન્યું ત્યાગેરે, ભક્તિ ધર્મ ભાવે છે ।**
**તેનાં વચન વિંટયાં વૈરાગેરે, અંતરમાંથી આવે છે ॥૧॥**

એકાંતિક સંતની વાણી વૈરાગ્યથી વિંટાયેલી હોય છે. માયાથી મુક્ત થાય એવી વાણી બોલે છે. એમના જીવનમાં શીલ, સંતોષ, શાંતિ અને ધીરજ હોય છે. ધીરજતાથી બોલે છે. ઉતાવળો કોઈ પણ નિર્ણય કરતા નથી.

**એવા સંત સહુના સગારે, પરઉપકારી પૂરા છે ।**
**જેના દલમાં નહિ કોય દગારે, સત્ય વાતમાં શૂરા છે ।।૩।।**

હરિના ભકતો મારા સગાને સબંધી આપણે બધા મા-બાપ, બહેન, કાકા, પુત્ર પરિવાર વિગેરેને સગા માનીએ છીએ. સગા માનીને પાછા વ્હાલા કર્યા. સગાં હોય એ આપણને વહાલા હોય, સંતોને સગા માન્યા નથી એટલે વહાલા લાગે નહિ. સાચા સંત કેવા છે? સત્યવાતમાં શૂરા છે. હૃદયમાં કોઈ દગો નથી. પરઉપકારી છે. હૈયામાં હરિ પ્રત્યે હેત છે. આંખમાં અમૃત વરસે છે.એવા સંતને જોઈ હરિ હરખે છે. અહં નું ઘસાતું બોલે છે ને દેહાત્મ બુધ્ધિ ટળાવે છે.

**જોને આગ્નીધ્ર દીર્ઘતમારે, વિષયસારુ વિલખ્યા છે ।**
**એનાં વચન શોધી શાસ્ત્રમાંરે, સરવે લૈને લખ્યાં છે ।।૨।।**

આગ્નીધ્ર તપ કરવા ગયો. અંતરમાં વિકાર વાસના ગઈ નથી. મન સંસારમાં ભટકે છે. બ્રહ્માએ પૂર્વચિતિ અપ્સરાને મોકલી, તેના ઝાંઝરના અવાજમાં લોભાઈ ગયો. પૂર્વચિતિ અપ્સરા સાથે રહેવાથી એને ત્યાં ઘણા પુત્રો થયા. સ્ત્રીમાં તપ પરવારી બેઠો.

દીર્ઘતમાં ઋષિ હતા. મનમાંથી કામભાવ ટળ્યો નહિ તેથી તેણે પણ તપ ગુમાવી દીધું કામ વાસનાએ ભલભલાને સત્યમાર્ગથી પાડી નાખ્યા છે.

**પ્રભુની આજ્ઞામાં રહેવું તે મોટું તપ છે.**

પ્રત્યેક ઈંદ્રિયથી બ્રહ્મચર્ય પાળે છે તેની મન, બુધ્ધિ, ચિત્ત અને અહંકાર શુધ્ધ થાય છે. એવા નિશ્ચય વાળા જે હોય તે જરૂર બ્રહ્મમહોલમાં પૂગે છે. બીજે કયાંય ધામમાં ઓરો રહે નહિં.

**વળી વસિષ્ટ ને દુરવાસારે, લોભી ક્રોધી કા'વે છે ।**
**એના અંતરની આશારે, સર્વે શાસ્ત્ર જણાવે છે ।।૩।।**

વશિષ્ઠજી લોભીને દુર્વાસા ક્રોધી છે. તે સર્વ શાસ્ત્રમાં લખ્યું છે. સ્વામી કહે છે. કહ્યાં ષટદશ પદ ખોળીને સહુ જનને સમજાવાને આ સોળ પદમાં સરસ રીતે સંત અસંતની વાત સમજાવી છે.

**કોય પીયુષ રસને પાઈરે, ઉછેરે નર ઉરગને ।**
**તોય નિરવિખ તે ન થાયરે, વાધે વિખ એના અંગને ।।૨।।**



સર્પને દૂધ પાય એ સર્પ દૂધ પાનારને જ ડંસ મારે છે. સર્પની જેમ ઝેરીલો સ્વભાવ ટાળીને સંતની અનુવૃત્તિમાં રહેવાય તો તેનું અવશ્ય શ્રેય થાય છે. જ્ઞાનનુત્તિ સિંચન કરનારા ગુરુદેવને સર્પની જેમ ડંસ મારવા નહિ. કહેતાં તેમના દિલને દુભાવવું નહિ. પદરાગ ગરબી–

**કઠણ વચન કહુંછું રે, કડવાં કાકચ્ય રૂપ ।**
**દરદીને ગોળી દેઉં છું રે, સુખ થાવા અનૂપ ।।૧।।**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, કઠણ વચન કહું છું. કેવા વચન છે? કડવાં કાંકચ્ય જેવાં. કાંકચ બહુ કડવી હોય, પણ જે કાંકચ ખાય તેનો જડમૂળથી રોગ જાય ને શરીર તંદુરસ્ત થાય. જે કડવાં વચનનો સ્વીકાર કરે. તે પ્રમાણે વર્તે તો શું થાય? અનાદિકાળથી જન્મ મરણનું દર્દ થયું છે તે રોગથી મુકત થાય. ખરે મને જે જન ખાશે તેનો જીરણ રોગ જાશે ને સુખી થાશે સધ્ય.. સદાય સુખીયો થાશે. નિષ્કુળાનંદ સ્વામી કહે છે. મને બીક લાગે છે. શા માટે બીક લાગે છે ? દેહાભિમાની હશે તેને દિલમાં દુઃખ થાશે. કે આવી ચોખ્ખી વાત કહેવાની કયાં જરૂર છે ? પણ સાચી વાત કહેવામાં કચાશ રખાય નહિ ભલે દુઃખ લાગે.

**સુણો સાધુ શુકજી સરખારે, નારદ જેવા નેક ।**
**નથી ઉપમા માનો મુરખારે, ઉર કરો વિવેક ।।૧।।**

શુકદેવજી જેમ જગતથી વિરકત રહ્યા છે. તેમ આપણે જગતથી વિરકત રહેવું સંસારની વાત સાંભળવાની, ગ્રામ્ય વાર્તા કરવાની જેને મજા આવે તો સમજવું કે તેની ભકિતનો રંગ કાચો છે. જેનો ભકિતનો રંગ અલૌકિક છે તેને લૌકિક વાત સાંભળવાની ઈચ્છા થતી નથી. જડભરત ગાંડાની જેમ રહયા. સંસાર વ્યવહારમાં કયાંય ચિત્ત દીધું જ નહિ. ઉપર ઉપરથી વ્યવહારમાં રહેવું ને હદયપૂર્વક ભગવાન સાથે હેત રાખવું. નિષ્કુળાનંદ સ્વામી કહે છે જડભરત અને સનકાદિક સમાન ક્ષમા રાખવી.

**ક્ષમા એટલે શું? જતું કરી દેવું એને ક્ષમા કહેવાય.**

ગમે તેટલા આપણા ગુન્હા કર્યા હોય, દ્વેષ કર્યો હોય, એને માફી આપી દેવી તેને ક્ષમા કહેવાય. સમય ઉપર જો ક્રોધ જીતાઈ જાય તો એ જગ જીતી જાય. પણ અણી .ઉપર ક્ષમા રાખવી બહુ મુશ્કેલ છે, ક્ષમા રાખે તે સુખી થાય છે. ક્ષમા સમર્થનું ભૂષણ છે.

**ફોગટ પડતાં બીજા ફંદમાંરે, આવે દુ:ખ અત્યંત ।**
**નિષ્કુલાનંદ આનંદમાંરે, સદા રહોને સંત ।।૫।।**

ફોગટ વ્યસન ફેશનમાં ફંદ મૂકી દો ને આનંદથી ધર્મ સહિત ભજન કરો. ધર્મ સહિત ભક્તિ કરે છે તેની ભગવાન રક્ષા કરે છે. એક હરિશર્મા બ્રાહ્મણ હતા. પરમ એકાંતિક ભક્ત સત્સંગ કરે ને બીજાને કરાવે. કથા સાંભળવાની ખૂબ રૂચિ હતી. જગતની માયામાં ચિત્તની વૃત્તિ ખેંચાય નહિ ને અખંડ ભગવાનની મૂર્તિમાં જ તલ્લીન થઈ જવાય એવો હરિશર્માનો સતત પ્રયાસ ચાલુ રહેતો. ઉચ્ચ કોટિની સ્વાભાવિક સ્થિતિ હતી. કમાણીમાંથી હંમેશાં દશમો ભાગ ભગવાનને અર્પણ કરતા.

કાપડનો વેપાર કરતા. પચાસ હજારનું કાપડ લઈને પોતાના ગામ તરફ જાય છે. વિચાર થયો, આ ગામમાં મારો વિશ્વાસ પાત્ર વણિક મિત્ર છે. તેને ત્યાં માલ રાખ્યો. કહયું કે પાંચ દિવસ પછી માલ હું લઈ જઈશ. મિત્રે કહયું બહુ સારું, મારું ઘર તે તમારું જ ઘર છે. ખુશીથી રાખી જાવ. હરિશર્મા ઘરે ગયા. આ બાજુ મિત્ર વણિકની મતિ બગડી. માલ બધો બીજી જગ્યાએ રાખ્યો. પછી પોતાની દુકાનમાં કચરોને જૂનાં કપડાંના ગાભા ભરી રાત્રે દુકાનમાં અગ્નિ લગાડયો. ઊંચે સાદે રડતો જાયને બૂમ પાડતો જાય. દોડો દોડો મારી દુકાનમાં આગ લાગી છે. માણસો ભેગા થઈ ગયા. પાણી રેડી આગ બુઝાવી. કપટી વણિક બોલે છે. મારું બળી ગયું હોત તો મને અફસોસ નહોતો. પણ મારા મિત્રનો માલ બળી ગયો. એની મને ચિંતા થાય છે. ગ્રામજનોએ કહયું અમે સાક્ષી છીએ. તમે રડો નહિ. શાંતિ રાખો.

હરિશર્માએ બ્રાહ્મણ ઉપર કાગળ લખ્યો કે તમારો માલ બળી ગયો છે. જલ્દી આવો. હરિશર્મા આવ્યા. ઢોંગી મિત્ર રડે છે. હરિશર્માએ કહયું મારો માલ બળી ગયો, તેમાં તમારે રડવાનું હોય નહિ. કપટી મિત્ર કહે છે. મારો ને તમારો જૂનો નાતો છે ને આ બદનામી મારા ઉપર આવી. હવે હું શું કરું ? હરિશર્મા હિંમતથી બોલ્યા.

**મારૂં હૈયું ખાતરી આપે છે. મારો માલ બળ્યો નથી.**

તમે માલ બીજી જગ્યાએ રાખ્યો છે. મિત્રે કહયું હું ખોટું બોલતો નથી. ગામના માણસો સાક્ષી છે. હરિશર્માએ કોર્ટમાં આવી વાત કરી, હું મારી કમાણીમાંથી દશમો ભાગ ભગવાનને અર્પણ કરું છું મારો માલ બળ્યો નથી. તમે એમ કરો મારી પાઘડીને મિત્રની પાઘડી બે ભેગી કરી વળ દઈ કાકડો કરી તેલમાં સળગાવો તેમાં મારી પાઘડી બળે નહિ તો જાણજો કે મારો માલ બળ્યો નથી. ઠરાવ કર્યો. કરો પરીક્ષા.



બેયની પાઘળી ભેળી કરી વળ દઈ અગ્નિમાં સળગાવી. ત્યાં મિત્રની પાઘડી બળી ગઈ ને હરિશર્માની પાઘડી બળી નહિ. અનામત રહી ગઈ, આવું જોઈ સૌ આશ્ચર્ય પામી ગયા. પોલીસે વણિકને પકડયો બતાવ માલ કયાં રાખ્યો છે? બે ચાર ફટકા માર્યા તેથી માલ પાછો આપી દીધો. શરમાઈ ગયો. લાજ ગઈને આબરૂહીન થયો. ધર્મ છે ત્યાં જય છે. સત્યને માર્ગે ચાલવું. આ છે દશમો ભાગ અર્પણ કર્યાનો પ્રતાપ.

**શુકજીએ નથી સંઘર્યું રે, ધાતુ વળી ધન ।**
**નાણું નારદે ભેળું ન કર્યું રે, કહે છે કોયે દન ।।૧।।**
**જડભરતે ન જોડાવિયું રે, ગાડું ગાડી વે'લ ।**
**કદરજનું વ્યાસે કાવિયું રે, ખરી ક્ષમનો ખેલ ।।૨।।**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે શુકદેવજી - નારદજી - જડભરત. વિગેરે સંતોએ કોઈએ નાણું સંઘર્યું નથી. ગાડું, ગાડી, ઘોડું કે ઘર કાંઈપણ પોતાનું કરીને રાખ્યું નથી. શ્રીજી મહારાજના સમકાલીન સંતો શુકદેવજી જેવા જ હતા. અત્યારે પણ એવા સંતો સ્વામિનારાયણ સંપ્રદાયમાં છે. ઓળખતાં આવડે તો....

**સાધુને શુકદેવજી જેવું થાવું**
**નાણું સંઘરવું નહિં.**

સાધુ સમાજને સાવધાન રહેવું. માયા ગાફલને મારે છે. ધર્મ મર્યાદાનો ભંગ કરશો તો મન બગડી જશે. પોતાનું કરીને નાણું રાખવું નહિ. દેવની ચોરી કરવી નહિ.

**જરૂર જાવું છે જાણજોરે, પ્રભુજીની પાસ ।**
**એવી દેશિયે માં આણજોરે, વણકર્યે તપાસ ।।૧।।**

એક દિવસ આ દુનિયાનો ત્યાગ કરીને પ્રભુ પાસે જવાનું છે. એ નિશ્ચિત વાત છે. આયુષ્યમાંથી દિવસ ઘટતા જાય છે. ગયું એ ફરીને આવવાનું નથી, કેટલું ભજન કર્યું, કેટલો લાભનો ધંધો કર્યો અને કેટલો નકામો સમય બગાડયો એ વિચારવાનું છે. વર્તમાનકાળ સુધરશે તો ભવિષ્ય ચોક્કસ સુધરવાનું જ છે. આળસ ત્યજીને જીવનમાં કલ્યાણનાં પુષ્પો ખીલાવો. જગ મોટાઈ જૂઠ છે તેની તાણ તજી દો. માથે કલંકને મરશું એ તો અકાજ નિષ્કુળાનંદ નરસું રે જોઈ રીઝે નહિ રાજ, આ જગતની અંદર માણસો લગભગ રોદણાં કાઢી રોતા જ હોય છે. રાડ બંધ થતી જ નથી. સાચું સંતત્વ ન આવ્યું હોય તો સંત પણ રડે. વિવેક વિના સહુ દુ:ખીયા સ્વામી કીર્તન ગાય છે.

**વિના વિવેક ભેખ સહુ દુઃખીયા**
**જુઠાતન અહંકાર મેં.... ઉધ્ધવ.**
**સંત સુખી સંસારમેં.... ઉધ્ધવ.**

વિવેકહીન અને અહંકારી દુઃખી થાય છે. જીવનમાં વિવેક વિનય જરૂર રાખવો. ઘણે ભાગે અતિ સુખસંપત્તિમાં કોઈને ભગવાન મળ્યા નથી. અતિ દુઃખમાં અને વિપત્તિમાં ભગવાનનાં દર્શન થયાં છે.

**શોધી આવ્યો તું સત્સંગમાંરે, ભજવાને ભગવાન ।**
**આવ્યો તૈયે તારા અંગમાંરે, નો'તાં મોટપ્ય માન ॥૧॥**
**સહુ સંતને શિશ નામતોરે, થૈને દાસાનુદાસ ।**
**ગુણ ગોવિંદજીના ગાવતોરે, જગથી થૈ ઉદાસ ॥૨॥**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, મોક્ષને માટે તું સત્સંગ શોધતો હતો. સત્સંગમાં આવે ત્યારે કેટલો બધો નિર્માની સ્વભાવ હોય, દીન આધિન હોય, મનમાં એવી ભાવના હોય મને જેમ વઢીને કહેશે તેમાં હું ગુણ લઈશ. સંતોને કહે મારામાં ભૂલ થાય તો કહેજો, સંતો પ્રત્યે દિવ્યતા હોય, દાસના દાસ થઈને સેવા કરે, સંતોને ભાવથી નમતો રહે. મોટો થાય પછી એની સદ્ભાવના નાશ થતી જાય. દાસ થવાને બદલે બીજાને દાસ કરવા માટે નમવાને બદલે બીજાને નમાવા માંગે. સત્સંગમાં આવ્યા પછી આવું થાય તો એને બહુ મોટી જબરી ખોટ છે.

**એહ ગયું તારી ગાંઠ્યનુંરે, બીજું પેઠું પાપ ।**
**લઈ લીધું લક્ષણ લાંઠનુંરે, અવળું કર્યું આપ ॥૩॥**
**બની વાત ગઈ બગડીરે, કવથાણું છે કામ ।**
**દિલે સળગે છે શઘડીરે, સહુનો થાવા શ્યામ ॥૪॥**

ગાંઠનું ખોયું. ગાંઠનું એટલે? મૂળીયામાં જે એનો વિચાર હતો. માયામાં બંધાવું નથી. અખંડ ભજન કરવું છે. સંતોની સેવા કરવી છે, ગુરુજીનો રાજીપો મેળવવો છે, આવો સદ્વિચાર હતો. તે નષ્ટ થઈ ગયો.

### બહાર વૃતિના કારણે અંતર ડોળાઈ જાય છે.

દિલમાં દાઝ થાય કે હું નાનો રહી ગયો ને બીજા મોટા થઈ ગયા. નાના ગુણે મોટપ ન મળે. મોટપ માગવી નહિ પડે. સદ્ગુણો હશે. ધર્મ નિયમ પરિપક્વ હશે તો



એની મેળે મોટપ આવશે. ઠાલો શા માટે રાતદિવસ અંતરમાં બળે છે. મોટા થવાનું મનમાં કોડ હોય તેથી ધમાલ કરે છે. તારા અંતરમાં કામ, ક્રોધ, લોભ, વિગેરે ભૂંડા ઘાટ ઊઠે છે તેનો તપાસ કર.

### કીર્તિ માટે માનવી બહુ દુઃખી થાય છે.

ધ્યાન દેજો. આપણને ભગવાનની મૂર્તિ જોઈએ કે કીર્તિ જોઈએ. માન જોઈએ છે કે ભગવાન જોઈએ છે.

**નથી ખોળતો ખોટ્ય માંયનીરે, દેછે બીજાને દોષ ।**
**કહે નિષ્કુલાનંદ ન્યાયથીરે, અમથો શો અપસોષ ॥૫॥**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે અમારા સંતો તમે કોઈ દુઃખ લગાડશો નહિ. કારણ કે આ કથા ત્યાગી સંતોની આવે છે. સવળું લેતાં શીખે તેને ફાયદો બહુ થાય નહિંતર તકલીફ ઊભી થાય.

**એક ભુંસાડીને એકડોરે, વાળ્યાં મીડાં વીશ ।**
**જોતાં સરવાળો ન જડયોરે, ત્યારે કરે છે રીશ ॥૧॥**

વીસ મીંડા કરો પણ આગળ એકડો ન હોય તો સરવાળો થાય નહિં. જીવનમાં એક ભગવાન ન હોય, પૂજા પાઠ કરતા ન હોય, ધર્મ નિયમનું પાલન નથી આત્મનિષ્ઠા ન હોય. તેનો અંતે સરવાળો થશે નહિ. સ્વામી દૃષ્ટાંત આપે છે. ધન વિના અંતરમાં ધાંખના રાખે. હાથમાં પૈસા નથી ને વિચાર કર્યા કરે હું મોટા બંગલા બનાવીશ. મોટર ગાડીમાં ફરીશ. આવી આશા રાખે તો આશા પુરી થાય? ન થાય. તેમ સત્ય સ્વરૂપ દિવ્ય ગુણ નથી. તો આગળ કેમ વધશે સત્સંગમાં.

સ્વામી કહે છે, દિવસના સૂર્યનારાયણનો પ્રકાશ ચારે દિશાએ ફેલાયેલો હોય અને કહે કે અંધારૂં છે દીવો કરો. તે મૂર્ખનો સરદાર કહેવાય, તેમ આવા દિવ્ય સર્વોપરી સ્વામિનારાયણ મળ્યા, દિવ્ય સત્સંગ મળ્યો. હવે માયાના અંધારામાં કેટલા દિવસ રખડશો ?.

**પ્રભુજીનાં પદ પામવારે, આ છે સુંદર સાર ।**
**વડાં વિઘન વામવારે, પામવા બેડો પાર ॥૨॥**
**કહ્યું લગાડીને કડવું રે, લીમથી ઘણું લાખ ।**
**એમ કહીને નોતું લડવું રે, સહુ પૂરશે સાખ ॥૩॥**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે - લીંબડાથી લાખ ઘણાં કડવાં વચન મેં કહ્યાં તે ભકતજનને સરળતાઈથી સમજાય તો આ દેહે અવશ્ય કલ્યાણ થઈ જાય ને ધારેલા લક્ષ સુધી પહોંચી જાય. કાનને વિંધે ત્યારે ખૂબ દુ:ખ લાગે પણ પછી એ કાનમાં કુંડળ પહેરાવે, તેમ ભલે કડવું લાગે પણ મારે જેમ છે તેમ સાચું કહેવું છે. મારી વાત સુખ દેનારી છે. પદરાગ ધોળ –

**માનો મળી છે મોટી વાત, હાથ આવી તે માં હારજ્યો રે ।**
**કરી જતન દિવસ રાત, સૂતાં બેઠાં સંભાળજ્યો રે ।।૧।।**
**સાચો મળ્યો છે સત્સંગ, અંગે અચળ કરી રાખજ્યોરે ।**
**રખે ચડે બીજાનો રંગ, એવું ડહાપણ દૂર નાખજ્યોરે ।।૨।।**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, આપણને સર્વોપરી સ્વામિનારાયણ ભગવાનનો યોગ મળ્યો છે. તેમાં અચળ નિષ્ઠા રાખીને સત્સંગ કરવો. કેવી રીતે સત્સંગ કરવો ? સૂતાં, બેઠાં, ખાતાં, પીતાં, દરેક ક્રિયામાં ભગવાનને સંભાળજો...

ત્યાગાશ્રમને પામવા માટે સાધુ સંતોએ પૈસા છોડ્યા, પરિવાર છોડ્યો, સંસારી વસ્ત્રો છોડ્યાં, સંસારી નામ છોડ્યું, સગવડો છોડી, તે છોડવાથી શું ત્યાગી બની ગયા.?

## લૌકિક વસ્તુ છોડવાથી ત્યાગી નથી થવાતું

લૌકિક વસ્તુંમા રાગ છોડી દે. માયા છોડી દે. ત્યારે ખરેખરો ત્યાગી કહેવાય. ઢીલી વાત કરાય નહિં. કેવી વાત કરે. આ જમાનામાં ભગવાનની સંપૂર્ણ આજ્ઞા પાળી ન શકાય તો કાંઈ વાંધો નથી. ભકતચિંતામણી પ્ર. ૫૩ નિષ્કુળાનંદ સ્વામી કહે છે.

**ત્યાગી શોભા સંતની એમ કહે વેદ પુરાણ ।**
**ત્યાગી થઈ તન સુખ ઈચ્છે એ જ મોટો અજાણ ।।**

જીવાત્મામાં અપાર બળ રહયું છે, પણ માયાના આવરણથી દબાઈ જાય છે, પુણ્યના પ્રતાપથી સત્સંગ મળ્યો છે. અક્ષરધામના મુકતો અખંડ ભગવાનની સામે દીન આધિન થઈ ભગવાનમાં તલ્લીન બની ધ્યાન કરે છે. ભગવાનનાં દર્શન માટે શિવ, બ્રહ્મા,સુરરાજ ઝંખના કરે છે. આ તો કીડી કુંજરનો મેળાપ થયો. જીવ અને જગદીશનો મેળાપ થવો અતિ કઠણ છે.

**એવા મળ્યા છે મહારાજ, જે કોય સર્વેના શ્યામ છેરે ।**
**વળી રાજ એ અધિરાજ, એને આધારે સહુ ધામ છેરે ।।૧।।**



**ધામધામના જે રહેનાર, હજુર રહે છે જોડી હાથરે ।**
**કરી આરત્યશું ઉચ્ચાર, શિશ નમાવે છે નાથનેરે ।।૨।।**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે. પ્રભુ કેવા છે? રાજાધિરાજ છે. ધામના ધામી છે. એને આધારે સર્વે ધામ છે. તમામ દેવતાઓ હજુર રહે છે જોડી હાથને, શિશ નમાવે છે નાથને. ભગવાનની તમામ આજ્ઞાને અમલમાં મૂકે છે. એની આગળ આપણે કોણ ગણતીમાં છીએ. માટે ડહાપણ મૂકીને ભગવાનનું શરણું સ્વીકારવું.

ગામ હામાપરમાં લાલદાસ કરીને વાણીયા હતા. ખેતીવાડી કરે. ખેતીમાંથી જે આવક થાય તેમાંથી દશમો ભાગ ગઢપુરમાં ગોપીનાથજી મહારાજને અર્પણ કરે. અખંડ ભગવાનનું ભજન કરે. આપણું હદય છે તે પ્રભુને રહેવાનું ઘર છે. વેપારીનું મન અને લોભીયાનું મન દ્રવ્યાકાર થયેલું હોય છે તેથી તેને સ્વપનામાં પણ રૂપિયા જ દેખાય છે. એવી રીતે ભકતની ચિત્તવૃત્તિ ભગવાનાકાર થાય તો તેની નજર આગળ ભગવાન સદાય દેખાયા જ કરે. આપણી વૃત્તિ બ્રહ્માકાર થવી જોઈએ. તો જન્મ સફળ થાય.

વાડીમાં ઘઉં સારા થયા ભગવાન અર્થે ધર્માદાના બે. કોથળા ભર્યા. એક દિવસ આખો દિવસ વાડીમાં મહેનત કરવાથી લાલદાસભાઈ તેમ કુટુંબ પરિવારને ઊંઘ આવી ગઈ. રાત્રે ચોર આવ્યા. જયાં ધર્માદાના ઘઉંનો કોથળો ઉપાડવા જાય ત્યાં મા એવો શબ્દ થયો.. ચોર... આશ્ચર્ય પામી ગયો. કોણ બોલ્યું... આડું અવળું જોયું તો કોઈ દેખાતું નથી. એમ ચાર વખત લેવા જતી વખતે શબ્દ થયો. છતાં પણ ચોર ધર્માદાના ઘઉંના કોથળા લઈ ગયા. હવે શું કરવું.?

શ્રીજી મહારાજે ચોરની પત્નીને દર્શન દીધાં. પીળું પિતાંબર, માથે મુગટ, વૈજયન્તી માળા, કાને કુંડળ, હાથમાં છડી છે. શ્વેત પ્રકાશ મધ્યે પ્રભુ પ્રગટ થયા. બહેન શું કરો છો? મહાપ્રભુ હું સૂતી છું. તમને ચેતવણી આપવા આવ્યા છીએ. તમારા પતિ અમારા ધર્માદાના ઘઉં ચોરી આવ્યો છે. ચોરીનું અનાજ ખાશો તો બુધ્ધિ ભ્રષ્ટ થશે અને જમપુરીમાં જમની માર ખાશો. માટે ચેતી જાવ.

સ્ત્રીએ પોતાના પતિને કહ્યું ચોરી કરીને ઘઉં લાવ્યા છો..!! જાવ, જલ્દી જયાં હતા ત્યાં પાછા મૂકી આવો. નહિતર હું રોટલા નહિ ઘડી દઉં ને હું પણ નહિ જમું. લૂંટફાટ કરીને દ્રવ્ય લાવશો તો તે હક્કના દ્રવ્યને પણ ઉપાડી જશે. પત્નીનું કહ્યું માનવું જ પડે.

**ન્યાય નીતિથી કમાવ.... તેમાં સુખ શાંતિ છે.**

ચોર કોથળા લઈને લાલદાસ ભકતને ઘેર આવ્યા. અમારી ભૂલ થઈ છે. તમારા ઘઉં અમે લઈ ગયા હતા. તે લઈ લ્યો. બે હાથ જોડી માફી માગી. લાલદાસ ભકત ચોરને ઉપદેશ આપે છે.

**ક્ષણભંગુર આ દેહ વડેથી, અવિનાશી ફળ લેવું જી ।**
**દેહ ધર્યો તે સુખ દુઃખ આવે, તેને વેઠી લેવું જી ॥**

આ શરીર કાચી માટીના કુંભ જેવું છે. અંતે ધૂળ ભેળો ધૂળ થઈ જશે. જીવ સંગાથે કેવળ પાપ અને પુન્ય સાથે જાય છે. ચોર્યાસી લાખ ચક્કરમાં જીવાત્મા ફરી ચૂકયો છે. આ ક્ષણભંગુર શરીરથી હરિભજન કરી લેવું જોઈએ. વિગેરે ઉપદેશ આપ્યો. સત્ય શબ્દો ચોરના હૃદયને સ્પર્શી ગયા અંતરનું અજ્ઞાન દૂર થયું. સાચી સમજણ આવી ગઈ. ચોરની વૃત્તિ સત્સંગથી બદલાઈ ગઈ. આ છે સત્સંગનો પ્રતાપ. ભરાડીમાંથી ભકત બનાવે છે. પછી લાલદાસભકત ધર્માદાનાં ઘઉં ગઢપુર ગોપીનાથજી મહારાજને અર્પણ કરી આવ્યા. ભગવાનના થઈને રહે છે તેની ભગવાન સદાય રક્ષા કરે છે.

**જેણે રચ્યું આ જગત, જોને જુજવી જાત્યનું રે ।**
**જોતાં મુંઝાઈ જાય મત, એવું કર્યું ભાત્ય ભાત્યનું રે ॥**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે ભગવાને આ સૃષ્ટિનું સર્જન પોતાના આયુધમાંથી રચના કરી છે, ભગવાન નારાયણના હાથમાં ચાર આયુધ છે. શંખ - ચક્ર - ગદા - પદ્મ. પદ્મ એટલે કમળ.

**શંખમાંથી જળ પ્રગટ કર્યું. ચક્રમાંથી તેજ પ્રગટ કર્યું. ગદામાંથી વાયુ પ્રગટ કર્યો. પદ્મમાંથી પૃથ્વી પ્રગટ કરી.**

ભગવાનનું કાર્ય અદ્‌ભૂત ને અલૌકિક છે. કળી શકાય નહિં. વિચાર કરો. વરસાદનું પાણી અધ વચ્ચે કેમ રાખ્યું હશે. વરસાદ વરસે ત્યારે નદી, તળાવ અને સરોવર છલકાઈ જાય. આખી સૃષ્ટિ પાણીથી ભરાઈ જાય. પ્રભુની કળા અપરંપાર છે. તેમાં પહોંચે નહિ વિચાર...

**મેલી ડહાપણ ભોળાપણ, રહિયે દાસના દાસ થઈને રે ।**
**કહે નિષ્કુળાનંદ આપણ, તો બેસીયે લાભ લઈને રે ॥**

સ્વામી કહે છે. આપણી પાસે જે છે તે બધું ભગવાનનું જ આપેલું છે. છતાં



પણ ડહાપણ કરીએ છીએ. ખોટું અભિમાન સદ્‌ગુણોનું ભક્ષણ કરી જાય છે. ભગવાન લક્ષ્મીપતિ છે. રાજાધિરાજ અને ગરીબ નિવાજ છે. છતાં પણ બિલકુલ અહં નથી. ને જગતના જીવ પાસે ચાર પૈસા ભેગા થાય તો તરત અભિમાન આવી જાય. હું કાંઈક છું ખરો. વટથી ફરે, હેઠો બેસ. ખોટો અહંકાર કર નહિ. પ્રભુ ગર્વગંજન છે. ભલભલાના ગર્વ ઉતારી દીધા છે.

**આ કથા આત્મા પરમાત્માના મિલનની કથા છે.**

ભગવાન આપણી ઉપર હેત રાખે છે. સંભાળ રાખે છે, તેવી સગા સંબંધી રાખતા નથી. ભગવાન કહે છે તારી સંભાળ પૈસા નથી રાખતા. હું સંભાળ રાખું છું. ગર્ભવાસમાં કોણે રક્ષા કરી? ભગવાને રક્ષા કરી. જન્મતાં પહેલાં માની છાતી દૂધથી કોણે ભરી દીધી? ભગવાને ભરી દીધી, અન્ન, જળ, પ્રકાશ આપી કોણ જીવાડે છે? ભગવાન જીવાડે છે. ખાધેલા અનાજને કોણ પચાવે છે? ભગવાન પચાવે છે. શ્વાસો શ્વાસની રીધમ કોણ ચલાવે છે? ભગવાન ચલાવે છે. સવારે મીઠો મીઠો હાથ ફેરવી કોણ જગાડે છે? ભગવાન જગાડે છે. રાત્રે મીઠી મીઠી ઊંઘ કોણ આપે છે? ભગવાન આપે છે. તમામ જવાબદારી ભગવાન નિભાવે છે.

**જ્યારે કરી દીનતા ત્યાગ, અંગે લીધો અહંકારનેરે ।**
**ત્યારે મળ્યો માયાને લાગ, ખરો કરવા ખુવારનેરે ॥૨॥**

અહંકારી માણસ ભગવાનને ભૂલી જાય છે. ન બોલવાનું બોલે છે. ભગવાનને હું માનતો નથી. મંદિરમાં મને રસ નથી. સંતોને નમે નહિં. ભગવાન કહે છે - કૃતઘ્ની ગર્ભવાસની જેલમાં જઠરાગ્નિથી બળતો હતો. ત્યારે ગરજુ થઈ કરગરતો હતો. મને બચાવો. હું તમારી આજ્ઞા પ્રમાણે ચાલીશ ને અત્યારે કહે છે ભગવાનને હું માનતો નથી. પણ ધ્યાન રાખજે અંતે મારા હાથમાં આવીશને, જઈશ કયાં. તને મનુષ્યનો દેહ આપ્યો એ મારી ભૂલ છે. હવે તને ચારપગ વાળો પશુ બનાવીશ.

**આવી અરથની જે વાત, કોય નર ઉતારે અંગમાંરે ।**
**ત્યારે સુખી થાય સાક્ષાત, પછી સમઝી રહે સત્સંગમાંરે ॥૧॥**
**થઈ ગરીબ ને ગર્જવાન, શિષ્ય થઈ રહે સર્વનોરે ।**
**મેલી મમતા ને માન, ત્યાગ કરે તન ગર્વનોરે ॥૨॥**

સત્સંગમાં ગરીબને ગરજુ થઈને રહેવું. પણ ઉન્મતાઈથી છલકીને મોટા

સંતનું અપમાન કરવું નહિ. જોઈ વિચારીને બોલવું. વઢે તો પણ મુઝાવું નહિ. રાજી રહેવું.

**આત્માનું કલ્યાણ કરવું હોય તો સત્સંગનો ખપ રાખવો પડે.**

ગામ કારીયાણીમાં દરબાર વસ્તાખાચરના દીકરા જોઈતા ખાચર હતા, પરમ એકાંતિક ભકત હતા, કાયમ સહજાનંદનો આનંદ વહયા કરે. ગમે તેવી વિકટ પરિસ્થિતિ ઊભી થાય તો પણ જોઈતાખાચર ઉદાસ થાય નહિ. કયારેક ભગવદ સ્મરણ કરતાં અંગોઅંગ પ્રભુનું ચિંતવન કરતાં એવા મશગુલ બની જાય કે, સમયની કાંઈ ખબર રહે નહિ, આનંદ હોય તો જ બે ત્રણ કલાક માળા ફેરવાય, નહિતર તો માથું ચડે.

એક વખત ગામ કારીયાણીમાં ભવાયા (નટ) રમવા આવ્યા. ગામના માણસો જોઈતાખાચર પાસે આવ્યા. બાપુ તમે રમત જોવા આવો તો ઘણા માણસો જોવા આવે અને ભવાયાની શીખ સારી થાય. જોઈતાભકતે કહ્યું, અમે સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત છીએ. તેથી ભવાયા જોવાય નહિ. ખોટાં ચિત્ર જોવાં તે પણ પાપ છે. પાપ આંખ દ્વારા એ હૃદયમાં પ્રવેશ કરે છે, જોયું હોય તે સાંભળી આવે. માણસમાત્રને આંખ કાબુમાં રાખવી જોઈએ.

કયારેક એવું બને છે. ન કરવું હોય તો પણ જગતના માણસો જોરાઈએ કરાવે. થોડીવાર ભવાયા જો જો પછી ઘેર આવતા રહેજો. પણ તમારે ચાલવું જ પડશે. જોરાઈએ તેડી ગયા, આ વાતની સાધુને ખબર પડી ગઈ બીજે દિવસે જોઈતાખાચર મંદિરે દર્શન કરવા આવ્યા. ત્યાં હરિસેવાદાસ સાધુ હતા. તેણે કડક થઈને કહયું, - જોઈતાભકત સત્સંગી થઈને ભવાયા જોવા કેમ ગયા....? હાથ ઝાલીને મંદિરથી બહાર કાઢયા. શરમ નથી આવતી. કેટલો ઉપદેશ આપ્યો છતાં કોઈ ગ્રહણ કરતા નથી. આંખમાં રાખવા જેવો તો ભગવાન છે.

**ખરાબ ચિત્ર જોશો તો દષ્ટિ ચંચળ બની જશે. મનમાં ખોટી અસર થશે.**

ખરેખરા ભકત નાચગાન જુવે નહિ, આંખને નિયમમાં રાખો. જોઈતાખાચરે તુરંત સાધુના ચરણમાં દંડવત્ પ્રણામ કર્યા. સ્વામીજી મારી ભૂલ થઈ ગઈ છે, માફ



કરો. તમે તો મારા મોક્ષના દાતા છો. દંડવત્ કરતા જાયને માફી માગતા જાય. સંતનો જરાય અભાવ આવ્યો નહિં. ઠપકો આપ્યો છતાં પણ જરાય મુંઝાયા નહિં. ભૂલને હસ્તે મુખે સ્વીકાર કરી લીધો. આપણે મનનું ધાર્યું મૂકી દેશું ત્યારે મુકતદશા પ્રાપ્ત થશે અને સંપૂર્ણ રીતે નિર્દોષ બની શકાશે. આપણી કોઈ ભૂલ થઈ ગઈ હોય અને સંત હાથ ઝાલીને બહાર કાઢે તો શું થાય? મોટે પાયે ઝઘડો થાય. પણ ભૂલનો સ્વીકાર થાય નહિ.

વચનામૃત અં.ગ.૨૩ માં શ્રીહરિ કહે છે, શિક્ષાને અર્થે ભગવાન અને ભગવાનના ભકત પોતાને વઢે ત્યારે એમ વિચારવું જે મારા મોટાં ભાગ્ય છે મને ભગવાન અને ભગવાનના ભકત વઢયા. જેણે કરીને મારામાં અવગુણ હશે તે જશે, વઢે ત્યારે રાજી થવું પણ મનમાં શોક કરવો નહિ, કચવાવું નહિ.

**અંતરશત્રુને આદર દેવો નહિ... ધક્કો દેવો.**

અંતરમાં એક ભગવાનને રીઝવવાનું તાન રાખવું. પ્રત્યેક વ્યવહારને ભકિતમય બનાવો. રાત્રે પથારીમાં બેસીને જે ભકિત કરતો નથી, તેના મનમાં પાપ આવે છે. કામ વાસના સતાવે છે. પથારીમાં પડયા પછી ધીરે ધીરે મન અંદર જાય છે, જગત ભૂલાય છે. જગતની વિસ્મૃતિ એ જ જાગૃત અવસ્થાની સમાપ્તિ છે.

**એવા ઉપર શ્રીઘનશ્યામ, સદા સર્વદા રાજી રહેછેરે ।**
**સરે નિષ્કુલાનંદ કામ, એમ સર્વે સંત કહેછેરે ।।૪।।**

પરમાત્માનું સ્મરણ કરતાં જેને નિદ્રા આવે છે, તે નિદ્રા સમાધિ જેવી છે, એવા ભકતજન ઉપર ઘનશ્યામ મહારાજ સદા સર્વદા રાજી રહે છે.

પદરાગ ધોળ– સખી સાંભળ્યને કહું વાત એ ઢાળ –

**કહે તો વળી કહું એક વાત, સુણજ્યો સહુ મળી ।**
**છેજો સાંભળ્યા જેવી સાક્ષાત, વાલપે કહું વળી ।।૧।।**
**જેમ નરદેવ દઈને દંડ, વેરીને વશ્ય કરે ।**
**લિયે ખાટી તે સર્વે રખંડ, દુષ્ટ તે સરવે ડરે ।।૨।।**

નિષ્કુળાનંદ સ્વામીના શબ્દોમાં જોરદાર તાકાત છે, જો વાતને અંતરમાં ધારે ને તે પ્રમાણે વર્તન કરે તો તે જલદી માયાથી મુકત થાય છે. સ્વામી કહે છે. વાલપે વાત કરું છું તે સાંભળવા જેવી છે. જેમ નરદેવ દઈને દંડ વેરીને વશ કરે. રાજા પોતાના શત્રુને દંડ દઈને વશ કરે છે. ભગવાન સ્વામિનારાયણે અંતરશત્રુને વશ

કર્યા. પ્રેમાનંદ સ્વામી ગાય છે.

**જેની આંખમાં કામ છે, તે છતી આંખે આંધળો છે.**

કામ, ક્રોધ, લોભ, માન વિગેરે અંતરશત્રુને શ્રીહરિએ હણી નાખ્યા, કહે નિષ્કુળાનંદ નિદાન નિજ્જન તારી લીધા.

**આવી સભા જોઈને શત્રુ હારીયા ।**
**કામ ક્રોધ લોભ મોહ માન, મોત વિના મારીયા ॥**

બ્રહ્માંડમાં દિવસને રાત અંતરશત્રુ ભમ્યા કરે છે. ગમે તેમ કરીને ધર્મનિષ્ઠા માંથી પાડી દઉં. જે ભગવાન સ્વામિનારાયણને શરણે આવ્યા છે. તેને અંતરશત્રુથી બચાવી લે છે. નિજ્જનને તારી લીધા.

**કામ કારણે કઢાવી લાજ, ક્રોધે બોલી બંધ કરી ।**
**લોભ ઉપર મહા મુનિરાજ, આવીયા ઝાડે ફરી ॥૨॥**

શ્રીહરિએ કામ જીતાડવા માટે સંતોને લાજ કઢાવી, સંતો મોટા ઘૂંઘટા તાણીને ચાલે. એક પાર્ષદ આગળ ચાલે તેના પાછળ સંતો ચાલે, વસ્ત્ર જાડાને ઘાટા પહેરવાનાં હોય. પાતળાં વસ્ત્ર નહોતા કે સોંસરુ દેખાય, કામ આંખ દ્વારે અંદર પ્રવેશ કરે છે, આંખ જીતાય તો કામ જીતાય. ક્રોધે બોલી બંધ કરી. ક્રોધ આવે ત્યારે મૌન રહેવું, પાંચ મિનીટ મૌન રહી જાય તો ક્રોધ જીતાય છે.

**સ્વાદે સહુ એકઠું કરી અન્ન, જળ નાખી જન જમે ।**
**સ્નેહ સંભારે નહિ સ્વજન, માનથી દૂર રમે ॥૩॥**

સ્વામી રસાસ્વાદ જીતવાની વાત કરે છે. સંતોને નિસ્વાદી બનાવ્યા લાકડાના પતરમાં ભોજન ભેગું કરી બધી વસ્તુ ચોળી, ભોજનમાં પાણી રેડી ભેગું કરી કોળીયે કોળીયે ભગવાનનું નામ લેતાં જમે, સગા સબંધીથી દૂર રાખ્યા. નિર્માની થઈને સત્સંગ કરે.

**સાત્વિક ખોરાક જમવાથી શરીર સ્વસ્થ,**
**નિરોગી, નિર્મળ અને પવિત્ર રહે છે.**

અંતરશત્રુને રીસ ચડી તેથી શ્રીહરિના સંતો સામે નજર માંડીને જોતા જ નથી.

**કહે નિષ્કુલાનંદ નિરધાર, વેરી એમ વશ્ય કર્યા ॥૪॥**



શ્રીહરિ ઉત્તમ ઉપદેશ આપી અલૌકિક રીતે પ્રવર્તાવી સારો શક્કો બેસાર્યો. નિષ્કલંક કર્યા. નારી નર ઉત્તમ ઉપદેશ દઈ. માયા જલ્દી જીતી શકાતી નથી. સ્ત્રી ધનનો ત્યાગ રાખે તો અંતરમાં માન ગરી જાય. હું મોટો... માન મૂકે તો ક્રોધ આવી જાય. ક્રોધ મૂકે ત્યાં ઈર્ષા ને અભાવ આવી જાય. નિષ્કલંક કર્યા નારી નર. હજારો ભક્તજનો અંતરશત્રુ જીતીને આવા હળાહળ કળિયુગમાં ભજન ભકિત કરી બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરે છે. સ્ત્રી પુરુષોની સભા જુદી કરી, અને મંદિરો પણ જુદાં કર્યાં. બહુ સામર્થી વાવરી શ્યામ પછી પધારીયા નિજધામ શ્રી ઘનશ્યામ હરિ..વાંસે રહ્યા વેરી વિપરીત... ખરેખરા ખિજે ભર્યા... અંતરશત્રુ ખીજાણા.

**વડું વેર વાળવાને કાજ, સાબદા એ સહુ થયા ।**
**મોટા મોટાની લેવાને લાજ, તાકેછે તેહ રહ્યા ॥૧॥**

અંતરશત્રુ તાકીને બેઠા છે.. મોટા મોટાને પકડયા.. એકલશૃંગીને કામે પકડી લીધા. દુર્વાસાને ક્રોધે પકડી લીધા.. વશિષ્ઠજીને લોભે પકડીને ફજેત કર્યા. અંતરશત્રુ ભલભલાને આંટીમાં લીધા છે. ગાફલાઈ રાખશો તો શત્રુ વેર વાળશે ને જીવન વગોવાઈ જાશે. સાવધાન રહો.

**કૃષ્ણ પધાર્યા કેડયની વાત, શ્રીભાગવતે ભાખી ।**
**કર્યો અસુરે ઉતપાત, હરિનારી ઘેર રાખી ॥૧॥**
**અર્જુનનું ન ઉપજ્યું કાંય, ગાંડીવ ઘણુંયે હતું ।**
**તોય ન થઈ તેહની સા'ય, બુઢાપણ આવ્યું નો'તું ॥૨॥**

પ્રભુ શ્રી કૃષ્ણ આ લોકમાંથી અંતરધ્યાન થયા, અસુરે ઉત્પાત કર્યો. દ્વારિકાથી અષ્ટપટરાણીને રથમાં બેસાડી અર્જુન હસ્તિનાપુર જાય છે. જંગલમાં કાબા મળ્યા, અર્જુન ભગવાનના વિયોગમાં ખિન્ન થઈ ગયા છે. પ્રભુનો સંગાથ નથી એટલે એકલા સાવ હતાશ થઈ ગયા છે. પ્રભુનો વિયોગ સતાવે છ. ગમતું નથી. કાબાએ અર્જુન સાથે યુધ્ધ કર્યું અર્જુન ગાંડીવ ધનુષ્યથી ખૂબ લડયા પણ જીત થઈ નહિ. હારી ગયા. ભલભલાને રણસંગ્રામમાં મારનાર આજે કાબાને જીતી શકયા નહિ. અર્જુનને ખબર પડી કે જે કાંઈ મારી જીત થઈ છે તે પ્રભુની શકિતથી થઈ હતી. આજે મારી તમામ શકિત હરાઈ ગઈ છે.

**સમય સમય બળવાન હૈ, નહિ મનુષ્ય બળવાન ।**
**કાબે અર્જુન લૂંટીયો, એહી ધનુષ્ય એહી બાણ ॥**

મનુષ્ય બળવાન નથી. સમય બળવાન છે. ક્યારેક એવો સમય આવે મિષ્ટાન્ન મેવાના થાળ ભર્યા હોય તો પણ ભાવે નહિ ને ક્યારેક એવો સમય આવે બટકું રોટલાનાં પણ સાંસા હોય. ક્યારેક સમય એવો આવે માન સત્કાર થાય. ક્યારેક એવો સમય આવે તિરસ્કાર અને અપમાન પણ થાય.. પણ સુખી કેમ થવાય? ભાવ ધરી ભજવા ભગવાન સુખ દુઃખ આવે સંસારમાં.

**માટે સમઝી સરવે સુજાણ, વચનમાં વળગી રહેજો ।**
**કહે નિષ્કુલાનંદ નિરવાણ, કઠણ પળ આવી છે જો ।।૪।।**

પ્રભુનાં વચનમાં વળગી રહેજો, વચન લોપશો તો કળયુગ પ્રવેશ કરી જશે. પછી સદ્‌વિચાર રહેશે નહિ. સંતનો અભાવ આવશે. ખોટામાં ભાવ થાશે, ન કરવાનું કામ થશે અને અંતે લક્ષચોરાસીમાં ભટકશે. નિષ્કુળાનંદ સ્વામી કહે છે.

**સાધુ સમાજ સાવધાન રહો.**

બ્રહ્મચારી... સાધુ... અને સન્યાસી લાકડાની પૂતળીને પણ સ્પર્શ કરે નહિ. બહુ ભીડમાં અજાણતાં કોઈ સ્ત્રીનો કદાચ સ્પર્શ થઈ જાય તો પ્રભુ થોડી ક્ષમા આપે છે.. પણ જાણીને સ્પર્શ કરે તો ક્ષમા નથી....પણ સજા છે. સ્ત્રીના મુખમાં અને કેશમાં કામનો નિવાસ છે. સ્ત્રી શરીર અગ્નિ સમાન છે. અને પુરુષ ઘીનો ઘડો છે. અગ્નિ પાસે ઘી રાખે એટલે પીગળે.. મોટા મોટા ઋષિમુનિઓ ભૂલા પડયા છે. મનમાં જ્યારે કામ, ક્રોધ, મોહ વિગેરે અંધકાર છવાયેલો હોય છે. ત્યારે સ્મૃતિ ક્ષીણ થઈ જાય છે.

**મનુષ્ય શરીર ભોગ ભોગવવા માટે નથી**
**પણ મોક્ષ મેળવવા માટે છે.**

આવો અવસર જાય અમૂલ્ય પાછો તે પામતો નથી. તપાસ કરવો તોલ ઊંડો અતિ અંતરથી વચનામૃતમાં શ્રીજી મહારાજે પાંચ વાતનું નિત્ય અનુસંધાન રાખવાની વાત કરી છે. અમારા મનમાં પંચવિષયની વાસના ટળી ગઈ છે કે નહિ અને એમ જાણું છું જે ટળી ગઈ છે તો ઈંદ્રિયોની ક્રિયા તેમ થાય છે. ત્યારે રખેને ન ટળી હોય એમ અણવિશ્વાસનું નિરંતર અનુસંધાન રહે છે.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે સંયોગોવશાત્ અન્ન, વસ્ત્ર, ગામ, ગરાસ, રાજ, સાજ કદાચ ગયું હશે તો એ પાછું મળી જશે. દિવસ હાર્યા છીએ જિંદગી હાર્યા નથી. પણ લાજ આબરૂ ગઈ તો તે પાછી મળવાની નથી.



**બેઠી બજિનાંમી જેને શિશ, ટળે નહિ કોય પળે ।**

બદનામી બેઠી તે કદી ભૂંસાતી નથી. ભવ, બ્રહ્મા, એકલશૃંગી, સૌભરી, નારદ, પર્વત વિગેરેની મતિ ફેરવીને સત્યમાર્ગથી પાડી દીધા તો આજ સુધી તેની વાત સૌ કરે છે. જેની પાસે જોખમ હોય તેને જતન કરીને સાચવવો જોઈએ. ગાફલ રહે તો કીમતી માલ ચોર ચોરી જાય છે. શીલ, સંતોષ, દયા, શાંતિ, ક્ષમા, ધીરજ, વિગરે સદ્‌ગુણો ચોર ચોરી જાય છે. ઈંદ્ર અહલ્યામાં લોભાઈ ગયો, ચંદ્રમા ગુરુપત્નીનું હરણ કરી ગયા. એકલશૃંગી જરાક વેશ્યા હાથનો રસાસ્વાદ ચાખ્યો તો તપ ગુમાવી બેઠા. ભલભલાની કામદેવે લાજ લીધી છે. સૌભરિઋષિને માયાએ એક ક્ષણમાં પછાડયા. મનનું ઠેકાણુ ન રહયું. માંધાતાની પચાસ કન્યા પરણીને તપ ગુમાવી બેઠા.

**પદરાગ ધોળ–**

**જેનું કામે કાપી લીધું નાક, લોભે લઈ લાજ લીધીરે ।**
**જેની જીભે રોળી કર્યો રાંક । માને તો ફજેતી કીધીરે ।।૧।।**
**એવા જનનું જાણો જરૂર, નથી સુખ જોયા જેવુંરે ।**
**દોષે ભર્યું જાણી તજો દૂર, અઘે અવરાણું એવુંરે ।।૨।।**

નિષ્કુળાનંદ સ્વામી કુસંગથી બચવાની વાત કરે છે. પાપીનો સંગ કરવો નહિ. આભડછેટથી દૂર રહેજો.

**એવા જન જીવતા જરૂર, મૂવાછે માની લેજોરે ।**

પાપી મનુષ્ય જીવતા છતાં મરેલો છે. સર્પ મરી જાય છતાં થોડી વાર પૂંછ હલાવે. દેવાનંદ સ્વામી ગાય છે.

**ભજ્યો નહિ ભગવાન, મુરખ જીવતો મર્યો.**
**પેટને અર્થે પાપ કરતાં, દીલમાં ન ડર્યો.**
**પુણ્ય કર્યાનું પાડોશીને, ત્યાં આડો ફર્યો. ભજ્યો.**

ઝાડનું થડ કાપી નાખે તો આખું વૃક્ષ સુકાઈ જાય. ભજન, ભક્તિ, પૂજા, પાઠ, કથા, કીર્તન, ઉત્સવ સમૈયા કરે તો સત્સંગ લીલો રહે ને ધર્મ સહિત ભક્તિ ન કરે તો સત્સંગ સુકાઈ જાય.

**વિષયથી વિરક્ત રહેવુંને હરિમાં હેત કરવું.**

માણસ માત્ર પંચવિષય વગર રહી શકતો નથી, માણસ આખી જિંદગી ઈંદ્રિયો

દ્વારા વિષયનો ચારો ચરે છે. યજ્ઞમાં જેમ ઘી ની આહૂતિ અપાયને જ્વાળાઓ પ્રજ્વલિત થાય તેમ વિષયોરૂપી ઘીની સતત આહુતિઓ આપે એટલે મન અતિ વેગવાન બની જાય છે, કૂવો ગાળવાના દષ્ટાંત આપી શ્રીજી મહારાજ સમજાવે છે. કૂવો ગાળતી વખતે જમીનમાંથી પાણીની સરવાણી આવતી હોય, તેને ગોદડાના ગાભા ભરાવી રોકી રાખે તો કૂવો ગાળી શકાય તેમ આત્મા પરમાત્માનું અખંડ સુખ આનંદ મેળવવું હોય તો માયાવી ક્ષણિક સુખના વિચારોની સરવાણી રોકી રાખે તો હૃદયરૂપી કૂવો ગળાય.

**કહો કપટ કેટલા દિન, નર એહ રાખી રહેશેરે ।**
**કહે નિષ્કુલાનંદ સહુ જન, જેમ હશે તેમ કહેશેરે ॥૪॥**

કપટ એટલે બોલવું એક ને કરવું બીજું. શ્રીજીમહારાજ એક વખત ધોલેરા જાય છે. સાથે સંતો પાર્ષદો અને કાઠી દરબાર છે. તે બધા આગળ નીકળી ગયા, રસ્તામાં એક તપસ્વી આંખ બંધ કરી પલાંઠી વાળીને બેઠો છે. બધા કહે - આ મૌનવ્રત વાળા યોગી છે. પૈસાને અડતા નથી કાંઈ જમતા નથી. કેવળ વાયુ ભક્ષણ કરે છે.

સુરાખાચરને થયું કેવા તપસ્વી છે તેની પરીક્ષા કરીએ! ખિસ્સામાંથી રૂપિયો કાઢયોને બોલ્યા. આ તપસ્વી કેવા મજાનાં ધ્યાનમાં બેઠા છે, મને ભેટ દેવી છે, પણ કેમ દેવી ? આપણી સામે જોતા નથી. આંખ ખોલતા નથી. બાજુંમાં રાખું તો કોઈક ઉપાડી જાય. ખભે ખેસ નથી, હોય તો છેડે બાંધી દઉં. તપસ્વીને થયું ભેટ હાથમાંથી જશે. તેથી મોઢું ખોલ્યું... સુરાખાચરે ધૂળની ચપટી ભરીને મોઢામાં નાખી દીધી. બાવાનો મગજ છટકયો, છે કોણ? એને જીવતો ન મૂકું. માંડયો ગાળો દેવા. જેમ તેમ બોલે છે.

સુરાખાચર ઘોડી ઉપર બેસીને ઘોડી દોડાવી, પ્રભુને આંબી ગયા. પ્રભુએ કહયું, -સુરાખાચર! વાંસે કેમ રહી ગયા? મહારાજ, તપસ્વીની પરીક્ષા કરતો હતો, એ સાચો તપસ્વી છે કે કપટી છે... પણ બાવો તો દંભીને કપટી નીકળ્યો. તેથી ધૂળની ચપટી મોઢામાં નાખીને હું આવતો રહ્યો. આવી રીતે જેને ચાવવાનું બીજું ને ખાવાનું બીજું હોય તેને કપટી કહેવાય.

**તનની નિરોગીતા માટે સાચી કસરત છે,**
**મનની નિરોગીતા માટે સાચા શાસ્ત્રનું વાંચન છે.**



આપણે ભગવાન માટે, સત્સંગ માટે, આપણા, જીવાત્માના કલ્યાણ માટે કેટલું કરી શકીએ છીએ, કેટલો દિવ્યભાવ રાખી શકીએ છીએ. તેની ઊંડાણમાં તપાસ કરો.

**જેમ મહા જળમાં મઘર, સાગર સહુને રાખેરે ।**
**નાનાં મોટાં કરી રહે ઘર, કોયને ન કાઢી નાખેરે ॥૧॥**
**પણ જ્યાં લગી જીવ હોય, ત્યાં લગી તેમાં રહેરે ।**
**વણ જીવે રહે નહિ કોય, લે'ર દૂર નાખી દહેરે ॥૨॥**

સ્વામી દષ્ટાંત આપે છે... જયાં સુધી શરીરમાં જીવ હોય ત્યાં સુધી દરિયામાં જીવ જંતુ સુખેથી હરે ફરે ને મજા કરે. પણ જીવ નીકળી જાય પછી તેને દરિયાની લહેર બહાર કાઢી નાખે છે. સિધ્ધાંત એ છે કે ધર્મ, ભક્તિ, નિયમ,સદાચાર વિગેરે સદ્‌ગુણો જેના જીવનમાં છે. ત્યાં સુધી તે સત્સંગમાં મસ્ત થઈને રહે. પણ જયારે ધર્મ નિયમ ચૂકી જાય પાપમાં પ્રવૃત થાય પછી તેનાથી સત્સંગમાં રહી શકાતું નથી. આંતરિક શત્રુનું જોર વધી જાય છે. ત્યારે તે સત્સંગથી બહાર ફેંકાઈ જાય છે.

**જે કોઈ ડચકાં દિવસ રાત, ખાતો નર હોય ખરાંરે ।**
**તેને જીવવાની જૂઠી વાત, પાંપળાં મેલો પરાંરે ॥૧॥**
**જેની નાડી છાંડી ગઈ ઘર, જીહ્વા તો ટુંકી પડીરે ।**
**દગ દોય દઈ ગયાં દર, શ્વાસ આવ્યો સુધો ચડીરે ॥૨॥**

જે પુરુષની નાડી ઘર મેલી ગઈ હોય. એકદમ શ્વાસ ચડતો હોય ડચકાં ખાતો હોય, તૂટક શબ્દ બોલતો હોય, નાકની ડાંડી નમી ગઈ હોય, આંખ ઊંડી ઉતરી ગઈ હોય તેવા સમયમાં તે પુરુષની સાથે કન્યાનું સગપણ કરે, તે આજ કાલમાં વિધવા થવાની છે. તેમ જેને સત્સંગનો સંતનો અવગુણ આવ્યો છે. ઈર્ષા કપટમાં રમે છે, તે આજ કાલમાં પ્રભુથી વિમુખ થવાનો છે. એની નાડી ઘર મૂકી ગઈ છે. પોતાની જાતને ભૂલી ગયો છે.

## ઉતમ સાહિત્ય સદગુણોનું સિંચન કરે છે.

સિંહનું બચ્ચું ઘેટાં, બકરાં ભેગું ભળી ગયું. ઘેટાં બકરાંમાં ફરે, એમાંજ મોટું થયું, મનમાં એમ થયું કે હું બકરો છું. કયારેક વિચાર થાય આ બધા ઘેટાં બકરાંમાંથી મારું શરીર કેમ મોટું છે. હું વધારે ખાઉં છું એટલે મોટો દેખાવ છું. સિંહનું બચ્ચું પાણી પીવા આવ્યું. ત્યાં વાર લાગી ગઈ. ત્યાં જંગલમાં સિંહ નીકળ્યો એને વિચાર થયો આ

મારા જેવો સિંહ છે ને ઘેટાં બકરાંમાં કેમ આંટા મારે છે? સિંહ નજીક આવ્યો ત્યાં બચ્ચું ભાગ્યું. અલ્યા મને દેખીને શું કામ ભાગે છે.? તમે મને ખાઈ જાવ તો? તને નહિં મારું... ના ! મને બકરાને તમે ખાઈ જાવને .... અલ્યા તું સિંહ છે. બકરો નથી!! ના હું મોટો બકરો છું. અલ્યા તું ભૂલો પડયો છે. પાણીમાં તારું મોઢું જો.. મારા જેવું જ તારું મોઢું છે. પાણીમાં જોયું. તો બેયના મોઢા સરખાં. અલ્યા તું બકરો કેમ થઈ ગયો? એકલો રહી ગયો તેથી બકરાં ભેગો ભળી ગયો.

સિંહે કહ્યું - હું ત્રાડ નાખું તેમ તું ત્રાડ નાખ. આણે ત્રાડ નાખી. હાશ! મને તમારા જેવી જ ત્રાડ નાખતાં આવડે છે. તું બકરો નથી સિંહ છે. આ કથાનો અર્થ : જીવાત્મા સત-ચિત- આનંદમય દિવ્યને તેજસ્વી સિંહ જેવો બળીયો છે. પણ જગતની માયામાં ભળી ગયો તેથી ઘેટાં બકરા જેવો ઢીલો બીકણને બાયલો થઈ ગયો છે. અસલી સ્વરૂપ સમજાતું નથી. તેને સંતો સમજાવે છે. તું દેહ નથી પણ આત્મા છો. બ્રહ્મ છો. સહજાનંદી સિંહ છો. તું અસલરૂપને ભૂલી ગયો છે.

**દેખી ઉપરનો આટાટોપ, મને રખે મોટા માનોરે ।**
**એતો ફોગટ ફૂલ્યો છે ફોપ, સમઝો એ સંત શાનોરે ।।૨।।**

ફોગટ શા માટે ફૂલો છો. જગતની આસક્તિ ઓછી કરો. જેમાં તમને આસક્તિ હોય તેને દેહ કે મનથી વારંવાર ભોગવ્યા કે ચિંતવન કરવાથી વાસના વધી જાય છે. વાસના ભોગવવાથી કયારેય ઘટતી નથી. શ્રીજીમહારાજ વચનામૃતમાં કહે છે. જેમ પાતાળ સુધી પૃથ્વી ફાટી હોય તેને પાણીથી ભરવા મંડે તો કયારેય ભરાય નહિ. તેમ ઈંદ્રિયો છે તેને કયારેય વિષય થકી તૃપ્તિ થઈ નથી ને થશે નહિ.

**પશુ દોરડાથી બંધાય છે, પક્ષી પીંજરામાં બંધાય છે,**
**માનવ વાસનાથી બંધાય છે, પ્રભુ પ્રેમથી બંધાય છે.**

વિષય વાસના રાખે છે તે વહેલો વૃધ્ધ બને છે, ભગવાનમાં આસ્થા રાખે છે તે સમૃધ્ધ બને છે.

**જોને શુકજી ને જડભરત, કો' કેણે મોટા જાણ્યારે ।**
**હતા નિષ્કુલાનંદ એ સમર્થ, પછી સહુએ પરમાણ્યારે ।।૪।।**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે - શુકદેવજી, જડભરત, ગોપાળાનંદ સ્વામી, મુકતાનંદ સ્વામી વિગેરે સંતો જયારે દેહ છતાં આ ભૂમિ ઉપર હયાત હતા ત્યારે આ



જગતના અજ્ઞાની જીવાત્માઓ એને ઓળખી શકયા નહિ. ગાંડા જાણીને પથ્થર મારતા, કાંટાવાળી લાકડીઓ મારતા, ઝેર પાતા. કાંદા ફેંકી ખૂબ હેરાન પરેશાન કર્યા છે.

**દુનિયા તણા દો રંગ ધોખા કદી કરશો નહિં.**

આજે હાર પહેરાવે, કાલે ધક્કો દેશે, પછી ખબર પડી કે એ સંતો ગાંડા બાવા નહોતા પણ મહાન બ્રહ્મવેતા સંત હતા. પાત્રતા હોય તો ઓળખી શકાય ને!

**અધ્યાત્મિક ઉચ્ચ શિક્ષણથી શિક્ષિત થયેલો**
**માણસ સાચા સંતને ઓળખી શકે.**

સ્વામી દષ્ટાંત આપે છે. પક્ષીમાં ઘુવડ મોટો, ઝાડમાં તાડ મોટું, જળચરમાં મગર મોટું, પશુમાં પાડો મોટો, સર્પમાં તક્ષકનાગ મોટો, વીંછીમાં ઠાકરિયો વીંછી મોટો. આ બધા મોટા. પણ હકીકતમાં સાવ ખોટા. કોઈના હિતકારી નહિ. એમ ભગવદીય ગુણ વિનાના મોટા પણ તે ઉપર દષ્ટાંત આપ્યાં તેવા છે.

ભલું કર્યું હોય તેને ભાલા મારે તેનાથી હંમેશાં દૂર રહેવું. કૃતઘ્નીનો ત્યાગ કરવો. ઉપકાર પર અપકાર કરે તેવા પાપીનો પ્રસંગ રાખવો નહિ. શ્રીજી મહારાજે સમાજને જગાડવાનું કામ કર્યું છે. આખું જગત મોહ નિદ્રામાં સૂતુ છે. જાગેલો બીજાને જગાડી શકે, સૂતેલો સૂતેલાને કેમ જગાડે? ખુલ્લી આંખે આખું જગત મોહ મમતામાં સુતૂં છે. ઉંઘેલાને કેમ જગાડે? ખુલ્લી આંખે આખું જગત મોહ મમતામાં સૂતુ છે. મોહે મનુષ્યોને એવા વશ કર્યા છે કે માથું ઊંચું કરવા દેતા નથી. સ્ત્રીનો મોહ તો ભલભલાને ઉથલાવી નિંદાને પાત્ર બનાવીને ઈજ્જત ગુમાવી દે છે.

**પદરાગ ધોળ –**

**સુંદર સારી શિખામણ મારી, માનીલે મનવા મારારે ।**
**ધારી વિચારી મેં વાત ઉચ્ચારી, તે જોઈ સ્વભાવ તારારે ।।૧।।**

સ્વામી કહે છે. હું સુંદર શિખામણ આપું છું. સ્વભાવ સુધારો બીજાને શિખામણ દેવામાં તું શૂરો છે. પણ તારો સ્વભાવ તો જો તને તારા દોષ દેખાતા નથી. અવળી સમજણ અળગી કરી સવળી સમજણ રાખવી.

**મન તુંને સમઝાવવા સારૂં, કહ્યું મેં વારમવારરે ।**
**તેં તો ગમતું ન તજીયું તારૂં, ગઈ શિખામણ ગમારરે ।।૧।।**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે. ગમાર .. તને સમજાવવા સારું હું વારંવાર કહું

છે કે તારું ગમતું મૂકીને હરિ ગમતામાં રહીશ તો તારું આ લોક અને પરલોકમાં શ્રેય થશે.

## ધર્મ હોય ત્યાં ધન ટકે છે.

જે ધર્મનું રક્ષણ કરે છે, તેનું ધર્મ રક્ષણ કરે છે.

**ધર્મ એવ હતો હન્તિ, ધર્મો રક્ષતિ રક્ષિતઃ**

ધર્મનું તન મન ખરા ખંતથી સેવન કરવું જોઈએ, જીસને ધર્મ સંપાદન નહિ કિયા ઐસા ધર્મહીન નાસ્તિક આદમી જિંદા હો તો ભી મુડદે જેસા હૈ. દેહ જીવકે આધાર પર હૈ, વૈસી જીંદગી ધર્મ કે આધાર પર હૈ.

ગોપાળાનંદ સ્વામી સંતમંડળ લઈને ગામ વસોમાં પધાર્યા. ત્યાં કારીયાણીના વસ્તાખાચર સ્વામીનાં દર્શન કરવા આવ્યા. પગે લાગીને સભામાં બેઠા. સ્વામી ઉપદેશામૃત કીર્તન ગાય છે.

**ભવસાગરમાં ભક્તિ હરિની, ઉતરવાનો આરોજી;**
**એ વિના ઉપાધિ બીજી, વેઠ તરીકે ધારોજી....**
**માયાનો પ્રપંચ રચ્યો છે, ખેલ ખલકનો ખોટોજી;**
**દાસ નારાયણ હરિ ભજીને, લાભ કરી લ્યો મોટોજી...**

વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે. મીણનો દોરો ઉનાળામાં ઢીલો થઈજાય. શિયાળામાં અક્કડ થઈ જાય, પણ સોનાનો દોરો છ ઋતુમાં સરખોજ રહે. કડક, ઢીલો થાય નહિ. તેમ ભકતજનને સોનાના દોરા જેવું થાવું. સુખમાં છલકવું નહિ. દુઃખમાં મુઝાવું નહિ. હિંમતપૂર્વક રહેવું.

વસ્તાખાચરે સ્વામીને પૂછયું - સ્વામીજી અગણોતરા કાળમાં મારા ઘરમાં એક લાખ રૂપિયા, પાંચસો કળશી અનાજ હતું અને પચાસ ભેંસો દુઝણી હતી. ઘર ધનસંપતિથી છલકાતું હતું. પાંચસો પરમહંસ અમારે ઘરે રહેતા, કથા વાર્તા કરતા જમતા. છતાં ખબર પડતી નહિ. ભંડાર ભરપુર હતા. અત્યારે ઘરમાં કાંઈ નથી. રોટલા ખાવાના સાસાં પડે છે. આવું કેમ થયું હશે? મને કાંઈ ખબર પડતી નથી.

ગોપાળાનંદ સ્વામીએ સરસ જવાબ આપ્યો. - જ્યાં ધર્મ છે ત્યાં ભકિત રહે છે, ધર્મ અને ભકિત છે ત્યાં ભગવાન છે. ભગવાન હોય ત્યાં લક્ષ્મીજી રહે છે. તમારો પુત્ર પરિવાર ઉધ્ધત થઈ ગયો છે, ધર્મ નથી, સ્વછંદી પ્રજા થઈ છે. પૂજા પાઠ કરતા નથી, એકાદશીનું વ્રત કરતા નથી. ધર્મ મર્યાદા નથી, વિવેકને વિનય નથી. પ્રભુની આજ્ઞાનું પાલન કરતા નથી. તેથી ઘરમાં સુખ શાન્તિ કે બરકત નથી. સ્વામી એ કહયું



તમારા ઘરમાં, દાદાખાચરના ઘરમાં તથા ઝીણાભાઈના ઘરમાં સૂરાખાચર અને જોબનપગીના ઘરમાં જે જે ધનસંપત્તિ હતી તે ભગવાને મોકલેલ હતી. પ્રભુએ અષ્ટ સિધ્ધિ નવનિધિને દશ દિગ્પાળને આજ્ઞા કરી હતી તેથી લક્ષ્મીજીનો અખંડ નિવાસ હતો.

ધર્મ છે ત્યાં સદાચારને સત્ય છે. જયાં સત્ય છે ત્યાં સુખ-સંપત્તિ-રિધ્ધિ અને કીર્તિ છે. સદાય સત્યનું જ સેવન કરવું. સત્ય છે એજ મોક્ષનું સાધન છે.

## માયાની માર ન ખાવી હોય તો સહજાનંદનું શરણું લો.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે. મેં શિખામણ દેવામાં રતિ પણ બાકી રાખ્યું નથી. જેવું છે તે ચોખ્ખું કહ્યું છે. છતાં તમે વાતને કાન કેમ ધરતા નથી? વારી ફેરીને બીજા ઉપર કેમ નાખી દો છો કે હું બરાબર કરું છું. પોતાની ભૂલ પોતાને દેખાય નહિ. કોઈ સમર્થ સંત કહે તમારી અટલી ભૂલ થાય છે તો તરત સ્વીકાર કરી લેવો. ખોટી જીદ પકડવી નહિ.

નિષ્કુળાનંદ સ્વામી ઘડવૈયા છે. કેળવણી કર્યા સિવાય કોઈ વસ્તુ કામ લાગતી નથી. રોટલી કૂણી, સુંવાળી બનાવવી હોય તો લોટને બરાબર મસળવો પડે તો રોટલી સુંવાળીને સરસ થાય ને આનંદથી જમી શકાય. માટીમાંથી ઘડો બનાવવો હોય તો માટીને બરાબર ખૂંદવી પડે તો ઘડામાં ઠંડું પાણી થાય ને આનંદથી પી શકાય. પહેરવાનું વસ્ત્ર બનાવવું હોય તો કાપડને માપસર વેતરીને સીવવું પડે. પછી વસ્ત્ર આનંદથી પહેરી શકાય.

## કેળવ્યા વગર કોઈ વસ્તુ કામ લાગતી નથી.

એવી રીતે પરમ એકાંતિક ભકત બનવું હોય, અક્ષરધામમાં જવું હોય તો ઈંદ્રિયોને અંતઃ કરણને જરૂર કેળવવાં પડે છે. આવી કેળવણી પૂર્વ જન્મના બલિષ્ઠ સંસ્કાર હોય તો જ સહજ રીતે થઈ શકે છે. સમજુને સરલ માણસો ઝાઝી જડતા નથી.

**સમુ સમઝે શોધતાં એવા, જોતાં ઝાઝા નવ જડેરે ।**
**જેને ન આવડે અવખું લેવા, વણતોળી વિપત્ય જો પડેરે ॥૧॥**

ગમે તેવી વિપત્તિ આવે છતાં પણ ભગવાનની ભકિતમાંથી ડગે નહિ. એવા જન જગતમાં જાણી, ઘર ઘર ઘણા ન હોય રે નિષ્કુળાનંદ કહે પરમાણો સાચા સંત કાવે સોય રે. સ્વામી કહે છે આ જગતની મોહ માયાની જાળ અટપટી છે. તેમાં કયાંય બંધાવું નહિ.

## માયા માનવને બે રીતે મારે છે.

ચોસઠપદીની કથા સમજવા જેવી છે. અનુકૂળતા મળે તો વાસના વધે, લોભ વધે ને વધારે જગતનું સુખ ભોગવે તેથી મોહ મમતા વધતી જાય. પછી માયા તેને ભક્તિ કરવા દેતી નથી. વધારે ભેગું કરવાની ઈચ્છા થાય છે. ધંધો સારો ચાલે છે. તેથી દેવદર્શન કરવાનો સમય મળતો નથી. માયામાં ખૂંચી જાય છે. અનુકૂળતામાં પણ ભક્તિ કરતો નથી. ગાફલ બની જાય છે.

પ્રતિકૂળ પરિસ્થિતિમાં માનવ હાય હાય કરે છે. શાંતિથી ભક્તિ કરતો નથી. જે મળ્યું છે તેમાં તેને સંતોષ નથી. પ્રાપ્ત સ્થિતિમાં સંતોષ રાખી હરિ સ્મરણ કરો.

## ત્રીવિધ તાપમાં આખો સંસાર સળગી રહ્યો છે.

લોઢાના કડાયામાં પાણી નાખી અંદર અનાજના દાણા નાખી પછી નીચે અગ્નિ લગાવો. ખીચડી ચડાવીએ ત્યારે દાણા ઉછળ્યા કરે તેમ આ જગતની અંદર સંસારરૂપી કડાયામાં જીવ પ્રાણી માત્ર ત્રિવિધ તાપમાં આધિ, વ્યાધિને ઉપાધિમાં ઉછળ્યા કરે છે.

**કાળ માયાથી સહુ રહ્યા ધ્રુજે, હરિના ચરણ વિનાયરે ॥૩॥**

સાચા ભકતજનો માયિક સુખ માગતા નથી. દુનિયાદારીના સુખથી જીવને સંતોષ થતો નથી, પુત્ર મળે તો પૌત્રની ઈચ્છા થાય, પૈસા મળે તો બંગલાની ઈચ્છા થાય. એક પછી એક સુખ મળતાં આવે છતાં નાશવંત સુખની તૃપ્તિ થતી નથી.

**એમ અહોનિશ અંતરમાંઈ, વરતેછે વૈરાગરે ।**
**નિષ્કુલાનંદ કહે તેને કાંઈ, કઠણ ન હોય કરવું ત્યાગરે ॥૪॥**

ખરેખરા વૈરાગ્યવાનની વાત જુદી હોય છે. તે આ લોકનાં ભોગ સુખમાં કયાંય બંધાય નહિ. જેને ખરેખરો વૈરાગ્ય હોય તેને જગતના લોચા સાંભળ્યા ગમે નહિ. પાપીની સોબત ગમે નહિ. ખોટું બોલવું ગમે નહિ. જયાં ત્યાં રખડવું ગમે નહિ. જગતના તુચ્છ ગંધ સૂંઘવા ગમે નહિ. બધી વૃતિ સમેટીને ભગવાનના સ્વરૂપમાં રાખે, જેને જે વસ્તુ વહાલી હોય તેને તે જ વસ્તુ આંખ્યું આગળ દેખાય. બ્રહ્માનંદ સ્વામી ગાય છે.

**વહાલા લાગો છો વિશ્વાધાર રે, સગપણ તમ સાથે**
**મેં તો સર્વે મેલ્યો સંસાર રે, સગપણ તમ સાથે.**



**મારા માથે ધણી છો તમે એક રે, સગપણ તમ સાથે.**
**મારી અખંડ નીભાવજો ટેક રે, સગપણ તમ સાથે.**

રાજરાણી કુશળકુંવરબાઈ રાજય કરતાં, સોનાના સિંહાસનમાં બેસતાં અનેકને ન્યાય નીતિ આપતાં પણ મનથી નહિ. મન તો સદાય પ્રભુજીમાં રમતું હતું. પુત્ર પરિવાર ધન માલ વ્હાલા નહોતા એટલે ભગવાન વ્હાલા હતા.

## આત્મા પરમાત્માના મિલનની કથા છે.

મોટર ગાડી, બાગ બગીચા, વસ્ત્ર આભૂષણ, ધનસંપત્તિ વિગેરે જેની પાસે હોય તે ભાગ્યશાળી નથી એ તો આ લોકની નાશવંત સંપત્તિ છે. પણ ખરો ભાગ્યશાળી તો તે છે જેને પ્રભુમાં પ્રેમ છે. જગત પ્રત્યે વૈરાગ્ય છે. ભગવાન કેવા ભકત ઉપર રાજી થાય છે..?

**એવા જનની ઉપર હરિ, રાજી છે રાધિકા પતિરે ।**
**જેણે ભક્તિ ભાવેશું કરી, ફરે નહિ કેદિ મતિરે ॥૧॥**

જે ભાવથી શ્રધ્ધાથી અનન્ય ભાવે ભકિત કરે છે. તેના ઉપર ભગવાન રાજી થાય છે. શરીરના સુખને તજી પ્રભુ સાથે જેણે લગની લાગે છે તે જગ જીતી જાય છે. પ્રભુના પદને પામિયા ભવજળ ગયા તરી.

**એવાને સંગેથી અક્ષરધામે, જવાયછે જો જરૂરરે ।**
**બીજાને સંગે તો સુખ ન પામે, દુઃખ રહે ભરપુરરે ॥૧॥**

અક્ષરધામે જાવું હોય તો પરમાત્મા સાથે પ્રેમ કરો. સંબંધ વિના પ્રેમ થાય નહિ. પરમાત્માને પિતા માનો તમે પુત્ર બનો. પરમાત્માને સ્વામી માનો તમે સેવક બનો. પ્રભુ સાથે સબંધ જોડી રાખો. અંતકાળમાં બહુ કામ આવશે.

## કથા વાંચનાર કીર્તિમાં ફસાયેલો રહે છે.

**જેને જાવું હોય જમને હાથે, દક્ષિણ દેશની માંયરે ।**
**તેતો સુખે રહો કપટી સાથે, તેનું કહેતા નથી કાંયરે ॥૨॥**
**પણ જાવું જેને પ્રભુજી પાસે, તેને કરવો તપાસરે ।**
**અંતર બીજો તજવો આશે, થઈ રહેવું હરિના દાસરે ॥૩॥**
**આવી વાત અંતરે ઉતારી, કરી લેવું નિજ કામરે ।**
**નિષ્કુલાનંદ કહે વિચારી, તો પામિયે હરિધામરે ॥૪॥**

પ્રભુજીની પાસે જેને જાવું હોય તેને હરિના દાસના દાસ થઈને રહેવું. એ ધામ કેવું છે? ત્યાંથી કોઈને પાછું પડવું પડતું નથી, જન્મ મરણના ફેરાથી મુકત થઈ જાય છે. ત્યાં દિવ્ય ચૈતન્યમય શરીર ધારણ કરી મુકત બનીને આનંદથી પ્રભુની સેવામાં રહે છે.

**અનંત મુક્ત જ્યાં આનંદે ભરિયા, રહેછે પ્રભુજીની પાસરે ।**
**સુખ સુખ જ્યાં સુખના દરિયા, ત્યાં વસી રહ્યા વાસરે ॥૨॥**
**તેજ તેજ જ્યાં તેજ અંબાર, તેજોમય તન તેનાંરે ।**
**તેજોમય જ્યાં સર્વે આકાર, શું કહિયે સુખ એનાંરે ॥૩॥**

પ્રભુના અક્ષરધામનું વર્ણન કરતાં સ્વામી કહે છે. સુખ સુખ જયાં સુખના દરિયા...જયાં દુઃખનો અંશ નથી... અનંત મુકતો આનંદથી પ્રભુજીની સેવા કરે છે. તેજ તેજ જયાં તેજ અંબાર.. શીતળ, શાંત, દિવ્ય તેજ મધ્યે સુવર્ણમય સિંહાસન છે. તેના ઉપર શ્વેતવસ્ત્ર ધારી અનંત શોભાયે યુકત પુરુષોત્તમનારાયણ બિરાજમાન છે. વિશાળ સિંહાસન હીરા, માણેક, મણિ, જડિત ઉપર સુવર્ણમય છત્ર છે. તે છત્રમાંથી ઝીણી ઝીણી બુંદે ચંદનનો વરસાદ થાય છે. તેની સુગંધ ચારે દિશે પ્રસરી રહી છે.

એ ધામની આગળ બીજા ધામ શી ગણતરીમાં ગણાય. મહાપ્રલય થાય ત્યારે, પ્રકૃતિ પુરુષથી કરીને બ્રહ્મા આદિક દેવતાના લોક એટલે ચૌદલોકનો પ્રલય થઈ જાય છે. એક અક્ષરધામ અખંડ રહે છે.

**દેહભાવ ટાળી બ્રહ્મભાવ દઢ કરો.**

દેહભાવ જાય પછી જ દિવ્યભાવની દઢતા થાય છે. લૌકિક સુખ આ જીવાત્મા અનેક જન્મથી ભોગવતો આવ્યો છે. ફસાયેલો રહ્યો છે. આજસુધી એને શાંતિ મળી નથી.

**જેમ કઢાયામાં કણ ઉછળેછે, ઉંચા નીચા અગ્નિ જ્વાળેરે ।**
**તેમ જો તનધારી બળેછે, સ્વર્ગ મૃત્યુ ને પાતાળેરે ॥૩॥**

સ્વામી કહે છે આળ પંપાળમાં જ આયુષ્ય પુરું ન થઈ જાય ખ્યાલ રાખજો, કાલે કરશું, પછી કરશું, કયાં મોડું થાય છે. આવી રીતે માયાની ઝંઝટમાં જ રહીજાય નહિ. વિચારજો. હીરો હાથ આવ્યો છે. વધારે માયા-મમતામાં રચ્યા પચ્યા રહેશો તો સંસારમાં મોહ વધશે પણ ઘટશે નહિ. સુખમાં માણસ ભાન ભૂલે છે, ભગવાનને યાદ



કરતો નથી. વિચારીને પગલાં ભરવાં.

Step after thinking

**ધોળ – એવા ધામને પામવા કાજ, અવસર અમૂલ્ય આવ્યો ।**
**આવ્યો સુખનો મળી સમાજ, ભલો અતિ મન ભાવ્યો ॥૧॥**
**ભાવ્યો એ રસ જેહને ઉર, તેણે પીવા પ્યાસ કરી ।**
**કરી દેહ બુદ્ધિ વળી દૂર, એક ઉર રાખ્યા હરિ ॥૨॥**
**હરિ વિના રાખ્યું નહિ કાંય, અસત્ય જાણી આપે ।**
**આપે વિચાર્યું અંતરમાંય, તેહ તપે નહિ તાપે ॥૩॥**

આનંદમાં છલકતે હૈયે છેલ્લા પદમાં નિષ્કુળાનંદ સ્વામી કહે છે. અમૂલ્ય અવસર પ્રાપ્ત થયો છે, સર્વોપરી સ્વામિનારાયણ ભગવાન મળ્યા છે. દેહબુધ્ધિ દૂર કરીને ઉરમાં એક હરિને રાખવા, બહુ ઊંડાણમાં વિચારીએ તો આ શરીર આપણું નથી, તો પછી આપણું શું હશે? પીંડ અને બ્રહ્માંડ આ બે બિલકુલ વ્યતિરેક પદાર્થ છે. એના ગુણધર્મ સદંતર આત્માથી જુદા છે. આત્મા અવિનાશી છે, દેહ નાશવંત છે. આત્મા પ્રકાશમય છે દેહ અંધકારમય છે, આત્મા સુખરૂપ છે. દેહ દુઃખરૂપ છે.

**જીંદગી ઈશ્વરની બક્ષીસ છે.**

પ્રગટ પ્રભુજી મળ્યા જેને નથી ખામી કશી તેને. સ્વામી કહે છે. શ્રી ઘનશ્યામ મહારાજ મળ્યા, મહાઅલૌકિક ખજાનો હાથ આવ્યો સર્વ ઉચાટ ટળી ગયા. કાંઈ કરવાનું બાકી રહ્યું નથી.

**સંગે રહીશ હું તો સદાય, સુખકારી શ્યામ જાણી ।**
**જાણી નિષ્કુલાનંદ મનમાંય, રહું ઉર આનંદ આણી ॥૪॥**
**આણી આંખ્યે મેં જોયા જીવન, સહજાનંદ સ્વામી ।**
**સ્વામી દોયલા દિવસનું ધન, પામી દુઃખ ગયા વામી ॥૧॥**

સ્વામી કહે છે - હું સદાય શ્રીહરિની સાથે રહીશ. મારા હૈયામાં આનંદ માતો નથી, મેં મારી સગી આંખે શ્રી સહજાનંદ સ્વામીનાં પ્રત્યક્ષ દર્શન કર્યાં છે. પ્રભુ મારા દોયલા દિવસનું નાણું છે. આનંદ સ્વરૂપ છે.

**શાકમાં મીઠું ભુલાવવું ન જોઈએ,**
**જીંદગીમાં ભગવાન ભુલાવવા ન જોઈએ.**

અગ્નિ પાસે બેસે તેને ગરમી મળે છે, સૂર્ય પાસે જાય તેની પાસે અંધકાર રહેતો નથી. જે તળાવમાં પડે તે તરસ્યો રહે નહિ. તેમ આનંદ સ્વરૂપ પરમાત્મા પાસે જાય તે આનંદ સ્વરુપ થયા વિના રહે નહિ, પરમાત્માનો આનંદ અલૌકિક છે. સ્વામી કહે છે. મારી વેદના સર્વે વામી ગઈ છે. મને એમ થાય છે કે...

**લઈ મુજ અર્થે અવતાર, આવિયા આપે સઈ ။**

મારા મનોરથ પૂરા કરવા ભગવાન શ્રીહરિ અક્ષરધામમાંથી આ ભૂમિ ઉપર પધાર્યા. મને પુરુષોતમ નારાયણનો ટેકો મળી ગયો છે. સાધારણ માણસને શેઠીયાનો ટેકો મળી જાય તો તેને કોઈ જાતની ફીકર રહેતી નથી. તો શેઠના પણ શેઠ શ્રીહરિનો ટેકો હોય તેને કોઈ જાતની ચિંતા હોતી નથી. તમામ જવાબદારી ભગવાન નિભાવે છે. પણ સંસારથી મન ન્યારું રાખવું જોઈએ. આત્માને સારામાં સારું શ્રેષ્ઠ સુખ જોઈતું હોય તેને સર્વ પ્રકારે શ્રીહરિમાં જોડાઈ જવું, વિષયથી વિરક્ત રહેવું. અને હરિમાં હેત કરવું, વૈરાગ્યવાનની સમજણ જુદી છે.

સ્વામી યોગાનંદજી સંત મંડળ સાથે સત્સંગ પ્રચારાર્થે દેશાંતરમાં ફરે છે, ખેતીવાડીમાં ખેડૂત કામ કરતા હતા, બપોરનો સમય થયો એટલે સાંતી છોડીને વૃક્ષ નીચે રોટલા જમવા બેઠા. સ્વામી નજીક ગયા. પટેલ બાપા..... જય સ્વામિનારાયણ... કેમ છો? સારું છે ને...!! પટેલ કાંઈ બોલ્યા નહિ, સ્વામી ઉપદેશ શરૂ કર્યો.. ભગવાને મનુષ્ય જન્મ આપ્યો છે તે કેવળ પેટ ભરવા માટે નથી આપ્યો. પેટ તો પશુ પક્ષી જીવ પ્રાણીમાત્ર ભરે છે, તે મહત્ત્વની વાત નથી. શ્વાસોશ્વાસની રીધમ ચલાવનાર વિશ્વાત્મા પરમેશ્વરની આજ્ઞાનું પાલન કરી મોક્ષ મેળવી લેવો જોઈએ. પ્રભુનું ભજન, પૂજન, આદિક સત્કર્મ કરો.

પટેલ બોલ્યા - તમારી લાંબી ટૂંકી વાત અમારે સાંભળવી નથી. મારું કામકાજ ખોટી થાય છે. તમે તમારા રસ્તે ચાલતા થઈ જાવ. સ્વામીએ કહયું થોડીવાર બેસો. તમારા હિતની વાત છે. પ્રભુનું શરણું લેશો તો આ લોક અને પરલોકમાં સુખી થશો. મધની જેમ સંસારમાં ચોંટી જવું નહીં. પણ સંસારથી મન ન્યારું રાખવું. જગતની માયા તરફ જે વહેણ છે. તેને વળાંક દઈને ભગવાન તરફ વાળવાનું છે. બીજું કાંઈ કરવાનું નથી. વળાંક દેતાં આવડી જાય તો ભવસાગર તરી જાય અને મહાસુખીયા થવાય.

પટેલને ઉપદેશ લાગ્યો નહિ. યોગાનંદજી ઊઠીને બાવળિયાનું વૃક્ષ હતું તેને



બાથ ભરીને બૂમ પાડી. દોડો દોડો મને બાવળિયાએ ઝાલી રાખ્યો છે. પટેલ દોડીને આવ્યા. સ્વામીના હાથ વૃક્ષથી છૂટા કર્યા. પટેલે કહયું તમને કયાં બાવળિયાએ ઝાલ્યા હતા? તમે બાવળિયાને ઝાલ્યો હતો. તે સાંભળી સંત બોલ્યા. તમને કયાં (વ્યવહારે) સંસારે ઝાલી રાખ્યા છે. તમે સંસારને વળગી રહયા છો. સંસાર ખરાબ નથી. સંસારમાં પુત્ર પરિવાર માલ મિલકતમાં આસક્તિથી વળગી રહેવું ખરાબ છે. નિષ્કુળાનંદ સ્વામીએ -

**બાલ વૃધ્ધ સૌને રૂચે તેવી ભાષામાં આ ગ્રંથની રચના કરેલી છે.**

ભગવાનનું સ્મરણ મનને ઠારે છે. ભગવાનની વાણી હૈયાને ઠારે છે, ભગવાનની મૂર્તિ આંખને ઠારે છે. શ્રીજી મહારાજ વચનામૃત ગ.મ. ૩૬ માં કહે છે. જેને ભગવાન વિના બીજામાંથી હેત તૂટે છે તેને ભગવાનને વિષે હેત થાય છે. અને જયારે ભગવાનને વિષે હેત થયું ત્યારે તેની ભગવાનમાં અખંડ મન રહે છે. જયારે ભગવાનમાં મન રહયું ત્યારે તેને બીજું કાંઈ કરવું રહયું નથી.

**શામ્યો અસત્ય સુખનો ઉત્સાહ, સુરતિ સાચામાં લાગી ।**
**લાગી પ્રભુપદ જો ચાહ, બીજી ભૂખ સર્વે ભાગી ॥૧॥**
**ભાગી આ લોકસુખની આશ, નિરાશે નિરાંત થઈ ।**
**થઈ પરી એ સર્વે ૧કાશ, અન્ય અભિલાષા ગઈ ॥૨॥**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે. પ્રભુ પદમાં લગની લાગી, આ લોક સુખની આશા અને અભિલાષા સર્વ ભૂખ ભાગી અને સુરતિ સાચામાં લાગી. જેથી જન્મ મરણના ફેરાની કાશ ટળી ગઈ. તેથી નિરાંતે પ્રભુ ભજન કરશું.

**હૃદયમાં વૈરાગ્ય વસી જાય, તો માયા દૂર ખસી જાય.**

આ જગતમાં માણસને માયા બહુ વહાલી લાગે છે. મરે ત્યાં સુધી માયા મૂકતા નથી ને પરમેશ્વરમાં ચોટતા નથી. દેવાનંદ સ્વામીના સમાગમથી એક રજપૂતને ચટકી લાગી મારે હવે ઘરમાં રહેવું નથી. જંગલમાં જઈ તપ કરવું છે. સ્વામીજી હું તમારી સાથે ચાલીશ. મને સાધુ થાવું છે. સ્વામીએ કહયું - તમારે ઘરેથી રજા લઈ આવો. ઘરે ગયો. પત્નીને વાત કરી મારે સાધુ થવું છે. પત્નીએ કહયું - બહુ સારું, રોટલો તૈયાર છે. લેતા જાવ. રોટલો ઝોળીમાં નાખી ચાલતો થયો.

ગામના ઝાંપે આવ્યો ત્યાં વિચાર આવ્યો હું જાઉં છું પણ મારા નાના ઘોડાનું શું થશે? કોઈકના ખેતરમાં જશે તો કોઈક મારશે. તો મરી જશે. માટે ઘોડાને સાથે લેતો જાઉ. પાછો ઘરે આવ્યો. ઘરવાળી બોલી, કેમ પાછા આવ્યા? ઘોડો તમારાથી સંચવાશે નહિં. તેને લેવા આવ્યો છું. પત્નીએ કહયું - લઈ જાવ લપ મટે.

ઘોડો લઈ ચાલ્યો જાય છે. આગળ ગયો, જંગલમાં ઘાસ જોયું, વળ્યો પાછો. આવ્યો ઘરે. પત્નીએ પૂછયું, - કેમ પાછા આવ્યા. તને કહેવા આવ્યો છું જંગલમાં ઘાસ મોટું છે તે લઈ આવજે. ગાયને ચાર્ય નીરવા થશે. પત્નીએ કહ્યું ઘરમાં વાસના શુંકામ રાખો છો? અમે અમારું ઉકેલી લેશું. તમે સાધુ ભેગા જાવ. વળી ચાલતો થયો. એક કીલોમીટર ગયોને વિચાર થયો. દીકરાની ભલામણ દેતાં ભૂલી ગયો છું પાછો આવ્યો.

પત્નીએ પૂછયું, કેમ આંટા મારો છો? દીકરાને સાંચવજે દૂધ પાજે. દુઃખી ન કરજે. ભલામણ દેવા આવ્યો છું. પત્ની બોલ્યાં, મારા પીટયા...તારાથી સાધુ ન થવાય. ઘોડામાંથી...ઘાસમાંથી...પુત્ર પરિવારમાંથી આસકિત ગઈ નથી. ચટકીયો વૈરાગ્ય પાર ઉતારે નહિ. જ્ઞાન યુકત વૈરાગ્ય પાર ઉતારે છે. આ જીવ તુચ્છ વિષયમાં બંધાઈને પ્રભુ ભજવાનું ભૂલી જાય છ. અને મોક્ષનું સાધન કરતો નથી.

**માણસને માયા મૂકાવી મુકત બનાવે એવો આ ગ્રંથ છે.**

જે ખોટું છે તેમાં આપણે વળગી રહયા છીએ, અને જે સાચું છે તેને સમજતા નથી. આ મોટી તકલીફ છે.

શાહુકાર માણસે કદાચ ખોટા નકલી દાગીનાં પહેર્યા હોય તો સમાન્ય માણસોને એ ઘરેણાં સાચા જ છે એમ લાગે. સાચા ઝવેરી તેને પારખી શકે. દાગીનો સાચો છે કે ખોટો. ઝવેરી જેવા સંતો જ આ સંસાર ખોટો છે અસત્ય છે. એવું સમજી શકે છે, બાકી સાધારણ માનવી તો સંસારમાં રસબસ થઈ જાય છે. સંસાર સાચોને મીઠો મધુરો લાગે છે. જગતમાં તે ગૂંચવાઈ જાય છે.

**જેને સંસાર સાચો લાગે છે,**
**તે જગતમાં ગુંચવાઈ જાય છે.**

ગતિ સુરતિ સહુની પાર અક્ષરધામે ધાઈ, જુઠા સંસારમાં સાર ન દીઠો કાંઈ. તન સુખ તજીને પોતાનું કાજ કરી લેવું. સ્વામી આશીર્વાદ આપે છે. જેની ભગવાન સુધી નજર પહોંચી છે. ભાવથી ભકિત કરે છે, ધર્મ નિયમનું પાલન કરે છે તેને શાબાશ સમજણ અને એની મતિ પહોંચી ગઈ છેક હું બલિહારી તેની....



મોટા મોટા દેવ, ભવ બ્રહ્મા, સુરરાજ વિગેરે ભગવાનનાં દર્શન માટે ઝંખના કરે છે. અક્ષરધામના સુખની ઉપમા કોઈને દઈ શકાય તેમ નથી. અક્ષરધામ કેવું છે?

**હોય કાચના સર્વે આકાર, રવિ શશિ તારા વળી ।**
**વળી તેજ તેજ ત્યાં અંબાર, રહે બહુ ઝળમળી ॥૨॥**
**મળી પૂરણ દિશે પ્રકાશ, એકરસ તેજ એવું ।**
**એવો ધામમાં છે ઉજાસ, એ વિના કહિયે કેવું ॥૩॥**
**કે'વું કેડે નથી હવે કાંય, સમઝો તો સમઝો સાને ।**
**સાને નિષ્કુલાનંદ ગાય, જેને આવ્યું એવું પાને ॥૪॥**

સમગ્ર પૃથ્વી બીલોરી કાંચની હોય, જેટલા આકાશમાં તારા છે તેટલા સૂર્ય હોય તો પ્રકાશ થાય તેવો ઝળહળતો પ્રકાશ છે. તેજ તેજના અંબાર છૂટે છે. તે પ્રકાશ કેવો છે. શીતળ શાંત છે રે તેજની ઉપમા નવ દેવાય.....તેમાં હું રહું રે દ્વિભુજ દિવ્ય સાકાર.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, - ચોસઠ પદ છે. જેવું ભગવાને મને લખાવ્યું છે તેવું મેં મારી બુધ્ધિ અનુસાર લખ્યું છે. મારા હૃદયમાં બેસીને શ્રીહરિએ મને આ ગ્રંથ લખાવ્યો છે. સવળું સાર ગ્રહેજો. ને ન કરવાનું જે છે તે મૂકી દેજો. આળસને અજ્ઞાન આપણને આગળ વધવા દેતાં નથી. આળસ ત્યજીને ભજન કરવું. હૃદયમાં પાકી નિષ્ઠા રાખવી.. ભગવાન સદાય મારી સાથે છે.

**જાણી જોઈને આળસ અંગ, રતિએ રખે રહે ।**
**રહે નિષ્કુલાનંદ તો રંગ, અલભ્ય લાભ લહે ॥૪॥**

નિષ્કુળાનંદ સ્વામી વૈરાગ્યની મૂર્તિ છે, એમણે જે શાસ્ત્રો લખ્યાં છે. તે વાંચીને હૃદય પુલકિત થઈ જાય એવું લખ્યું છે. ખરા ખપવાળા આ કથાનો તરત સ્વીકાર કરશે. આવી અદ્‌ભુત ગ્રંથની કથા સંપ્રદાયમાં પ્રસિધ્ધ હોવા છતાં જ્ઞાનથી વંચિત છે. તે ખરેખર શોચનીય છે. સ્વામીએ સીધી સાદી ભાષામાં કાવ્યની રચના કરી છે. વર્તમાનમાં ઢીલા અને આળસુ કેવળ દેહભિમાની માણસ છે તેને ઘા વાગે એવા શબ્દો સ્વામીએ લખ્યા છે.

**આ ગ્રંથ પ્રગટ ઉપાસકને સારો લાગશે.**

સ્વામી હૃદયપૂર્વક આશીર્વાદ આપે છે. ભગવાન શ્રી સ્વામિનારાયણની

*કૃપાથી અને સંતોના આશીર્વાદથી જે કાંઈ સમજાયું એવું તમારી આગળ રજુ કર્યું છે. આ ગ્રંથ કરવામાં કાંઈપણ ક્ષતિ રહી ગઈ હોય તો ભવાન સ્વામિનારાયણ ક્ષમા આપો.*

*આ ગ્રંથનો પાઠ કરશે, વાંચશે, સાંભળશે, કથા કરાવશે તે દેહના અંતે અક્ષરધામને પામશે. ભાગવત જનોને આવા આશીર્વાદ આપી નિષ્કુળાનંદ સ્વામી ચોસઠપદીના રસામૃતની અમૃતધારા શ્રીહરિના ચરણમાં સમર્પિત કરે છે.*

***ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ, ત્વમેવ બન્ધુશ્ચ સખા ત્વમેવ,***
***ત્વમેવ વિદ્યા દ્રવિણં ત્વમેવ ત્વમેવ સર્વં મમ દેવ દેવ.***

*(હે પ્રભુ તમે જ અમારા સર્વસ્વ છો. તમે જ અમારા ધણી છો.)*

***કાયેન વાચા મનસેન્દ્રિયૈર્વા, બુધ્યાત્મના વા પ્રકૃતેઃ સ્વભાવાત્,***
***કરોમિ યદ્ યદ્ સકલં પરસ્મૈ, નારાયણાયેતિ સમર્પયામિ.***

*(શરીરથી, વાણીથી, મનથી, ઈંદ્રિયોથી, બુધ્ધિથી, પ્રકૃતિના સ્વભાવથી જે કાંઈ કર્યું છે તે પુરુષોતમ નારાયણના ચરણમાં સમર્પણ કરું છું.)*

**જીવનનું સાચું ધન ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય છે.**

ઈતિ શ્રી નિષ્કુળાનંદમુનિવિરચિતા ચોસઠપદી સંપૂર્ણા

**॥ ચોસઠપદી સમાપ્ત ॥**

**શ્રી સ્વામિનારાયણ ભગવાનની જય, શ્રી નરનારાયણદેવની જય.**

॥ श्रीस्वामिनारायणो विजयतेतराम् ॥

# મનગંજન - અમૃતધારા

(૩)

સદ્‌ગુરુ, નિષ્કુળાનંદ સ્વામીએ અનેક જીવાત્માના ઉદ્ધાર માટે આ સાહિત્ય બક્ષ્યું છે, આપણે તેનું મનન કરીએ, ગાઈએ અને સાંભળીએ,... સાવધાનતાથી સ્વામીના હાર્દને બરાબર સમજીએ. આ ગ્રંથ ભગવાનની અનુભૂતિ કરાવીને હૃદય પવિત્ર કરે છે. હૃદયમાંથી અજ્ઞાનરૂપી અંધકારને કાઢીને જ્ઞાનનો પ્રકાશ રેલાવે છે. આ સુંદર ગ્રંથ છે... તેનું નામ છે.

The best thing is to make worldly deires out from the mind

મનમાંની માયા કાઢી નાખો તો લાભ છે. મનગંજન નામનો ગ્રંથ અતિ અદ્‌ભુત છે, ભગવાનનું નામ છે ગર્વગંજન અને આ ગ્રંથનું નામ છે મનગંજન. ગર્વગંજનનો અર્થ થાય ગર્વનો નાશ કરનારા.. મનગંજનનો અર્થ થાય છે, મનમાં જે ગર્વ ભર્યો છે તેનો નાશ કરવો.

**બંધનનું કારણ મન છે અને મોક્ષનું કારણ પણ મન છે.**

મનનું ધાર્યું મૂકવું અને હરિનું ધાર્યું કરવું, મનને કાબુમાં રાખો તો મોક્ષ અને મનને છૂટું મૂકો તો બંધન છે. અનાદિકાળથી માણસને મનનું ધાર્યું કરવાનો સ્વભાવ થઈ ગયો છે.

નિષ્કુળાનંદ સ્વામી બહુ મોટી ઉંમરે સાધુ થયા, જ્ઞાતિએ સુથાર છે,... લાકડાં



ઘડ્યાં... લાકડામાંથી ઘણું સર્જન કર્યું, પણ શબ્દમાંથી સાહિત્ય સર્જન નહોતું કર્યું, કરુણાસાગરની દષ્ટિ લાલજી સુથાર પર ગઈ.. સાધુ થયા. એક દિવસે શ્રીહરિએ કહ્યું, સ્વામી કાવ્ય બનાવો. . . સ્વામીએ કહ્યું, હું બહુ ભણ્યો નથી, તેથી કાવ્ય બનાવતાં મને આવડશે નહિ. શ્રીજીમહારાજે કહ્યું, તમારે ઘણા બધા ગ્રંથ રચવાના છે. તમે લખશો તે કવિતા થશે. અને બોલશો તે છંદ, છપયમાં ગોઠવાઈ જશે. પછી સ્વામીએ ગ્રંથ રચવાનો આરંભ કર્યો. અનેક ગ્રંથ રચી ભંડાર ભરી દીધા.

**આ ગ્રંથમાં જીવ અને મનની લડાઈ થશે.**

મનને કાબુમાં રાખવું જોઈએ, નહિંતર ખાડામાં ઉતારી દેશે. જીવ-પ્રાણી માત્રની અંદર જીવ અને મનની લડાઈ થાય છે. તે લડાઈમાં કેવી શૂરવીરતા રાખવી તેની બાબત આ ગ્રંથમાં આવશે. આ ગ્રંથની શરુઆતમાં નિષ્કુળાનંદ સ્વામી સ્વામિનારાયણ ભગવાનની પ્રાર્થના કરે છે. મંગળકાર્યની શરુઆતમાં મંગળાચરણ કરવાની શિષ્ટાચારની રીત છે. દરેક કાર્યના આરંભમાં પ્રભુને યાદ કરવા.

નિષ્કુળાનંદ સ્વામી પ્રાર્થના કરે છે, સહુ પહેલાં સમરિયે, આદ્યપુરુષ અવિનાશ... આદિનારાયણ અનંતકોટી બ્રહ્માંડના નાથ અનંત જીવાત્માના કલ્યાણને અર્થે આ ભૂમિ ઉપર વિચરણ કરે છે. તેવા સહજાનંદ સ્વામીને હું નમસ્કાર કરું છું.

સહજાનંદ સ્વામીનું શરણું લે છે, તેને શું લાભ થાય છે?.... જાય જનમ ને મરણ... જન્મ મરણના ફેરા ટળી જાય છે,... જન્મ અને મરણ મોટામાં મોટો ભયંકર રોગ છે, અનેક પ્રકારના રોગ છે, તેમાં જન્મ મરણનો રોગ મહા ભયંકર છે,... માતાના ઉદરમાં ઊંધે માથે નવ મહિના સુધી લટકવું પડે છે, એ દુ;ખથી મુકત થવું હોય તો એક ઉપાય છે સહજાનંદ સ્વામીનું શરણું લ્યો.

**લેવા જેવું તો શ્રીહરિનું નામ છે.**

શ્રીહરિના નામ કરતાં પણ શ્રેષ્ઠ છે, શ્રીહરિનું સ્મરણ એ ભવરોગની દવા છે.

**સ્વામી સહજાનંદનું, નામ જપે નર કોય.**
**વિઘન ભય વ્યાપે નહિ, સદાય સુખિયા હોય;**
**સ્વામી સહજાનંદને, જે શરણે સોંપે શીશ;**
**જુવે ન અવગુણ જીવના, કરે ગુન્હા બક્ષીસ.**

સ્વામી સહજાનંદના નામના જપ કરે છે, તેને કોઇ વિઘ્ન વ્યાપે નહિ અને સદાય સુખિયા રહે છે, જગતનું સુખ એવું છે, સદાય સુખ હોય નહિ, ઓચિંતું પાછું

દુ;ખ આવી જાય, પણ જે ભગવાનનું શરણું લે છે તે કાયમી સુખી થાય છે, અને અવિનાશી સુખના ભોક્તા બને છે, ભગવાન ભજવાનું તાન રાખો. જે કામ કરોડ જન્મે નથી થયું, તે કામ આ જન્મે કરવું છે.

## જુવે ન અવગુણ જીવના કરે ગુન્હા બક્ષીસ

ભગવાનની દયાનો કોઈ પાર નથી, અને જીવની અવળાઈનો કોઈ પાર નથી. મુકતાનંદ સ્વામી ગાય છે... આ અવસરે કરુણાનિધિ કરુણા બહુ કીધી, મુકતાનંદ કહે મુકિત સુગમ કરી સીધી...

હે પ્રભુ.... તમે રામાવતારમાં , કૃષ્ણાવતારમાં કરુણા કીધેલી છે. પણ આ સ્વામિનારાયણ અવતરે તો બહુ કરુણા કીધી છે.

## મનને ભગવાન સન્મુખ વાળવાનો ઉપદેશ નિષ્કુળાનંદ સ્વામી આપે છે

ભગવાનની સાચી શરણાગતિ સ્વીકારે તો ભગવાન તેના ગુન્હા સામે જોતા નથી.. પણ માનવી બે ઘોડે ચડે છે, બે બાજુ લફે છે. શ્રીજીમહારાજે વચનામૃતમાં સોમલાખાચરને કહ્યું અડધો પ્રસંગ અમારો કરો છો અને અરધો પ્રસંગ જગતનો કરો છો... બે બાજુ ઢોલકી વગાડો છો. . . તેને સાચી શરણાગતિ કહેવાય નહિ.

સારંગપુરના માતરા ધાધલ શ્રીજીમહારાજના પરમભક્ત હતા, પૂજાપાઠ, નિત્યનિયમનું પાલન કરતા, શ્રીજીમહારાજે અઢાર ભકતોને પત્ર લખી પરમહંસ બનવા ભુજ બોલાવ્યા તેમાં માતરા ધાધલનું નામ લખ્યું હતું. માતરાધાધલની પત્નીનું નામ સોમદેબાઈ હતું, પરમ ભક્ત હતાં, પ્રભુમાં અસાધારણ પ્રીતિ હતી, મારા જીવના ધણી પરમાત્મા છે, ભકિત ભાવ જોઈને પ્રભુ તેમને ઘેર ઘણી વખત પધારતા, માતરાધાધલને આ ગમ્યું નહિ...મારા કરતાં મારી પત્નીને શ્રીજીમહારાજ ઉપર ઘણું હેત છે. શ્રીજીમહારાજને યાદ કરે એટલો મને યાદ કરતી નથી.

શ્રીજીમહારાજ પધારે ત્યારે જળથી સ્નાન કરાવે, કંકુ ચોખા પુષ્પથી પૂજા કરે, આરતિ ઉતારે,ભોજન જમાડે.. આ સારું નથી કરતી... ભગવાનમાં મનુષ્ય ભાવ આવી ગયો, દિવ્ય ભાવ આવવો જોઈએ, તેના બદલે સંશય વધી ગયો, શ્રીજી મહારાજમાં દોષ દેખાયો. પારકી સ્રી ઉપર આટલું બધું શા માટે હેતભાવ રખાવે છે. તે યોગ્ય નથી.. કાંઈક કરવું પડશે. લાગ મળે તો કાસળ કાઢી નાખું. ઘેર આવતો બંધ થઈ જાય.. વિચાર કરો.. જેની ઈષ્ટદેવ તરીકે પૂજા કરે છે તેની મારી નાખવા તૈયાર



થયો.

શ્રીજીમહારાજના વચનને ઝીલનાર ઘરબાર પત્ની પરિવાર ગામ ગરાસ તજી સાધુ થવા ભુજ આવ્યા તે આજે ભગવાનને મારવાનો લાગ જુવે છે. થોડા દિવસ પછી શ્રીજીમહારાજ માતરાધાધલને ઘેર પધાર્યા, સોમદેબાઇ... જય સ્વામિનારાયણ શું કરો છો ? મહારાજ પધારો પધારો... મીઠો આવકાર આપ્યો... જય સ્વામિનારાયણ ધન્ય ભાગ્ય ધન્ય ઘડી... આજે સોનાનો સૂરજ ઊગ્યો... સોમદેબાઇ બોલ્યાં, પ્રભુ ! આજની રાત રોકાઈ જાવ, ભોજન કરી પછી સીધાવજો. શ્રીજીમહારાજે કહ્યું અમારે ગઢપુર જવાની ઉતાવળ છે, બીજી વખત રોકાઈશું... તૈયાર ભોજન હોય તો આપો, સ્નાન કરીને પછી જમી લઈએ.

સોમદેબાઈ નવશેકું ગરમ પાણી કરીને પ્રભુને સ્નાન કરાવે છે, ત્યાં પાછળથી માતરાએ સખત ઉકળતું પાણીનું મોટું દેગડું ભરીને પ્રભુના માથા ઉપર રેડ્યું.... હવે ખબર પડશે.... આંખ મોઢું ને શરીર હમણાંજ દાઝી જશે.

પ્રભુ બોલ્યા... માતરા પાણી સેજ નવશેકું ગરમ કરવું હતું ને, આતો શીતળ ને ઠંડુ હિમ જેવું પાણી છે. બહુ મજા આવે છે. કેવી સરસ મજાની સેવા કરો છો, માતરો.... આવું સાંભળી સ્તબ્ધ થઇ ગયો. જોરદાર વરાળ નીકળે છે, પાણીમાં અને કહે છે કે ખૂબ ઠંડુ પાણી છે. કાંઇ સમજાતું નથી, અરરર મને આ પાપ ક્યાં સૂઝ્યું.... ઈષ્ટદેવને મારી નાખવાનું કાવતરું કર્યું, એ પાપમાંથી હું ક્યારે છૂટીશ. મારા જેવો કોઈ પાપી નહીં હોય.... દોડીને પ્રભુના ચરણ પકડી લીધા, આંખનાં આંસુથી ચરણ પલાળી દીધા, પ્રભુ મને માફ કરો માફ કરો.

## પોતામાં રહેલા દોષને જોયા કરે છે તે કોઈક દિવસ સારા થઈ શકે છે.

શ્રીજીમહારાજે દિવ્ય દૃષ્ટિ કરી કે તુરંત માતરાને સમાધિ થઈ ગઈ અક્ષરધામનાં દિવ્ય દર્શન થયાં, અનેક મુક્તો શ્રીહરિની સેવામાં છે. શ્રીહરિએ કહ્યું માતરા અમે તમારા જેવા માણસ નથી, અમે જીવપ્રાણી માત્રના ધણી છીએ. સર્વથી પર છીએ. અમારી સાથે રહ્યા છતાં અમને ઓળખ્યા નહીં. આ તમારાં પત્ની સોમદેબાઈ મહા મુક્તાત્મા છે. તેના મનોરથ અમે પુરા કરીએ છીએ, અમારે મન સ્ત્રી-પુરુષ, જડ-ચેતન એવું કાંઇ છેજ નહીં.

શ્રીજીમહારાજે કહ્યું તમારું પાણી અમે ઠંડુ શીતળ કરી દીધું પણ સાથો સાથ

તમારા ધગધગતા અંતરને પણ અમે હીમ જેવું શીતળ કરી દીધું છે. ફરીથી આવી ભૂલ કરશો નહીં. શાંતિથી ભજન ભક્તિ કરજો અને પાકી નિષ્ઠા રાખજો.

## મેરુ સમાન મન મજ્બૂત રાખવું જોઈએ.

અજ્ઞાન દશામાં કાંઇ પાપ થઈ જાય તો પ્રભુ માફ કરે છે. પણ પ્રભુના શરણે આવ્યા, કંઠી બાંધી, પૂજા પાઠ કરીએ પછી એક પણ પાપ કરે તો એ ભગવાનને ઠગે છે, એના ગુન્હા ભગવાન માફ કરતા નથી.

**દેહ નગર દિવાન હોય, નિજ પરતક મન નામ;**
**બને ન બંધન બેઉને, ઠઠેરીડ્યનું ઠામ.**
**કોઈ કોયના કહેણને, માને નહિ મહાવીર;**
**બળભર બાંધે બાકરી, સળગ્યું વેર શરીર.**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે-

કાયા નગરીમાં જીવ છે તે રાજા છે અને મન છે તે દીવાન છે. રાજા નબળો હોય રાજનીતિ ન જાણતો હોય તો દીવાન ચડાઇ કરી જાય... એક ઘરમાં રહેવું છે, અને બેયનું બનતું નથી, મન મેળ નથી, તેથી ખેંચાતાણ થાય છે, રાજા શૂરવીર હોય તો દીવાનનો દબાવ્યો દબાય નહિ, ભક્ત શૂરવીર હોય તો મનનો દબાવ્યો દબાય નહિ... શૂરવીર થવાની જરૂર છે.

વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છે, જેવું બ્રહ્માંડમાં છે તેવું પિંડમાં છે, બ્રહ્માંડમાં મહત્ છે અને પિંડમાં અલ્પ છે. બ્રહ્માંડમાં જોરદાર ધડાકા થાય છે, અરસ પરસ દેશ દેશાંતરની લડાઇ ચાલે છે તેમ પિંડમાં પણ કામ, ક્રોધ, લોભ, ઈર્ષા, અદેખાઈ, અભિમાન વિગેરેના ધડાકા થાય છે. શૂરવીર ભક્તનો આત્મા સાવધાન છે, પ્રતિક્ષણ સાવધાન થઈને પ્રભુની ભક્તિ કરે તેને માયા મારે નહિ,

## માયાની માર ન ખાવી હોય તો સહજાનંદનું શરણું લ્યો.

જીવ કહે છે, હે મનવા તું આડો બહુ દોડે છે. જરાય ભગવાનમાં વાસ કરતો નથી.. ભગવદ્ સ્મરણ કરતો નથી, કેવળ સ્ત્રીનું અને પૈસાનું જ ચિંતવન કરે છે, પ્રભુના પ્રતાપથી હવે તારું રાજ્ય રહેવા દેવાનો નથી.. શૂરવીર ભકતે હરિનો આશરો લીધો.. પરમાત્માની પીઠ લીધી.. હવે એને વાંધો નથી. જે માણસ હંમેશાં હરિનો



આશરો રાખે છે, તેનું હંમેશાં હરિ ધ્યાન રાખે છે. ભગવાનને છોડીને ડહાપણ કરવા જાય છે તે માયામાં દટાઈ જાય છે.

**કાઢું કાયા કોટથી, મનવા મૂળ ઉખેડ્ય;**
**તસ્કર રાયના તખતામાં, પ્રજા પાસે બહુ પિડ્ય.**

જીવ કહે છે, હે મન તું જોર બહુ કરે છે પણ તારું મૂળ કાઢી નાખીશ, રાજ્યમાં ચોર હોય તેની પ્રજા બહુ દુ:ખી થાય છે.

A human birth cannot be given many times

વારંવાર મનુષ્ય દેહ મળતો નથી. જિંદગી એક મહાસાગર છે, તેમાં તરી જાણો.

**મોંઘો દેહ મનુષ્યનો, મળે ન મૂલ્યને માટ;**
**હરિ ભજન વિન હારિયો, દુરમતિ વાળી ડાટ.**

જીવ કહે છે, ''હે મન તેં દાટ વાળી નાખ્યો, તને ધિક્કાર છે. કેમકે જે દેહને દેવતાઓ ઈચ્છે છે. મોટા મોટા ઋષિઓ વખાણે છે એવા માનવ જન્મને પામીને'' હે નરાધમ... તેં કાંઇ મોક્ષનો ઉપાય કર્યો નહિ.. હે મૂરખ તું ખાઈ પીને ખાટ્યો.. આત્મ કલ્યાણની વાત ચૂક્યો, ભવાટવીમાંથી બચવાને બદલે ચોરાસીના ઊંડા ખાડામાં ઉતર્યો... જન્મ મરણના ફેરામાંથી નીકળવાને બદલે હજારો જન્મના ફેરા ચડાવી દીધા.. હરિ ભજન કર્યું નહિ, હાથમાં બાજી હતી તે તું હારી ગયો.. દેવાનંદ સ્વામી ઉપદેશાત્મક કીર્તન ગાય છે..

**જીતી બાજી ગયો હારી રે, મનુષ્ય તન પામી**
**મુરખ ન ગયો સાધુ પાસે, બેઠો ખળમાં બારે માસે**
**પરદારા કીધી પ્યારી રે, મનુષ્યતન..**
**જેને આ નરદેહ દીધો, તેનો શરણો નહિ લીધો**
**દેવાનંદ કહે ભુલ્યો ભારી રે.. મનુષ્યતન..**

ઘણા માણસો સવારે ઘડીક ભજન કરે, ઘડીક સાંજે ભજન કરે અને મનમાં એમ માને ભજન તો અમે કરીએ જ છીએ ને.. એને ભજન ન કહેવાય, રાત્રી દિવસ જ્યારે અખંડ ભજન આદરે ત્યારે ભજન કર્યું કહેવાય.

**સ્વાર્થ તારો સારિયો, હારિયો હીરો હાથ**
**નીકળ્યા હવે તું નગ્રથી, સંગ લઈ તારો સાથ**

જીવ મનને કહે છે - તું સ્વાર્થી છે, તારો કચરો લઈને બહાર નીકળ.. મન

સામે ચડ્યું, તું કહે છે, નીકળ બહાર, પણ હું બહાર નહીં નીકળું, તારાથી થાય તે કરી લે, મારી પાસે જોરદાર પાંચ યોધ્ધા છે, તારો પગ ટકવા નહિ દઉં.

**શબ્દ સ્પર્શ રૂપ રસ, ગંધ ગણી જે પાંચ ।**
**તેહ આગળ કોયે ટકવા, રેવા ન પાવે રંચ ॥**

મારી પાસે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ આ પાંચ યોધ્ધા છે. મન કહે છે, તું મારા સામે લડાઈ ન કર.. હું તને ચોક્કસ હરાવી દઈશ, ઘાસ ખાતો કરી દઈશ. જનની જાયો કોઈ મારી સામે જીતી ન શકે, દુનિયામાં કોઈ જન્મ્યો નથી કે મારી માયામાં ફસાય નહિ. બધાને ધૂળ ફાકતા કરી દીધા છે, મેં મોટા મોટાને ધર્મમાર્ગથી પાછા પછાડ્યા છે.. તો તું કોણ ??.. નારદજી જેવા.. મહાદેવ જેવા, પરાશર જેવા સૌભરી, એકલશૃંગી વિગેરે બધાને પકડ્યા છે તો તું કોણ ??..

**જબરદસ્તથી મનને પકડે છે તો મન ખાડામાં ઉતારે છે,**
**મનને પ્રેમથી સમજાવી, પ્રભુને માર્ગે વાળો..**

ધ્યાન દેજો.. આ કથા અટપટી છે, જલદી સમજાય તેમ નથી.. શાંતિથી વાંચન શ્રવણ કરશું.. તો સમજાશે.. નિષ્કુળાનંદ સ્વામી કહે છે મન જીતવું, ભગવાનની મૂરતિમાં એને રાખવું એ જેવાતેવા નમાલાનું કામ નથી, શૂરવીર ભકતનું કામ છે. પંચવિષયની જાળ અટપટી છે. એમાંથી જલદી નીકળાતું નથી.. માયાની જાળમાંથી મુકત થવું હોય તો સાચા ભાવે નિશદિન સત્સંગ કરો, નિયમધર્મનું પાલન કરો.. જગતને રીઝવવા માટે કરવો નહિ, પણ જગદીશ્વરને રિઝાવવા માટે સત્સંગ કરવો.

ડભાણમાં એક ડોશીમા હતાં.. તેણે પોતાના ઘરમાં ખાડો ખોદીને તેર રૂપિયા ઘંટી નીચે રાખ્યા હતા. સમય જતાં ડોશીમા બીમાર થયાં. ભગવાન યાદ આવતા નથી. પણ પૈસા યાદ આવે છે. આખી જીંદગી અંદર માણસોને માયા બહુ વહાલી લાગે છે.

**મરે ત્યાં સુધી માયા મૂકતા નથી**
**ને પરમેશ્વરમાં ચોંટતા નથી.**

શ્રીજીમહારાજ તેડવા પધાર્યા, ચાલો થાવ તૈયાર.. મહારાજ.. મારી દીકરીને પૈસા સોપી દઉં પછી તેડવા આવજો.. હજુ વાર છે. તે સાંભળી શ્રીજીમહારાજ ચાલ્યા ગયા.. પૈસામાં વાસના રહેવાથી તે ડોશીમા ભૂત થઈને દીકરીના ઘરમાં આંટા મારે,



વાસના પૂરી થઈ નહિ ને ધામમાં જવાયું નહિ.

ભલા થઈને ભગવાન સિવાય બીજું કાંઈ વહાલું રાખતા નહિ. જો બીજું વહાલું રાખ્યું તો ભૂંડા હાલ થશે. ભગવાનના ધામમાં જવા તૈયાર રહેવું. ઘરનાં સગાં સંબંધી ખોટું ખોટું હેતુ બતાવે છે. આ વધારે સુખ ભોગવે અને સંસારમાં ફસાયેલો રહે તો બહુ સારું. વાસના વશ થઈ માણસ સુખ ભોગવે છે, તેથી આંખ અને મન બગાડે છે.. તેથી વાસનાનું બીજ બળતું નથી. માનવનું મન એ વાસનાનું ખેતર છે. ખેતરમાં પડેલું બીજ બળી ન જાય તો તે બીજ ફરીથી ઉગી નીકળે છે. મનમાં કેટલાં વાસનાનાં બીજ છે વિચાર કરજો..

વાસનાનું બીજ બળતું નથી, તેથી માણસ કામાંધ અને મોહાંધ બને છે. વાસનાનું બીજ કેમ બળશે ? અખંડ ભકિત કરવાથી. અને જ્ઞાન યુકત વૈરાગ્યથી વાસનાનું બીજ બળે છે.

**નિજમન કહે નથી મળ્યો, ખરો જો ખેધકું કોય;**
**ભાળ્યા સહુ તે ભાગતા, પણ જીત્ય આજ તો જોય.**
**બાળક નહિ જે બી'મરે, જપ્ય નામનો જાપ;**
**ડેડક બહુ તેં ડાંભીયાં, પણ મળ્યો ન મણિધર સાપ.**

વચનામૃતમાં શ્રીહરિ કહે છે. શૂરવીર હોય તે લડાઈના સંગ્રામમાં સામે ચાલે. પાછો હટે નહિ, ફોસી હોય તો ઘરમાં પેસી જાય.. લડાઈ કરતાં કરતાં હારે તો ભગવાન એને શાબાશી આપે છે, મન સાથે લડાઈ તો લે છે ને.

શૂરવીર ભકતનો જીવાત્મા કહે છે, અલ્યા મન હું કાંઈ છ મહિનાનો બાળક નથી, કે ડરી જાંઉ, બીવે એ બીજા, હું શૂરવીર છું, તારી તાકાત હોય તો આવી જા. મારી સામે... તેં દેડકાં જેવા ભક્તોને ડાંભ્યા છે. હું મણિધર સાપ જેવો છું. મણિધર આગળ તારું કાંઈ નહિ ચાલે. મણિધર જેવા થાશું ત્યારે લડાઈમાં જીત થાશે.. સારંગપુરના પહેલા વચનામૃતમાં શ્રીહરિ કહે છે.

**જીતં જગત્ કેન - મનો હિ યેન**

જેણે પોતાનું મન જીત્યું તેણે જગત જીત્યું, મનને જીતવું બહુ કઠણ છે..
Those who have conquered the miqd have conuered this world

મન વિના પ્રયોજને ચાળા કર્યા કરે છે. દિવ્ય દષ્ટિથી જગતને જુઓ તો

ક્યારેય મનમાં ખોટી અસર થશે નહિ. પ્રહ્લાદજીકી બ્રહ્માકારે દૃષ્ટિ હુઈ તો સ્તંભમેં ભી ભગવાન કે દર્શન હુએ. ગોપીઓંકી બ્રહ્માકાર દૃષ્ટિ હુઈતો મટકી મેં ભી ભગવાન કા દર્શન હુએ. ભગવાન કો આંખોંમેં રખોગે તો મન પવિત્ર હોગા.. ઔર મન પવિત્ર હોગા તો અચ્છે સદ્ગુણી વિચાર હોંગે...

## હમેશા પરમાત્મા કો દેખને કી આદત રખો ।

વારંવાર પરમાત્માને જોવાની ટેવ પાડો તો મન બગડશે નહિ... જગત બગડ્યું નથી... મન બગડ્યું છે... આ જગતને કોઈ સુધારી શક્યો નથી. પરંતુ જેણે દૃષ્ટિ સુધારી છે તેની સૃષ્ટિ દિવ્ય બને છે.

સમજવા જેવી સુંદર કથા છે, અંતઃકરણના ચાર ભેદ છે.

## મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર

અંતઃકરણ સંસારનું ચિંતન કરે ત્યારે તેને મન કહેવાય છે.
અંતઃકરણ કોઈ વિષયનો નિશ્ચય કરે ત્યારે તેને બુદ્ધિ કહેવાય છે.
અંતઃકરણ પરમાત્માનું ચિંતન કરે ત્યારે તેને ચિત્ત કહેવાય છે.
અંતઃકરણ અભિમાન કરે, હુંપણું આવે તેને અહંકાર કહેવાય છે.

જીવ કહે છે. . . પડશે પરતક પારખું, મુજ તુજનું મેદાન. રણમેદાન તૈયાર છે. . હું લડવા તૈયાર છું, આવી જા.

## શૂરવીર ભક્તનો સત્વગુણ અને નબળા ભક્તનો તમોગુણ, બન્નેનું આ યુદ્ધ છે.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે- સત્ત્વગુણ વધે એટલે તમોગુણ ભાગે છે, સત્ત્વગુણ વધે તો અંતરમાં પ્રકાશ અને આનંદ થાય છે અને સારા પવિત્ર વિચાર આવે છે.. આ જીવાત્મા ઘણીવાર પતિ થયો છે, પત્ની થયો છે, ઘણાં છોકરાં ગોદમાં બેસાડી રમાડ્યાં છે, ઘણાં પરણાવ્યાં છે, જીવ અનાદિ કાળથી સંસારના ચક્રમાં ફરે છે. પશુ પક્ષીઓમાં પણ પતિ પત્ની હોય છે આજથી આપણે નક્કી કરીએ કે મારે કોઈ માના પેટમાં જવું નથી, મારે પરમાત્માના ચરણમાં જવું છે.

મન વિચાર કરે છે, જીવ છે તો સાવ જરાક જેટલો. અણુ સરખો ને બળ બહુ કરે છે, મનને જગતની માયા તરફ જાવું છે અને જીવને ભગવાન સન્મુખ થાવું છે. મન બડાઈ બહુ કરે છે, બહુ બોલબોલ કરે છે. જગતનો નિયમ છે બહુ બોલબોલ કરે એમાં સદ્ગુણ હોય નહિ... જોઈતું બોલવું, વિવેકથી મર્યાદા રાખીને બોલવું... પણ



ફાવે તેમ બાફી નાખવું નહિ.

**રણમાં પગ રોપી રહે, નર શો શૂર નિદાન ।**
**હોય સચેત હવે સાબધો, સજી સરવ સમાજ ॥**
**લડી ભૂમિ સો લીજીયે, રિઝે ન મળે રાજ ।**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે - રણમેદાનમાં કેટલો પગ ટકે છે, તેના ઉપર આધાર છે. અર્થાત્ સત્સંગમાં કેટલો પગ ટકે છે. ભજન ભક્તિમાં, કથા, કીર્તનમાં, પૂજા-પાઠમાં મન કેટલું ટકે છે તેના ઉપર આધારિત છે. ભગવાનનો માર્ગ શૂરવીરનો છે.

## મન સાથે લડાઈ કરવી તે શૂરવીરનું કામ છે.

ભક્તિ કરવી તે ઢીલા પોચાનું કામ નથી, એ તો શિરસાટાની વાત છે. ભક્ત થાવું કાંઈ સહેલું નથી, સહેલું હોય તો આખી દુનિયા ભક્ત થઈ જાય.. તો શું કામ અડધા કુસંગી રહે છે ? અરે !!! પા ભાગનું જગત ભક્ત નથી, અને જે ભક્ત થયા છે. તિલક ચાંદલો કરે છે ને કંઠી પહેરે છે, તેમાંય કેટલા નાસ્તિક છે, પોતાના વર્તમાન શું છે એની એને ખબર નથી, કહેવાય હરિભક્ત.

***હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને ।***
***પ્રથમ પહેલું મસ્તક મૂકી, વળતું લેવું નામ જોને ॥***

સિંહ જેવા શૂરવીર ભક્ત તો કોઈક જ હોય, બાકી સિંહનાં ટોળાં હોય નહિ, ઘેટાં બકરાનાં ટોળાં હોય... સાચા ભક્તનાં ટોળાં ન હોય, કોઈક જ વીરલા હોય છે, પોતે સત્સંગ કરે ને બીજાને કરાવે.

ગામ સરવઈમાં પરમ ભક્ત ગોપાળભાઈ હતા, ખેતીવાડી કરતા તેમને કીર્તન ભક્તિ પ્રધાન હતી, ખેતરમાં હાલતાં ચાલતાં કીર્તન ગાયા કરે, ગમે તેવું કામ કાજ હોય તો પણ નિયમસર કથામાં પહોંચી જાય અને સંતસમાગમ કરે, સારા ઉત્તમકોટીના ભક્ત હતા. પરણેલાં પત્ની ગુજરી ગયાં તેથી બીજી પત્ની ઘરમાં લાવ્યા, પણ બન્યું એવું કે તે સ્ત્રીને બિલકુલ સત્સંગ કે વિવેક નહિ, પતિ પત્નીનાં શરીર જુદાં પણ મન એક હોય તો સંસારમાં રહેવાની અને સત્સંગ કરવાની મઝા આવે. ગાડાનું એક પૈડું સ્કુટરનું હોય અને બીજું પૈડું ટ્રેક્ટરનું હોય તો ગાડું સરખું ચાલે નહિ. સંસારમાં પણ એવું જ છે, પતિ પત્નીનું મન એક હોવું જોઈએ.

ગોપાળભાઈને બિલકુલ મઝા આવતી નથી, સદાય દિલ અશાંત રહે છે.

કરવું શું ? એક દિવસ તેનાં પત્નીને કહ્યું, અમે સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત છીએ, તું ધર્મનિયમનું પાલન કરજે, દૂધ, પાણી, ઘી, તેલ વિગેરે પ્રવાહી પદાર્થને કપડાથી ગાળીને રસોઈમાં વાપરજે, પત્ની ખીજાઇ ગઈ, એવાં ફતુર હું નહિ કરું, મને ફાવશે તેમ કરીશ. ગોપાળભાઈએ કહ્યું, સ્વામિનારાયણ ભગવાનનું ભજન કીર્તન કરજે, સ્ત્રી બોલી ભગવાનનું નામ ભૂલે ચૂકે પણ નહિ બોલું.. ગોપાળભાઈએ કહ્યું રસોઇ બનાવી ભગવાનને જમાડજે. તેમનાં પત્ની ખીજાઈને બોલી વારંવાર આમ કરજે તેમ કરજે.. એમ કહ્યા કરશો તો મારા માબાપને ઘરે જતી રહીશ.. મને ખોટો કંટાળો નહિ જોઈએ.

ગોપાળભાઈ ઉદાસ થઈ ગયા, શું કરવું ? મૂર્ખને કઈ રીતે સમજાવું ? કાંઈક યુક્તિ કરવી પડશે,, ચોમાસાના દિવસો છે, બપોરના બાર વાગે તે સ્ત્રી ગોપાળભાઈને રોટલા દેવા ખેતરે ગઈ.. ગોપાળભાઈ કીર્તન ગાતા ગાતા વાવણી કરે છે.

***નેણાં ઠરે છે જોઇને રે મારાં નેણાં ઠરે છે જોઇને.***
***રહીછું મોહનસંગ મોહીને રે. મારાં...***
***જે દિનમાં દર્શન નવ પામું રે, તે દિન વિતે રોઇને રે...***

પત્નીએ સાદ પાડ્યો... ચાલો રોટલા જમી લ્યો. ગોપાળભક્તે કહ્યું, તું સ્વામિનારાયણ સ્વામિનારાયણ બોલીશ તો હું જમીશ. નહિંતર તારા હાથના રોટલા જિંદગીભર મારે ખાવા નથી. સ્ત્રી બોલીર ગમે તેમ કરશો પણ હું સ્વામિનારાયણ ભગવાનનું નામ લેવાની નથી. તમારાથી થાય તે કરો. ગોપાળભક્તે પોતાના પગમાંથી બુટ કાઢ્યો, ફટાફટ વાંસામાં મારતા જાય ને કહેતા જાય, સ્વામિનારાયણ ભગવાનનું ભજન કરીશ કે નહિ ? નહિતર માર્યા વગર મૂકીશ નહિ. આઠ દશ બુટ વાસામાં મારી દીધા. તેમનાં પત્ની રડતાં રડતાં બોલ્યાં... હવે મારજો નહિ, હું ભગવાનનું ભજન કરીશ, તમે કહેશો તેમ કરીશ, દાસી થઈને રહીશ, મને મારજો નહિ, પછી મારતા બંધ થઈ ગયા. સ્ત્રી સીધી નેતર થઈ ગઈ. ગોપાળ ભક્તે કહ્યું પહેલેથી માની ગઈ હોત તો માર ખાવી પડત નહિ, લાવ રોટલો જમી લઉં.

શ્રીજીમહારાજને સંભાળી માનસીપૂજા કરી રોટલા જમ્યા. જીવત પર્યંત સત્સંગ ટકાવી રાખ્યો, કોઈ દિવસ ગોપાળભાઈના વચનને તરછોડ્યું નહિ. જેમ કહે તેમ કરે. આ છે શૂરવીર ભક્તનું કામ. સત્સંગ કરવાથી સાચી સમજણ આવી, તેથી સ્ત્રી કહે છે, હે પતિદેવ ! તમે મને માર્યું તે બહુ સારું કર્યું, હવે મને જમદૂતના જોડા



ખાવા નહિ પડે, દુઃખથી બચાવી લીધી.

**માર મારી સીધી કીધી, જમના મારથી ઉગારી લીધી.**

મન કહે છે મારી પાસે સ્કીમ બહુ મોટી છે.

***મન કહે ફોજ માહેરી, વર્ણવી સુંણાવું વીર ।***
***કામ ક્રોધ લોભ મોહ, અડગ જોધ અમીર ।।***
***આશા તૃષ્ણા ઈરષા, નિંદા અવિદ્યા નાર ।***
***કુટિલ કુમતિ કુબુદ્ધિ, એવી ફોજ અપાર ।।***

મારી ફોજ કેટલી છે સાંભળ, કામ, ક્રોધ, લોભ, મોહ, આશા, તૃષ્ણા, નિંદા, અવિદ્યા, રાગ, દ્વેષ, ઈર્ષા, છળ, કપટ, અહંકાર વિગેરે અડગ જોધ્ધા છે, ક્રોધ નામનો ફોજદાર તને ઉથલાવી નાખશે, વચનામૃતમાં શ્રીહરિ કહે છે, ક્રોધ યુક્ત પ્રકૃતિ એ દુષ્ટનો ધર્મ છે, શાંત સ્વભાવે યુક્ત રહેવું એ સાધુનો ધર્મ છે.

એક સુખદેવ કરીને બ્રાહ્મણ હતા, વેપારનો ધંધો કરતા, પૂજા પાઠ કરે, સંધ્યાવંદન કરે, કર્મકાંડ કરે, પણ સ્વભાવ તીખાં મરચાં જેવો, ઘરના માણસો બધાં સુખદેવથી ફફડે, કોઈ બોલાવી ન શકે, એક દિવસ જમવા બેઠા, પત્નીને કહ્યું હજાર રૂપિયાની નોટનું બંડલ સાચવી મેલજે, તેમની પત્નીનું નામ સુશીલા હતું, તેણીને થયું પછી સાચવીશ એવું વિચારી રસોડામાં ગયાં, અચાનક રૂપિયાના બંડલ પર દૂધ પડ્યું, નોટો બગડી ગઈ.

આવું દૃશ્ય જોઈ બ્રાહ્મણનો ક્રોધ ભભૂકી ઊઠ્યો, બાજુમાં રોટલી બનાવવાનું વેલણ હતું તે માથામાં માર્યું, મુર્ખી પૈસા કેમ ભેગા થાય છે તને ખબર છે ? જેમ ફાવે તેમ દૂધ ઢોળ્યા કરે છે, મારતો જાય ને બોલતો જાય, તારું મોઢું જોવા હું માગતો નથી. માથામાંથી લોહીની ધાર થઈ છતાં મૂકતો નથી, સુશીલા કહે છે મને માફ કરો બીજી વખત આવી ભૂલ હું નહિ કરું, મને મારો નહિ, તેમ તેમ ખૂબ માર્યું, સુશીલા ચકરી ખાઈ પડી ગઈ, છતાં બ્રાહ્મણ ક્રોધ રોકી શક્યો નહિ, થોડી વાર પછી સુશીલા તરફડી તરફડી મૃત્યુ પામી.

**સાચી બુદ્ધિ ક્રોધથી ઢંકાઇ જાય છે.**

આ વાતની સરકારને ખબર પડી. મારી કૂટીને જેલમાં પૂરી દીધો. સુખદેવ મટી દુઃખદેવ બન્યો. જેલમાં બેઠો બેઠો રડ્યા કરે, પસ્તાવાનો પાર નથી, અરરર મેં સ્ત્રી હત્યા કરી, ગાંડો થઈ ગયો. અંતે રીબાઈ રીબાઈને મરી ગયો. ક્રોધરૂપી ચોરને

ઓળખો.. માણસનું તમામ જ્ઞાન, તમામ સમજણ, ક્રોધથી ઢંકાઈ જાય છે. તેથી શાંતિનું નામ નિશાન રહેતું નથી. જ્યારે મગજ ગરમ થઈ જાય ત્યારે મૌન રાખશો તો ગુસ્સો એકદમ ઓસરી જશે. મૌનનો મહિમા ઘણો છે.

સાંભળજો આ કથા આપણી જ છે, નાની સૂની વાત જતી કરતાં આવડે નહિ તો જીવન પુરાં થાય પણ ઝઘડા પુરા ન થાય.

મન કહે છે, સંકલ્પ વિકલ્પ એ મારી જોરદાર ફોજ છે.

**સંકલ્પ વિકલ્પ સંકેતવિન, નિર્ભય ને નિરધાર ।**
**પંચવિષય પ્રપંચ ભડ, વણગણ્ય વિષય વિકાર ॥**
**ભિન્ન ભિન્ન ચહાય ભોગને, નાના વિધ નિરવાણ ।**
**રાત દિવસ રાચ્યો રહે, એમ હોય જન્મ હેરાણ ॥**

સંકલ્પ વિકલ્પ કોણ કરે છે ? મન કરે છે. અધર્મસર્ગ મનનો પરિવાર છે, મન કહે છે રાત દિવસ હું મારા પરિવાર સાથે રચ્યો પચ્યો રહું છું, મન કહે છે. હે જીવાત્મા ! તું મારી પાસે હારી જઈશ.

### મનગંજન ગ્રંથ અંતરની આંખ ઉઘાડે છે.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે. આંતરિક શત્રુ જોરદાર છે. મૂઆ સુધી મૂકે એવા નથી. કોઈ બળ કરીને ક્રોધ સાથે લડવા જાય તો લોભ ઊભો થઈ જાય, કરવું કેમ ? એક બેસે ત્યાં બીજો બળ કરીને ઊભો થઈ જાય... લોભ સાથે લડવા જાય તો કામ ઊભો થઈ જાય, કામ સાથે લડવા જાય તો અભિમાન ઊભું થઈ જાય.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે. જેતા પદારથ જક્તમાં તેતા ઉપર તાન । અનેક ઈચ્છા ઉરમાં, ઠરે નવ રતિ ઠાન ॥ મન અનેક ઈચ્છા કર્યા કરે, એક ક્ષણ પણ શાંતિથી બેસતું નથી.

**ઉત્થાન અશ્વની ઉપરે, ચઢ્યો મન લઈ ચાપ ।**
**નિજમન કાયા નગ્રથી, કાઢું આજ ઉથાપ ॥**

મનરૂપી ઘોડો ઉન્મત્ત થયો છે.. માણસોની ઈન્દ્રિયો ઘોડા જેવી ચંચળ છે. ઉન્મતાઈ ટાળવી હોય તો ભગવાનના કથા કીર્તન સાંભળી તમારા મનને ભગવાનમાં રાખો... ભગવાનનું રૂપ જોઈને તમારી દૃષ્ટિને ભગવાનમાં રાખો તો મનનો બધો ગર્વ ઉતરી જશે ને મન મોક્ષ આપનારું થશે.



### મન વિષયોનું ચિંતન કરે તો શત્રુ છે.
### અને પરમાત્માનું ચિંતન કરે તો મિત્ર છે.

મન જીવને કહે છે તારી સેના કેટલી છે ? એ બતાવ... ત્યારે જીવ કહે છે, મારા પાસે સદ્‌ગુણો કેટલા છે... સાંભળ..

**શીલ સંતોષ દો સેનમાં, વળી વિવેક વિચાર ।**
**ધીરજ ધર્મ ધુરંધરા, ક્ષમા દયા દો નાર ॥**
**ત્યાગ વૈરાગ્ય ત્યાં રહે, શમ દમ શ્રધ્ધા સોય ।**
**જ્ઞાન ગરિબી ભગતિ, દીન દાસા પણ દોય ॥**

શીલ, સંતોષ, વિવેક, વિચાર, ધીરજ, ધર્મધુરાને ધારણ કરનાર ધર્મ છે. ક્ષમા, દયા, ત્યાગ, વૈરાગ્ય, શમ, દમ અને શ્રદ્ધા છે. શ્રદ્ધાવાળો સત્સંગમાં વધી જાય છે. શ્રદ્ધા વગરનો ઘટતો જાય છે. શ્રદ્ધા પરમાત્મા તરફ લઈ જાય છે. જીવ કહે છે. મારી પાસે સરસ સ્કીમ છે. ગરીબી છે ભક્તિ, દીનપણું અને દાસપણું છે. દાસપણું આવે છે તેની ભક્તિ ભગવાનને બહુ ગમે છે. દાસપણું આવવું ઘણું કઠણ છે.

શ્રીજીમહારાજે પર્વતભાઈને પૂછ્યું, દાદાખાચરના (ગોલા) નોકર કોણ થશે ? મહારાજ ! મને જ રાખોને, અમે હાલ બૈરાં છોકરાંના ગોલા તો છીએ. ભગવાનના ભક્તના ગોલા થવા મળતું હોય તો શું ખોટું છે ? આવાં અમારાં ભાગ્ય ક્યાંથી ? આવું બીજાથી બોલાય નહિ, મહિમા અને દાસભાવ હોય તો જ બોલાય..

### સેવક થવામાં મજા છે, મનધાર્યું કરવામાં સજા છે.

મુક્તકોટીનો આત્મા કહે છે, મારી અંદર ઘણા સદ્‌ગુણો રહ્યા છે. પંચવ્રત-નિઃસ્પૃહતા, નિષ્કામતા, નિર્લોભિતા, નિર્માનિતા, નિઃસ્વાદિતા વિગેરે સદ્‌ગુણો રહ્યા છે, મારી અચળ ટેક છે, છળ કપટ નથી.

**મન કહે કર્મ મેં લહ્યો, દેખી તાહેરું દળ ।**
**એવા સેના સાહેબા, બહુ ન કીજે બળ ॥**
**નુર વિના શાં સૂરવા, અણગમતા હોય અંગ ।**
**પુછી પુછી પગ ભરે, તે જીતે ન કદિયે જંગ ॥**

ખોટું બળ મારી સામે ન કર.. તારી સેના શૂરવીર છે, પણ નૂર વિનાની છે. પૂછી પૂછીને પગ ભરે છે. મારી પાસે યોધ્ધા છે તેવા તારી પાસે નથી.

જીવ કહે છે વધારે પડતું બોલ નહિ, લાજ તો ભગવાનના હાથમાં છે. જીતાડવા કે હરાવવા એ પરમાત્માના હાથની વાત છે, વાતો કર્યાથી ખબર પડે નહિ, પણ લડાઈ કરીએ ત્યારે ખબર પડે ખોટી બળાઈ ન કર...

**બળવાન માણસ પરાક્રમ બતાવી જાણે**
**પણ કોઈ દિવસ બળાઈ કરે નહિ.**

હીરાની કિંમત ઝવેરી કહે છે, પણ હીરો કોઈ દિવસ પોતાની કિંમત આંકતો નથી. સંપૂર્ણ ભરેલો ઘડો કોઈ દિવસ અવાજ કરતો નથી, પણ અધૂરો ઘડો અવાજ કરે છે, ડચકે છે. જેની અંદર સદ્‌ગુણો રહ્યા છે, તે કોઈ દિવસ બોલ બોલ કરે નહિ, એ કાર્ય કરી બતાવે, બોલે ઓછું ને કામ ઘણું કરે... ઘણા માણસો બોલે ઘણું પણ કામ એનાથી કાંઈ થાય નહિ.

**સજ્જ થયાં દો શૂરમાં, વઢવા કારણ ભાવ ।**
**હુવા સિંધુડા સેનમાં, ઘાલ્યા નગારે ઘાવ ।।**

બે લડવા તૈયાર થયા છે. જીવાત્મા. સદ્‌ગુણો લઈને તૈયાર થયા છે. મન દુર્ગુણો લઈને તૈયાર થયું છે.

મન કહે છે - હે જીવાત્મા ! ડાહ્યો થા માં... પ્રભુપદ સુધી પહોંચતાં પહોંચતાં પાડી દઈશ, ત્યારે માની લેજે કે હું માયાનો અસલ દીકરો છું. તને ધોકાવી નાખીશ... કોઈ દિવસ સત્સંગ કરવા નહિ દઉં... મુક્તકોટી જીવાત્માને ભગવાનનો આશરો છે, અને મનને ભગવાનનો આશરો નથી, તેથી પોતાનું બળ બતાવે છે. ભગવાનનો આશરો બળવાન જોઈએ. પોલ ન જોઈએ, શેરડી જાડી હોય પણ અંદર પોલી હોય તો ખાવાની મજા આવે નહિ, મૂળો જાડો હોય પણ અંદર પોલો હોય તો કામ આવે નહિ.. ભગવાનનો આશરો મજબૂત રાખવો.

જીવાત્મા ભગવાનની પ્રાર્થના કરે છે. મારી સેના થોડી છે, મનની સેના બહુ જબરી છે, મારે મન સાથે લડાઈ કરવી છે. મારી લાજ તમારા હાથમાં છે.

**મારી લાજ તમારે હાથ, નાથ નિભાવજો રે;**
**દીનાનાથ દયાળ દયા, અદ્‌ભુત દર્શાવજો રે. મારી...**
**સંકટથી સો સાઉં મુરારિ, લેજો અંતરજામી ઉગારી;**
**હવે ગયો છું હારી, બાપ બચાવજો રે. મારી...**

જે ભગવાનની મદદ માગે છે તેની મદદમાં ભગવાન રહે છે, ઘણા માણસોને



ભગવાનની મદદની જરૂર ન હોય, ભગવાન શું કરે છે ? બધું અમે જ કરીએ છીએ.. આવો એને અહંકાર હોય છે.

શ્રીજીમહારાજ એકવાર સંતો ભક્તોની સાથે ગઢપુરથી વડતાલ જાય છે. રસ્તામાં એક પટેલની વાડી આવી. ઘઉં બહુ સારા થયા છે. હીલોડા લેતા હતા. શ્રીજીમહારાજે કહ્યું, પટેલ બાપા ! ઘઉં બહુ સરસ થયા છે, પટેલે કહ્યું કેમ, ઘઉં સારા ન થાય ? સખત મહેનત કરીએ છીએ. પાણી પાઈએ છીએ, રાત દિવસ ઉજાગરા કરીએ, રોઝડાં આવે તેને તગડીએ છીએ. ખૂબ મહેનત કરીએ છીએ.

શ્રીજીમહારાજે કહ્યું ? ભગવાનની કૃપાથી સારા ઘઉં થયા છે. પટેલ છકથી બોલ્યો - ભગવાન શું કરે છે ? કાંઈ નથી કરતા, ભગવાન શું રાતના પાણી વાળવા આવે છે ? નકામું ઘાસ નિંદવા આવે છે ? કાંઈ કરવા નથી આવતા. ખાતર નાખવા ભગવાન નથી આવતા. ઉજાગરા હું કરું છું, એટલે ઘઉં સારા થયા છે. શ્રીજીમહારાજે હસીને કહ્યું - ભલે તમે જ બધું કર્યું છે તો ઘઉંનાં ગાડાં ભરી લેજો. આટલું કહી શ્રીજીમહારાજ વડતાલ સમૈયો કરવા પધાર્યા, સમૈયો કરી પાછા એજ રસ્તે આવે છે.

પટેલ બાપાની વાડીએ આવ્યા તો માણસો બધાં ઘઉં કાપી કાપીને વાડીના સેઢે નાખે છે, અને પટેલ બાપા લમણે હાથ દઈ ઉદાસ થઈ બેઠા છે. શ્રીજીમહારાજે કહ્યું- કેમ છો બાપા ? ઠીક છો ને ? આમ કેમ ઉદાસ બેઠા છો ? બાપા બોલ્યા ભગવાને મારા બધા ઘઉં બગાડી નાખ્યા, ઘઉંમાં ગેરુ આવી ગયો છે.

સ્વાર્થી માણસો કેવા લૂચ્ચા હોય છે. બગડે તો કહેશે ભગવાને બધું બગાડી નાખ્યું, ને સારું થાય તો કહેશે મેં સારું કર્યું, માણસ માને છે હું હતો એટલે સારું થયું... હું ન હોત તો બગડી જાત, તેં જ બગાડ્યું છે. કર્તા હર્તા ભગવાન છે, જીવ કર્મ કરે છે તેને તેવું ફળ ભગવાન આપે છે. ભગવાનનો ટેકો સાચો, જગતનો ટેકો ખોટો ક્યારે ફરી જાય તે કાંઈ કહેવાય નહિ, સગા પેટના દીકરા પણ ફરી જાય છે.

God’s advice is always true.

**બકરીએ સિંહના પગલાંનો આશરો લીધો**
**તો તેનો બચાવ થયો છે.**

કીડીને કણ ને હાથીને મણ ભગવાન આપે છે. મન કહે છે -

**જાળવજ્યે હવે યુધ્ધમાં, બાણ મારું બળવાન ।**
**સુણી શબ્દ સોયામણા, ધરીશ કયી પેર ધ્યાન ।।**

તું ધ્યાન કેમ કરે છે.. જોઈ લઈશ.. તારું મન ખળભળાવી ઉથલ પાથલ કરી નાખીશ, સંકલ્પ વિકલ્પ કરાવી ગૂંચવી નાખીશ. જીવાત્મા મુક્તકોટીનો છે. શૂરવીર છે. તેથી સજાગ થઈ ગયો. ખળભળી જાય એ બીજા, હું તારો હટાવ્યો હટું નહિ. મારી સાથે ભગવાન છે. તેના બળથી તને હરાવી દઈશ.

**પંચ બાણ પરતક મને, મેલ્યાં નિજમન માથ ।**
**રહ્યો આખી અણિયે એહથી, શિરપર હરિનો હાથ ।।**

મન.. પાંચ બાણ ફેંક્યાં, જીવ સામે પણ એક પણ બાણ જીવને લાગ્યું નહિ. શૂરવીર ભક્ત છે તે પોતાના અંતરશત્રુને જાણે છે. તેથી શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધમાં ફસાણો નહિ, શા માટે ફસાણો નહિ ? શિરપર હરિનો હાથ, જેના ઉપર ભગવાનના હાથ છે, છાયા છે તેને માયા નડતી નથી.

**શૂરવીર ભક્તને માયા શું કરે ?**
**માયા ફોશી અને બાયલાને પકડે.**

જેમ જગતના વ્યવહારના દરેક કાર્યમાં શૂરવીરતા જોઈએ છે, તેમ ભક્તિમાર્ગમાં પણ શૂરવીરતાની જરૂર પડે છે, વચનામૃતમાં કહ્યું છે ભગવાનના ભક્તોએ પ્રતિવ્રતાપણું રાખવું અને બીજું શૂરવીરપણું રાખવું... મન કહે છે, તું પાંચ યોધ્ધાને કેવી રીતે જીતી શક્યો ? મને નવાઈ લાગે છે. જીવ કહે છે-

**શબ્દ જેતા સંસારમાં, એક આકાશનો ભાગ ।**
**હરિજશ સુણી હુલસું, તે વિન સરવે ત્યાગ ।।**

ભગવાન વિનાના જે શબ્દ છે તે આકાશનો ભાગ છે, એમ જાણું છું. શબ્દ ભગવાનના જ સાંભળવા, સ્પર્શ ભગવાન અને સંતનો જ કરવો, રૂપ ભગવાનનું જ જોવું, રસ એટલે સ્વાદ પ્રભુના મહાપ્રસાદનો જ લેવો, ગંધ પણ ભગવાનને ચડેલાં ચંદન પુષ્પનો જ લેવો.. આવી રીતે પંચ વિષય જે છે તે મેં ભગવાન પરાયણ કરી રાખ્યા છે. ભગવાનના ચરિત્રરૂપ જાળને વિશે મનને ગૂંચવી મેલવું... વારંવાર ભગવાનનાં લીલાચરિત્રો સંભાળવાં એ શ્રેષ્ઠ ઉપાય છે.

પંચ વિષયનું ચિંતવન કરતાં કરતાં માનવીની મતિ ક્ષીણ થઈ જાય છે, પછી શાંતિથી માળા, માનસીપૂજા, કથા શ્રવણ, શાસ્ત્રોનું વાંચન ઈત્યાદિ કાંઈ થતું નથી. અંદરથી સંકલ્પની હારમાળા ચાલુ થઈ જાય છે, છતાં મનથી માને કે હું કેવો ડાહ્યો અને ચતુર છું.



માણસ ભોગ વિલાસમાં બહુ આસક્ત છે, ન ખાવાનું ખાય, ન પીવાનું પીવે, પછી કેન્સર જેવાં ભયંકર દર્દ થાય છે.

**એમ પાંચ બાણ પરતકનાં, નિષ્ફળ ગયાં નિદાન ।**
**જાય ન ગંજ્યો જક્તમાં, ભીરૂ જેને ભગવાન ।।**

જીવાત્માએ પંચવિષયને જીતી લીધા, પાંચ બાણ નિષ્ફળ ગયાં. જીવાત્માને ભગવાનનો આશરો છે. જે ભગવાનના થઈને રહે છે તેની ભગવાન રક્ષા કરે છે. એક વખત સમુદ્રમાં એક વહાણ જઈ રહ્યું છે, તેમાં દશ માણસો બોઠા હતા. સમુદ્રમાં અચાનક જોરદાર તોફાન ઉપડ્યું, પવન સુસવાટા કરે છે. મોજાં ઉછાળા લે છે. મોજાંની સાથે વહાણ પણ ઉછળે છે, વહાણ મંડ્યું હાલક ડોલક થાવા, બધાના જીવ ઊંચા થઈ ગયા, હવે આપણું શું થશે, ચોક્કસ મોત આવ્યું છે. જીવવાની આશા ઉડી ગઈ.

વહાણમાં એક જ્યોતિષી બેઠા હતા, તેણે કહ્યું, કાંઈ ચિંતા ન કરો આપણા વહાણમાં કોઈક પાપી માણસ છે. પાપને કારણે સમુદ્રમાં તોફાન આવ્યું છે, જો તેને સમુદ્રમાં ફેંકી દઈએ તો સમુદ્ર શાંત થઈ જાય અને બીજા બચી જાય, બધાય વિચાર કરતા થઈ ગયા, આપણા દશમાંથી કોણ અતિ પાપી હશે ? હું તો નહિ હોઉંને ? એમ સૌને ચિંતા થાય છે બધા મુંઝાઈ ગયા, એક માણસે કહ્યું મને સરસ ઉપાય મળી ગયો છે. આપણામાંથી એક માણસને દોરડાથી બાંધીને સમુદ્રમાં નાખો, જો સમુદ્ર શાંત થઈ જાય તો તે વ્યક્તિને પાણીમાં છોડી દેવાનો, નહિંતર પાછો ખેંચી લેવાનો. હા એ ઉપાય બરાબર છે.

પછી ધીરે ધીરે એક પછી એક વ્યક્તિને દરીયામાં ઉતારતા ગયા, નવ વ્યક્તિને દરિયામાં ઉતાર્યા પણ દરિયો શાંત થયો નહિ, હવે એક જ વ્યક્તિ બાકી રહ્યો છે, તે પરમ ભક્ત હતા, પ્રભુ પર વિશ્વાસ રાખી સતત સ્મરણ કરે છે, સ્વામિનારાયણ સ્વામિનારાયણ ભાલમાં તિલક ચાંદલો છે, કંઠમાં તુલસીની કંઠી છે. મુખમાં પ્રભુનું નામ છે, નવ વ્યક્તિએ આ ભક્તને પકડ્યો, તું પાપી છે, તારા કારણે અમે હેરાન થઈએ છીએ, દોરડાથી બાંધવાની જરૂર નથી, સીધો સમુદ્રમાં ફેંકી દીધો.

ત્યાં તો ગજબ થયો, હીલોડા લેતું વહાણ તરત દરિયામાં ડૂબી ગયું, નવ માણસો સમુદ્રમાં ડૂબી મરી ગયાં, ભક્ત દરિયામાં ડચકાં ખાય છે, ત્યાં ભગવાન મદદમાં આવી ગયા.

### દાસના દુઃખ કાપવા પ્રભુ રહે છે તૈયાર

*એક સરસ મજાનું વહાણ લઈ પ્રભુ પ્રગટ થયા, જેમ મા પોતાના બાળકને બાથમાં પકડી લે તેમ લાંબો હાથ કરી ભક્તને પાણીમાંથી ઊંચકી વહાણમાં બેસાડી દીધા. ત્યાં સમુદ્ર તરત શાંત થઈ ગયો. ભક્તે બે હાથ જોડી પ્રભુને પ્રણામ કર્યા, ધન્ય હો મહારાજ ! ગરીબનવાજ ! મને મૃત્યુના મુખથી બચાવી લીધો, જેમ અત્યારે મહાસાગરમાં ડૂબતાં બચાવી લીધો છે, તેમ ભવસાગરથી બચાવી લેજો. મહારાજ !*

*ભક્તે પૂછ્યું પ્રભુ ! અચાનક આવું કેમ થઈ ગયું ? વહાણ કેમ ડૂબી ગયું ? શ્રીજીમહારાજે કહ્યું નવ વ્યક્તિ વહાણમાં બેઠા હતા તે અતિ પાપી માણસો હતા, એના પાપને લીધે સમુદ્રમાં તોફાન ઉપડ્યું હતું, જ્યાં સુધી તમે પુણ્યશીલ ભક્ત વહાણમાં બેઠા હતા, ત્યાં સુધી વહાણ હિલોળા લેતું હતું, પણ ડૂબતું નહોતું... તમારા પુણ્યથી વહાણ ટકી રહેત... અને હિલોળા લેતું લેતું કિનારે પહોંચી જાત, પણ તમને સમુદ્રમાં ફેંકી દીધા કે તરત વહાણ ડૂબી ગયું. ભગવાન ભક્તની રક્ષા કરે છે.*

*કેવા ભક્તની ભગવાન રક્ષા કરે છે ? જેનામાં સચ્ચાઈ હોય, ન્યાય નીતિ પ્રમાણે, ધર્મ પ્રમાણે રહેતા હોય, પ્રભુની આજ્ઞાનું પાલન સાથે ભજન, ભક્તિ, પૂજા, પાઠ કરતા હોય, વાણીમાં વિવેક હોય, કોઈની નિંદા ન કરતા હોય, આંગણે આવેલા સંતો ભક્તો કે ગરીબના સત્કાર કરે પણ તિરસ્કાર કરે નહિ, તેની ભગવાન રક્ષા કરે છે.*

### પુન્ય શીલ વ્યક્તિ બચી ગયા અને
### પાપી દરિયામાં ડૂબી ગયા.

*નિષ્કુળાનંદ સ્વામી કહે છે - પાંચ બાણ નિષ્ફળ ગયાં, મને ખીજાઈને મોહનું બાણ માર્યું, મોહમાં એને મોહિત કરું, જેટલાં જક્તમાં પદાર્થ છે તેમાં તેને આસક્તિ થાય.*

***વળતો મન વિચાર કહે, મેલું મોહનું બાણ ।***
***અનેક પદારથ ઉપરે, જડી પ્રીત જોરાણ ॥***

*જગતમાં જે મોહ છે તેને વાસના કહેવાય, ભગવાનમાં મોહ હોય તેને ભક્તિ કહેવાય છે, મુક્તાનંદ સ્વામી કહે છે, હે પ્રભુ ! હું તમારા લટકામાં મોહી ગયો છું, કીર્તન ગાય છે સાંભળીએ...*

***આવોને મંદિર મારે સુંદરવર આવોને મંદિર મારે.***
***મોહી છું લટકે તારે સુંદરવર આવોને મંદિર મારે.***



***લટકામાં લાલચ ઘણી લાગીરે, જોઇ જોઇ વહાલ વધારે. સુંદરવર.***
***મન માન્યું મુખને મરકલડે રે, નેણે તે કામણગારે. સુંદરવર...***

*સાચા ભાવે ભક્તિ કરે છે તેને જગતના વૈભવો લલચાવી શકતા નથી, વચનામૃત ગ.પ્ર. ૨૪ માં શ્રીજીમહારાજ કહે છે, જેને ભગવાનનાં માહાત્મ્ય જ્ઞાનની ખટાશ ચડી હોય તેને પોતાની દશ ઈંદ્રિયો અને ચાર અંતઃકરણરૂપી દાઢ અંબાઈ જાય છે, પછી તે વિષયરૂપી ચણા ચાવવા સમર્થ થતાં નથી, જગતના કોઈ પણ વૈભવો તેમને લોભાવી શકતા નથી.*

### માયા ગાફલને મારે છે ને જ્ગતમાં ફસાવે છે.

*નિષ્કુળાનંદ સ્વામી કહે છે, મોહ માયામાં જીવાત્મા ફસાણો નહિ એક પ્રભુ ચરણમાં પ્રીતિ લાગી ગઈ, માયામાં બહુ જોર છે, સાધારણ ભક્તિ અને સાધારણ જ્ઞાનને ગણકારે એવી નથી.*

This discourse is one to be thought about.

*બહુ વિચારવા જેવી કથા છે... મને ખીજાઈને કામનું બાણ ફેંક્યું... જીવની સામે, કામનો વેગ મહા ભયંકર વેગ છે.*

***કશિ બાણ મન કામનું, સાંધુ નિજમન શિર ।***
***જેથી વાધે જલ્પના, ધરે ન અંતર ધીર ॥***

*હૃદય આખું સળગી ઉઠે, જરાય ધીરજ રહે નહિ, સ્ત્રીમાં ફસાવી દઉં, પત્ની પરિવાર અને ઘરબાર ને સંસાર માટે કર્યું છે, એના ચોથા ભાગનું ભગવાન માટે કર્યું છે ? પૂછો તમારા હૃદયને, પૈસા મેળવવા માટે, બૈરાં છોકરાં માટે જેટલો સમય બગાડ્યો છે, એના ચોથા ભાગનો સમય ભગવાન માટે કાઢ્યો છે ? આખી જીંદગીનો હિસાબ કરો.. સ્ત્રી માટે, પૈસા માટે તમે કેટલા ઘાટ સંકલ્પો કર્યા છે ? અને ભગવાનના ઘાટ સંકલ્પ કેટલા કર્યા છે ? પરમાત્માનું કેટલું ચિંતવન કર્યું છે. કરો વિચાર, તમારું હૈયું શું જવાબ દે છે ?*

*મોક્ષભાગી જીવાત્માએ બ્રહ્મચર્ય અખંડ રાખ્યું, બ્રહ્મચર્યના પ્રતાપથી કામવાસના ઢીલી થઈ ગઈ, જેનો હાથ ભગવાન ઝાલે તેને કામદેવ કાંઈ કરી શકે નહિ, મને ખીજાઈને લોભનું બાણ માર્યું, ભલભલા લોભમાં લપટાઈ ગયા છે, એ બાણ પણ લાગ્યું નહિ, કારણ કે શૂરવીર ભક્ત છે, લોભમાં ન લોભાણો. હકનું મળે તેમાં સંતોષ માની પ્રભુનું ભજન કરે, પારકો પૈસો ઝેર જેવો માને, લોભનું બાણ ન*

લાગ્યું, શૂરવીર ભક્ત મનનું કહ્યું કરે નહિ.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે - માયા તો કામી, ક્રોધી, લોભી, સ્વાર્થી અને ઢીલા પોચાને પકડે એવા કેટલાયને માયાએ પછાડ્યા છે. ચોરાસીમાં ભટકાવ્યા છે.

**લથબથ હુવા લાઢવા સમે, કર ધરી ક્રોધ કરવાળ ।**
**બચે ન આયો વડજમા, ઝબક અગનની ઝાળ ॥**

ક્રોધ કરવાથી મન બગડી જાય છે, મનગમતું કરવા મળે નહિ તો હૈયું બાળે, ગાળો બોલે ને બીજાને પણ હેરાન કરે.

ANGER ROTS OUR MIND.

મન ખીજાણું જીવ ઉપર એટલે ક્રોધનું બાણ નાખ્યું, શ્રીજીમહારાજ કહે છે, કામી, ક્રોધી, માની અને કપટી એવા માણસ સાથે અમારે બનતું નથી, ક્રોધ તો કસાઈ છે.

**ગરમ પાણીથી હાથ દાઝે છે.**
**ગરમ વાણીથી હૈયું દાઝે છે.**

ક્રોધ અધર્મરૂપી એક શક્તિ છે. જીવપ્રાણી માત્રને હેરાન કરે છે. ભજન થતું હોય, શાંતિ હોય, સુખ આવતું હોય અને તે વખતે જરાક ક્રોધની જ્વાલા આવે તો ભજનનું તમામ સુખ નાશ પામી જાય...ચિતમાં અશાંતિ વ્યાપી જાય....ક્રોધી માણસ દિવસને રાત બળ્યા કરે.....

મન એકદમ ખીજાયું એટલે નિદ્રાનું બાણ માર્યું. આળસનું બાણ માર્યું.

**નાખી નિજમન ઉપરે, નિંદ્રા ફાંસી નેક;**
**આળસ કટારી અંગમાં, છાની વાઈ છેક.**

ગમે તેમ કરીને આળસ મૂકીને ઊંઘાડી દઈશ....કઇ રીતે તું ધ્યાન ભજન કરે છે જોઇ લઈશ....શૂરવીર આત્માને એક પણ બાણ વાગ્યું નહિ...શૂરવીર ભક્ત સાવધાન છે... જો ઢીલો પોચો ને રાંક જેવો હોય તો ફસાઈ જાય હો....

**હાથમાં છે બાજી ત્યાં સુધી કરી લ્યો હરિ તો રાજી**

(આત્મા) જીવ કહેશે ચાલ મંદિરે, મન કહે નથી જાવું.ખાઈ પીને સૂઈ જા.જીવ કહેશે વહેલો ઊઠી પૂજા પાઠ કર. મન કહે છે. ઠંડી પડે છે. સૂઈ જા.આવી રીતે અંતરમાં લડાઈ થયા કરે છે, પણ જો શૂરવીર હોય તો મનનું કહ્યું કરે નહિ. જેને ભગવાનને રાજી કરવા હોય. અક્ષરધામમાં જાવું હોય. તેને સવારે વહેલા ઉઠી જવું



જોઈએ. વહેલા ઊઠવાથી ઘણા ફાયદા થાય છે. નિરાંતે માનસી પૂજા થાય, નિરાંતે ગુરુમંત્રની માળા ફેરવાય. શાંતિથી પ્રદક્ષિણા અને દંડવત્ થાય, મંગળા આરતીનાં દર્શન થાય, કથા સંભળાય.

**મોહબાણ સો મરોડિયું, પરહરિ સબશું પ્રીત;**
**નિસ્પૃહિ વ્રત પાળતાં, હૂઈ જગતમાં જીત.**
**ધન દારા નિજ દેહ ગેહ, પુત્ર પશુ પરિવાર;**
**ભાગ્ય ભુવન ગણે ભાગસી, એહ નિઃસ્નેહી ઉદાર.**

મને ખીજાઈને મોહનું બાણ માર્યું, ત્યાં તો આત્મા સજાગ થઈ ગયો. બધાયમાંથી પ્રીતિ તોડી નાખી...શૂરવીર ભક્ત અલમસ્ત બની કીર્તન ગાય....

**મેં તો સરવે સંગાથે તોડી રે સાહેલી....**
**એક જગના જીવન સાથે જોડી રે સાહેલી....**

સગા સંબંધી પુત્ર પરિવારમાંથી મોહ તોડી નાખ્યો.....ધન, સ્ત્રી, ઘર વિગેરે સર્વે જગતની માયા છે...અને બંધનકારી છે, એમ માને એ ખરેખર નિસ્પૃહી કહેવાય, વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છે, પૂર્વ જન્મના સંબંધી અજ્ઞાને કરી વિસરાઇ ગયા છે. તેમ આ જન્મનાં સંબંધીને જ્ઞાને કરીને વિસારી દેવાં....નિસ્પૃહી વ્રત પાળતાં હુઇ જગતમાં જીત.

## વૈરાગ્યને જાગૃત કરવા માટે મનગંજનની કથા છે

નિઃસ્પૃહી ભક્તની કથા સાંભળો : ગામ દેવડામાં વણિક હરખશા નામે એક પરમ એકાંતિક ભક્ત રહેતા હતા. આર્થિક સ્થિતિ નબળી હતી. વ્યવહારમાં ગરીબ હતા પણ શ્રધ્ધામાં શ્રીમંત ને ઉદાર હતા. શ્રીજીમહારાજ બે પાર્ષદ સાથે વિસનગર જાય છે. રસ્તામાં દેવડા ગામ આવ્યું, હરખશા ભક્તે શ્રીજીમહારાજને જોયા ને હૈયામાં હરખ ઉભરાયો, દોડીને દંડવત્ પ્રણામ કર્યા, બે હાથ જોડીને કહ્યું, ''હે પ્રભુ...! બપોરની વેળા થવા આવી છે, તમે બારોબાર જાવ તે ઠીક નહિ, ભોજન જમી આરામ કરીને પછી જજો.''

શ્રીજીમહારાજે કહ્યું, અમે કહીએ તેમ કરો તો તમારે ઘેર જમવા માટે આવીએ, એક શરત, હા...મહારાજ, તમે જેમ કહેશો તેમ કરશું, શ્રીજીમહારાજે કહ્યું, તમારી આર્થિક સ્થિતિ નબળી છે...અને તમે અમારા માટે બહુ ખર્ચ કરો તે ઠીક નહિ, બાજરાના રોટલા ને દાળનું શાક બનાવો તો તમારે ઘરે આવીએ, હરખશા

ભક્તે કહ્યું, ભલે મહારાજ શાક રોટલા બનાવશું...અમારા ઘેર પધારો, બે પાર્ષદોની સાથે પ્રભુ એમને ઘેર પધાર્યા. ઓસરીમાં ખાટલા ઉપર ગોદડું પાથરી દીધું, તે ઉપર શ્રીજીમહારાજ બિરાજમાન થયા. હરખશા ભક્તે ઘરમાં જઈને એમનાં પત્નીને વાત કરી, પ્રભુ માટે દાળ, રોટલા જલદી બનાવો.ઘરવાળાં ભાવિક અને શ્રધ્ધાવાળાં હતાં, તેમણે કહ્યું મહેમાન આવે ત્યારે લોક લાજે સારું સારું જમાડીએ છીએ, તો આતો સાક્ષાત્ પરમાત્મા છે, અનંત કોટી બ્રહ્માંડના રાજાધિરાજ છે, નિત્ય છપ્પનભોગ જમનારા છે, એમને દાળ રોટલા જમાડાય નહિ. પણ મહારાજે ના પાડી છે.ભલે ના પાડી છે... પ્રભુ અતિ દયાળુ છે, આગ્રહ કરજો.માની જશે..

તાંબાનું બેડું છે...તે વેંચીને રસકસ લઈ આવો, સીધું લાવી દૂધપાક ને માલપુવા બનાવ્યા...હૃદયના ઉત્સાહથી થાળ પીરસ્યો...પ્રભુ જમવા બેઠા...દૂધપાક ને માલપુવા જોતાં પ્રભુ ઊભા થઈ ગયા....અમારે જમવું નથી...તમે શરત ચૂકી ગયા છો....અમને એમ કે તમે ગરીબ છો પણ ભોજન જોતાં લાગે છે કે તમે શાહુકાર છો, પાંચસો રૂપિયા લાવો પછી જમવાનું ચાલુ કરીએ....પ્રભુની અલૌકિક લીલા છે. હવે શું કરવું...!! હરખશા ભક્ત મુંઝાઈ ગયા....ઘરમાં પાંચ પૈસા નથી તો પાંચસો રૂપિયા ક્યાંથી લાવવા, પત્ની હિંમતવાળા હતાં.

## હિંમતવાળાં પત્ની ભાગ્યશાળીને ઘરે હોય છે

પત્નીએ કહ્યું ચિંતા ન કરો....આપણાં મોટાં ભાગ્ય કે પ્રભુએ સામેથી પૈસા માગ્યા....આપણું મકાન ગીરે મૂકી આવો....ને પાંચસો રૂપિયા લઈ આવો...વિચાર ન થયો કે કદાચ પાંચસો રૂપિયા નહિ ભરાય ને ઘર ખાલી કરાવશે તો ક્યાં જઈશું...પાંચસો રૂપિયા લાવીને પ્રભુના ચરણમાં મૂક્યા....પ્રભુ થાળ જમ્યા...બહુ રાજી થયા...હરખશા ભક્ત ! પાંચસો રૂપિયા લઈ અમારી સાથે ચાલો...એક રૂપિયાની ચાર મણ તુવેર દાળ મળતી હતી તે વેંચાતી લઈ તુવેરદાળનાં ગાડાં ભરાવીને કહ્યું, તમારું ઘર બહું મોટુ છે તેમાં આ તુવેર સાચવી મૂકો....જરૂર પડશે ત્યારે અમે મંગાવી લેશું....સમય જતાં દુષ્કાળ પડ્યો...પૈસા દેતાં ક્યાંય અનાજ મળતું નથી.

''હરખશા ભક્તે શ્રીજીમહારાજને કહ્યું'' હે ભગવાન...!! તમારી તુવેરદાળ જલદી લઈ જાઓ તો સારું, ચોરની બહુ બીક લાગે છે, પ્રભુએ કહ્યું, એ તુવેર અમારી નથી...પણ તમારી છે, ગરીબ અને સંતોને મદદ કરજો, બાકીની વેંચી નાખજો...અત્યારે ભાવ સારા ચાલે છે. આઠ રૂપિયાની એક મણ વેંચાય છે...તુવેર



દાળ વેચી.....હરખશા ભક્ત પૈસાદાર થઈ ગયા....પ્રથમ ઉદાર થવાની જરૂર છે.

## ભગવાનને અર્થે વાપરે છે તેના ભંડાર કદી ખાલી થતા નથી ભરપુર રહે છે.

શ્રીજીમહારાજ બોલ્યા હતા કે તમે શાહુકાર છો, તે વચન સત્ય થયું....ખરેખર શાહુકાર થઈ ગયા....પ્રભુની અદ્‌ભુત લીલા છે.

જીવ કહે છે, આ દેહ ભગવાન પરાયણ કરી રાખ્યો છે....

**અશન વશન ભૂષનસે, મોહ ન પામે મન;**
**ચહે ન પ્રભુ વિના ચિતમાં, ધન્ય નિઃસ્પૃહી જન.**

અસન વશન ભૂષનમાં કોઈ પદાર્થમાં આશક્તિ નહિ...સંસારમાં રહે પણ સમજી વિચારીને રહે, જળકમળવત્ રહે. કમળને પાણીનો લેપ લાગે નહિ....જગતમાં રહેવું છે ને જગતને ભૂલવું છે....એ કેમ બનશે...સંસાર છોડીને જશો ક્યાં ?...જ્યાં જશો ત્યાં સંસાર સાથે જ છે....સંસારને છોડીને જવાનું નથી, પણ સંસારને મનમાંથી કાઢી નાખવાનો છે, સંસારથી અલગ થઈ જવાનું છે. સંસારનું સંપૂર્ણ વિસ્મરણ અને પરમાત્માનું સતત સ્મરણ એજ મુક્તિ છે...

**સદા ઉદાસ સંસારથી, હરિશું પ્રીત હંમેશ;**

સમજણ માગી લે એવી કથા છે....ગમે તેવો ગાડીનો ડબ્બો કાટ ખાધેલો હોય છે પણ જો એન્જીન સાથે જોડાયેલો હોય તો ધારેલા લક્ષ સુધી ગાડી પહોંચાડી દેશે..પણ એર કન્ડીશન ડબ્બો હશે ને જો એન્જીન સાથે જોડાયેલો નહિ હોય તો જ્યાં હશે ત્યાં જ રખડશે...ગમે તેવો પામર જીવ હશે અને ભગવાન સાથે મજબૂત રીતે બાંધેલો હશે, હરિમાં હેત હશે...તો સંસારના દુઃખથી મુક્ત થઈ ભગવાનના અક્ષરધામમાં પહોંચી જશે. ગમે તેટલો ભણેલો હશે, મોટા મોટા સંતમાં ખોટ કાઢતો હશે, તેનું હૃદય ભગવાન સાથે જોડેલું નથી, પૂજા પાઠ, સત્સંગ, સમૈયા, ધર્મ સહિત ભક્તિ નથી, તો જમપુરીમાં ધકેલાઈ જશે.

**કામબાણ સો કાઢિયું, નહિ નારીશું સ્નેહ;**
**ચૌદલોક જે ચતુરધા, ઈચ્છ્યા ન ઉરમાં એહ.**

આ દુનિયામાં ધન અને સ્ત્રી માટે અનેક મોટાં મોટાં યુધ્ધ ખેલાણાં છે, લાખોની કતલ થઈ છે, અસંખ્ય માણસો બેહાલ થયા છે...

નિષ્કુળાનંદ કહે છે.....મને ખીજાઈને જીવ ઉપર કામ બાણ માર્યું...તો શૂરવીર ભક્તે કામ બાણને ઉખાડી નાખ્યું...સ્ત્રીમાં હેત જ નહિ....સ્ત્રીને નીરખીને જોવી નહિ ને યાદ કરવી નહિ...કોઈ સંકલ્પ જ નહિ...ચતુર્ધા મુક્તિની પણ ઈચ્છા નહિ...ભગવાન સિવાય ક્યાંય હેત નહિ.

## બ્રહ્મચર્યના પ્રતાપથી કામ બાણ હેઠું પડ્યું

કામ બાણથી - સૂર્ય - ચંદ્ર - શિવ - બ્રહ્મા અને અનેક ઋષિમુનિઓ હળબળી ગયા છે. ધ્રૂજી ગયા છે.એવું જોરદાર બાણ પણ પ્રભુના પ્રતાપથી પાછું પાડી દીધું. મન ઉવાચ.

**સ્પર્શમાં કાહા પાપ હે, જોયામાં કાહા જાત;**
**ચિત સાબુત ચાહિયે, ક્યા વણસે કર્યે વાત.**

મન કહે છે, સ્ત્રીને જોવામાં, બોલવામાં અને અડવામાં શું વાંધો છે ? મન ઠગાઈ કરે છે, જીવ કહે છે મુરખના સરદાર શાસ્ત્ર વિરુધ્ધ શું કામ બોલે છે. શૂરવીર જીવાત્મા કહે છે.

**રે રે બેસી રાંડના, બે ખબર શું બોલ;**
**શાસ્ત્ર વિરોધી શું લવે, તું મુરખ વણ તોલ.**
**ઈંદ્ર ચંદ્ર એકલશૃંગી, સોભરી નારદ શિવ;**
**આજ થકી અધિકો થયો, જો જો ભાઈયો જીવ.**

હે કપટી મનવા, ઇંદ્રને પૂછી જો અહલ્યાને નીરખી તો શું દશા થઈ. ચંદ્રમાને પૂછો ગુરુની પત્નીનું હરણ કર્યું તો કેવી દશા થઈ ? એકલશૃંગી ને પૂછો વેશ્યાના હાથનો રસાસ્વાદ ચાખ્યો તો કેવી દશા થઈ..સૌભરી ઋષિને પૂછો માછલીનો ઘરસંસાર જોવાથી કેવી દશા થઈ. નારદજીને પૂછી આવો, અંબરીષ રાજાની દીકરીનો હાથ જોવા ગયા તો કેવી દશા થઈ. કામ વાસનાથી રાવણના કુળનું નિકંદન નીકળી ગયું. કામ એટલે મૂર્તિમાન સ્ત્રી અને લોભ એટલે મૂર્તિમાન પૈસા. કેટલાય સલવાઈ ગયા કામ, ક્રોધ અને લોભમાં. ભગવાન સાથે સાચી લગની લાગે તો કામ ક્રોધ એને નડતા નથી.

**લાજ લઈ ત્રિલોકની, નારે કાપેલ નાક;**
**શુધ્ધ બુધ્ધ હરી સહુ તણી, વળી ચઢાવ્યા ચાક.**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, નાક કપાય તો માણસ શોભે નહિ. આંગળી



કપાઈ જાય, કાન કપાઈ જાય તો ચાલે પણ નાક કપાય તો શોભે નહિ, સમગ્ર શરીરની મુખ્ય શોભા નાક છે. ધનવાન કરતાં આબરૂવાન શ્રેષ્ઠ છે.આપણા જીવનની શોભા (શીલ) બ્રહ્મચર્ય વ્રત છે. આચાર અને શુભ સંસ્કાર એજ માણસનું ખરું ભૂષણ છે.

## અણ સમજણવાળાં તર્ક વિતર્ક બહુ કરે

એક શિરોમણી સંત હતા, નામ છે યોગાનંદ, અખંડ ભગવદ્ સ્મરણ કરે, સતત ભક્તિ કરે છે. ભક્તિ ગુપ્ત રાખી છે, ભક્તિની જાહેરાત ન થાય, તમારા ઘરનું ધન તમે છુપાવી રાખો છો તેમ ભક્તિ છે તે અલૌકિક ધન છે, એને ગુપ્ત રાખજો. મેં આટલી માળા ફેરવી, મેં આટલી પ્રદક્ષિણા કરી, મેં આટલાં શાસ્ત્રો વાંચ્યાં, મેં આટલાં દંડવત્ કર્યાં, મેં આટલા પાઠ કર્યો....કોઈ પૂછે નહિં છતાંય જાહેરાત કર્યા કરે તે માનવીનો સ્વભાવ છે.

## લોકો પુણ્યનો હિસાબ રાખે છે
## પણ પાપનો હિસાબ રાખતા નથી.

યોગાનંદ સ્વામીની દૃષ્ટિ દિવ્ય હતી. જેની દૃષ્ટિ દિવ્ય તેની સૃષ્ટિ દિવ્ય. સવારમાં બ્રાહ્મમૂહુર્તમાં ઊઠીને સેવા પૂજા કરે, સંધ્યા કરે, નારાયણકવચના પાઠ કરે, ભાગવત અને ગીતાજીના પાઠ કરી રોજ એકવીસ હજાર ભગવાનના મહામંત્રના જપ કરે, ત્યાં સાંજ પડી જાય. સાંજે નિત્ય નિયમ પુરાં થાય. આખો દિવસ નિત્ય નિયમ ચાલે, વિચાર કરો. એનું જીવન કેવું મહાન હશે.....પછી રાત્રે એક વાર ફળાહાર કરે.

સંત પાસે એક પ્રોફેસર આવ્યા.પગે લાગીને બેઠા. સ્વામીજી તમે કથા બહુ સારી વાંચો છો. તમે કહો છો કે ભગવાનને અર્પણ કર્યા સિવાય જે જમે છે તે પાપ ખાય છે. પ્રભુને અર્પણ કર્યા વિના પાણી પીવું નહિ. તો ભગવાન ક્યાં પાણી પીએ છે ? ભગવાન જમતા નથી, પાણી પીતા નથી. તો અર્પણ કરવાની વાત, ભોગ ધરાવવાની વાતને હું માનતો નથી. એ બધું નાટક છે. ભગવાનને થાળ જમાડવાની જરૂર નથી. ભગવાન આનંદરૂપ છે. સ્વયં ભોક્તા છે. થાળ જમાડીએ તો ભોજન કેમ ઓછું થતું નથી. તેથી હું માનું છું કે ભગવાન જમતા જ નથી. તમારે સિદ્ધ કરવું પડશે કે ભગવાન જમે છે.

સંત યોગાનંદજી બોલ્યા. બહુ તર્ક વિતર્ક કરવો તે સારું નથી. યુવાનીયાએ કહ્યું. હું પ્રોફેસર સાહેબ છું, અંધશ્રધ્ધાને અમે ભણેલા સ્વીકારીએ નહિ. સંત શાંતિથી

બોલ્યા...ફુલની ચાર-પાંચ વાર આપણે સુગંધ લઈએ પણ ફુલનું વજન હલકું થતું નથી. તેમ આપણે ભગવાનને સામગ્રી જમાડીએ તેમાંથી દિવ્ય શક્તિથી પ્રભુ રસ ખેંચી લે છે....પરમાત્મા રસસ્વરૂપ છે. ભગવાન રસરૂપે આરોગે છે. વિશિષ્ટ પ્રેમમાં પરમાત્મા પ્રત્યક્ષ આરોગે છે. જીવણ ભક્તનો મઠનો રોટલો શ્રીજી મહારાજ પ્રત્યક્ષ આરોગ્યા છે...

## પ્રભુ ધીરે ધીરે જમે છે ઉતાવળ કરવી નહિ નિરાંતે ભગવાનને જમાડવા

આપણને જમતાં ૧૦-૧૫ મિનિટ લાગે છે, ભગવાન ધીરે ધીરે આરોગે છે. ઉતાવળ કરવી નહિ. યુવાનની આંખ ઉઘડી ગઈ....સત્યવાત સમજાઈ ગઈ....તેથી નિત્ય સત્સંગ કરવા આવે. શેષ જીવન ભગવાનનું ભજન કરી સાર્થક કર્યું, આ છે સંતનો પ્રતાપ.... નિષ્કુળાનંદ સ્વામી કહે છે....

**કાગદ કરિણી દેખતાં, હસ્તી મરે હજાર;**
**મૂર્તિવંતી માનિની, કેમ પોંચાડે પાર.**

કાગદ કરિણી દેખતાં હસ્તી મરે હજાર...શિકારી હાથીને પકડવા જંગલમાં જાય....ખાડો ખોદે, ઝીણી ઝીણી, લાકડીયો ને ઘાસ પાથરે - હાથી સામે લાકડાની હાથણી ઉભી રાખે - હાથણીને જુવે ને હાથી દોડે ને જેવો ખાડા ઉપરથી પસાર થાય ત્યાં લાકડીયો તુટી જાય ને હાથી ખાડામાં પડી જાય....હાથણીમાં મોહમાં ફસાયો તો હાથી ખાડામાં પડે છે ને શિકારીના હાથમાં જાય છે.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે દુનિયામાં અતિ મોહ રાખશો તો માયારૂપી ખાડામાં પડશો ને કાળરૂપી શિકારીના હાથમાં જાશો ને જન્મ મરણના ફેરામાં ફરશો...દુનિયાના માયિક પદાર્થમાં અતિ મોહ ન રાખો, અતિ મોહ પરમાત્મામાં રાખજો, તો જીવનું કલ્યાણ થશે.

**નર પ્રાણી પતંગ સમ, નારી દીપક ઝાળ;**
**મોહ પામી મરત તેમ, નારી નરનો કાળ.**

પતંગીયું પ્રકાશ દેખીને દોડે છે, તો છેવટે પતંગીયાનો નાશ થાય છે, તેમ આ દુનિયાની માયાવી વસ્તુ વાંસે જો આપણે રાત દિવસ દોડ્યા કરશું તો એક દિવસ આપણો નાશ થશે, પણ આપણા હાથમાં કાંઈ આવશે નહિ, પદાર્થનું કામ છે બાંધવાનું, પરમાત્માનું કામ છે છોડવાનું, પદાર્થ બાંધશે ને પરમાત્મા જીવાત્માને મુક્તિ આપશે.



વિષવેરીસમ વૈતરી, નાગણ વાઘણ નાર; ડાકણ, શાકણ દુષ્ટણી, સ્વપ્ને ન હોય વ્યવહાર. મન માયામાંથી હટી જાય તો ભગવાનમાં ચોંટી જાય. ત્યાગી હોય તેમણે અષ્ટ પ્રકારે સ્ત્રીનો ત્યાગ રાખવો.

**લેતાં લિંબુ નામને, વદને આવે વાર;**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, લિંબુને યાદ કરે તો મોંમાં પાણી આવે. રસ આવે. તેમ સ્ત્રીને કામભાવથી જુવે તો વિકાર ઉત્પન્ન થાય છે....માટે સાવધાન રહેવું...મનને સાચવે તે સંત કહેવાય....

one who controls the mind is the saint.

મનનો વિશ્વાસ કરાય નહિ. મન જો કાબુમાં ન રાખો તો ચોરી કરાવે, પાપ કરાવે, વ્યભિચાર કરાવે, ઊંધુ બોલાવે, ઝગડા કરાવે, જીવતાં નર્કમાં નાખે. જુઓ અજામિલે વિશ્વાસ કર્યો તો ભટકાઈ ગયો વેશ્યામાં. નારદજીએ વિશ્વાસ કર્યો તો માંકડાંનાં મોઢું થયું, સૌભરીને મનને કારણે ઠેકાણું ન રહ્યું, તેથી માંધાતારાજાની પચાસ કન્યા પરણીને તપ ગુમાવી બેઠા. નિષ્કુળાનંદ સ્વામી કહે છે, સદાય ચેતતા રહેવું, નહિતર ગોથું ખાવાઈ જાય....

મન કહે છે...હે જીવાત્મા ડાહ્યો થા નહિ, પ્રભુના પદ સુધી પહોંચતાં પહોંચતાં પાડી દઈશ.

**લોભ લુવાંગ્યા ઝીણી અણી, લાગી સરવે શિર;**
**દેવ દાનવ માનવ મુનિ, પાડે પંડિત પીર.**
**કામ થકી કરડી ઘણી, માને ન માસી માત;**
**બહેન ફૂઈ બેરી સંગે, લોભ કરાવે ઘાત.**

લોભ ભાઈ ભાઈમાં કલેશ કરાવે, લોભ બાપ દીકરામાં કલેશ કરાવે, લોભ પતિ પત્નીમાં કલેશ કરાવે, લોભ ભાઈ બહેનમાં કલેશ કરાવે, લોભને કારણે હજારો વ્યક્તિ ભૂત થયા છે. સર્પાદિક નીચ યોનીને પામ્યા છે, ભૂંડે હાલે મરે છે.

એક વાણીયો ખૂબ લોભી હતો, છળ કપટ કરી ખૂબ પૈસા ભેગા કર્યા. ગામનો અગ્રેસર હતો તેથી લોક લાજે કથા સાંભળવા જાય, બાકી કથા કીર્તનમાં ભાવ કે શ્રધ્ધા નહીં. ગરીબને ચપટી લોટ પણ આપે નહીં. સાવ નિર્દય પ્રકૃતિનો, એમની સગી બહેન ખૂબ ગરીબ હતી છતાં પણ મદદ કરે નહી. એમના મિત્રે કહ્યું, ચાલોને કથા સાંભળવા, સંતો કથા બહુ સારી કરે છે. અંતર ટાઢું થાય છે. ઉપદેશ સાંભળી અંતરમાં

આનંદ થાય છે. લોભી વણિક કથા સાંભળવા આવ્યો. કથા સાંભળ્યા પછી સંતે લોભી વાણીયાને કહ્યું, ભક્તરાજ, આજથી ત્રીજે દિવસે તમારું મૃત્યુ થશે, માટે ચેતી જજો.

**ચેતવું હોય તો ચેતી જજો**
**પરલોકનું ભાતું બાંધી લેજો**

આટલું સાંભળી વાણિયો ધ્રૂજી ગયો....ઊંડા વિચારમાં ઉતરી ગયો. ગાડી, લાડી, વાડી, બંગલા, કુટુંબ પરિવાર મૂકીને જવું પડશે. મારી પાસે પંચાવન કરોડ રૂપિયા છે, મને છપ્પન કરોડ રૂપિયા ભેગા કરવાની ઈચ્છા છે, મનોરથ મારો અધૂરો રહેશે. હવે શું કરું. જમવાનું ભાવતું નથી, ઊંઘ આવતી નથી. મૃત્યુની ચિંતામાં બીમાર થઈ ગયો. સંતને ખબર પડી કે લોભી વાણિયો બીમાર છે. તેથી તેમના ઘરે કુશળતા પૂછવા આવ્યા. ભક્તરાજ જય સ્વામિનારાયણ, કેમ છો ? સ્વામીજી શું વાત કરું, ચિંતાનો કોઈ પાર નથી, તમે કાંઈક રસ્તો બતાવો તો સારું. સંતે કહ્યું સ્વર્ગલોકમાં સીવવા માટે સોય મળતી નથી સોય સાથે લેતા જજો.

રડતાં રડતાં વણિક બોલ્યો, મારું શરીર બાળીને ભસ્મ કરી દેશે તો સોય કઈ રીતે લઈ જઈ શકાય. સંતે કહ્યું, તમારા પંચાવન કરોડ રૂપિયાની ગાંસડી બાંધીને લઈ જાવ તેની સાથે એક સોય લઈ જજો...વણીક સમજી ગયો. વાત સાચી છે. સંતે કહ્યું. એકલા આવ્યા ને એકલા જવાનું છે...કાંઈ સાથે લઈને આવ્યા નથી ને કાંઈ લઈ જવાના નથી. ફક્ત દાન, પુન્ય, જપ, તપ, ભજન, ભક્તિ, પરોપકાર અને ભક્તિ કરી હશે તે સાથે ચાલશે...વાણિયો સજાગ થઈ ગયો. સંતે કહ્યું તમને સાવધાન કરવા માટે મેં વાત કરી હતી બાકી ડરવા જેવું નથી, વાણિયાને મૃત્યુની ચિંતા મટી ગઈ તેથી સાજો થઈ ગયો. મૃત્યુનો ભય ભલભલાને રડાવે છે. વૈરાગ્ય આવી ગયો. નિષ્કુળાનંદ સ્વામી ઉપદેશાત્મક કીર્તન ગાય છે....

***પ્રથમ વૈરાગ્ય જેને પ્રગટે, તજે સકળ સંસારજી;***
***રાજસાજ સુખ સંપત્તિ, મેલે માલ ભંડાર. પ્રથમ...***
***અસલ વસન ભૂષણ શય્યા, એથી ઉતારે મનજી;***
***અંતર વૈરાગ્ય જેને ઉપજે, તજી ભુવન ઈચ્છે વનજી..પ્રથમ.***

એક કરોડ રૂપિયા કુટુંબ પરિવાર માટે રાખ્યા અને ચોપન કરોડ રૂપિયા ધર્મને અર્થે વાપર્યા, દેવાલય, વિદ્યાલય, જલાશય, ધર્મશાળામાં ખૂબ દાન આપ્યાં. સંતને ગરીબને ગાયોને અતિથિ, તીર્થવાસી અને બ્રાહ્મણોને ખૂબ જમાડી તૃપ્ત કર્યા, છૂટે હાથે



દાન આપ્યાં, ઈંદ્રનું ઈંદ્રાસન ડોલવા લાગ્યું. આટલું બધું દાન કરનાર કદાચ મારું ઈંદ્રાસન લઈ લેશે તો, ઈંદ્રરાજા ભગવાન પાસે આવ્યા. પ્રભુ તમે કાંઈક કરો. મારું ઈંદ્રાસન લઈ લેશે. ભગવાને કહ્યું : તમે ચિંતા ન કરો ! હું તે બાબત બરાબર ગોઠવી દઈશ....

વાણિયા તરફથી દરરોજ બ્રહ્મ ભોજન ચાલુ છે અનેક બ્રાહ્મણો ભરપેટ જમી આશીર્વાદ આપે છે, ભગવાન અને અર્જુન બ્રાહ્મણના રૂપમાં ત્યાં ભોજન જમવા પધાર્યા, ભગવાને વાણિયાને પ્રસાદ આપ્યો. પ્રસાદ જમતાં વાણિયાની બુધ્ધિ પવિત્ર થઈ, શ્વેત તેજના પ્રકાશ મધ્યે પરમાત્માનાં દર્શન થયાં. પીળું પિતાંબર માથે મુગુટ, વૈજયન્તી માળા, ચળકતા ચીકણા કાળાવાળ, સ્મિત હાસ્ય મુખારવિંદ, વણિકે બે હાથ જોડી પ્રણામ કર્યા. ધન્ય હો મહાપ્રભુ તમે મારું જીવન સફળ કર્યું. ભગવાને કહ્યું મારા સ્વરૂપનું અખંડ ચિંતવન કરજો. આટલું કહી પ્રભુ અદ્રશ્ય થઈ ગયા. પ્રભુનું ભજન કરી અંતે ઉત્તમગતિને પામ્યા. આ છે સંતસમાગમનો પ્રતાપ.. જીવ કહે છે...

***લોભ મૂર્ત દ્રવ્ય લેખિયે, એહમાં અનંત વિકાર;***
***કૂટ કપટ છળ હિંસા, કરે અનર્થ નરનાર.***

લોભે કેટલાયને પકડી લીધા....નંદ રાજા જેવાનું મૃત્યુ કર્યું. લોભે કરીને પાંડવો અને કૌરવો મરણ પામ્યા, લોભે કરીને કેટલાય રાજાએ યુધ્ધ કર્યા ને કમોતે મરી ગયા. લોભી માણસ મનમાન્યાં પાપ કરે છે.... મન કહે છે...

***દામ વિના દુઃખી સર્વે, દામ કરે બહુ કામ;***
***દોષ કાહા હૈ દામ મેં, નિજમન લે તું નામ.***
***રામતણું કરી રાખીયે, અશન વરણ ઘરનાર;***
***ધણી ન થાયે ધનના, તો બાધ નહિ લગાર.***

દામ વિના સર્વે દુઃખી છે, પૈસા ન હોય તો માણસ દુઃખી થાય છે. જે કાંઈ થાય છે તે પૈસાથી જ થાય છે. પૈસાથી જ માણસના ભાવ પૂછાય છે. ઘણા માણસોને પૈસામાં બહુ આસક્તિ હોય છે. લાખોપતિને કરોડપતિ થાવું છે, કરોડપતિને અબજોપતિ થાવું છે...મન કહે છે ધન દોલત ને નાર જે કાંઈ છે તે બધું ભગવાનનું કરી રાખીએ, આપણું કરીને ક્યાં રાખવું છે. એમાં શું વાંધો છે ? દીકરા કેના ? તો કહે ભગવાનના, મકાન કોનું ? તો કહે ભગવાનનું, વાડી કોની, તો કહે ભગવાનની, સંતે કહ્યું : ચાર પાંચ મકાન છે, એક મકાન ભગવાન માટે મંદિરમાં આપો. તો એમ કહેશે એમ

મકાન અપાય નહિ. કહેવું સહેલું છે પણ એ પ્રમાણે કરવું કઠણ કામ છે.

ભગવાનના નામથી રાખતા હોય તેની સ્થિતિ અને સમજણ જુદી હોય. આપણા સંપ્રદાયમાં એવા ઘણા ભક્તો થયા છે ને વર્તમાન કાળમાં પણ છે. ગઢપુરના દાદા ખાચરે સર્વસ્વ મિલકત ભગવાન સ્વામિનારાયણને સોંપી દીધી.

જીવ કહે છે,

**મ બોલ્ય એવું મનવા, વણવિચારે વાત;**
**એવું મુખ તે ઓચરે, જેને ઘટમાં ઘાત.**

લોભીના હાથે કાંઈ પુણ્ય થાય નહિ, લોભીનું દ્રવ્ય કુમાર્ગે જાય છે. લોભ શાંતિ લેવા દેતો નથી, રામાનંદ સ્વામીએ પુતળીબાઈને પાસો સાચવવા આપ્યો હતો, પણ લોભને કારણે ખોટું બોલ્યાં અને સોનું પાછું આપ્યું નહિ. પુતળીબાઈ રોફથી બોલ્યાં, રામાનંદ સ્વામી તમે ભૂલી ગયા છો તમારા ઘણા શિષ્યો છે. કોઈ બીજાને સાચવવા આપ્યો હશે. મને નથી આપ્યો. ખોટું બોલી ગયાં તો કેવી હાલત થઈ, નર્કકુંડમાં ડૂબકી ખાવી પડી. અને જમદૂતનો માર ખાવો પડ્યો. લોભ જમદૂતના જોડા ખવડાવે, માટે સાવધાન રહેવું. નિષ્કુળાનંદ સ્વામી ત્યાગીવર્ગને ચેતવણી આપે છે.

**પ્રસાદી પ્રભુ તણી, ધન કંચન દઈ ઘાત;**
**ત્યાગી લેવાને તકે, તો બીજાની સઈ વાત.**

પ્રસાદીનો લોભ રાખી કલેશ કરવો નહિ. જીવ મનને સમજાવે છે. પણ મન સમજતું નથી. જીદ કરે છે. ઘણાં માણસોનો જીદ્દી સ્વભાવ હોય છે...સમજાવ્યા સમજે નહિ...વાતને પકડી રાખે, તીખો ક્રોધ તરવાર સમ, વેણ નેણમાં વાટ, નિર્માની એક નર વીતી, ઘડી ન ઝાલે ઘાટ, શાસ્ત્રો કહે છે. નમ્રતાથી પતે તો ઉગ્રતા લાવશો નહિ. આ જગતની અંદર સંસાર જંગલમાં જીવ અનાદિકાળથી રખડે છે, એનો અંત આવતો નથી. માનવ ભાન ભૂલ્યો છે, એ વિચારતો નથી કે હું ક્યાં હતો ને ક્યાં જઈ રહ્યો છું. ત્યાં રસ્તામાં તેને છ ચોર મળે છે. છ ચોર કયા ? પંચવિષય અને છઠ્ઠું મન. મન ચોર છે ? આત્માનું વિવેકરૂપી ધન લૂંટી લે છે. સ્ત્રી બહુ સુંદર છે, પુરુષ બહુ સુંદર છે, એમ સમજાવી સંસારમાં ફસાવી રાખે છે.

**ક્રોધ કરવાલ કાહા કરે, નિરગામી નિજમન;**
**હસી નમાવે શિશને, પિયુ હોય પ્રસન્ન.**

જે મનુષ્યનો નિર્માની સ્વભાવ છે, હસમુખો આનંદિત સ્વભાવ છે, તેને ક્રોધ



શું કરી છે, જે સર્વેને શીશ નમાવતા રહે છે, તેને કોઈ દિવસ મુશ્કેલી નડતી નથી. સ્વભાવ સુધરવાની વાત નિષ્કુળાનંદ સ્વામી કરે છે.

## ક્રોધ કરના હો તો અપને અવગુણ પર ક્રોધ કીજીયે

વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છે, કુશાગ્રબુધ્ધિવાળો કોણ છે ? જે પોતાના કલ્યાણને અર્થે જતન કરે છે તેની થોડી બુધ્ધિ છે તે પણ કુશાગ્ર બુધ્ધિવાળો છે તે વિના સર્વે મૂર્ખ છે. શરીરને મજબૂત બનાવવા માટે ભોજનની જરૂર છે, મનને મજબૂત બનાવવા માટે ભક્તિની જરૂર છે.

**નાવે નિંદ્રા નયણે, શૂળી પર કોય સોય;**
**મિટે દેખે મોતને, હાય મૂવો એમ હોય.**

નિષ્કુળાનંદ સ્વામી દૃષ્ટાંત આપે છે, કોઈ ગુન્હેગારને શૂળીપર ચડાવ્યો હોય. તો ઊંઘ આવે ? ન આવે કારણકે એ સમજે છે કે આ ઘડીમાં મારે મરી જાવું છે, જગતથી ઉદાસ થઈ જાય છે. જીવ પ્રાણી માત્રની વાંસે કાળ ફરે છે. મૃત્યુને નજર સામે રાખે તો નાશવંત સુખમાં બંધાઈ જાય નહિ. હું ઘડીકનો મહેમાન છું. ભગવાનનું ભજન કરી લઉં.

**સદા સ્મરણ શ્યામનું, આળસ ઉંઘ નિવાર;**
**બાલે જક્તશું બાવરું, હરિ ભજવે હુંશિયાર.**

વૈરાગ્ય જો અંતરમાં વસી જાય તો માયાથી મુક્ત થવાય. જગતની બાબતમાં ખાસ ધ્યાન આપે નહિ. પણ હરિ ભજવામાં હોશિયાર હોય. જડભરતજીને વૈરાગ્ય અંતરમાં વસી ગયો તો ગાંડાની જેમ વર્તીને જગતની માયાથી છૂટા થઈ ગયા. આત્મજ્ઞાનીને જગતની ચર્ચામાં કંટાળો આવે. દેહાભિમાનીને જગતના ગામ ગપાટામાં મજા આવે, આત્મજ્ઞાનીનું મન ભગવાનની મૂર્તિમાં રમ્યા કરે, દેહાભિમાનીનું મન માયામાં રમ્યા કરે.

જીવ મનને સમજાવે છે, પણ મન સમજતું નથી. મન અને જીવની લડાઈ બરાબર જામી છે, આંતરિક દોષની સામે લડવું છે તે કામ સહેલું નથી, બેયની સેના તૈયાર થઈ છે. બેય જણા બરાબર ખેલે છે- નિષ્કુળાનંદ સ્વામી કહે છે.

**બેઉ જોર બરાબરી, રોપ્યાં રણમાં પાય;**
**લડે ભડે કોઈ લડથડે, દોનું ખેલે હાય.**

**વડચડ વેડ વખાણિયે, ખડભડ હુવો જે ખેદ;**
**દડવડ આપે દો જણા, અડવડ હુવો ઉમેદ.**

શૂરવીર ભક્તનો જીવાત્મા મનનો દાબ્યો દબાય તેમ નથી. મનની સામે ચડે છે. ભયંકર શબ્દ થવા લાગ્યા. ટણણણ ટંકાર થયો. બાણ અરસપરસ ચાલુ થયાં. ગરર કરતા ગોળા. તરર બોલે તુર. ઘરરર કરતાં નગારાં વાગવા લાગ્યાં. મન ધ્રૂજી ગયું. જીવાત્માએ જોરદાર હાકલ મારી. આવી જા મારી સામે તારા ભૂકા કરી નાખું. મનની ફોજ જે છે. કામ, ક્રોધ, લોભ, મોહ, આશા વિગેરે. ફડડડડ કરતી ફોજ ભાગી ગઈ.

### મન હારી ગયું ને જીવ જીતી ગયો

મુમુક્ષુ જ્યારે ખરેખરો શૂરો થાય ભગવાન અને સંતોની સહાય લે - પરમાત્માની પ્રાર્થના કરે, સંતોના વચનને હૈયામાં ધારે તો મન હારી જાય અને જીવ જીતી જાય. સંતોની સહાય લ્યો.

**પડતો મન પોકારિયો, નિજમન સુણિયે નાથ;**
**જો જે મા મારે જીવથી, આવ્યો હું શરણું અનાથ.**
**કાંયેક કરુણા કીજીયે, દીજીયે જીવિત દાન;**
**અનાથ ઉપર એવડી, ન ઘટે નાથ નિદાન.**

મન લાચાર બની ગયું. મન હારી ગયું. શરણે આવ્યું, તમે જીત્યાને હું હાર્યો. તમારે શરણે આવ્યો છું, કરુણા કરીને મને જીવિત દાન આપો, તમે જેમ કહેશો તેમ કરીશ, દાસનો દાસ થઈને રહીશ. પણ આડું અવળું દોડીશ નહીં. પણ ધ્યાન રાખજો. મન એવું ખરાબ છે. જો વિશ્વાસ કરો તો ગોથું ખાઈ જાવ. મન ભેગા ભળી જાવ તો માર ખવડાવે. મનને એમ છે કે કરોડ જન્મ સુધી ભગવાનના ધામમાં જાય નહિ એવો માયામાં ધૂંચવી નાખીશ. મોટા મોટા ઋષિમુનિ પણ ધર્મમાર્ગથી વિચલિત થઈ ગયા છે. માટે સારા વિચાર કરવાથી મન પવિત્ર થાય છે...

Positive thinking purifies the mind.

જીવાત્મા શૂરવીર થાય. અંતરના ઊંડાણમાંથી પ્રાર્થના કરે. બે આંખમાં આંસુ વહેતાં જાય, અને ભગવાનને કહે, હે પ્રભુ પૂર્ણ પુરુષોત્તમ હું જન્મો જન્મથી અપરાધી છું.



**અપરાધી હું જનમો જનમનો, રસ્તો કાંઇક બતાવો રે;**
**સુંદર શ્રી ઘનશ્યામ મારા, મન મંદિરમાં આવો રે....**

સંતના પગ પકડી લે અને નિર્માની થઈને કહે , હે ગુરુદેવ. હું ગમે એવા આંચકા મારું. તો પણ મારું બાંવડું મૂકતા નહિ. મારી ભૂલ થાય તો મને ટકોરજો. હું માઠું નહિ લગાડું. તમે કહેશો તેમ કરીશ. જીવની આગળ મન નરમ થયું છે. જીવ કહે છે, હે મનવા તું ગમે તેવા કાલાવાલા કરીશ પણ મને તારો વિશ્વાસ આવે નહિ.

**નિજમન કહે આવે નહિ, પ્રતીત તોરી પતલેવ;**
**આજ રહે આખી અણીયે, તો કાલ્ય અખેલાં ખેલ.**

આજે તું સારા વિચાર કરે છે પણ પાછું તું તરત છટકી જઈશ. ત્યારે તું ફાવે તેવા ગંદા વિચાર કરીશ. આજે તું નમ્ર બન્યું છે, કાલે તું ઉગ્ર બની જઈશ.

**જે પાણી ડૂબાડે છે તે જ પાણી તારે છે**
**જે અગ્નિ દઝાડે છે તે જ ઠંડી ઊડાડે છે**
**જે મન મુંઝાવે છે તે જ મન મુક્તિ અપાવે છે**

એનો ઉપયોગ કરતાં આવડવો જોઈએ, માયાની ચીકાશ બહુ ચીકણી છે. પણ વચ્ચે જો ભગવાનના સ્નેહની ચીકાશ આવી જાય તો આપણને માયાની ચિકાસ નડે નહિ. ભગવાનને ઓળખવા ભારે કઠણ કામ છે.

ભાલ પ્રદેશના ધોળકા પાસે એક બળોલ ગામ છે, ત્યાં ચારણ કુળમાં દેવીદાનનો જન્મ થયો. દેવીદાને બાળપણથી મંદિરે જવું, શ્રીજી ભજન કરવું, આવી બાબત બહુ ગમતી, રમત-ગમત ગમતી નહિ. ગામમાં સંકળેશ્વર મહાદેવનું મંદિર હતું, તેની સેવા પૂજા દેવીદાનના પિતા જીજીભાઈ કરતા. એક દિવસ પિતાને બહાર ગામ જવાનું થયું, પુત્ર દેવીદાનની પાંચ વર્ષની ઉંમર છે, પુત્રને કહ્યું બેટા, મહાદેવજીની પૂજા તારે કરવાની છે. હું એક મહિના પછી આવીશ. ત્યાં સુધી ભાવપૂર્વક પૂજા કરીશ તો મહાદેવજી રાજી થશે.

દેવીદાન બીલીપત્ર ચડાવે, દૂધ અને જળથી અભિષેક કરે. કાલીઘેલી ભાષામાં કીર્તન ભજન ગાય, આરતી ઉતારે, શ્રધ્ધાપૂર્વક પૂજા કરે. મહાદેવજી પ્રસન્ન થયા, પ્રત્યક્ષ દર્શન આપ્યાં. બેટા દેવીદાન તેં મારી શ્રધ્ધાથી સેવા કરી છે, તને વચન આપું છું કે તને શ્રી પુરુષોત્તમ નારાયણનાં પ્રત્યક્ષ દર્શન થશે. સામે ચાલીને તમારા ગામમાં

આવશે. દેવીદાને કહ્યું, હું ભગવાનને કેમ ઓળકી શકું ? મહાદેવજીએ કહ્યું, જેની જીભ કોણીએ અડે, તે ભગવાન હોય. એ વાત યાદ રાખજે. માણસની જીભ કોણીએ અડી શકે ?

દેવીદાનને પ્રગટ ભગવાનને મળવાની ઝંખના જાગી, વર્ષો વીતી ગયાં. પ્રગટ પ્રભુ મિલનનો દિવસ નજીક આવ્યો, જેતલપુરનો યજ્ઞ પૂર્ણ કરી શ્રીજીમહારાજ સંતો ભક્તોની સાથે ગામ બળોલ પધાર્યા. આખું ગામ એકત્ર થયું. શ્રીજીમહારાજ રૈયા ખટાણાને ત્યાં બિરાજમાન થયા છે. રૈયા ખટાણાએ થુલી અને દૂધની ત્રાંસળી ભરીને શ્રીજીમહારાજને અર્પણ કરી. ભરસભામાં પ્રભુ થુલી અને દૂધ પીવે છે, શ્રીજી મહારાજે કહ્યું ચાલો ઘરની બહાર જઇએ ત્યાં થુલી અને દૂધ પીવાની મજા આવશે. ગાડા ઉપર બેસીને દૂધ ને થુલી જમે છે.

કોણીએ દૂધના રેલા જાય. તે જીભથી ચાટતા જાય. આ જોઈને દેવીદાન ગઢવી સજાગ થઈ ગયા. આ કોઈ સાધારણ મનુષ્ય નથી, પણ ખપે જગતના નાથ. ભગવાન છે. ગામના માણસોને તર્ક થયો. આને ભગવાન કહેવાય ? ખાતા નથી આવડતું, ગાંડાની જેમ રેલા ચાટે છે. ગામના માણસો ઘરે જતા રહ્યા. ભગવાને ફક્ત દેવીદાનને માટે આવી લીલા કરી. દેવીદાન શ્રી સ્વામિનારાયણ ભગવાન પાસે આવ્યા, હે પ્રભુ ! હું તમારી સાથે ચાલીશ. પ્રભુએ કહ્યું, તમે કોણ છો ? ક્યાંના રહીશ છો ? હું જીજીભાઈ રત્નુનો દીકરો છું, મૂળીમાં મારું મોસાળ છે. મારું નામ દેવીદાન ગઢવી. પ્રભુએ કહ્યું, તમારી ને અમારી જૂની ઓળખાણ છે, ચાલો અમારી સાથે, સમય જતાં દેવીદાનને ભાગવતી દિક્ષા આપી નામ રાખ્યું દેવાનંદ સ્વામી. ભગવાન ઓળખાઈ જાય તો કામ થઈ જાય. જીવ કહે છે :-

હે મન, ગરજ હોય ત્યારે તું મીઠી મીઠી વાતો કરે છે, નમ્ર બની જાય છે, ગરજ મટે ત્યારે તોફાન કરીશ. જગતમાં પણ એવુંજ ચાલે છે. નિષ્કુળાનંદ સ્વામી દૃષ્ટાંત આપે છે.

**ઝીણોય કણિકો ઝેરનો, કરે કાયાનો નાશ;**
**વ્યાલ વેરી વહનિ, એ છોટે વડી વણાશ.**
**હોય ન હેતુ કોયના, મન ભોરંગ વિત્ત વાઘ;**
**વળતાં જેથી વિચારીયે, દેહનો કીજે ત્યાગ.**

ઘણું બધું દૂધ હોય, અને તેમાં એક બે ટીપાં ઝેરનાં પડી જાય તો તે દૂધ ઝેર



બની જાય છે. પછી જે પીવે તેના પ્રાણ જાય. એટલે સર્પ, સર્પનો વિશ્વાસ કરાય નહી. દૂધ પીવડાવનારને જ કરડે. તેમ કૃતઘ્ની માણસનો વિશ્વાસ કરાય નહિ. ભલાઈ કરી હોય તેને જ ભાલા મારે. રોગને સામાન્ય માનવો નહિ, ઉગતાં ડાંભવો જોઈએ, દવા કરવી જોઈએ. વહનિ એટલે અગ્નિ, તેને પણ નાનો સમજવો નહિ, તણખા જેટલા અડે તેટલું નુકશાન કરી નાખે, સર્પનું બચ્ચું નાનું હોય પણ જો ડંસ મારે તો કાયાનો નાશ કરે છે.

## જેના ઉપર ટોકનાર ન હોય તેનાં ભાગ્ય ફૂટચાં જાણવાં જેના ઉપર ટોકનાર હોય તેનાં ભાગ્ય જાગ્યાં જાણવાં.

બને ન કહિયે બેઉને, ત્યાગી રાગી તાય; એક ચહાય અરણ્યને, દૂજો શહેર સરાય. મન રાગી છે ને જીવ ત્યાગી છે. શૂરવીર ભક્તાત્માને દેહ દમવો ને તમામ ઈંદ્રિયોને ભગવાનમાં જોડી રાખવાનો ઉમંગ હોય, અને મનને જગતની માયામાં રચ્યા પચ્યા રાખવાનો ઉમંગ હોય, ત્યાગી અને રાગીના વિચારો જુદા હોય છે. નિષ્કુળાનંદ સ્વામી કહે છે, મહિમાએ સહિત ભક્તિ કરવી. તો મન જીતવાનું બળ આવશે.

એક વખત અદ્‌ભુતાનંદ સ્વામી સંતોના મંડળ સહિત બોટાદ પધાર્યા. હમીરખાચરના દરબારમાં ઉતારો કર્યો. સંતો વહેલી સવારે ઊઠી સ્નાન કરી પૂજા કરે છે. પૂજા કરી શ્રીજીમહારાજનું પ્રસાદીનું વસ્ત્ર હતું તેને ભાવથી આંખે આડાડી માથે ચડાવીને છાતીએ સ્પર્શ કર્યો. દરરોજ આ રીતે કરે. હમીરખાચર સંતોને પગે લાગી બાજુમાં બેઠા છે. આ દશ્ય જોઈને હમીરખાચરે કહ્યું, સ્વામી આ શું કરો છો ? સ્વામીએ સરસ જવાબ આપ્યો. આ શ્રીજીમહારાજની પ્રસાદીનું વસ્ત્ર છે, મારા માટે જીવન પ્રાણ વસ્તુ છે.

અદ્‌ભૂતાનંદ સ્વામીએ કહ્યું, હમીરખાચર તમે ભાગ્યશાળી છો તમને શ્રીજી મહારાજનાં દર્શન - સ્પર્શનો યોગ થયેલ છે. પણ અમારે દેશ-વિદેશ સત્સંગ પ્રચાર માટે જવું પડે - આજ્ઞા સિવાય પ્રભુનાં દર્શન થાય નહિ. તેથી આ સાક્ષાત્ ભગવાનના સંબંધને પામેલું નિર્ગુણભાવને પામેલા વસ્ત્રનો ટૂકડો છે, તેનો સ્પર્શ કરી. સાક્ષાત શ્રીજીમહારાજને ભેટું છું, એવી ભાવનાથી આનંદ અનુભવું છું.

આવો મહિમા જોઈ હમીરખાચરની આંખ ઉઘડી ગઈ. શ્રીજીમહારાજ વારંવાર મારા દરબારમાં પધારે છે પણ મને જેમ છે તેમ મહિમા સમજાયો નથી. હું

શ્રીજીમહારાજને મહાપુરુષ તરીકે માનું છું પણ સાક્ષાત્ ભગવાન તરીકે માનતો નથી. મારા દરબારમાં શ્રીજીમહારાજ પધારે ત્યારે હું દંડવત્ કરી ચરણ સ્પર્શ કરતો નથી, પૂજા કરી આરતી ઉતારતો નથી, મારા ઘરમાં ગાદલાં-ગોદડાં, વાસણ વિગેરે ઘણી બધી વસ્તુઓ પ્રસાદીની છે, ગાદી-તકિયા ઉપર ઘણી વખત શ્રી હરિ વિરાજીત થયા છે. મને તેનો મહિમા નથી, મહિમા વિનાની ભક્તિ મીઠા (નીમક) વિનાના ભોજન જેવી, સુગંધ વિનાના ફૂલ જેવી અને પાણી વિનાના સરોવર જેવી છે.

ભગવાન સાથે જ રહેતા હોય તો પણ ભગવાન ઓળખાતા નથી. થોડા સમય પછી શ્રીજીમહારાજ સંતો ભક્તોની સાથે હમીરખાચરના દરબારમાં પધાર્યા, હમીરખાચર દોડીને ધૂળમાં દંડવત કરે છે. શ્રીજીમહારાજે કહ્યું, હમીરખાચર... રાખો....રાખો...અમે ક્યાં ભગવાન છીએ ?....

## તમે દંડવત કરો તે નવિન વાત કહેવાય

હમીરખાચરે કહ્યું, પ્રભુ ! આપ તો અનંત કોટી બ્રહ્માંડના નાથ છો. આપની સાચી ઓળખાણ મને થઈ ગઈ છે. હવે હું ભૂલો નહિ પડું. આજથી હું તમારે ચરણે ને શરણે આવ્યો છું. દંડવત્ કરતા જાય ને બોલતા જાય છે. સહજાનંદ શરણં મમ, સહજાનંદ શરણં મમ, શ્રીજીમહારાજે કહ્યું, તમને આવો પરિપક્વ નિશ્ચય કોણે કરાવ્યો ? પ્રભુ મને અદ્‌ભૂતાનંદ સ્વામીએ નિશ્ચય કરાવ્યો છે. શ્રીજીમહારાજ હમીરખાચરને બાથમાં લઈ ભેટી રાજીપો વ્યક્ત કરતાં કહ્યું :

## અદ્‌ભૂતાનંદ સ્વામીએ અદ્‌ભૂત કામ કર્યું છે

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, બહારનો સંસાર ભક્તિમાં વિઘ્ન કરતો નથી, પણ જો સંસાર મનમાં ઘૂસી જાય. અને રાત દિવસ પૈસા તથા પરિવારના જ વિચાર કર્યા કરે તો જરુર ભક્તિમાં વિઘ્ન થાય છે. મનમાંથી સંસાર સંબંધી માયાને કાઢી નાખો તો મન ભક્તિમાં રહેશે.

**તુજ મુજના તાનને, વર્ણવી કહું વિવેક;**
**છેટું જમી અસમાનનું, દેહિ ન મળે એક.**

જીવ કહે છે, હે મન ! તારું ને મારું બહુ છેટું છે, જમીન આસમાનનો ફેર છે. જગતની અંદર માયા છે તે સૌને નચાવે છે. હે મન તું બહુ કપટી છે, કપટી માણસ તિલક ચાંદલો કરીને આવ્યો હોય આપણને એમ થાય કે સત્સંગી છે પણ ખબર ન પડે કેવો હોય.



## છંદ મોતીદામની ચાલ :-

**ભજે મન ભાવ સદા ભવભોગ, રચે નહિ રંચ ગણે નિજ રોગ;**
**ખુશી મન ખૂબ ખટ રસ ખાન, તૂટે ન કદી નિજતા પરતાન.**

જીવ મનને કહે છે, તું ભાવથી સદા ભગવાનનું ભજન કરીશ તો ભવના ફેરા ટળી જશે. ભક્તિ કર્યા સિવાય મુક્તિ નથી. માળા લઈને ભજન કરીએ છીએ પણ દેહ મંદિરમાં હોય, કથા સાંભળતા હોય અને મન ચારેદિશે ફરતું હોય, ગામમાં આંટા મારે, માળા છે તે ભગવાન ભજવાનું સાધન છે. તેને જ્યાં ત્યાં ફેંકાય નહિ.

વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છે. ઉતાવળે લહરકે માળા ફેરવવી નહિ, મણકે મણકે પ્રભુનું નામ લેવું. સ્વામિનારાયણ....સ્વામિનારાયણ.... માળા કેટલી ફેરવો છો તે મહત્ત્વની નથી. માળા ફેરવતાં કેટલી વૃત્તિ ભગવાનમાં રહી છે તે મહત્ત્વનું છે. કેટલી કથા સાંભળી તે મહત્ત્વની નથી, કથા સાંભળી કેટલી કથા જીવનમાં ઉતારી, વર્તનમાં કેટલો સુધારો થયો તે મહત્વનું છે. કેટલું જીવ્યા તે મહત્ત્વનું નથી. પણ કેવું જીવ્યા તે મહત્ત્વનું છે. ઘણા માણસો સો વરસ સુધી જીવ્યા હોય, પણ એના જીવનથી કોઈને સુખ થયું કે દુઃખ થયુ, બધાને ત્રાસ આપ્યો હતો. તો એ લાંબુ જીવ્યા તો પણ શું કામનું.

## જપ કરવામાં ગપ ન ચાલે

ભગવાનને મૂકીને માયાને પકડશો તો અંતે બળતરા સાથે ઉપાધિ વધશે. પોકે પોકે રોવાનો વારો આવશે, માટે ચેતીજાવ અને પ્રભુ ભક્તિમાં લાગી જાવ.

**ઈચ્છે મન અંબર સુંદર અંગ; અજાણે એનિ જન કરે ઉમંગ.**

મનને સુંદર વસ્ત્ર પહેરવા જોઈએ, જીવને જેવાં હોય તેવાં ચાલે, મન મલિન સંકલ્પો કર્યા કરે, જીવ ભગવાન ભજવાના પવિત્ર સંકલ્પ કરે, મનને માયાનું વિષય સુખ જોઈએ જીવ વિષય સુખથી ઉદાસ રહે.

**સદા મન સુખ સરાયે સંસાર; ઈચ્છે નહિ નિજ ગણે જો અસાર.**
**દેખે મન સજ્જન દુર્જન હોય; સદા સમભાવ ધરે નિજ સોય.**

''મન બહુ જ લુચ્ચું છે, એમાં જીવનો કાંઈ વાંક નથી. આત્મા બધા પરમ એકાંતિક છે, આત્મા બિચારો નિર્દોષ છે. ભગવાનના ધામમાં જાય એવા છે. મુક્ત થાય એવા છે પણ વાંક માત્ર મનનો છે. મન કહે એમ કરે તો વાસનામાં ફસાવી દે...

**ભજે નહિ મન કેદિ ભગવાન,**
**ધરે નિત્ય નિજ ધણીનું ધ્યાન;**

મન ભજનમાં ભંગાણ પાડે છે, મન બધુંજ કરાવે, મન ન બોલવાનું બોલાવડાવે, મન ન સાંભળવાનું સંભળાવે, મન ન ખાવાનું ખવડાવે. મન પાપ કરાવે. મન એક વાત ન કરાવે શું ? એક પ્રભુનાં ભજન ભક્તિ કરવા ન દે...

**રખે મન ઈંદ્રિય દેહ શું રત;**
**અતિ નિજ એહને જાણે અસત્ય.**

ક્યારેક મન સિંહ જેવું થઈ જાય. આવો તમોને ખબર પાડી દઉં. અને ક્યારેક બકરી જેવું નમાલું બની જાય છે. આવું ફેરફારવાળું મન છે. ઓચિંતું દગો દે છે.

***મનવા તું તો મશકરો, તુજ કપટ ન કળે કોય;***
***હેતુ થઈ તું હેત કરે, પણ ક્યાંક કપટ તો હોય.***
***જ્ઞાની થઈ તું જ્ઞાન કરે, ધ્યાની થઈ ધરે ધ્યાન;***
***ત્યાગી થઈ તું ત્યાગ કરે, તું રઝવાળે રાન.***

જીવાત્મા કહે છે, હે મનવા, તું તો મશ્કરો ને દગાબાજ છે, યોગ્ય અયોગ્ય જોયા વગર મશ્કરી કરે છે. હિતકારી થઈ તું હેત કરે પણ અંતરમાં કપટ છે. ધ્યાની થઈ તું ધ્યાન કરે પણ માનસી પૂજા કરે ત્યારે ક્યારેક આંખ ખોલી બગલાની જેમ જોયા કરે છે. ધ્યાન કરતી વખતે પણ મન સ્થિર થતું નથી. ઉપરથી ત્યાગ દેખાય છે, ભીતરમાં ભડકા થાય છે. ભીતરના ભડકાને શાંત કરવા હોય તો સત્યનો માર્ગ પકડો.

## પગાર શું આપો છો ?

નડીયાદમાં સ્વામિનારાયણ ભગવાન પધાર્યા. ત્યાં બિશપ હેબર મલ્યા, શ્રીજી મહારાજની સાથે કાઠી દરબારો હતા. તેઓ ગરાસદાર હોવાથી દરેક પાસે ઘોડા હતા. બિશપ હેબરને આ જોઈને વિચાર આવ્યો - સ્વામિનારાયણની સાથે આટલા સારા ને તેજસ્વી માણસો ધર્મપ્રચાર માટે ફરે છે, તો એમને કેટલો પગાર આપતા હશે. કારણકે લગભગ લોકો પગારથી ધર્મ પ્રચાર કરતા હશે.

શ્રીજીમહારાજને પૂછ્યું : તમારા સાથે કાયમ સારા સારા યુવાન કાઠી દરબારો હોય છે. તેને તમે પગારમાં શું આપો છો ? શ્રીજીમહારાજે કહ્યું તમે કાઠીને પૂછો તે જવાબ આપશે ! ત્યારે કોઈક દરબારે કહ્યું, મને પાંચ હજાર રૂપિયા પગાર આપે છે,



કોઈ કહે ચાર હજાર. કોઈ કહે બે હજાર. કોઈ કહે પાંચસો. બિશપ આશ્ચર્ય પામી ગયા. આટલા બધા માણસોને શ્રીજીમહારાજ પગાર ક્યાંથી આપતા હશે. નવાઈની વાત છે....

પછી કાઠી દરબારે ચોખવટ કરી. અમે બધા ગરાસદાર દરબાર છીએ, પૈસાની આવક સારી હતી. તેથી વ્યસનમાં ભરપૂર રહેતા , દારૂ, માંસ, અફીણ, તમાકુ વિગેરે વ્યસનમાં અમારા પૈસા વપરાતા હતા, સ્વામિનારાયણ ભગવાનના યોગમાં આવ્યા, સત્સંગ ઓળખાયો તેથી સાચી સમજણ આવી. તેથી વ્યસનથી મુક્ત બન્યા. અમારા પૈસા બચ્યા એને અમે પગાર માનીએ છીએ.

સ્વામિનારાયણ ભગવાને. વ્યસનથી થતી બેદરકારીને અટકાવી. અમને સત્યનો માર્ગ બતાવ્યો છે. કુસંગીના ફેલમાં સત્સંગીના રોટલા નીકળી આવે છે. આવી વાત સાંભળી બિશપ હેબર આશ્ચર્ય પામી ગયા. ધન્ય છે સ્વામિનારાયણ ભગવાનને અનેકને સત્યનો માર્ગ બતાવી. જીવન સફળ કર્યું છે.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે...મન કેવું છે ?..

***તપસી થઈ તું તપ કરે, વળી રહે ઉદાસી રંચ;***
***અન્ન પરહરે પયપાન કરે, પણ સબ તોરો પરપંચ.***

જગતના બાવા તપ કરે. બધાં દર્શન કરવા આવે. બાઈઓ દર્શન કરવા આવ્યાં. બાવાજી વાંસો વાળીને બેઠા હોય, એક બાઈએ કહ્યું, સન્મુખ બેસીને કથા સંભળાવો તો સારું સમજાય. બાવાજી બોલ્યા, ભેટ સામગ્રી કાંઈ લાવ્યા નથી તો કથા વાર્તા કૈસે કરું, ચલે જાવ. પૈસા માટે તપ કરે છે. જીવ કહે છે, હે દુષ્ટ મન તું તો પ્રપંચી છે. ઘણા માણસો વહાણે બેસાડી ને પાટીયાં કાઢે એવાં હોય. ઉપકાર કર્યો હોય તે ભૂલી કૃતઘ્ની બને છે. મન માંકડા જેવું અને ભૂત જેવું છે. નવરું થશે ત્યારે જીવને ખાવા તૈયાર થશે. તો શું કરવાનું. ભગવાનની મૂર્તિ રૂપી વાંસમાં મનને જોડી દેવું.

## મનને વશ રાખજો પણ મનને વશ થશો નહિ

જેવા અવગુણ જક્તમાં તેતા તુજમેં હોય. મનને મરાય નહિ, મનને પાછું વળાય, જીવ કહે છે, પડ્યો રહે, પિંજરે પણ મોકળી રાસ, મનને કાબુમાં રાખવું પણ ક્યારેય છૂટું મૂકવું નહીં, પ્રયોજન વિના ચાળા કરશે. વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છે. રાજા ગુન્હેગારને પકડે, પછી પિંજરામાં રાખીને પૂછે છે. તેં શું કર્યું છે ? છૂટો રાખીને પૂછે નહીં. નહિતર ગુન્હેગાર રાજાને મારે તેમ મનને નિયમરૂપી પાંજરામાં

રાખવું. નહિતર મન જગતની માયામાં ફસાવી રાખે છે.

## ભલાઈ કરી હોય તે ભાલા મારે
## એવા માણસને ઓળખી રાખજો

મન ચોરી કરે છે ! શું ચોરી જાય છે ? દયા, શાંતિ, ક્ષમા - નિર્માનીપણું, દાસત્વ વિગેરે સદ્‌ગુણોની ચોરી કરે છે. શૂરવીર ભક્તે સાવધાન રહેવું...

**ઈચ્છ્યું નહિં મળે આજથી, ભજે નહિં મળે ભોગ;**
**રહે તો એવી રીતશું, સીધી શરીરે જોગ.**
**દેહદશાએ સર્વનું, કરવાને એહ કામ;**
**રહે પડ્યો હવે રાજ્યમાં.....ગાળી ગર્વ ગુલામ..**

શૂરવીર ભક્તે કડકાઈથી મનને કહ્યું, મારા રાજ્યમાં રહેવું હોય તો તારી ઈચ્છા પ્રમાણે ભોગ વિલાસ કરવા નહિ મળે, જોગીની જેમ રહેવું જોઈશે. શૂરવીર જીવાત્માની જીત થઈ.

**જીત્યો નિજમન ફોજને, રાખ્યો મન એક રીત;**
**નિર્ભય નોબત ગડગડી, થઈ જગતમાં જીત.**

મન હારી ગયું ને જીવ જીતી ગયો, ઢોલ ઢબૂકવા લાગ્યા, શરણાઈના સૂર સાથે નોબત ગડગડી ઉઠી. સર્વે ભક્તજનો રાજી થયા જય જયકાર કર્યો સ્વામિનારાયણ ભગવાનની જય.

આત્માની જીત થઈ કેમકે એ શૂરવીર ભક્ત છે. મન બોલે છે. અલ્યા જીવાત્મા. તું કેમ જીતી ગયો. બોલ તો ખરો ? મને કોઈ જલદી જીતી શકે નહી. ભલભલાને મારા કબજામાં રાખું છું. પણ તું જબરો નીકળ્યો. ત્યારે જીવ કહે છે. સાંભળો ?

**નિજમન કહે નહિ અચરજ, ભીરૂ જેને ભગવાન;**
**રાઈનો સો મેરૂ કરે, અને મેરૂ સો રાઈ સમાન.**
**સત્સંગના પ્રતાપશું, સરે જો સઘળાં કાજ;**
**અવર બીજે ઉપાયશું, રહે ન કદિયે લાજ.**

જીવ કહે છે, હું જીત્યો તેમાં કાંઈ આશ્ચર્યની વાત નથી, ભગવાનના પ્રતાપથી અને સત્સંગ કરવાથી મારી જીત થઈ છે. પ્રભુ સાથે પ્રેમ કરવાથી મારી જીત થઈ છે.



## મનની ફોજ ઘણી છે, અને જીવની ફોજ થોડી છે

છતાં જીવ જીતી ગયો... જ્યાં શ્રીકૃષ્ણ છે ત્યાંજ તેનો વિજય છે.

**યત્ર યોગેશ્વર કૃષ્ણો યત્ર પાર્થો ધનુર્ધર : ।**
**તત્ર શ્રીર્વિજયો ભૂતિર્ધુવા નીતિ ર્મતિર્મમ ॥**

કૌરવ સો હતા અને પાંડવો પાંચ હતા છતાં પાંડવો જીતી ગયા તેમની સાથે પ્રભુ હતા તેથી. ભગવાનનો ભરોસો રાખે છે તે મનને જીતી શકે છે, તેની ભગવાન રક્ષા કરે છે, ભક્તને ભીડ પડે, ત્યારે પ્રભુ બખતર બનીને રક્ષા કરે છે. શરત એટલી કે પ્રભુ ઉપર પૂર્ણ વિશ્વાસ હોવો જોઈએ.

ગામ કંથકોટના પદમશી શેઠ પરમ એકાંતિક ભક્ત હતા. વડતાલમાં શ્રીજી મહારાજને મુગટ ધારણ કરવાનો સમય થવાનો હતો. પદમશી ભક્તે ગામના હરિભક્તો પાસે વાત કરી. ચાલો આપણે સૌ સાથે મળીને સમૈયાનાં દર્શન કરવા વડતાલ જઈએ. બાઈઓ ને ભાઈઓ સમૈયામાં જવા તૈયાર થયાં. ગાડામાં સરસામાન રાખ્યો ને પગપાળા ચાલતા થયા. આનંદથી રસ્તામાં કીર્તન ગાતા ગાતાં જાય છે....

**હું તો જાઇશ ગીરધર જોવા રે, મા મને વારીશ માં;**
**મારા ઉરમાં છબીલાજીને જોવારે, મેણેલ મારીશ માં.**
**જાઇશ જોવા હું તો નંદજીનો લાલો;**
**હાંરે મને પરમ સનેહી લાગે વહાલો રે, મા મને...**

ગામ કટારિયાના રણમાં આવ્યા. મધ્યરાત્રી થઈ ગઈ છે. ત્યાં અચાનક સાત આઠ લુટારા પહોંચી આવ્યા. હાકલ મારી. ખબરદાર જ્યાં છો ત્યાંજ ઊભા રહો. માર્યા વિના મૂકશું નહીં. ચારે બાજુ ઘેરી વળ્યા. યાત્રાળુ ધ્રૂજી ગયા. ઓચિંતુ શું થયું. હવે આપણું શું થશે. લુટારા ક્રોધથી બોલ્યા. તમારો તમામ સામાન અમને આપી દો. નહિતર મારી નાખશું. ભક્તજનો રડતા હ્રદયે પ્રભુને પોકાર કરે છે.

**પ્રભુ દુ:ખ દરિયામાંથી તારો, વહાલા આ સમયે વહેલા પધારો.**
**સંકટથી બચાવો મુરારી, લેજો અંતરજામી ઉગારી.**

ભગવાન મદદમાં આવી ગયા. હણહણાટ કરતો ઘોડો પ્રગટ થયો. પ્રભુ તે ઉપર સવાર થયા છે. જરકસીયા જામા પીળું પિતાંબર માથે મુગટ. હાથમાં ઢાલ તલવાર ને ભાલું. સાથે પચાસ કાઠી ઘોડેસવાર દરબાર. પ્રભુએ પડકાર કર્યો. સબુર, જો મારા ભક્તને અડ્યા છો તો. જાનથી મારી નાખીશ. તલવાર ફેરવતા જાય ને કહેતા જાય.

ચોરને ભાલા ભરાવ્યા, ચોર ધ્રૂજી ગયા. શેરનો સવાશેર આવી ગયો છે. પાપીયા, અમારા ભક્તને લૂંટો છો. જીવતા જવા નહિં દઉં. ચોર આજુ બાજુ ભાગવા મંડ્યા પણ ચારે બાજુ કાઠી ભાલા લઈ ને ઊભા છે. જાય ક્યાં...

ચોર કોઈ દિવસ જલદી રડે નહીં. પણ ભાલા ખાધા તેથી સીધા નેતર થઈ ગયા. રડતાં રડતાં કહે છે. અમારી ભૂલ થઈ છે. હવે કોઈ દિવસ ચોરી લૂંટફાટ નહિ કરીએ, અમે તમારા ચરણે ને શરણે છીએ. પ્રભુએ કહ્યું, તમે આજ સુધી કેટલાં માણસોને મારી કૂટીને ધન માલ લૂંટી હેરાન કર્યા છે. પાપી, કોઈને મદદ ન કરો તો વાંધો નહિ, પણ દુ:ખી ન કરો. કોઈને જીવન ન આપી શકો તો વાંધો નહિ, પણ દુ:ખી તો ન કરો. કોઈને જીવન ન આપી શકો તો કાંઈ નહિ, પણ કોઈનું જીવન સમાપ્ત ન કરીએ. આજથી પ્રતિજ્ઞા લ્યો. હવેથી અમે લૂંટ ફાટ નહિ કરીએ. મહેનત કરીને ગુજરાન ચલાવશું.

## જિંદગી દુ:ખમય છે – તેને જીરવી જાણો

શ્રીજીમહારાજે હરિભક્તોને કહ્યું : તમે કાંઈ ચિંતા કરશો નહિ, અમે તમારા સાથેજ છીએ, સુખેથી વડતાલ જાવ. ત્યાં અમે મળીશું, આટલું કહેતાં પ્રભુ અદશ્ય થઈ ગયા, શ્રીજીમહારાજ પોતાના ભક્તોની હંમેશાં રક્ષા કરે છે. જીવ કહે છે...

**સંત સદ્‌ગુરુ સહાયથી, હરિ કૃપા પણ હોયર;**
**પંગુ ઉલ્લંઘે પરવત, કહે ન આશ્ચર્ય હોય.**
**જીત્યા પાર્થ રણસંગમાં, શૂર ભીષ્મ સંગ્રામ;**
**સહાય જેના શ્રીહરિ, તેથી કોણ ન સરે કામ.**

સદ્‌ગુરુની સહાયથી હું જીતી ગયો, અર્જુનની સહાયમાં પરમાત્મા શ્રી કૃષ્ણ થયા તો ભીષ્મદાદા જેવા બળવાન યોધ્ધાને એણે સંગ્રામમાં જીતી લીધા. ભગવાનની સહાયથી શું ન થાય ! હું જીત્યો એમ શૂરવીર ભક્ત કહેતો નથી. અહં નથી તેથી ઉગર્યો, અને આપણે અહંમાં ડૂબ્યા છીએ. અભિમાન મૂકીને પ્રભુ ભજો.

Burn ego and devote to God.

હું હું કરતાં ન મળ્યા હરિ, જઈ ભોગવે ચોરાસી ફરી. જેને સત્સંગમાં આગળ વધવું હોય, તેણે સર્વમાંથી ગુણ લેતાં શીખવું.



## નકામી કુથલી કેટલી કરી
## ધર્મનું કાર્ય કેટલું કર્યું, તપાસ કરો...

નમ્ર બની સત્સંગ કરશો તો આગળ જતાં મહાન થશો. સત્સંગના પ્રતાપથી પાપી પુનિત બને છે. ભરાડી ભક્ત બને છે, રંક રાજા બને છે – પાંગળો પર્વતે ચડે છે.

**વાસણતણ વિરોધીથી, ધરી ગિરી બચાવ્યો વ્રજ;**
**તે પ્રતાપે જીતિયે, એની સઈ આશ્ચર્જ.**

વ્રજવાસીની પ્રભુએ રક્ષા કરેલી છે. નિષ્કુળાનંદ સ્વામી કહે છે. નગરમાંહી નરેશ વિન, રહે ન અમથું રાજ; તખતે બીરાજો આપ તમે, માનો વચન મહારાજ. મને જીવાત્માને કહ્યું, તમે બળવાન રાજા છો. અમે તમારી આગળ ગુલામ થઈને રહેશું. નગરમાં રાજા ન હોય તો રાજ્ય ખળભળી જાય. મન લાચાર બન્યું છે. રાજા શૂરવીર થયા તેથી રૈયત રાજાના હુકમ પ્રમાણે ચાલે છે. ખેંચતાણ મટી ગઈ.....

કપટી કાઢ્યા કોઢથી, લંપટ રહ્યા ન લેશ; કામ, ક્રોધ, લોભ, મોહ, આશા, તૃષ્ણા, ઈર્ષા, મોહ, મમતા આ બધા દુર્ગુણોને ધોકાવી બહાર કાઢ્યા તેથી હવે ધાર્યું ભજન થાય છે, ધ્યાન, ભજન, કથા, કીર્તન.... જેટલું કરવું હોય તેટલું થાય. કોઈ શત્રુ આડા આવતા નથી. આનંદથી ભજન ભક્તિ થાવા માંડ્યાં. આપણું તપાસ કરો. ઉપર ઉપરથી શુષ્ક હૃદયે ભજન થાય છે કે ઊંડાણમાંથી ભજન થાય છે... નિષ્કુળાનંદ સ્વામી કહે છે.

**નિજમન બેઠો રાજપર, જય જય હુવો જયકાર;**
**નિર્ભય નેજા રોપિયા, હરિજશ દૂવા ઉચ્ચાર.**

રાજા નિર્ભય થયો. જીતની ધજા ફરકાવા લાગી, રૈયત રાજાના હુકમ પ્રમાણે ચાલે છે. તેથી પૂજા પાઠ, કથા, કીર્તન અને સત્સંગ શાંતિથી થાય છે. વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે. ગદ્‌ગદ્ હૃદયે માનસી પૂજા કરે અથવા બાહ્યપૂજા કરે તે શ્રેષ્ઠ છે. અને ગદ્‌ગદ્ હૃદયે પૂજા નથી કરતો તે કનિષ્ઠ છે. નિષ્કુળાનંદ સ્વામી ભલામણ કરે છે.

**માનો નહિ શિખ મનની, જો ઈચ્છો સુખ અભંગ**

પરમાત્મા પાસે જવા ઈચ્છતા હો, અક્ષરધામમાં જવું હોય તો ડાહ્યા થઈને મનનું કહ્યું માનશો નહિ...

## મન જે સ્વરૂપનું વારંવાર ધ્યાન કરે છે
## તેનો આકાર મનમાં સ્થિર થઇ જાય છે.

અષ્ટઆવરણ ભેદીને જન્મોજન્મની વાસનાના પડ તોડીને પાપ માત્રનો ત્યાગ કરીને, બ્રહ્મરૂપ થઇ ભગવાનમય બનીને ભગવાનના અક્ષરધામમાં વાસ કરવો છે. તે કાંઇ નાની સુની વાત નથી. બહુ મોટી વાત છે.

**સોય સદ્‌ગુરુ સેવિયે, જેથી મન જીતાય;**
**જીત્યા મન વિન જે કરે, તે સરવે જુઠો ઉપાય.**

બધા સંતોને પ્રણામ કરવા ને પગમાં પડવું. કે મારી સહાય કરજો. મારી ભૂલ થાય તો કહેજો, આડો અવળો ખેંચાઇ જાઉં, કોઇ વ્યક્તિમાં બંધાઇ જાઉં, તો ''હે સદ્‌ગુરુ, મને ટકોર કરજો. હું જરાય માઠું નહિ લગાડું. આ નાની સુની વાત નથી. પૃથ્વી આખી જીતાય પણ મન જીતાય નહિ. મુમુક્ષુએ મન જીતવાનો અભ્યાસ રાખવો...

## આ કથા જીવને બળ દેવા જેવી છે

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, ભગવાનનું બળ નહિ રાખો ને મન ફાવે એમ વર્તન કરશો તો માયામાં એટલી તાકાત છે કે જીવની મુમુક્ષુતા હોય તેને મૂળીયાં સહિત કાઢી નાખશે.

**સદ્‌ગુરુ એક સંસારમાં, શિષ્ય હરણ સંતાપ;**
**વિત્ત હરે જે વિશ્વનું, તે ગુરુ ગણિયો પાપ.**

સાચા સદ્‌ગુરુનું સેવન કરવું. વિશ્વનું વિત્ત હરે, પૈસા ભેગા કરે તેવા લાલચુ ગુરુ સંતાપ હરે નહિ, સંતાપ ઊભા કરે.

## માણસ મટી મુક્ત બનાવે એવો આ ગ્રંથ છે

એક વયોવૃધ્ધ દયાનંદજી શાંત પ્રકૃતિના મહાન સંત હતા. અખંડ પ્રભુનું સ્મરણ કરે. શાંતિ પામવાનું સાધન ભજન. ભગવાનનાં ભજન, સ્મરણથી કીર્તન ગાવાથી દેહભાન ભૂલાય છે, અને શાંતિમાં પ્રવેશ મળે છે. મુક્તાનંદ સ્વામીને શ્રી હરિની લીલા સ્મરણથી શાંતિ થઇ છે, પરીક્ષિતરાજાને શ્રીકૃષ્ણ લીલા શ્રવણથી શાંતિ થઇ છે, સંત દયાનંદજીનો નિયમ હતો. ગમે તે વસ્તુ હોય પહેલાં ભગવાનને કૃષ્ણાર્પણ કરે પછી જમે. ભોજન વખતે ભગવદ્ સ્મરણ કરતા નથી, તેનું મન બગડે છે, અને



આળસ આવે છે.

## પ્રભુનું નામ લઈને મુખમાં કોળિયો મૂકો

એક વખત સંતોનું મંડળ લઇને યાત્રા કરવા ગયા, વૈશાખ મહિનાનો સખત તાપ છે, બગીચામાં ઉતારો કર્યો. દિવસના ચાર વાગ્યાનો સમય થયો, ભગવાનને પાણી પીડાવ્યું પણ ફ્રૂટ જમાડવું છે. પણ સાથે કાંઇ નથી, બગીચાના માળીને કહ્યું, એક કેરી આપો, તો ભગવાનને જમાડીએ. માળીનો મગજ ગરમ હતો. તેથી બોલ્યો. કેરી ખાધા વિના ન રહેવાતું હોય તો તમે ઝાડ ઉપર ચડીને ઉતારી લ્યો. હું નહિં ઉતારી દઉં. સંત દયાનંદજી આંબા સામે ઉંચી નજર કરી ત્યાં આંબાની ડાળી નીચી નમી અને સંત દયાનંદજી જ્યાં બેઠા છે તેની પાસે આવી. સંતે એક કેરી તોડી સુધારીને પ્રભુને જમાડ્યા.

આવું આશ્ચર્ય માળીએ જોયું. તેથી દોડતો આવ્યો...રાજા પાસે, રાજાને વાત કરી. એક મહાન સંત આપણા બગીચામાં આવ્યા છે. દર્શન કરવા જેવા છે. રાજા બગીચામાં આવ્યા, સંતને બે હાથ જોડી નમસ્કાર કરી કહ્યું. આંબાની ડાળ નીચે નમી તેનું કારણ શું ?? સંતે સરસ જવાબ આપ્યો પરમાત્માની કૃપાથી બધું થાય છે...

## જેના ઉપર પ્રભુની કૃપા હોય તેને દેવો પણ
## નમે છે, તો વૃક્ષ કેમ ન નમે ?...

આવો ઉત્તર સાંભળી રાજા નવાઇ પામી ગયા. પછી દરરોજ સંત પાસે આવે, કથા સાંભળે. સંતે કહ્યું, જિંદગીમાં ભગવાન ભૂલાવા ન જોઇએ. રાજા બોલ્યા, મેં મારો ઘણો સમય આળસ અને અજ્ઞાન દશામાં અને ચોવટ કરવામાં ગુમાવ્યો છે. પૂજા પાઠ કાંઇ પણ કર્યું નથી. ભગવાનનું નામ લેવામાં એક ટકાનો ખર્ચ નથી, છતાં હું લઇ શક્યો નથી. મારાં બધાં વરસ પાણીમાં ગયાં.

સંતે....કહ્યું, જાગ્યા ત્યાંથી સવાર સમજીને પ્રભુની ભક્તિ કરો. સંતની વાણીનો સ્વીકાર કરી શેષ જીવન ભક્તિ કરી જીવન સાર્થક કર્યું. સંત હાલતું ચાલતું તીર્થ છે...

**ગુરુ શબ્દ સો ગરિષ્ટ હે, સબપર સોયે સરિષ્ઠ;**
**સો ગુરુ સહજાનંદજી, એક ઉર મમ ઈષ્ટ.**
**ઈચ્છે જે કોય અંતરે, કષ્ટ મિટાવવા કોય;**

**એક અચળ એ આશરો, સહજાનંદ પ્રભુ સોય.**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, ગુરુ શબ્દ બહુ મહાન છે. સહજાનંદજી એક ઉર મમ ઈષ્ટ....આ જગતની અંદર જેટલા ગુરુ છે...તે તમામ ગુરુના પણ ગુરુ ભગવાન છે. ગુરુ કોને કહેવાય ? અજ્ઞાનના અંધકારમાંથી પ્રકાશમાં લઈ જાય તેને ગુરુ કહેવાય, માયામાંથી રમતા મનને ભગવાનમાં રમતું કરી દે તેને ગુરુ કહેવાય.

ભગવાન અને ગુરુની કૃપાથી...જબર જોધ...અંતરશત્રુથી જીત થઈ છે, જ્યાં સુધી આંતરિક દોષનો વેગ ક્ષીણ થાય નહિ ત્યાં સુધી સત્ય વસ્તુનું ભાન થતું નથી, દોષ નિર્મૂળ ન થાય ત્યાં સુધી મોક્ષપદ પ્રાપ્ત થતું નથી.

**નીતિ ચલાવી નગ્રમાં અનીતિ કરી ઉથાપ**

મનની અનીતિ દૂર થઈ અને નીતિનું સ્વપ્ન થયું, સંતાપ દૂર થયા, તેથી આત્મા આનંદથી ભજન કરે છે.

**પ્રભુ તણા પ્રતાપથી, મનનું કાઢ્યું મૂળ;**
**સહજાનંદની સહાયથી, નિજે કર્યો નિષ્કુળ.**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે...સહજાનંદ સ્વામીના પ્રતાપથી મનની ફોજ તજીને હું નિષ્કુળ થયો છું. આપણા હૃદયમાં સદ્ભાવ અને અસદ્ભાવ. આમ બે ભાવ રહ્યા છે. અશુભ સંકલ્પ થાય તો જાણવું કે અસદ્ભાવ છે અને સારા વિચાર આવે તો જાણવું કે સદ્ભાવ જાગૃત થયો છે.

**આત્મસંયમ એટલે આત્મિક કેળવણી**

જે માણસે પોતાની ઈંદ્રિયોને કેળવીને શાંત કરી છે, કેળવી છે. તે સાચી હકીકતમાં સાત્વિક અને શાંત છે. બાકી વૃદ્ધ થાય ઈંદ્રિયો શિથિલ થઈ જાય ત્યારે શાંત બેઠો હોય તે સાચી હકીકતમાં શાંત અને સાત્વિક નથી, બાહ્ય ઈંદ્રિય નબળી છે, તેણે કરીને શાંત દેખાય છે. બાકી તો વૃધ્ધ અવસ્થામાં પણ વાસના બહેકતી હોય છે, ઈંદ્રિયોમાં જુવાની આવતી હોય છે...

**જ્ઞાન યુક્ત વૈરાગ્ય ન હોય તો**
**અંદરનું તોફાન વધતું જાય છે**

અંદરનું તોફાન શાંત થાય ત્યારે સાત્વિક કહેવાય.

**મન નિજમનના રૂપને, ઓળખાવા આ છંદ;**



**હરિજને હિત એહ છે, કહે નિષ્કુળાનંદ.**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, જગતના જીવાત્માના હિત માટે મેં આ મનગંજન નામનો ગ્રંથ બનાવ્યો છે. આ ગ્રંથ ક્યારે રચ્યો છે ?....

**સંવત અઢાર એકોતેરો, શ્રાવણ સપ્તમી ચંદ;**
**એકસો સત્યાસી સત્ય છે, સરવાળે સહજાનંદ.**

નિષ્કુળાનંદ સ્વામી છેલ્લી પંક્તિમાં કહે છે. ભગવાન સ્વામિનારાયણને મારા હૃદયમાં રાખીને મેં આ મનગંજન ગ્રંથ કરેલો છે. સંવત્ અઢારસો એકોતેર (૧૮૭૧) શ્રાવણ સુદ સાતમના આ ગ્રંથ પ્રકાશ કર્યો છે.

**મનગંજન સાંભળવાથી અંતરમાં ટાઢું થાય છે.**

મનગંજન ગ્રંથનો મૂળ આશય છે કે મનને લીલા ચરિત્રોમાં જોડી દેવું, લીલામાં ગૂંચવી દેવું. મનને જીતવાનું સાધન છે નવધા ભક્તિ. ભક્તિ કર્યા વગર નવરું રહેવું નહિઃ નિષ્કુળાનંદ સ્વામી આશીર્વાદ આપે છે....

આ ગ્રંથ જે વાંચશે, સાંભળશે, પૂજન કરશે, મનન કરી હૃદયમાં ઉતારશે તો તેના અંતરમાં ભક્તિ વૃધ્ધિ પામશે. અને હૃદયમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનનો નિવાસ થશે અને અંતે ઉત્તમ ગતિને પામશે....

**ઈતિ શ્રીસહજાનંદસ્વામિ શિષ્યનિષ્કુળાનંદ મુનિ**
**વિરચિતે મન-નિજમન**
**સંવાદે મનગંજન ગ્રંથ સંપૂર્ણઃ**

**॥ મનગંજન સમાપ્ત : ॥**

**પુરુષોતમપ્રકાશ - ચોસઠપદી - મનગંજન**

**॥ અમૃતધારા સમાપ્ત ॥**